





167
II
1945
O.T.
24 J
23. APR. 1945

ખંડિત માળખાં

· લેખક ·

શ્રી. ભાવચંદ માવજી વડેરા

બી. એ. એલ. એલ. બી.

●

પ્રથમ આવૃત્તિ] [જુન : ૧૯૪૪

કિંમત રૂપિયા અઢી

: પ્રકાશક :

શ ર દ પ્ર કા શ ન મં દિ ર

૫૪, સુતારચાલ

મુંબઈ – ૨

२५०७४

શારદ પ્રકાશન મંદિર
૫૪, સુતારચાલ
મુંબઈ-૨

એન. એમ. ઠક્કરની કું.
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ
મુંબઈ-૨

• અનુક્રમ •

(૧)	એકજ નાવનાં મુસાફરો	૧
(૨)	આંસુ વિનાનું મૃત્યુ	૧૫
(૩)	પિતાપુત્ર	૨૨
(૪)	રાધા ખવાસણ	૩૭
(૫)	સુખને માટે	૪૫
(૬)	લગ્નનો દિન	૬૦
(૭)	બિલાડીની પાંજરાપોળ	૭૦
(૮)	સંચાનું ચક્ર	૭૯
(૯)	આખર	૮૭
(૧૦)	જીવનગતિ	૯૭
(૧૧)	કંપાઉન્ડર	૧૦૫
(૧૨)	પહેલો પુરૂષ	૧૧૯
(૧૩)	ભક્તિ	૧૨૯
(૧૪)	ઈન્દુ	૧૪૧
(૧૫)	છેલ્લો પત્ર	૧૫૦
(૧૬)	ચક્ષની અધિકારિણી	૧૫૯
(૧૭)	અથીત પુરૂષત્વ	૧૭૫

: પ્રકાશક :
લલ્લુભાઈ અભેચંદ સરવૈયા
શારદ પ્રકાશન મંદિર
૫૪, સુતાર ચાલ, મુંબઈ-૨

: મુદ્રક :
મણીલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા : અમદાવાદ

લેખક તરફથી.....

અગાઉ જુદા જુદા સામયિકોમાં પ્રસિદ્ધ થઈ ગયેલી મારી વાર્તાઓમાંથી કેટલીક પસંદ કરી. ગ્રંથાકારે પ્રકટ કરવા પ્રકાશક બંધુને સોંપી છે. પ્રકાશનવિધિનો બધો બોજો ભાઈ રતિલાલ માધવાણીએ ઉપાડી લઇ ઉપકૃત કરેલ છે.

જેવા સ્વરૂપમાં એ તે વખતે લખાઇ,–લગભગ તેવાજ સ્વરૂપમાં–અત્યારે પણ રજૂ કરી છે. "લગભગ" એટલા માટે, કે, જોડણી અને વ્યાકરણનાં જે તે વખતે રહી ગયેલા દોષો સુધાર્યા છે; અને કોઇ કોઈ સ્થળે ધારેલા અર્થની વિશેષ સ્પષ્ટતા કરવાના હેતુથી શબ્દોનાં અન્વયમાં ફેરફાર કર્યો છે : વાર્તાઓનું બાકીનું રૂપ એમનું એમજ રાખ્યું છે. આજે એ રૂપમાં બીજાં ઘણાં ફેરફાર કરવા સુઝે, પણ એમ કરવું ઇષ્ટ ગણ્યું નથી; કારણ કે માનવતાનું જે રૂપ, જે કાળે. જે રીતે આકર્ષણ કરી શક્યું હોય, તે કાળે તેને જે વાણીમાં મૂકવું યોગ્ય લાગ્યું હોય, તેજ વાણીમાં તેને નિરંતર ગૂંથેલું રાખવું એ જ બરોબર છે. પ્રથમ લખતી વખતે જ વાર્તાનાં ગર્ભ રહસ્યની અસર ઊંડી હોય, એટલે તે વખતે મન જેટલું સ્વાભાવિક રીતે જ એનાથી વ્યાપ્ત અને સંક્ષુબ્ધ હોય, તેટલું આજે મહાપ્રયાસે પણ ન બને : પરિણામે વાર્તાનું મૂળ તત્વ ભાંગી જાય અને નવેસર ઘડાતા કલેવરમાં જીવ આવે યા ન પણ આવે.

સંગ્રહમાંની પ્રત્યેક વાર્તા એકાદ કોઈ રહસ્ય બિંદુની આસપાસ રચવામાં આવી છે : એનો અર્થ એવો નથી, કે રહસ્યને પ્રથમ માનસિક રીતે ગ્રહણ કરીને કે માનવ પ્રવૃત્તિથી સ્વતંત્ર રીતે યોજીને પછી તેને વાર્તાનાં ચોગઠામાં મઢવાનો પ્રયાસ કર્યો છે. કોઈ વાર્તા કોઈ પ્રસંગ પરથી સુઝી હોય, કોઈ એકાદા પાત્રનાં પરિચયથી ઉદ્ભવે : અગર કોઈ મેં સ્વયં અનુભવેલા મનોભાવે દર્શાવી હોય :

આમ વાર્તા લખવાની ઇચ્છા જુદા જુદા ઘણા કારણોથી થઈ હોય. પણ પ્રત્યેક વાર્તાની પાછળ, જીવનમાં હંમેશા ઉપલી સપાટી પર ન તરતું, પ્રયત્નથી જ ગમ્ય, અને પ્રવૃત્તિમાં પરિણમ્યા પછી ભલે નિર્દોષ જણાતું હોય, છતાં ઉગમ કાળે તો ભય, આશ્ચર્ય, જુગુપ્સા કે તિરસ્કાર જેવા ઉગ્ર મનોવેગને ઉપજાવવા સમર્થ હોય એવું જે ગૂઢ તત્વ માનવજીવનના ઘડતરમાં અંતઃસ્થ રહેલું છે, તે પ્રકાશમાં મૂકવાનો હેતુ જ પ્રેરણારૂપ બની રહેલ છે. આવું રહસ્ય સમજાયા બાદ વાર્તાની રચનામાં તે માનવ પ્રવૃત્તિનાં સ્વાભાવિક પરિણામ રૂપે અને સુયોગ્ય ઉઠાવ આપતી ભૂમિકામાં રહી સુપ્રકાશીત બને તે રીતે ગોઠવાઈ શક્યું છે કે કેમ, એ મારે મન તો સાચેસાચ મહા-પ્રશ્ન જ છે; એનો ઉત્તર મેળવવા હું ઉત્સુક છું.

પુસ્તકને પ્રકટ કરનાર, જનતાની રુચી અને વિવેચક બુદ્ધિનાં નિકષ પર પોતાની કૃતિને આપોઆપ મૂકી આપે જ છે. આથી વાંચકો કે વિવેચકોનાં મંતવ્યોને પોતાના પુસ્તક માટે આમંત્રનાર કોઈ વિશેષ પ્રકારનો વિવેક નથી દાખવતો. મારા પુસ્તકનું સાહિત્ય-ક્રિય મૂલ્ય શું છે. તે હું ન જાણવા માગતો હોઉં તો પણ જનતા તો તે આંકી આપવાની જ. અગર મૂલ્યાંકનને માટે પણ તેની લાયકાત ન હોય, તો તેને ક્ષણભરમાં જ બાજુએ હડસેલી આગળ ધપવાની. છતાં મૂલ્ય જાણવા માગવું, એ તો નિર્બળમાં નિર્બળ લેખકની પણ એક માત્ર મહેચ્છા હોવી ઘટે. બીજાનું ગમે તેમ હો. હું તો એ જાણવા આતુર છું જ.

આ પુસ્તકનું પ્રાસ્તાવિક શ્રી. રમણલાલ દેસાઈએ વિસ્તારપૂર્વક અને સમભાવથી લખી આપી મને આભારી કરેલ છે. સૌજન્યથી સદાય દીપતી એમની વાણીને પ્રાપ્ત કરી મારૂં પુસ્તક સાચેજ સદ્‌ભાગી બન્યું છે.

અમરેલી.
તા. ૨૨-૬-૪૪

બાવચંદ વડેરા.

પ્રાસ્તાવિક.....

શ્રી. બાવચંદ વડેરાને એક નવલિકાકાર તરીકે હું ઘણા વખતથી જાણતો હતો. માસિકોમાં અવારનવાર તેમની વાર્તાઓ આવ્યા કરતી હતી. એટલે છાપાળવી ભાષા વાપરીએ તો શ્રી. બાવચંદભાઈ એક " જુના અને જાણીતા " લેખક છે. પરંતુ તેમની વાર્તાઓનો સળંગ અભ્યાસ કરવાનો મને હમણાં જ પ્રસંગ મળ્યો. વર્ષ બે વર્ષ મારા સિવાય કોઈના પણ પુસ્તકની પ્રસ્તાવના કે પુસ્તક ઉપર બે બોલ ન લખવાનો મારો નિશ્ચય હોવા છતાં અપવાદ તરીકે 'ખંડિત માળખાં' નામના તેમના વાર્તાસંગ્રહનું આછું વિવેચન લખવા હું પ્રેરાયો છું.

તેમના આ વાર્તાસંગ્રહને વાંચી મને જે વિચારો ઉદ્‌ભવ્યા તે હું અહિં નોંધું છું.

તેમની સત્તર વાર્તાઓ પૈકી છેલ્લી બે " યશની અધિકારિણી " અને " વ્યથીત પુરૂષત્વ " એ નાટિકાઓ છે. અને તે પ્રવેશબદ્ધ ભજવવા યોગ્ય પણ છે. એ સિવાયની પંદર વાર્તાઓ ઘડતરની દૃષ્ટિએ વાર્તા કથનનું, પત્ર લેખનનું, અને આત્મકથનનું સ્વરૂપ ધારણ કરે છે.

આપણી ટુંકી વાર્તાઓનું સાહિત્ય વિપૂલ પ્રમાણમાં ઘડાતું જાય છે અને મારી તો એવી માન્યતા પણ બંધાતી જાય છે કે બીજાં સાહિત્ય અંગની માફક આપણું નવલિકા અંગ અન્ય પ્રાંતિક ભાષાઓના સાહિત્ય સાથે સરખામણીમાં આપણને નીચું જોવરાવે એવું તો નથી જ. નવલિકાનાં કલેવર કેવે કેવે સ્વરૂપે વ્યક્ત થાય છે તેનો વિગતવાર અભ્યાસ કરવાનો પ્રસંગ હવે ગુજરાતમાં આવ્યો છે, અને તેથી જ શ્રી. બાવચંદભાઈની વાર્તાઓના સ્વરૂપ વિષે આટલો ઉલ્લેખ મને જરૂરી લાગ્યો છે. શ્રી. બાવચંદભાઈએ નવ-

લિકાનાં બે ત્રણ સ્વરૂપો ઉપર સરસ કાબુ મેળવ્યો છે, એટલું તો આપણે આ સંગ્રહ ઉપરથી જોઈ શકીએ તેમ છે.

વાર્તાનું ઘડતર અને વાર્તાની શૈલી એ બન્ને વાર્તાનાં અંગભૂત તત્વો છે, અને તેમનું મહત્વ વાર્તાની આંકણીમાં ઓછું કરવા જેવું નથી. જુદાં જુદાં સ્વરૂપોમાં વાર્તાઓ કેમ બગડે છે અને કેમ સુધરે છે એનો પણ અભ્યાસ જરૂરી છે.

શ્રી. બાવચંદ Plot–વસ્તુની ગુંથણી કરતાં વસ્તુ ઉપરથી ધ્વનિત થતા સળંગ વાતાવરણ ઉપર બહુ આધાર રાખે છે, એટલે ઘટ્ટ વાર્તા–પ્રવાહ કરતાં વિચાર, કલ્પના કે ઊર્મી પ્રવાહ તરફ તેમની વાર્તાઓ આપણને વધારે પ્રમાણમાં ખેંચી જાય છે. છતાં વસ્તુની દૃષ્ટિએ "ઈન્દુ" "ભક્તિ" "પિતાપુત્ર" જેવી કથાઓ આપણું ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી. પરંતુ એમનો ઝોક તો વસ્તુને ગૌણ બનાવી તે ઉપરથી ઉભા થતા વિચાર કે ઊર્મી વાતાવરણને મહત્વ આપવાનો છે.

એ પરિસ્થિતિ કેટલીક વાર વાર્તાને એક Sketch–રેખાંકન બનાવી દે છે. અને વાર્તા જીરવી શકે તેના કરતાં સહજ વધારે પડતો વિચારભાર અગર ફીલસુફીનો ભાર તેમની વાર્તાઓમાં પ્રવેશ પામે છે.

દૃષ્ટાંત તરીકે પત્રના સ્વરૂપમાં લખાયેલી "આખર" અને "છેલ્લો પત્ર" નામની બીજી રીતે બહુ ધ્યાન ખેંચે એવી વાર્તાઓ તરફ હું નિર્દેશ કરૂં છું.

શ્રી. બાવચંદભાઈની વાર્તાસૃષ્ટિ સારા પ્રમાણમાં વિસ્તૃત છે અને એ વિસ્તાર કરતાં પણ તેમની વાર્તાસૃષ્ટિની નવીનતા આપણું ખાસ ધ્યાન ખેંચે છે. એ સૃષ્ટિમાં ઉપલક નજરે મહત્વના ન લાગતા છતાં માનવજીવનને બહુજ બળપૂર્વક ઘડી રહેલા મનોવ્યાપારની વિચિત્રતા ઉપર તેમણે બહુજ સરસ પ્રકાશ પાડયો છે. Psychol-

ogical–માનસ અન્વેષણ ઉપર આધાર રાખી રચાયેલી નવલિકા અને નવલકથાઓએ હવે પશ્ચિમના સાહિત્યમાં બહુ સ્વીકાર પામેલો વાર્તાપ્રકાર છે, અને આપણે ત્યાં પણ એ પ્રકાર ઝડપથી સ્વીકારાતો જાય છે તેનું દૃષ્ટાંત જેટલું શ્રી. બાવચંદભાઈએ પૂરું પાડ્યું છે તેટલું આપણા બીજા ઘણા જ ઓછા નવલિકાકારોએ પુરૂં પાડ્યું હશે. કદાચ તેમની વાર્તામાં વસ્તુ–Plot ઉપર ભાર મૂકાયો નથી તેનું આ પણ એક કારણ હોય. માનવીના મનમાં રમી રહેલા વિચારો, વાસનાઓ, ઊર્મિઓ અને સર્વની બંધાઈ ગએલી ગ્રંથીઓ એ જ વાર્તા માટે એટલું બધું સાધન પુરૂં પાડે છે કે તેમાં બનાવો અને પ્રસંગોનું મહત્વ ઘટી જઈ માત્ર માનસ પ્રસંગો વસ્તુ પરંપરા બની જાય છે. આખા સંગ્રહમાં માનસ ગ્રંથીઓની રમત અતિ મહત્વ ધારણ કરી રહેલી છે, અને ઘણીવાર તેમાંથી વાર્તાને ઉદ્દિપક કરતાં અણધાર્યાં, ચોંકાવનારાં અને ધાર્યાં કરતાં વિરોધી પરીણામો પણ ઉપજી વાર્તાઓને જીવંત બનાવે છે. "એકજ નાવનાં મુસાફરો"માંનો પોતાની બાળકીને ધક્કો મારી પાડી નાંખતો વકીલ અને અગ્નિમાં નોટ સળગાવી દેતા બાળકના હાથ અગ્નિમાં પ્રજાળતો વાઘરી, "ભક્તિ"માંનો શંકરનો પરમ ભક્ત નારાયણ, અને શંકબાણ ઉપર પાવડા ત્રીકમના ઘા કરતો એ જ નારાયણ, માનસિક રમતોના મહત્વના પરીણામ ઉપર વેધક પ્રકાશ પાડતાં પાત્રો છે.

લગભગ બધી જ વાર્તાઓમાં આ માનસ તત્ત્વની ખીલાવટ જોવામાં આવે છે અને કેટલાક ન સમજાતા માનવ વર્તનના કોયડાઓ ઉપર આપણને સારી સમજ પાડતી દૃષ્ટિ મળી આવે છે. આખી દુનિયાને ગાંડો લાગે એવો બીલાડાંની પાંજરાપોળ રચવા ઇચ્છતો જનકરાય, પુત્રની સઘળી ઇચ્છાઓ પૂરી પાડવા છતાં પોતાના પુત્રને ઘરમાંથી નાસી જવાની વૃત્તિ ઉપજાવનાર 'પિતા પુત્ર'માંનો ચંદ્રવદન, એ બધાં વિરોધાભાસ ઉપજાવતાં પાત્રો માનસિક સૃષ્ટિનાં ઊંડાણમાં આપણને લઈ જાય છે.

એ માનસ વિચિત્રતા, દેહની દૃષ્ટિએ લગ્ન અર્થે સંપૂર્ણ સુયોગ્ય છતાં કોઈ માનસગ્રંથીને લીધે પરસ્પરથી દૂર ચાલ્યાં જતાં પાત્રોની પણ કરૂણ રચનાઓ કરે છે.

'છેલ્લો પત્ર', 'લગ્નનો દિન', 'આખર', જેવી વાર્તાઓમાંથી આ તત્ત્વ સ્પષ્ટ થાય છે. માનસશાસ્ત્રનો અભ્યાસ વર્તમાન યુગને બહુ વિચિત્ર પરંતુ અત્યંત મોહક સૃષ્ટિમાં પ્રવેશ કરાવી રહ્યો છે, અને જાતિય ભાવના ઉપર પણ તે અદ્ભૂત પ્રકાશ પાડી રહ્યો છે. ન સમજાતી ઘણીય જાતીય વિચિત્રતાઓ જે અનુપમ સુંદર જીવનને ઘડે છે અગર એ જ સુંદર જીવનને ક્રૂરતાથી વેડરી નાંખે છે, તેનું નિરાકરણ કે તેનો ઉકેલ જાતીય માનસશાસ્ત્રના અભ્યાસમાંથી મળી આવવાનો પ્રસંગ હવે ઝડપથી ઉપજતો જાય છે, અને ગુજરાતી સાહિત્યના નવલિકા વિભાગમાં તેની આવી સ્પષ્ટ ખીલાવટ શ્રી. બાવચંદભાઈએ આ સંગ્રહમાં કરીને એક ઉપયોગી દિશાસૂચન આપણને કર્યું છે.

જડ બની ગયેલી આપણી નીતિની ભાવનાને કદાચ તેમની વાર્તાઓ સખ્ત ધક્કો આપે એ સંભવિત છે; પરંતુ એ ધક્કાની આ પલટાતા યુગમાં ખરેખર જરૂર છે. હસતું મુખ રાખી વીશીના ગ્રાહકનું આકર્ષણ કરતી કામ કરનારી રાધા ખવાસણ વીશીના માલીકની નાની દીકરીના મરણથી મરી જાય કે અદૃશ્ય થઈ જાય એ વાર્તા પ્રસંગ જડનીતિ અને નીતિથી પણ વધુ ઉંડાણે વધુ સચ્ચાઈથી જીવતી માણસાઈ એ બે વચ્ચેની પસંદગીનો કોયડો આપણી પાસે બહુ સુંદર રીતે ઉકેલી આપે છે અને આપણને પ્રશ્ન પૂછવા પ્રેરે છે કે જીવનની સર્વનીતિ શું જાતિય સંબંધની આસપાસ જડાઈ રહેવી જોઈએ શું?

આ આખો વાર્તાસંગ્રહ પ્રસંગાવલીમાં વસ્તુને બદલે માનસ

વ્યાપારનું અવલંબન લેતી વાર્તાઓનો એક બહુ સરસ નમુનો આપણને આપે છે. એક શ્વાસે વાંચી જઈએ એવી કદાચ આ વાર્તાઓ નહિ હોય; પરંતુ વાંચ્યા વગર મૂકવી ન ગમે એવી આ વાર્તાઓ જરૂર છે જ, અને તે આપણા નવલિકા સાહિત્યમાં સારો ઉમેરો પણ કરે છે.

શ્રી. બાવચંદભાઇની લેખનશૈલી બહુ સરળ છતાં અનેક અગમ્ય ભાવોને સરળ સ્વરૂપ આપે એવી Mobile–પ્રવાહી છે. એવી શૈલી વગર માનસ વ્યાપાર અને તેના પરીવર્તનને આકાર આપી શકાય નહિ. પ્રત્યેક વાર્તા એમની શૈલીનો નમુનો પૂરો પાડે તેમ છે. એક બે દૃષ્ટાંતો આપું.

"સ્ત્રી સંસ્કારી અને સુરૂપા હોય તો એ સૌભાગ્યવતી જ છે. સોહાગ અને પત્નીત્વને કોઈપણ પ્રકારનો તર્કસિદ્ધ સંબંધ નથી,"

"ક્ષીણાંગ થતાં જતાં એ વત્સલ બાપના ખોટાં થતાં જતાં દરેક અંગની ખોટ ઇન્દુ પૂરી પાડતો."

"કાવ્ય કલમમાં તો નથી જ, હાથની આંગળીઓમાં પણ નથી, માનસમાં પણ નથી; એ તો છે તારી સુંદર ચક્ષુઓમાં."

શ્રી. બાવચંદભાઈ ધારે છે ત્યાં સરસ હાસ્ય પણ લાવી શકે છે. "યશની અધિકારિણી"માં એનાં દૃષ્ટાંતો સારા પ્રમાણમાં મળી આવે છે. સુંદર ચક્ષુઓમાં કવિતા જોતા સાક્ષરને અરૂંધતી જ્યારે કહે છે કે

"રહેવા દો, એ વાત ખાનગી રાખજો; નહિં તો લોકો ત્યાં વાંચવા આવશે."

પોતે જાતે વકીલ હોઈને "સંચાનું ચક્ર" જેવી વાર્તામાં વકીલો સંબંધી તેમણે કરેલા કટાક્ષ એવા વેરાએલા આછા હાસ્યના ટુકડાઓ વાર્તાઓનું રસપોષણ કરે છે.

આ ઉપરાંત તેમની વાર્તાઓમાં ખુલ્લું વાસ્તવ દર્શન પણ ઘણી વખત દેખાઈ આવે છે. અણગમતી સ્ત્રીની સાથે પચીસ વર્ષ

જીવન ગુજારી પત્નિના મૃત્યુ ઉપર આંસુ પણ ન પાડી શકતા પતિનો Monologue-સ્વગત કથન એ વાસ્તવતાનો સારો નમુનો છે. સાથે સાથે એ વાસ્તવતા જ્યારે દેહદર્શનમાં અને તેમાંયે ખાસ કરીને દર્દભર્યા દેહદર્શનમાં ઉતરે છે ત્યારે એ વાસ્તવતાનો અતિરેક પણ થઈ જાય છે. 'જીવનગતિ'માં આવેલી ડોશીના રોગભર્યા દેહનું વર્ણન ઓછું થયું હોત તો ન ચાલી શકત? બીભત્સ પણ રસ હોય તો જ સારૂં. આટલી એક સૂચના હું મિત્રભાવે શ્રી. બાવ-ચંદભાઈને કરૂં છું.

ઉપરાંત એક બીજી પણ સૂચના કરી લઉં. વાતચીતમાં અગર ટૂંકી વાર્તાના વર્ણનમાં સિદ્ધાન્તચર્ચા આછી બનવી જોઇએ અગર કોઇ જોરદાર કટાક્ષ સ્વરૂપે વ્યક્ત થવી જોઈએ. કદી કદી વિલંબીત સિદ્ધાન્ત ચર્ચા સળંગ ગોઠવવા જતાં વાર્તા પ્રવાહ શીથીલ બનવાનો ભય રહે છે. એ ભય શ્રી. બાવચંદભાઈ ઓળખી લે એટલી સૂચના આ સ્થળે કરૂં છું.

બાકી તો સુષુપ્ત મન, સ્વપ્નસ્થ મન, નીતિની નવી શોધાતી વ્યાખ્યા, શુભ ઉદ્દેશ છતાં મેળ ન પડી શકે એવાં પરિણામો અને લગભગ Tragedy-દુઃખાન્તમાં પરિણામ લાવતા પ્રસંગોની પરંપરા ગૂંથતી વાર્તાઓનો આ સંગ્રહ ગુર્જર સાહિત્યમાં ખરેખર આવકારદાયક છે.

ધૂમકેતુ કે દ્વિરેફની બરોબરીમાં આ સંગ્રહને ભલે ન મૂકીએ; તો પણ પ્રથમ વર્ગની કક્ષામાં ઝડપથી આવવાની પાત્રતા ધરાવતો આ વાર્તાસંગ્રહ મને તો ગમ્યો છે, અને વાંચકોને પણ ગમશે.

શ્રી. બાવચંદભાઈ જુના અને જાણીતા લેખક ભલે હો! પરંતુ હજી ઘણું તેઓ આપી શકે તેમ છે, એવી શ્રદ્ધા સાથે વાંચકોને આ સંગ્રહ તરફ દૃષ્ટિ કરવા વિનવું છું.

રમણલાલ વ. દેસાઇ

૨૫૦૭૪

એક જ નાવનાં મુસાફરો

સવારનાં પહોરમાં જ આ અસીલે આવીને મારો જાણે કે આખોય દિવસ બગાડયો. તે દિવસે બપોરનાં અદાલતમાં મારો એક જૂનો, અને કાયદાના ગંભીર પ્રશ્નો જેમાં સમાયા હતા, તેવો ગૂંચવણ ભર્યો મુકદમો અવશ્ય નીકળવાનો હતો. ગઈ રાતે મિત્રોના આગ્રહથી સિનેમા હાઉસને પાવન કરેલું, એટલે કંઈ કાગળીઆ વાંચી શકાયા નહોતા; અને અત્યારે પણ ઉજાગરાને કારણે આંખો ઘેરાતી આવતી હતી.

આવી સ્થિતિમાં કાગળોનું જૂથ લઈ હું ટેબલ પર બેસી ગયો હતો; અને રાતી ભૂરી પેન્સીલના લીસોટા વચ્ચે સાહેદોનાં કથનને ભીંસીને જાણે તેમાંથી સત્ય તેલ કાઢવા માગતો હોઉં, તેમ અવારનવાર કાગળો રંગી રહ્યો હતો. ગઈ રાતનાં ચિત્રપટે તેજછાયાની મૂર્તીઓની જે નિર્દય ઝડી આંખો પર ફેંકેલી, તેના કાળા ઓળાઓ જાણે હજુ પણ સામે જ તરવરતા હતા; અને સાક્ષીનાં કથનનાં વચ્ચો-વચ્ચ આવી, એ કથનનો કરનારા સાહેદોની જાગતી મૂર્તીઓ,

 સાક્ષીની જુબાની લેવાઈ તે વખતનાં દ્રશ્યો, તથા મારી

માનસિક સૃષ્ટિમાં અત્યારે નિષ્કારણ ઉદ્દભવતા કોઈ પુરાણા સ્મૃતિ દ્રશ્યો વગેરે સાથે ભેગા મળી, કોઈ અવનવીન સૃષ્ટિ ઉભી કરી રહ્યાં હતાં.

અધૂરામાં પૂરું કરવા માટે ગઈ રાતે બહારથી આવીને સૂતો, કે, તુરત જ મારી નાની પુત્રી શાંતાએ એટલી તો ભયંકર રીતે રડવા માંડેલું, કે, તેનાથી ત્રાસીને મારી ઉંઘ તે રાત્રીનાં તે ઉડી જ ગઈ, પણ ફરીથી આ ઘરમાં કદી પણ પગ મૂકશે કે કેમ તેની પણ મને શંકા પડેલી. છેક પાછલી રાતે કંઈક આંખ મળી; પણ વહેલી પરોઢમાં વિના કારણ જાગી ગયેલો, તે ફરીથી જંપી શકયોજ નહિ. આથી એમને એમ પથારીમાંથી ઉભા થઈ નિત્યકર્મો પતાવેલાં.

એવામાં આવો નિર્દય માણસ પોતાની જાતનો બચાવ કરવાનું મને કહેવા આવે, તે કેટલું ત્રાસજનક થઈ પડે, તેનો વિચાર તો જાતે જ કરી લેવો ઘટે. એણે તો આવીને તુરત જ, 'માબાપ, હવે આમાંથી છોડાવો.' એમ કહીને રડવા માંડેલું. એકાદ વાર કોઈ સાધારણ ગુના માટે એ મારી પાસે આવી ગયેલો, અને નિર્દોષ છૂટેલો. એ પ્રસંગના ભરોસા પર તેણે તો એમ જ માની લીધેલું, કે, હું ગમે તેને ગમે તેવા ગુનામાંથી છોડાવી શકું છું. એની પાછળ પાછળ એની વહુ ચાલી આવતી હતી; અને તેણે એક પાંચેક વર્ષનો છોકરો તેડયો હતો. આવીને એ બન્ને બાજુમાં બેસી ગયાં.

'શું છે, ભાઈ?' મેં કંઈક કંટાળાથી પૂછયું.

'મારા કરમનો વાંક માબાપ, તમારી આગળ ખોટું નહિ બોલું, બાપા. પણ હવે કેમેય આમાંથી છોડાવો. નહિં તો એ...આ છોકરાનું કોઈ નથી.'

'શું હકીકત થઇ છે?' મેં ફરીથી પૂછયું.

દરમ્યાનમાં, અત્યાર સુધી ઉંધું ઘાલીને પડયો રહેલો છોકરો જરાક સળવળ્યો; એણે માથું ઉંચું કર્યું. મેલા, ફાટેલા અને ઠેકાણે

ઠેકાણે થીંગડાં દીધેલા સાલ્લાના છેડામાં છોકરાને વીંટીને ફરીથી સુવાડવાનો પ્રયાસ એની માએ કર્યો; પણ બાળકે જોરથી ડોકું ધૂણાવી ના પાડી.

'બિચારાને કાંઈ વેદના થાય છે. આખી રાત સૂતો નથી.' કહી એ સ્ત્રીએ ફરીથી તેને પંપાળી ખોળામાં લઈ તેનું શરીર લંબાવી સૂવરાવવા માંડયો. છોકરાએ ઉંચા હાથ કરી માને બાથ ભરવા પ્રયાસ કર્યો. તેના બંને હાથે કપડાનાં પાટા વીંટાળેલા હતા. છોકરાનાં મોં પર વેદના, ભૂખ અને કંગાલિયતનાં ચીન્હો દેખાઈ આવતાં હતાં. એની આંખોમાંથી આંસુ તો જાણે ખલાસ થઈ ગયાં હતાં, મોંમાંથી જાણે અવાજ બ્હાર નીકળી શકતો નહોતો. છતાં તે રડે છે તેમ લાગતું હતું.

'એની જ વિયાધી છે ને ભાઇ.' પેલા માણસે કહ્યું.

'—પણ કંઈ વાત તો કરશો કે નહિં? મારે કામ ઘણું છે; અને તમે એકના એક રોદણાં રડ્યા કરો છો.' મેં જરા ઉગ્રતાથી કહ્યું.

'આ છોકરોને, ભાઈ, હાથે દાઝી ગયો છે. બેય હાથ સડસડી ગયા છે; કાળી ચીસો નાખે છે.' બાઈએ કહેવા માંડયું.

'પણ તેમાં હું શું કરૂં?'

'એ દાઝ્યો, એમાં પોલીસવાળા કે' એના બાપે દઝાડયો; એટલે એને પકડી ગયા ને કેસ કર્યો.'

'હા. માબાપ. હવે એમાંથી છોડાવો.' પેલા માણસે ફરીથી એનું એ કહ્યું—'હું જઇશ, તો એનું કોઈ નથી.'

'પણ તે દાઝ્યો કેમ કરતાં?' મેં પૂછ્યું.

'કોણ જાણે ભાઈ, કેમ દાઝ્યો...મને તો કાંઈ ખબર નથી. હું તો ગઇ'તી લુગડાં ધોવા; અને આવી ત્યાં ચીસું નાખતો હતો. આ બેઠા'તા સામે.'

'એવું બોલમાં!' પેલા માણસે વચમાંજ કહ્યું. 'માબાપ, ખરૂં કહી દઊં છું, એના હાથ તો મેંજ ચૂલામાં નાખી દીધા'તા. કાળ હતો માબાપ, એ મારો વેરી થયો. મને એવી મત સૂજી, અને અને ઝડોઝડ હાથને લા' લાગી.'

'શું કહે છે તું? તેં તારે હાથે આ બચ્ચાંનાં હાથ સળ-ગાવ્યા?' હું ખુરસીમાંથી અર્ધ ઉભો થઈ ગયો.

'હા માબાપ, કાળે હાથે કામ કર્યાં.'

'હવે એવા વગદા કરો માં. આમાંથી છોડાવો, માબાપ. થનારૂં થઈ ગયું. પણ એ જેલમાં જશે, તો હું આ અપંગનું કેમ પૂરૂં કરી શકીશ?'

ક્રોધ, વિસ્મય, દયા, વગેરે લાગણીઓ હું અવારનવાર અનુ-ભવી રહ્યો. સિનેમાનાં ચિત્રો અને અદાલતનાં કામની હકીકત તો જાણે ક્યાંઈ ઊંડે પેસી ગઈ.

'અલ્યા, એના હાથ ચૂલામાં નાખી દીધા હેં: તું તે બાપ છે કે કસાઈ? તને જરાય દયા ન આવી?'

એ તો બોલતો જ રહ્યો. 'એવું થયું, સાહેબ, કે ઘરમાં એક દિ'નું ખાવા મળે નહિં, અને મોસમ ઠંડી, તે કાંઈ કામ મળે નહિ. છોકરો ખાંઉ ખાંઉ કરે પણ દઉં ક્યાંથી? એમાં–તમ જેવા [illegible] શેઠીયા પાસેથી દસના વીસ મંડાવી રૂપીઆ લાવ્યો; એની [illegible] હતી, એ આ મારી પાઘડીમાં હતી; ત્યાંથી લઈને આ છોકરે [illegible] નાખી દીધી. હું તો ફળીમાં સૂતો હતો. કાંઈક સાંભર્યું, ને [illegible] જઈને જોઉં તો એકની રાખ થઈ ગઈ'તી અને બીજી ઝડઝડ [illegible] તી'તી. એવો કાળ ચડ્યો, કે છોકરાના બેય હાથ લઈ ચૂલામાં [illegible]રી દીધા. એણે રાડચ પાડી ને મારૂં માથું ફરી ગયું. [illegible] શું થાય? માણસો થઈ ગયા ભેગા. પટેલ કે' રૂપીઆ [illegible]પ તો.

તારું નામ તો આવે, મેં કીધું, તારે કરવું હોય એમ કર. મારી પાસે ફૂટી બદામ પણ નથી;–એટલે પોલીસે કેસ કર્યો.'

'હવે તો માબાપ, છોકરાને સારું છે. ત્રણ દિવસ સુધી તો કાંઈ ખાધુંપીધું નહિં. આજ તો સવારમા રોટલો ય ખાધો. રાતનાં ઊંઘી ગયો'તો. ભલે કાળ ચડયો ને દઝાડયો, પણ ભૂખ્યો રહે તો પેટમાં એને તો દાઝેને?'

'પણ પેટનાં બચ્ચાં પર આવો કાળ?' મેં કહ્યું.

બંને ધણીધણિયાણી ચૂપ રહ્યાં.

'કાલે વળી કાળ ચડે, તો તું કયાંક કૂવામાં નાખી આવ તો શું થાય? તો કરીને પત્થર પર પછાડ તો શું થાય!' મેં થોડી વાર અટકી ફરી કહ્યું: 'જો ભાઈ, તારા આ કર્મનું ફળ તો તું ભોગવી જ લે. મારે તારો બચાવ નથી કરવો. તારા જેવા પાપી–નિર્દયનો સાથ કરી મારે પાપના ભાગીદાર નથી થવું. તને પ્રભુનો ડર નથી; મને છે.'

'માબાપ, પણ હું જેલમાં જઈશ તો આનું કોણ?' એણે છોકરા તરફ આંગળી ચીંધી જણાવ્યું.

'એનું કોણ? અત્યારે તું એનો છે? એ તો બિચારો તારા જેવા ઘાતકી બાપનાં પંજામાંથી છૂટશે.'

'અરે માબાપ, એને કોણ કામીને ખવારશે?' બાઈ કકળાટ કરી ઉઠી.

"તું નાહક ગભરાય છે. બાઇ, તારા ધણીનો આવો ક્રોધી સ્વભાવ તો તનેય ભારે પડશે; એની સાથે રહેવામાં તો કોઈવાર તારા જીવનું પણ જોખમ છે એમ માનજે. જેને આટલા ગભરૂ બચ્ચાની પણ દયા નથી આવી. એ તારા પર ખીજાયો, તો તને તો ઠાર જ કરી નાખશે.'

'ના, સાબ, કોઈ દિ' ઉંચે સાદેય બોલાવી નથી ને ?'

'તે હશે, બાઈ. પણ હવે માથાઝીક છોડી દો. હું આવું કામ હાથમાં લઇ મારા હાથ કાળા કરવા નથી માગતો.'

'પણ માબાપ, હું મરી જઇશ. આ છોકરાના સામું તો જુઓ.'

'જો બાઈ, છોકરાનાં સામું જોઉં છું ને—ત્યારેજ—જો આ રાક્ષસ સામે બેઠો તેના પર ગુસ્સો ચઢે છે. ગામમાં વકીલ કંઈ હું એકલો જ નથી. તમારા પાપમાં મને શા માટે ભાગીદાર બનાવો છો ? ચાલો, ઉઠોઃ—મને બીજું કામ ઘણું છે.'

ઘણે અંશે થાક, અને કંઈક ગુસ્સાથી મેં ટેબલ પરના મારા કાગળોમાં ચિત્ત પરોવવા પ્રયાસ કર્યો. પેલાં બંન્ને જણાં, કંઇક ધીમું ધીમું બબડતાં અને મોટે ભાગે તો નિઃશબ્દ નિશ્વાસો મૂકતાં, ફરી ફરીને મારી સામે આર્જવતા ભરી નજરે જોતાં જોતાં ચાલ્યા ગયાં. હવે તો મારૂં મન કાગળોમાં કેમેય કરીને ચોંટતું નહોતું. ચિત્તમાં ભાતભાતના તરંગો ઉઠતા શમતા, અને નવે જ સ્વરૂપે દેખાવ દેતા હતા. આજના માનવની સંસ્કારિતા તમામ પ્રકારના ભેદભાવ ભૂંસી નાખવા માગે છે;—પણ તે માત્ર એટલેથી જ અટકતી નથી. એનો આદર્શ એથીયે ઉંચેરો છે. માત્ર ભેદભાવને ભૌતિક રીતે નષ્ટ કરવો, એ તો ગોકાદી સંસ્થા કે કોઈ સામાન્ય પ્રકારનું બંધારણ પણ કરી શકે. એ તો માનવી માનવી વચ્ચે પ્રેમ, સમભાવ અને સહાનુભૂતિના સંબંધો, આજદિન સુધીનાં સિદ્ધ થયેલા સ્થાપીત કૌટુંબિક સંબંધોની બ્હારનાં વર્તુલોમાં પણ જન્માવવા માગે છે. દરિયાને પેલે પાર વસતા, અણજાણ્યા, જુદી ભાષા બોલતા, જુદી જ રીતની ઢબછબથી વસતા અને ભિન્ન ભિન્ન રંગીય માનવ સમૂહો, એક બીજાના દુઃખે દુભાય, એવી રચના આપણે માગીએ છીએ; જ્યારે આપણું લક્ષ્ય કુટુંબ અને રક્તનાં સંબંધોને સુરક્ષિત માનીને, તેથી બહારનાં વર્તુલની રચના તરફ દોરવાય છે, ત્યારે આજની અપરચનાની પરા-

કાપ્તા કાળબળ કુટુંબ અને રક્ત સંબંધને પણ છિન્નભિન્ન બનાવીને લાવી મૂકે છે. જગતનાં વિશાળ પેટાળમાં પોતાનાં એક પૂરા પુત્ર સંતાનને નજીવી બાળરમતનાં પરિણામે, અંધાધૂંધી ભર્યા માધ્યામિક કાળનો કોઈ જુલ્મી શાસનકર્તા પણ ન ફરમાવી શકે તેવી શિક્ષા કરનાર પિતાનો પણ સમાવેશ થઈ રહ્યો છે. સંસ્કૃતિનાં નિષ્ફળ ચક્રાવામાં પડીને છેલ્લી પળે પ્રત્યક્ષ થતું, અને ધર્મો, સંસ્થાઓ અને પયંગબરોના બધાજ પ્રયાસને ધૂળમાં મેળવતું એવું આ સ્વરૂપ એજ માનવોનું સાચું રૂપ હશે?

વિચારોની ગૂંચવણી–તેમની પરંપરામાં આગળ ને પાછળ હઠી રહેલા તરંગોનાં સાર રૂપે માત્ર ઉપલકની સપાટી પરનાં ફીણનાં સ્વરૂપે જ નિરર્થક તર્યા કરવાની આવી રીતની માનસીક વિક્રિયાથી હુંજ ખૂબ મૂંઝાઇ ગયો. કામ કરવું હવે તો તદ્દન અશક્ય થઈ પડયું. મારા મગજમાં, મેં ધંધાદારી, અને બિનધંધાદારી એવી જુદી જુદી વિચારણા, અને વિષય ગણતરીના જે સ્પષ્ટ અને ચોક્કસ વિભાગો પાડી રાખ્યા હતા, તે એકબીજાની હદ ઉલ્લંઘવા લાગ્યા; અને એકબીજાની મર્યાદામાંજ રહી રમતી ફરતી ભાવનાઓ અને તેમના સૂચક શબ્દો સામા ક્ષેત્રમાં સરળતાથી ઘૂસી જઈ, જાણે ઉલ્કાપાત મચાવી રહ્યા.

ન તો સૂઝયું સમાજશાસ્ત્ર, ન તો થઈ શકી અદાલતના કેસની તૈયારી. ઘડીએક આજના કામ પર નજર ફેરવતો, તો પછી તુરત જ ગઈ રાતે જોયેલા ચિત્રપટનાં માનવી આકારોની ક્રિયા સંભારતોઃ તો વળી ત્રીજી પળે ચિત્તંત્રના કોઈ ગંભીર ઊંડાણમાં પડેલી નકામી વિગત સંભારી વ્યગ્રતા ભોગવતો, અને તુરતજ પાછી અગ્નિથી દાઝેલા બાળકની ચિત્કાર બૂમો ભમણામાં સાંભળતોઃ એમ એકાદ કલાક જેમ તેમ વિતાવી, કામ પુરૂં કર્યાનો મેં સંતોષ લીધો.

૨

તે દિવસે એદાલતમાં બાળકને દઝાડીને વ્યથા કરનાર પિતાનું કામ ચાલી ગયું. સદ્‌બુદ્ધિ સૂઝ્યાને કારણે, કે ગમે તેમ પણ કોઈ વકીલની મદદ તેણે માગી નહિ અને અપરાધ કબૂલી લીધો; પુરાવાની વિગતમાં પડતાં કોર્ટનાં તમામ માણસો ત્રાસી ગયા. ન્યાય તોળનાર અમલદારને પણ થરથરાટી આવી ગઈ હશે. કલાકેકમાં કેસ પૂરો થતાં, થોડીજ વારે તેનો ફેંસલો અપાઈ ગયો; અને ત્રણ માસ જેલમાં રહેવાનાં પ્રાયશ્ચિતથી આ પાપનો બદલો વળી જશે, એમ અદાલતે ઠરાવ્યું. આક્રંદ કરતું એ કુટુંબ અદાલતનાં મકાનની બહાર નીકળ્યું.

આખો દિવસ હું મારા કામમાં એવો પરોવાઈ રહ્યો, કે, આ સંબંધી વધુ વિચાર કરવાની મને તક ન રહી. દિવસ પુરો થયો: પણ મારૂં કામ પુરૂં થયું નહિ. બીજા દિવસ પર મુલતવી રાખવું પડ્યું. હું માથા પર એટલીજ ચિંતાનો બોજો લઈ ઘેર પાછો આવ્યો.

સાંજનાં એક દૂરનાં સગા પરગામથી આવેલા, તેની પાસે બેસી રહેવામાં અને તેની કંટાળાભરેલી નીરસ વાતો સાંભળવામાં ક્યાંઇ બહાર પણ ન જવાયું, તેમ કંઈ વાંચન પણ કરી શકાયું નહિં. રાતનાં જમી પરવારી તુરતજ પાછો ચાલુ કામનું જૂથ થઇ બેઠો.

આંખો પર થાક ઉતરતો હતો; મગજમાં નિદ્રાનું જોર વ્યાપી રહ્યું હતું; સૂઈ જઇશ. તો તુરતજ ઊંઘી જઇશ, અને સવારમાં વહેલું ઉઠાશે, તો સ્વસ્થ ચિત્તે સારી રીતે કામ થશે, તેવી ગણતરીએ કામ મૂકી હું પથારીમાં પડ્યો. પણ જાગતો હતો ત્યારે જે ઊંઘ માથા પર જાણે પક્ષીની માફક ફેરા ફરી નીચે ઉતરવાની જગ્યો જ શોધતી હતી, તે હું પથારીમાં પડતાંજ કોણ જાણે ક્યાં ઉડી ગઈ. શાંત, નીરવ રાત્રીમાં બિલ્કુલ તાઝગીભરી રીતે નિદ્રાહીન બની,

કેવળ પથારીમાં પડી રહીને, પણ મનગમતું ચિંતન કર્યાં કરવાનું હોય, તો નિદ્રાનો અભાવ આપણને થકવતો નથી. પણ મારી તો આજે દુર્દશા જ થઈ હતી. વિચારની સરળ વ્હેતી સરિતાના જળમાં ચિત્તને ઝબોળી શકાય તેવી અનુકૂળતા મને હતી જ નહિ. તરંગોનાં ગમે તેમ ઉગી નીકળેલાં ઝાંખરાઓની વચ્ચમાં થઈને સુક્કા રણમાં જાણે પગે ચાલીને મુસાફરી કરવાની હતી. કોઈ પણ એક વિચારનો તાંતણો મારા હાથમાં આવતો ન હતો; જાણે છાપરામાંથી અનેક પ્રકારના નાના મોટા દોરડા લટકતા હોય, અને તેમાંથી ગમે તે એકને પકડી અવલંબન કરવા આપણે મથતા હોઈએ, તથા સહજ ખેંચતા જ એ તૂટી જઈ, આપણને નિરાધાર બનાવે તેવી દશા હું ભોગવતો હતો.

આવે સમયે ઊભરાતા વિચારોની પાછળ કોઈ મહાકાયવ્યાપ્ત અને અદ્રશ્ય નિયમ જ કામ કરી રહેતો હશે; કારણ કે આપણી સામાન્ય બુદ્ધિને એ બધાની એક પછી એક અનંત પ્રકટતી પરંપરા કેવળ નિરર્થક, અસ્તવ્યસ્ત, અને નિષ્કારણ જ લાગે; તદ્દન હેતુ કે નિયમ વગરની જ લાગેઃ—ના. એક હેતુ સ્પષ્ટ દેખાઈ આવે ખરો, અને તે આપણને થકવવાનો, ત્રાસ આપવાનો, વ્યગ્ર બનાવવાનો.

કંઈ કંઈ વિચારોમાં અટવાતો અટવાતો હું છેક બે વાગ્યા સુધી પથારીમાં જ પડ્યો રહ્યો. પાસા ફેરવી ફેરવીને પણ કંટાળી ગયોઃ રાત્રીની ઠંડીમાં જાણે કોઈ સુપ્ત દાહકતા ભરી હોય, નીરવતામાં કોઈ ભયાનક કોલાહલ છૂપાઈ બેઠો હોય, અને ચમકતાં સૌંદર્યનાં સહજમાં જ ભેદી શકાય તેવા આછા આવરણ નીચે કોઈ જુગુપ્સા પ્રેરક વિરૂપતા છેક ઊંડાણ સુધી છૂપાઈ રહી હોય, તેમ લાગ્યું. વિચારોના પત્થરો ગમે તેમ ફેંકાતા હતા; ગમે તે દિશામાંથી ફેંકાતા હતા; તેમની વચ્ચેનો પરસ્પર સંબંધ હોય તો તે માત્ર મારી દરમ્યાનગીરીથી જ બંધાતો હતો.

હું વ્યગ્ર બની, રાતની ક્ષણ પર ક્ષણ ગણ્યે જતો હતો.

ઘડીમાં કોઈ કેસની દલિલો કલ્પતો હતો, ઘડીમાં ભૂતકાળની કોઈ ભૂલ પર ગુસ્સો સળગાવતો હતો, ઘડીમાં ભાવિની કોઈ જીત વિચારી મલકાતો હતો: તરંગમાં ગોઠવેલી કોઈ હકીકત પર રચના કરી, સફળતાના મિનારા ઉભા કરતો હતો. પ્રતિસ્પર્ધીઓની મૂર્ખાઈ કે લુચ્ચાઇ કોઈ વાર ચીડ ઉપજાવતી હતી, તો કોઈ વાર તેમની ચાલાકીથી છેતરાઈ ગયાની વાત સંભારી શરમ અનુભવતો હતો.

આ બધા વિચારોનાં વમળમાં ભારેમાં ભારે પત્થર તો પેલો વાઘરી ફેંકતો હતો. એની સ્મૃતિ મને એવી તો પ્રતિકૂળ થઈ પડી હતી, કે, મહામુશીબતે વિચારોમાં એકસૂત્રતા લાવી કંઇક સ્વસ્થતા મેળવતો, કે, તુરતજ એ ઉપરની સપાટી પર તરી આવી, તમામ ગૂંથનને વીખી નાખતી: હાથમાંથી તાંતણો જાણે સરી પડતો.

ગઈ રાતે શાંતાના રડવાના અવાજથી ત્રાસી ગયેલી ઉંઘ ફરી નહિ આવવાનું વચન આપતી ગઈ હતી; એ વચન તેણે આજે બરાબર પાળી બતાવ્યું. બે ત્રણ વાર ઉભા થઈ આંટા માર્યા: બત્તી જલાવી, પાડોશીઓનાં સૂમસામ છાપરા પર ઘેરાઈને બેઠેલી રાત-રાણીને જાણે પ્રત્યક્ષ જોતો હોઉં; કલ્પનાથી નહિ પણ ભૌતિક જગતની કોઈ ચીજ રૂપે ઊંઘને શોધી કાઢવા મથતો હોઉં, તેમ દૂર દૂર નજર ફેંકી. પણ વીંખાઇ ગયેલા જ્ઞાનતંતુઓએ ચક્ષુને બંધ થવાની પણ આજ્ઞા દીધી નહિ.

બારી બહાર નજર રાખી, લાંબા વખત સુધી ઊભો રહ્યો. ઠંડો પવન માથા પર ઝપટાતો હતો, અને ગરમ બની પાછો ફરતો હતો. ક્ષણભર શાંતિ કે તાઝગી આપી, પાછો મારાજ શરીરમાં રહેલી અસ્વસ્થતા મારા પર પાછી ફેંકી, પોતે તો નિર્મળ બની ચાલ્યો જતો હતો. પથારીમાં સૂતો હતો, ત્યારે ચારેકોરથી આવીને વીંટળાઈ વળતા કલ્પનાનાં ભૂતો જો કે કંઈક ઓછા થયાં હતા ખરા; પણ તેની સાથે જાગતા જગતની ચીજ વસ્તુઓ ભળવાના કારણે

અદ્‌ભુત, ન જાણેલી, ન પ્રીછેલી, એવી કોઈ અવનવી જ સૃષ્ટિ સર્જાતી હતી.

એ સૃષ્ટિ સર્વને પરિચિત હોવી જોઈએ; આપણે માત્ર એના નિયમો જાણતા નથી એટલું જ.

વખત વિતતાં આંખો કંઈક ઘેરાણી, હું લથડતે પગે ચાલી, એકદમ પથારીમાં જઈ પડ્યો—અને ઊંઘી ગયો.

ના. ના. 'ઊંઘ્યો' એવું હવે કહેવા તૈયાર નથી. હા કે ના કંઈજ કહી શકું નહિ તેવી જ અવસ્થા થઈ ગઈ હતી. પણ પાછળથી ઘડીયાળ જોતાં લગભગ વીસેક મીનીટ નિંદ્રામાં પડી ગયો હોઈશ, એમ જણાયલું.

મારી આજુબાજુમાં ઊભી થયેલી કલ્પનાની સૃષ્ટિ ભાંગી ગઈ ન હતી; ત્યાં તો તેને ભૌતિક જગત સાથે જોડાઈ જવાની એક મજબૂત સાંકળ મળી ગઈ. બેબી શાંતા ચીસેચીસ નાખી રડતી હતી; ગઈ કાલની રીતે, પણ બમણાં—ચોગણાં—બળથી; મારી સાથે મહામુસીબતે લપટાતી જતી નિંદ્રા એકદમ નાસી ગઈ, અને જતાં જતાં એવો તો આઘાત કરતી ગઈ, કે, હું ઝડપથી પથારીમાંથી ઊભો થઈ ગયો.

માથું ફરતું હતું; આંખોમાં અંગાર ભરાતા જતા હતા; જગાવેલી બત્તી એક મોટા સૂર્યના ગોળા જેટલી તેજદાર અને પ્રખર લાગતી હતી. ઓરડાની દિવાલો જાણે આઘી પાછી ખસી ગઈ હતી. બિછાના નીચે જાણે ભઠ્ઠી સળગતી હતી. પલંગના પાયા ચારગણા લાંબા થઈ ગયા હતા. આ બધાની વચ્ચે, આવી અસાધારણ અરાજકતાને સ્થિરસ્વરૂપ આપવા બેબી ઉંચે અવાજે રડી રહી હતી.

મને શરીરનું ભાન ન રહ્યું, શું કરૂં છું તે મારા હાથની વાત ન હતી. હું તો જાણે હજી પથારીમાં જ સૂતો છું; સ્વપ્ન જોઉં છું; અને કલ્પનાની સૃષ્ટિને વિંધતો આગળ વધી રહ્યો છું. છતાં હું ઉભો થઇ ગયો; એક સપાટે નીચે ઉતરી ગયો.

શાંતાને તેની બાએ પથારીમાંથી નીચે ઉતારી હતી અને તેને પાણી પાઈ શાંત કરવા તે મહેનત કરતી હતી. પથારીની નીચે ઘરની ચાર ફૂટ ઉંચી કોર પર શાંતા ઉભી હતી, અને પાણીના પ્યાલાને જોરથી ધક્કો મારી રડતી હતી: હું ત્યાં પહોંચ્યો, એટલે પાણીની ઝાલક થોડીઘણી મારા પર પણ પડી.

મારીસૃષ્ટિ તો હજુય ફરતી હતી. નિંદ્રા જાણે દૂર દૂર ઠગારી બની હસતી હસતી ઉભી રહી હતી; મગજ ધમધમતું હતું. શાંતાને ધમકાવવા કે શું કરવા તે હું કહી શકતો નથી; પણ મેં એકદમ તેને જોરથી ધક્કો માર્યો.

—અને શાંતા નીચે ફરસબંધી પર ઊથલાઈ પડી.

ના. ના. નહિ પડી. તેની બાએ દોડીને તેને ઝીલી લીધી. પડી હોત તો એ દોઢ વર્ષની બાળકીનું સુકોમળ શિર પત્થરમાં અફળાઈ ફૂટી જાત, એમાં શંકા નથી.

એક ક્ષણમાં આ બધું પતી ગયું. હું જાણે હવે તો જાગી ગયો. શાંતા પડી જ ગઈ છે, તેમ ધારી તેનાં લોહી નીકળતા દેહનાં વેદનાજનક દ્રશ્યથી બચવા આંખો બંધ કરી.

'અરે, પણ તમને થઈ શું ગયું છે? આ છોકરી આજ નક્કી મરી જાત.' મારી પત્નીએ કહ્યું.

મેં આંખો ઉઘાડી. જ્ઞાનાવસ્થા એકદમ જાણે આવી ગઈ. હું મારી જાતને પાછી મેળવી રહ્યો હતો.

'અરર–' કહી મેં રડતી શાંતાને મારી ગોદમાં લઇ દબાવી. એ તદ્દન શાંત થઈ ગઈ હતી પણ એનાં હીબકાં ચાલુ હતાં. રાત્રી ધીમી વહી રહી હતી. ચાળીસ મીણબત્તીઓનાં પ્રકાશને એક સાસટી રીતે, વીજળી બત્તીનો ગોળો અમારા તરફ ફેંકી રહ્યો હતો: અને નિદ્રા તો આજની રાત માટે 'શુક્રિયા' કરી નિરાંતે પોતાને ઘેર ગઈ હતી.

મારી કલ્પનાની ભૂત સૃષ્ટિ, જાણે ઘણા વખત અગાઉ અનુભવેલા કોઈ બનાવની સ્મૃતિ હોય, તેમ મગજનાં અંધારા ખૂણામાં છૂપાઈ જતી હતી. દિકરાના હાથ સળગાવનાર વાઘરીની વાત તો જાણે એ પાંચ વર્ષ પર સાંભળેલો કોઈ બનાવ હોય, તેટલું અંતર તેની અને મારી વચ્ચે પડી ગયું હતું.

'શાંતા, તું મરી જાત હેં' મેં પૂછ્યું.

'ધક્કો મારીને પાડી, અને હવે મરી જાત એમ પૂછે છે. આજ તો તમને ખરી હત્યા ચોંટી જાત.'

કઈ રીતે ધક્કો મેં માર્યો હતો, તેની મારી પત્નીને કલ્પના પણ ન હતી.

'ભારે ખીજાળ લાગો છો. કોઈ વાર મારા મારા પર રીસ ચડે, તો મને તો મારી જ નાખો ને? બેબી શાંતા. આવ બેટા. તું માંડ બચી હો. મારા પુણ્યે બચી ગઈ કેમ?'

બેબી ફરી ધીમું ધીમું રડવા લાગી.

× × ×

બીજે દિવસે અદાલતમાં તો વાઘરીની વાત હજુ ય તાજી હતી, એટલે એના ઘાતકી વર્તનને સૌ ભારેમાં ભારે શબ્દોમાં વીંટી એકબીજા પર ફેંકતા હતા; એવી રીતે એ વાતનો દડો મારા પર પણ બે ચાર વખત ફેંકાયો; પણ મેં તેને વીંટવા માટે શોધી કાઢેલા શબ્દો પાછળ મારી ખૂબ મહેનત છતાં, તે મને પણ તદ્દન મોળા જ લાગતા હતા.

કોણ જાણે કેમ- એ વાઘરી તરફ મને હવે ખુન્નસ વ્યાપતું ન હતું. મહા પ્રયત્ને પકડી રાખેલી સંસ્કારિતાની લાકડીને ટેકે આજે ચાલવા જતાં જાણે હું પડી જતો હતો; આજે તો માનવીની મૂળ-

ભુત આવેશભરી વૃત્તિઓની મજબૂત સાંકળનાં અવલંબન સિવાય ઉભું જ રહી શકાતું નહતું. પણ એ સાંકળની એક કડી પર જેમ હું ઝૂકી રહ્યો હતો, તેમ જ બાજુની બીજી કડી પર પેલો દીન, દરિદ્ર, વાઘરી પણ પોતાની જીવનયષ્ટિને ટેકવી રહ્યો હતો.

એકજ નાવનાં અમે મુસાફરો હતાં, એવું ઘડીભર થયેલું ભાન મોંઘો અનુભવ ગણી આજસુધી મેં સંઘરી રાખ્યું છે.

★

આંસુ વિનાનું મૃત્યુ

મેં ચંદાની બાના શબને ભડભડ ચિતામાં સળગતું જોયું. મારી પચ્ચીસ વર્ષની સહચરી આજે ગઇ. પચ્ચીસ વર્ષ! કેટલો લાંબો કાળ? આજે વિચાર કરતાં એમ થઈ આવે છે, કે, આટલી બધી લાંબી મુદત કેમ પસાર થઇ હશે? હવે કોઇ નવી સ્ત્રીની સાથે પચ્ચીસ વર્ષ ફરીથી—ગઈ પચ્ચીસીના જેવાં—વિતાવવાં હોય તો? એ સાહસ ખેડવાની તાકાત મારામાં છે? અત્યારે તો એ કલ્પનાથી જ ત્રાસી ઉઠું છું.

આજે મને દુ:ખ થાય છે? પત્ની મરી જતાં માણસને શી લાગણી થતી હશે? કેટલાક લાગણીને ગાઈ બતાવનારા શું અનુભવતા હતા, તે હું જાણું છું. પણ બીજાઓ શું ખરેખર સાચું કહેતા હશે? સંસાર શુષ્ક થઈ જાય, જીવનમાંથી રસ ઉડી જાય, માનવપંખી પાંગળું બની જાય; આ અને આવી બધી વાતો કરનારાને ખરેખર આમ જ થતું હશે?

 બીજી બાજુ પત્ની મરી જતાં, તેના મરણ વખતની,

તેનાં છેલ્લાં શ્વાસોચ્છ્વાસ લેવા વખતની ક્રિયાની, તમામ વીગત ઝીણવટથી, નિર્લેપતાથી, પોતે કરેલી સારવાર અને દાનપુણ્યની પ્રતિજ્ઞાઓના ગર્વથી, પ્રત્યેક વખતે એકની એક વાત કહેવા છતાં, સાચા સાહિત્યસર્જકની કલાથી, આશ્વાસન આપવા આવનાર માણુસોને કહેતાં નહિ થાકનારા પ્રમાણિક પતિઓ પણ મને યાદ આવે છે. એક વાર જ્યારે જુવાનીમાં હતો ત્યારે સ્ત્રી જાતિ તરફનાં તે ઉમ્મરે થતાં કોઈ ગૂઢ આકર્ષણના કારણે તેના ઉદ્ધાર વિષેના જ લેખો લખતો અને ત્યારે આવા માણસોને મેં નિષ્ઠુર ધારેલા, એમ મને સાંભરે છે. આપણા સંસારમાં તો પત્ની મરે તેજ દિવસે નવી વહુ પરણવાની વાતો કરવી એ કંઈ અસાધારણ વાત નથી. એ જુવાની ગઈ છે. જીવન પર અને જીવનમાં આવેલી બધી વસ્તુ પર પોતાની સંજીવની છાંટતી આ અવસ્થા જતાં આજે તમામ વાતો જેવી છે, તેવીજ જણાય છે. એ સમયે હું પણ પત્નીને ગુમાવનારનાં વર્ગમાં આવી ચડું છું.

મારે સાચેજ કહી દેવું પડે છે, કે, મારા ગમે તેટલા પ્રયાસ છતાં, આ પત્નીનાં મૃત્યુથી મને કંઈજ લાગી આવતું નથી. જીવન કેવળ શુન્ય જ છે ને? તેમાં શું સંભારીને હું રોઉં? આ સ્થિતિથી શરૂઆતમાં તો મને મારી જાત ઉપર ક્રોધ ચડેલો; આથી જે જૂની દલીલો અગાઉ મેં નિષ્ઠુર ગણેલા પતિઓ વિરૂદ્ધ કરેલી, તે મારી વિરૂદ્ધ પણ હું મન સાથે કરવા લાગ્યો. પણ મારૂં મન મારા કરતાં વધારે મજબૂત નીકળ્યું. હું ઈચ્છતો હતો, કે, મને બેચાર આંસુ આવે, મારો અવાજ કંઈક ગળગળો થાય, પણ કંઈક બન્યું નહિ, તેમા હું શું કરૂં?

આ સ્ત્રીના મરણથી મેં શું ગુમાવ્યું? જીવનનો રસ? ના, એ રસ મેળવવામાં એ પત્નીએ મને જરાય સહાય કરી ન હતી. સવારથી સાંજ સુધી ચીંથરાં જેવાં મેલાં કપડાં પહેરી

જાતે જ વધારીને મોટું કરેલું ઘરનું કામકાજ એ કર્યા કરતી. એ કામ કરતાં અર્ધો રોષ મારા પર, અર્ધો રોષ બાળકો પર કાઢતી. રોષ–તિરસ્કારનાં અશિષ્ટ અને ક્રોધ ઉપજાવે તેવા શબ્દો બોલતી જાય; બોલાવતાં સીધો જવાબ ન આપે; બાળકો આડે આવે તો ધમકાવીને કે મારીને રીસ ઉતારતી જાય અને આખો દિવસ ઘરમાં એવું કંટાળાનું વાતાવરણ જમાવે, કે, નિરાંતે શ્વાસ લેવો પણ મુશ્કેલ થઈ પડે. બાળકો બિચારાં છાના-માના બહાર ભાગી જાય કે અકળાતાં–મૂઝાતાં નિશાળે ચાલ્યાં જાય. આખો દિવસ ધૂમાયા કરતી આ લીલી આગથી કંટાળીને હું પણ ઘરની બહાર રહું, અગર તો ઘરમાં રહું તો બીજી પ્રવૃત્તિમાં પડ્યો રહું; આ દિનચર્યામાં દિવસો, મહિનાઓ, વર્ષો વિતાવ્યા છતાં, જીવનનો રસ એના જવાથી મેં ગુમાવ્યો, તેમ હું કેમ કહી શકું?

આ બધું આજે શા માટે સંભારી રહ્યો છું? મરેલા માણસની વિરુદ્ધ કંઇપણ કહેવું નહિં, તેવી આજની સભ્યતા છે. પણ માણસ મરી જવાથી તેની સ્મૃતિમાં કંઈ મીઠાશ આપોઆપ આવી જતી હશે ખરી? આજે એ જગતમાં નથી. આજે હું ધારૂં તેમ વર્તી શકું છું. આજે રાતના વ્હેલાં પથારીમાં સૂતાં, મારી બાજુમાં અનેક સગાં વ્હાલાંઓની જુની પુરાણી વાતો કાઢી તેનો કકળાટ રજુ કરનાર કોઈ હાઝર નથી. આજે રાતના જાગવા ધારૂં તો અટકાવનાર કોઈ નથી. બાળકો પણ સ્વતંત્ર છે. તેઓ ગમે તેમ વર્તે–હરેફરે–તે સામે કોઈ વાંધો ઉઠાવે તેમ નથી. અફસોસ, એ બિચારી પણ પોતાનાપર જન્મથી પડેલા સંસ્કારનો ભોગ થઈ પડી હતી ને? જે જીંદગી આંખ મીંચીને ઉઘાડીએ ત્યાં ચાલી જવાની છે, તેની એક પળની તૃપ્તિ માટે પણ માણસને કેવી મથામણો કરવી પડે છે? આમ વિચારતાં કદાચ આપણે મરેલા માણસોના દુર્ગુણોને ક્ષમા આપી શકીએ; તેને ભુલી જવા મથીએ; પણ તેણે આપણા જીવનમાં પાડેલા ઉંડા

ચીલાને આપણે શી રીતે સમારી શકવાના હતા ? ચંદાની બા મરી ગઈ માટે તેને હું માફ કરૂં છું, એમ કહેવાથી કે ખરેખર માફ કરવાથી પણ, મારી જીંદગીના અણમૂલ પચ્ચીસ વર્ષો મેં ગુમાવ્યાં, તે પાછાં આવવાનાં છે ? એ જ્યાં સુધી નથી બનવાનું ત્યાં સુધી—જીવનના ઊંડા ચીલા જ્યાં સુધી પુરાવાના નથી ત્યાં સુધી—એ ચીલા જ્યારે જ્યારે ખુલ્લા થાય, ત્યારે ત્યારે તેમાંથી લોહી વહ્યા જ કરે તેમાં કોઈનો શો દોષ ?

કોઈપણ માણસના મરવાથી તેના આત્મીય જનને શા માટે શોક થતો હશે ? એ મરનારને આપણે અન્યાય આપ્યો હોય, એનાં દૃષ્ટિબિંદુ નહિં સમજતાં એના દુઃખનું કારણ આપણે થઈ પડ્યાં હોઈએ; આ બધું એના મરણ પછી આપણને યાદ આવે છે. બીજી વાત એ પણ છે, કે, એ આપણો આત્મીય જન, તેના શરીરથી ભિન્ન કંઈ હતો નહિ, એમજ આપણે માનતા હોઈ, એ શરીર મર્યા પછી ખુબ નમ્ર સ્થિતિમાં પડ્યું રહેલું જોવાથી, એ નમ્રતા આપણા હૈયા સોંસરવી ઉતરી જાય છે. બે ચાર કલાકની એ શબની અવસ્થા જોઈને, આપણે જીંદગીભરનાં અપમાનો પણ ભૂલી જઈએ છીએ. એ દેહ બોલતો નથી, ચાલતો નથી, શ્વાસ લેતો નથી, એટલુંજ નહિં; એને સળગાવી દેવામાં આવે છે, ત્યાં સુધી એ કંઈ પણ કરતો નથી, માત્ર સળગ્યા કરે છે. આ દ્રશ્ય ખરેખર કરૂણ છે! જે માણસને મરનાર સામે કંઈ ક્રોધ હોય, તેને બની શકે તો એના શબની ક્રિયામાં સામેલ કરવો જોઈએ. તે દિવસે એ દેહને નિષ્કારણ કે સકારણ આપેલા અન્યાયો પણ આપણા હૃદયને રોવરાવે છે. જેણે સૌથી વધારે સહન કર્યું છે, તેનું મૃત્યુ સૌથી વધારે કારમું છે. જેના મરતાં આપણને આઘાત થાય છે, તે આપણાથી હારીને જાય છે; જગત જેને માટે રોવે છે, તે જગતથી હાર્યો છે. જગતનો વિજેતા,—આપણને જીતીને જનારો—બહુ લાગણી ઉપજાવી શકતો નથી.

દુનિયા જેને માટે મર્યા પછી અફસોસ કરે, જેનું સારૂં બોલે, તે સ્વર્ગમાં ગયો તેમ એક લોકવાર્તામાં કહ્યું છે. તે ક્યાં જાય છે, તે તો કોણ જાણે, પણ જગતનો તેને માટેનો અફસોસ, તો પોતે જેના પર જીત મેળવી શકતું હતું, તેને ગુમાવ્યા બાબતનો જ છે.

પણ મરનાર જેના જીવનમાંથી ચાલ્યું જાય છે, તેને તો એની યાદગીરી દરરોજ આવવાની. એ યાદગીરીમાં હંમેશા કરૂણા હોય, એમ માની શકાય નહિં. જીવનના અનેક પ્રસંગો સાથે એ સંકળાયેલ હોય જ; પણ એ તમામમાં તેની યાદગીરી માત્ર મીઠી ન હોઈ શકે; એક માત્ર બાળક તેને અપવાદ રૂપ છે. આવી વિધવિધ યાદગીરીઓ છતાં, મરેલા માણસનું માત્ર સારૂંજ બોલવું. તે સભ્યતાનો નિયમ ભલે રહ્યો, એ તો કદાચ પાળી શકાય; પણ તેને માટે માત્ર સારૂંજ વિચારવું એ બની શકે તેવું નથી.

કેટલાય પ્રસંગો મારી સામે તરવરે છે. એકેયને ઉતારવાનો આ અવસર નથી. એ બધા પ્રસંગોની પરંપરાથી સંકળાઈને પ્રકટતું મારૂં જીવન તેવાજ એકાદા પ્રસંગ જેવું બની રહ્યું છે. એ જીવનમાં એનું સ્થાન ક્યાં હતું, એ જીવનને એણે કેવું બનાવ્યું, તે જ વસ્તુ મારે યાદ કરવાની રહે છે. મેં જીવન શરૂ કર્યું, ત્યારે કેવી કેવી અભિલાષાઓ ગૂંથી રાખી હતી? કલ્પનાની ભૂમિકા ઉપર ભવ્ય, અને શક્તિપ્રદ ચિત્રો દોરી રાખ્યાં હતાં. આજે આ યાદ કરૂં છું, ત્યારે ખૂબ વેદના થાય છે. જીવનમાં મળેલી સેંકડો તકો મેં ગુમાવી છે. કોણ જાણે કેમ, જીવનમાં કંઈ પણ કરવાની મને હોંસ રહી જ ન ન હતી. જ્યારે જ્યારે વિચારૂં છું, ત્યારે ત્યારે એમ પણ થાય છે, કે, જે જીવનમાં ચંદાની બા સાથેનો નિરંતર સહવાસ જડાઈ ગયો હોય અને જગતની બીજી અદ્દભુત સુંદર રમણીઓ સાથેનાં સહચારની, માત્ર એની સાથેના લગ્નનાં કારણેજ મનાઈ હોય ત્યાં જીવનની બીજી બાજુ ગમે તેટલી સુંદર હોયતો,

પણ નકામી છે. એ વિચારે મેં કંઈજ કર્યું નથી. યુવાન જીવનની આખી ગતિ સ્ત્રી સાથેનાં સંબંધોમાંથી જ ઉદ્ભવે છે. સ્ત્રી જેટલી અણઘડ તેટલી એ ગતિ ધીમી, ઉદ્દેશહીનઃ યુવાન જીવનમાં જ શા માટે? સમસ્ત જીવન મર્યાદામાં ગતિનો સંબંધ સ્ત્રી સાથે નિરંતર એક સરખો છે.

જે જીવન પાસેથી મેં યૌવનના આરમ્ભ કાળે મોટા મોટા વિજયનાં વચનો લીધા હતાં, તે જીવનને તેણે કબજે કરી લેતાં, નાના પરાજયોથી ભર્યું એવું મારૂં જીવન એક સળંગ પરાજય જેવું જ થઈ ગયું. એને જીવનમાંથી ઉંચકીને ફેંકી દેવા જેટલી નિષ્ઠુરતા મારામાં હતી નહિં. એમ કર્યું હોત તો પણ એની વિચિત્ર સ્મૃતિથી મારૂં જીવન ભરાઈ ગયું હોત; એટલે એ રીતે પણ એના સકંજામાંથી હું મુક્ત ન થઈ શકયો હોત. આખી જીંદગીમાં પ્રેમ એ શું તે ભોગવ્યું નથી, માટે પ્રેમની ભાવનામાં પણ શ્રદ્ધા રહી નથી. કદાચ પ્રેમ નથી એમ ઠસાવીને, પ્રેમ વિનાની મારી જીંદગીને હું આશ્વાસન આપતો હોઈશ. એકલો પ્રેમજ શા માટે? તમામ ઉદ્દાત ભાવનાની મારી સાથે તો એ જ દશા છે. જીવનનું અત્યારે તો આવું સ્વરૂપ થઈ ગયું છે; જીવનમાં ઘણી સુંદર સ્ત્રી આવી ગઈ હતી. એક તો —એનું એનું નામ ખૂબ પવિત્ર ગણી જાળવી રાખું છું—એ મારા પ્રેમમાં પડી ગઈ હતી. એના પત્રો આજે ય મેં સંઘરેલા તે વાંચું છું, તો હસવું આવે છે. એના પ્રેમનો બદલો આપી શકું તેવી સ્થિતિમાં જ હું ન હતો. હું શી રીતે એ પ્રેમની અસર સમજી શકું? 'પ્રેમ' જેવું જગતમાં કાંઈ નથી, એમ સમજવા માટે મેં ભારેમાં ભારે કિંમત આપી છે.

એવી બોજા જેવી જીંદગી પચ્ચીસ વર્ષના લાંબા ગાળા સુધી ભોગવી, આજે તેમાંથી છૂટો થાઉં છું. આખો દિવસ ઘાણીમાં જોડાયેલ બળદને સાંજે છૂટતાં આનંદ થતો હશે? મને તો મારા

થાકની અસહ્યતાએ, આનંદ ભોગવવાની મારી વૃત્તિને પણ મારી નાખી હોય, તેમ લાગે છે. મને શોક ન થાય તેમાં હું શું કરૂં ? હું ઇચ્છું છું, કે કંઈ નહિં તોપણ જે લગ્નગ્રંથીથી અમે જોડાયાં હતાં, તેની પવિત્રતાને ખાતર પણ મારે આજે આંસુ પાડવા જોઈએ. પણ કશું જ થતું નથી. એક પણ લાગણી ઉપજતી નથી: અને ખોટો ડોળ કરવા જેટલું મહત્ત્વ હું આ પ્રસંગને આપતો નથી.

મ્હારા બાળકોને જોઉં છું, ત્યારે મને કંઈક લાગી આવે છે ખરૂં. હજુ ગઈ કાલેજ હું આવા વિચારમાં નિમગ્ન થઈ બેઠો હતો, ત્યાં ચંદ્રાએ આવી મારા ખભાપર હાથ મૂકી કહ્યું:

"બાપુજી શું કરો છો ? તમને બા વિના નથી ગમતું ?"

"નથી ગમતું ચંદ્રા, તને ગમે છે ?" મેં જવાબ આપેલો.

"બા વિના કંઈ ગમે ?" ચંદ્રાની આંખોમાં પાણી ઉભરાવા માંડ્યા હતાં. "પણ બાપુજી, તમે એમ કંઈ ફિકર કરશો માં. અમે બધું કામ કરી નાખીશું હો; હવે મને રાંધતાં તો આવડી ગયું છે."

"એમ ? ત્યારે તો ઘણું સારૂં. ચંદ્રા, હું હવે નહિં મુંઝાઉં. પણ બટુક અને સરલા બન્ને તું સાચવીશને ?"

"હા, બાપુજી હું સાચવીશ. બા હતા ત્યારે પણ એ બેતો મારી પાસેજ રહેતાં હતાં."

"ત્યારે તું રાંધીશ કે બન્નેને સાચવીશ ?"

"બાપુજી, પણ એ તો બહુ ડાહ્યા બની ગયા છે. જરાય તોફાન નહિં કરે."

"એ તારી બાને યાદ કરે છે ?"

"અમે ત્રણેય યાદ કરીએ છીએ: બટુકો તો રોવા જ મંડે છે"

બટુકની માફક હું પણ રોઈ શકતો હોત તો કેવું સારૂં હતું, એમ મને લાગે છે. આટલા વર્ષે પણ આટલું શૂન્ય જીવન રહેવું, આટલા સહવાસ પછી પણ લાગણીની એક સેર પણ ન ફૂટવી તે ભયંકર નથી ?

★

પિતા પુત્ર

ચંદ્રવદને પોતાના પુત્ર કિશોરીનું જે રીતે લાલનપાલન કરેલું અને જે લાડકોડમાં તેને ઉછેરેલો તેનો વિચાર કરતાં તેને ગામનાં યુવાનો આદર્શ પિતા તરીકે માનતા. સહજમાં જ મા કે બાપના જોરદાર હાથની ધોલ સહન કરતા કે શિક્ષણના સાધનો માટે ઘણી વાર તો શબ્દશઃ બારણે બારણે રખડતા દૂર્ભાગી જોડે કિશોરીનાં જીવનને સરખાવી તેની અદેખાઈમાં તેઓ બળી રહેતા.

બાળપણથી જ ચંદ્રવદન કિશોરીને ખુબ સ્નેહથી નિરંતર ગળે વળગાડી રાખતા. પોતે વકીલ હતા. સવારનો વખત અસીલો સાથે માથાકુટ કરીને તથા બપોરનો વખત ન્યાયાધીશો અને હરીફ વકીલો જોડે વાદવિવાદમાં ગાળીને થાકયાપાકયા આવતા, ત્યાં તેની જ પાસે બેસી રહેવાનું બાળક કિશોરીનું રૂદન શરૂ થઈ જતું. થાકેલા મગજને માત્ર એકાંત જ આપી શકે, તેવી આરામની ઘડીઓ ભોગવી શકાય તો સારૂં, એવી ઈચ્છા છતાં તેમ બનતું નહિ. તેમ છતાં ચંદ્રવદન કોઈ દિવસ એને ધમકાવતા કે દૂર કરતા

નહિ. વળી ચંદ્રવદન પોતે કદાચ એવા અર્થનો ઉચ્ચાર માત્ર પણ કરે તો તે સૌ.શાન્તા માન્ય પણ રાખે તેમ નહતું. આખા દિવસની અકળામણમાંથી પોતાને મુક્ત કરી કિશોરી ચંદ્રવદન પાસે જાય એ તકની તેઓ રાહ જોઈને જ બેઠા હોય; એટલે આમે ય ચંદ્રવદનના નસીબે ઘડી પળ આરામથી બેસવાનુ મળી શકે તેમ નહતું. પણ નસીબની લીલા માણસ ધારે કે ધારી શકે તે કરતાં વધારે ગૂંચવણભરી હોય છે; એટલી જ આશ્ચર્યજનક પણ હોય છે. એટલે પુત્રની આવી હઠથી ચંદ્રવદનને તેની સાથે રમવું પડતું, એ ક્રિયાથી ઘણી વાર તો તેનો પોતાનો થાક પણ ઉતરી જતો.

જીવનનું આ તો એક જ પાસુ ચિતરાયું; અગર પિતા પુત્ર વચ્ચેનાં અનુરાગની આ એક સ્થૂળ પ્રારંભીક દશા જ બતાવાઈ. એટલાથી ચંદ્રવદન પુત્ર ઉપર કેવી રીતનો પ્રેમ રાખતા તેટલું જ સૂચવાઈ શકે તો પણ બસ છે. વસ્તુતઃ તો ચંદ્રવદનની પુત્રવત્સલતા અદ્ભુત હતી : એ પાણી માગે ત્યાં દૂધ હાજર કરવામાં આવતું : એને રમવાનાં જાતજાતનાં રમકડા લાવી આપવામાં આવતા : એને પહેરવાનાં હરેક પ્રકારનાં કપડા તૈયાર કરાવવામાં આવતા : અને ફરવાને માટે નાનકડા વાહનો તૈયાર રાખવામાં આવતા. ટૂંકામાં ઇન્દ્રિયોપભોગની બાળકની લાલસા જેટલી હદ સુધી વિકાસ પામી શકે તેટલી હદ સુધી તેને ખેંચી તૃપ્ત કરવામાં ચંદ્રવદન બિલકુલ પાછી પાની કરતા નહિ; અને તેથી જ આવો વાત્સલ્યભર્યો વૈભવ નહિ પામી શકનારા બાળકોમાં, કિશોરી કેવળ પોતાનાં આ વૈભવનાં આધારે જ મહત્તા પામતો.

કિશોરી મોટો થતા એને માટે લાવી આપવામાં આવતી ચીજોમાં ફેરફાર થવા લાગ્યો. પણ એ ચીજો લાવી આપનારી ભાવના તો એની એ જ ચાલુ રહી. એ જ રીતે કિશોરીનો વિદ્યાભ્યાસ ચાલુ

થયો. શાળામાં પણ બધા વિદ્યાર્થીઓ કરતા કિશોરી આ રીતે જુદો પડી આવતો : એની તમામ પ્રકારની સગવડતા સર્વત્ર જળવાતી.

આવા સંજોગોમાં કિશોરીનું માનસ કંઈક અસ્વાભાવિક રૂપ પકડતું જતું હોવું જોઈએ એમ સહજ લાગે; પણ એવું કંઈ બન્યું નહિં. ઉલટ કિશોરી પોતે એક સમતોલ માનવતાનાં પ્રતીક સમો બની શકશે, તેવા પુર્વ સુચનો આપી રહ્યો હતો. વૈભવે અને તૃપ્તિએ એને પોચો બનાવ્યો હતો : ઉપભોગ જાણે એનાં જીવનની સંસ્કારિતાએ લીસી બનાવેલી ભૂમિ ઉપરથી સરી જતો હતો;–ક્યાંય પણ કાયમી ખાંચ કે કાયમી ડાઘો પેદા કર્યા સિવાય : પોતાને ગમે તે મળે છે, મળી શકે છે, તેવી દઢ પ્રતિતિથી એ ભૌતિક વસ્તુનાં કોઈપણ પ્રકારનાં પ્રત્યક્ષ આલંબન વગર જ તૃપ્તિ ભોગવી રહેતો હતો. જેમ સંસ્કારિતા કેળવાઈ હતી, ઉણપ રહી નહોતી, તેમ નવા યુગને સમજવાની દષ્ટિ પણ ઉઘડી રહી હતી. સૃષ્ટા પાસેથી મેળવેલી બધી સગવડતાનાં ઋણનો જાણે કે પોતાનાં જીવનને ખુબ સુઘડ અને સુંદર બનાવી ફેડ કરવા માગતો હોય એવું તેનું વર્તન હતું. જીવનનો ક્યાસ કરવા માટે આજે તો ભાતભાતની દ્રષ્ટિઓ રજુ કરાય છે, એમાંથી કોઈ પણ એક પ્રકારનાં પુર્વગ્રહથી મુક્ત, એવી કેવળ માનવતાવાળી દ્રષ્ટિની સળીએ માપો–, એટલે કિશોરી સંપૂર્ણ રીતે સુયોગ્ય–"નૉર્મલ"–લાગે તેમ હતું.

છતાં ગમે તેમ હોય, કિશોરીને પોતાનાં પિતાના આ બધા વાત્સલ્યમાં કંઈક ઉણપ,–ઉણપ તો નહિ કહેવાય પણ–કંઈક કઢંગાપણું લાગતું,–કોઈક જ વાર લાગતું. પિતાનાં કાર્યને એણે હંમેશા, એમને એમ જ, યોગ્યતમ માની લઈ સન્માન્યું હતું. એનું કારણ માપવાનું કે એનું પૃથક્કરણ કરવાનું અગર તો એના પરિણામને વિચારવાનું તો એને સૂઝેજ ક્યાંથી ? આપણે વસવાના સંસારની ઘણી ખરી બાબતો–: સૂર્યોદય : વર્ષાઋતુ નિયમન :–વગેરે

એવા છે, કે, એને આપણાં વ્યક્તિગત જીવનનું અંગ જ આપણે જાણ્યે અજાણ્યે ગણી લઈએ છીએ. કિશોરીનું પણ એમ જ થયું.

કિશોરી જુવાન થતો જતો હતો : ચંદ્રવદન પ્રૌઢ બનતા જતા હતા. છતાં વત્સલતાના નિરંકુશ વર્ષણ જેવી પિતાની એ ઉપભોગ પ્રસાદી એમને એમ ચાલુ રહેતી–દિન પર દિન વધતી જતી હતી. ચંદ્રવદનનો ધંધો પણ ખૂબ ખીલતો જતો હતો. શરૂઆતમાં કદાચિત કોઈકવાર પણ પુત્રની સગવડ સાચવવાના વિચારો ઉપર આર્થિક દૃષ્ટીએ મર્યાદા મૂકાઈ હોય; પણ હવે તો એ કારણ પણ નાબુદ થયું હતું. હવે ચંદ્રવદનને એવો કોઈપણ વિચાર કોઈવાર પણ ખેંચી રાખી શકે તેમ ન હતું. તેઓ છૂટથી પુત્ર પર પૈસા વેરતા.

કિશોરીને ખોરાકમાં શું માફક આવતું તેનો એને વિચાર કરવાનો રહેતો નહિં : એને માટે સારામાં સારૂં ખાવાનું આવતું. પણ એ જેમ વયે વધતો ગયો તેમ તેને આ નહિં ફાવતું. ઘણીવાર પોતાને માફક આવતી કોઈ સામાન્ય ચીજ માટે મહિનાઓ સુધી રાહ જોવી પડતી અને ઢગલાબંધ મળ્યે જતી અસામાન્ય ચીજોનો એ કંઈ જ ઉપયોગ કરી શકતો નહિ. કપડાંમાં પણ આ પ્રમાણે જ બનતું હતું. એ માત્ર ખાદીની કફની પહેરી ફરવા માગતો હોય તો, તે તેને ભાગ્યે જ મળી શકે તેમ હતું. હંમેશને માટે ગરમ યા રેશમી ઉંચા પ્રકારનાં કાપડનાં કોટ પેન્ટ તથા ખમીસો જ તેનું અંગ ઢાંકવા આતુર રહેતા. કિશોરીને બીજા વિદ્યાર્થીઓ માફક ચાલીને કે નાનકડી સાઇકલ પર શાળામાં જવા ઇરાદો હોય, તો તે ભાગ્યે જ પાર પડતો: તેને મોટરમાં જ જવું પડતું. એકલા પગે ચાલીને પર્યટન કરવાનો શોખ થાય, તો એ વાત કહેવાની પણ તે હિંમત કરી શકે તેમ ન હતું : ગાડીનાં બીજા વર્ગનાં માનીતા ઉતારૂઓમાંનો એક બની, બે ત્રણ નોકર ચાકરો સહ, દરેક સ્થળે અગાઉથી લખી બંદોબસ્ત કરાવ્યા પછી જ ફરવા જવાની તેને છૂટ મળતી.

આ બધાનું અણધાર્યું પરિણામ એ આવતું ગયું : કે, કિશોરી આ સગવડતામાંથી કંટાળો પામતો ગયો; એટલું જ નહિ, ચંદ્રવદનની પોતાના તરફની કાળજીની વિરૂદ્ધ એને કંઈક માનસીક ગ્રંથી પણ બંધાવા લાગી. પિતા સૂચવે તે કરવામાં કે આપે તે સગવડ લઈ લેવામાં સ્વભાવિક જ તેના મોંમાં 'ના' કે મનમાં અણગમો થવા લાગ્યા. 'ના' બ્હાર પડતાં તો તુરત જ તે શરમાઈ જતો; અને પછી ઘણીવાર તો મૂક બની પોતાના અભ્યાસ ગૃહમાં પડી રહેતો. ચંદ્રવદન તેને કંઈ જ આગ્રહ કરતા નહિં, પણ પોતાની ઇચ્છા નકારવામાં આવતાં એને દુઃખ થતું, એ વાત તો સ્પષ્ટ રીતે જ તેની મુખ રેખાઓમાંથી દેખાઈ આવતી. લાંબો વખત સુધી એ દુઃખનાં ભાવ મોં પર કાયમ રહેતા; કિશોરી પણ ઘણીવાર આ વેદના સમજી શકતો, અને પછી પિતાની તૃપ્તી ખાતર પણ એ અણગમતી વાત કબૂલી લેતો. ચંદ્રવદન ફરીથી આનંદમાં આવી જતા એટલું જ નહિ, મૂળ ગોઠવેલી યોજનામાં પણ એકાદ બે નવીન વાતો ઉમેરી વધુ હર્ષ પ્રદર્શીત કરતા.

જેમ જેમ કિશોરી મોટો થતો ગયો,–એનું વ્યક્તિત્વ કંઈક નિશ્ચિત સ્વરૂપ લેવા માંડ્યું–તેમ તેમ આવા ઘર્ષણના પ્રસંગો વધુ અને વધુ જ આવવા લાગ્યા: માત્ર પુત્રનાં ઘડાતા જતા વ્યક્તિત્વનાં જ પરીણામ રૂપે નહિં, પણ કિશોરી મોટો થતાં એને વધારે ને વધારે સૂચનો પોતાની માની લીધેલી પ્રણાલિ પ્રમાણે વર્તવાનાં ચંદ્રવદન તરફથી થવાને કારણે પણ. કિશોરીએ કેવી રીતે અભ્યાસગૃહ શણગારવો, કેવાં પુસ્તકો વાંચવા—વસાવવા; કયા શિક્ષકની અંગત દેખરેખ નીચે તેણે રહેવું, કેવા રંગનાં કપડાં પહેરવાં, કેવી રીતે ફરવા જવું કે વ્યાયામ લેવો, કેવા સમાજનો સંસર્ગ રાખવો, કેવા પ્રસંગોમાં કેવી રીતે હાજરી આપવી: આમ જીવન જેમ જેમ વિસ્તૃત થતું ગયું તેમ તેમ તેની નાની મોટી તમામ વિગતોમાં ચંદ્રવદનની પોતાની રીત સ્થાપીત થયેલીજ હતી; અગર તો સ્વાભાવિક વૃત્તિ પ્રમાણે સ્ફુરતી હતી; અને

કિશોરીને એ માફક પણ નહોતી આવતી. આમ ધીમે ધીમે એ સ્થિતિ આવી પડી, કે, બન્નેનો–પિતા પુત્રનો–સ્વભાવ અને જીવનાદર્શ લગભગ વિરોધી થઈ ગયા. પિતાના પોતાના તરફનાં વાત્સલ્યને સમજનાર પુત્ર આજ્ઞાંકિત બનીને જ એનો બદલો વાળી આપવા માગતો. પણ છતાં ય સ્વતંત્રરીતે જીવવા પણ માંગતો. વ્યક્તિત્વ સામો પોકાર ઉઠાવ્યા જ કરતું આમ જીવનમાં સાંપડેલી આ અદ્ભુત સગવડતાથી સ્થાનિક સહજીવીઓમાં પોતે અદેખાઈનું કારણ થઈ પડેલો, તેનાથી જ તેને ઉલટ ત્રાસ થવા લાગ્યો.

ચંદ્રવદન આ સમજી શકતા નહિં. એ તો હંમેશા, અવનવીન રીતે–પોતાની રીતે–અને પોતાની આંતરિક વાસના તૃપ્ત થાય એ રીતે, પુત્રને વર્તવાની ફરજ પાડયે જ જતા. પુત્ર કચવાતો તે જોઈ શકતા, પણ તેનો આગ્રહ કદિ છૂટતો નહિ; એટલે જ્યારે જ્યારે કિશોરી તેના કહેવા પ્રમાણે વર્તતો નહિ, ત્યારે ત્યારે તે ગમગીન થઈ જતા. પુત્રને પોતાની રીત ગમતી નથી એમ જાણતાં છતાં ગમગીન થતા. પુત્રને હવે જીવનની લગભગ તમામ બાબતમાં સ્વતંત્રતા આપવી જોઈએ, એમ ઘણીવાર માનસીક ગડમથલમાં સ્વીકારતાં છતાં, એનાથી હરેક નાના મોટા મોટા પ્રસંગોએ કંઈ કહયા વિના રહેવાતું જ નહિ; તેમ જ એ રીતે પુત્ર ન વર્તે, તો તેને લાગી આવ્યા વગર પણ રહેતું નહિં. અણગમો પ્રત્યક્ષ દેખાય અને એ રીતે પણ પુત્ર જો આજ્ઞા માને, તો એને સુખ થતું; આમ પુત્રનાં જીવનસંતોષ કરતાં, પોતાની તૃપ્તિને એ વધુ પંપાળતા.

આ રીતે બાહ્ય શાંતિથી, પણ આંતરિક વૈમનસ્યથી પિતાપુત્રનો આ સંબંધ ચાલ્યો જતો હતો. તેમાં કિશોરી મેટ્રીક પાસ થયા પછી પ્રથમનો સૌથી વધુ ગંભીર પ્રશ્ન, કિશોરીએ હવે અભ્યાસમાં કઈ રીતે આગળ જવું, તે આવી પડયો. કિશોરીને વૈજ્ઞાનિક થવું હતું. એણે ચંદ્રવદન કંઈપણ પ્રસ્તાવ રજુ કરે, તે પહેલાં એ જણાવી

દીધું. ચંદ્રવદને તુરત જ એની ના પાડી. જાણે પુત્રનું ભાવિ ઘણા વખત અગાઉથી જ પોતે નિયત કરી રાખ્યું હોય, તેમ એણે વૈજ્ઞાનિક અભ્યાસનો જ આગ્રહ કર્યો; અને પ્રથમ તો જુદા જુદા દ્રષ્ટીબિંદુથી એ અભ્યાસમાં રહેલી અનુકૂળતાઓ ગણાવવા માંડી. કિશોરી સામો પ્રતિવાદ નહોતો કરતો; પરંતુ પિતાની એક પણ વાત તેને રુચતી ન હતી, એ નક્કી હતું ચંદ્રવદને એનાં મૌનમાંથી પોતાને અનુકૂળ અર્થ તારવી કાઢ્યો અને એ પ્રમાણે અભ્યાસ આગળ વધારવાની તજવીજ ચાલુ કરી. કિશોરી ઘણું મુંઝાતોઃ ગમગીન રહેતોઃ એ હકીકત સૌ સમજી શકતા. પણ ચંદ્રવદન એ વાતથી તદ્દન અજાણ જ હોય તેમ વર્તતા હતા.

એક દિવસે, એટલે કે આ પ્રશ્ન ઉભો થયો તેને ત્રીજે કે ચોથે દિવસે, કિશોરીએ હિંમતભેર જાહેર કર્યું, કે, પોતે ભણવા જવાનો જ નથી. સૌ. શાન્તાબહેન રાજી થયા. એક તો કિશોરીને ક્યાંય દૂર જવા દેવાની તેમની મરજી ન હતી; અને વળી આ કારણસર પિતાપુત્ર વચ્ચે ઘર્ષણ થતું હતું, તેનું પણ આમાં એક રીતે નિરાકરણ થઈ જતું તેમને લાગ્યું.

—વાસ્તવિક રીતે તેમ નહોતું થવાનું. ચંદ્રવદને આ વાત જાણતાં જ કિશોરીને બોલાવ્યો.

"કેમ ભાઈ, ભણવા નથી જવું ?" તેમણે પૂછ્યું. કિશોરી કંઈ ઉત્તર આપી શક્યો નહિ.

"સારૂં નહિ જાય તો વળી." શાન્તાબહેન વચ્ચે જ બોલ્યાં.

બેમાંથી એકેયને એ સારૂં લાગતું ન હતું, એટલે એ વાત તરફ કોઈનું લક્ષ્ય ગયું નહિ.

"હેં ભાઈ," કિશોરીના ખભા પર હાથ મુકી ચંદ્રવદન ધીમા અવાજે બોલ્યા, "નથી જવું કિશોરી ?"

"ન જાઉં તો ?" એવા કંઈ અસ્પષ્ટ અને રૂંધાએલા, આંસુની ભીનાશે લોચા જેવા બની ગયેલા શબ્દોમાં કિશોરીએ જવાબ આપ્યો; "તને તો બહુ હોંસ હતીને ભાઈ ? આમ કેમ થયું ?"

એનું કારણ કોઇથી અજાણ્યું ન હતું: કિશોરીથી કહી શકાતું નહતું; ચંદ્રવદન એ જાણતા જ હતા.

"તે હવે હવે મટીગઈ હશે. એમ મારે પરાણે નથી મોકલવો ક્યાંય." ફરીથી શાંતાબહેને કહ્યું.

"મેં તો ઘણા વર્ષથી આશા સેવેલી કિશોરી, કે, તું ખુબ નિષ્ણાત ડોકટર થા; ઉંચામાં ઉંચી કક્ષાએ પહોંચી ખુબ પ્રતિષ્ઠા મેળવ. મને એ ધંધો બહુ પ્રિય લાગે છે. અનુકૂળતા મળી હોત તો હું પણ આજ એકાદો ડોકટર જ થયો હોત. પણ હું નહિ તો તું તો કોઈ વાર થઇશ જ, એમ મેં માન્યું હતું." બોલતાં બોલતાં ચંદ્રવદનનો અવાજ ધીમો થતો ગયો. એનો વ કંઠ રૂંધાવા લાગ્યો. સબળ પુરુષાર્થ કરી એણે અવાજ અને આંખો પર કાબૂ મેળવ્યો; છતાં બે પાંચ ક્ષણ તો અટકી જવું જ પડ્યું.

"તારી ઇચ્છા ન હોય તો કંઈ નહિં, ભાઈ હો !" કિશોરી એકદમ ત્યાંથી ચાલ્યો ગયો; ચંદ્રવદન પણ ઉઠી ઑફીસમાં ગયા. તે દિવસે સાંજે બંન્ને સાથે થઈ શક્યા નહિં. સાથે જ જમવા બેસવાનો ઘણા વરસનો શિરસ્તો આજે કિશોરીએ તોડયો. ચંદ્રવદને બહુ વાર સુધી રાહ જોઈ, પણ કામ કરવાવાળી બાઈએ આવીને ખબર આપ્યા કે, ભાઈ તો સુઈ ગયા છે; એટલે ચંદ્રવદન ખાધું ન ખાધું કરી ઉભા થઈ ગયા. સીધા કિશોરીના ઓરડામાં ગયા, ત્યાં કિશોરી સુતો હતો. હમણાં જ ઝંપી ગયો હોય, તેમ લાગતું હતું. જે સ્વચ્છ, પોચાં ઓશીકાં પર એનું પોચું શિર ગોઠવાયું હતું, તેનાં પર આંસુ વર્ષણની ઝડીઓ પડી હોય, એમ લાગતું હતું. પરસેવાથી

કોમળ બનેલા વાળમાં એ ત્રણ વાર આંગળા પરોવી ચંદ્રવદન ધીમે પગલે પાછા આવ્યા.

તે આખી રાખી રાત તેમણે ઉંઘ વગર ગાળી. પણ બીજે દિવસે ચહા વખતે જ, કિશોરીએ પોતાની કેટલી ય મનોભાવના છૂંદી નાખી આખરી નિર્ણય કર્યો હોય, તેવા પ્રાણહીન અવાજે જણાવ્યું કે,—"બાપુજી હું ડોક્ટર જ થવાનો છું." ચંદ્રવદનને એકદમ સ્નેહનો ઉમળકો આવી ગયો. જાણે લાંબા વખતની અતૃપ્ત રહેલી વાસના સંતોષાઈ, જીવનવૃત્તિ કૃતકૃત્ય બનતી હોય અને એ ભાવને વ્યક્ત કરવાને કોઈ પણ પ્રકારનો શબ્દ કે અભિનય પુરતાં ન હોય, તેમ એકદમ ઉભા થઈ તેણે કિશોરીને માથે હાથ મુક્યો: બંન્નેએ સાથે ચાહ પીધો. ચંદ્રવદન જાણે અમૃત પી રહ્યા હતા. કિશોરીને એ પીણાંના સ્વાદની પણ ગમ પડતી ન હતી.

એમ કિશોરી વૈદ્યકિય પાઠશાળામાં જોડાઈ ગયો અને ભૌતિક જગતનું વૈજ્ઞાનિક પૃથક્કરણ કરવાને બદલે, એ જગતનાં સર્વોત્કૃષ્ટ સર્જનસમા માનવીનું શારીરિક પૃથક્કરણ કરવાનું શીખવા લાગ્યો.

એ પછી ચાર વર્ષ વીતી ગયાં. તે દરમ્યાનમાં કિશોરીનાં લગ્ન કરવા માટેના પ્રસ્તાવ ચંદ્રવદન પાસે વારંવાર રજુ થયા હતા; તેમણે એ બધાને સહાનુભૂતિપૂર્વક સાંભળ્યા હતા. ધીમે ધીમે, એ બાબતનો એમનો રસ પણ ખુબ સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યો. જ્ઞાતિનાં કોઈ ઉંચામાં ઉંચા ખાનદાનની સ્વરૂપવાન અને શિક્ષિત કન્યા મળે, તો કિશોરીનાં લગ્ન કરી એ પ્રસંગનો ઉત્સવ પોતાની સ્થિતિના પ્રમાણમાં સારામાં સારી રીતે ઉજવવો, એ એમનું આનંદસ્થાન હતું. અવાર-નવાર ગમે તે પ્રસંગે, ગમે ત્યાં, હમણાં હમણાં તો એ પુત્રનાં લગ્નની જ વાત કરતાં. કીશોરી રજા પર આવતો, ત્યારે એની હાઝરીમાં પણ એ વાત થતી. કિશોરી એ સાંભળી થરથરી જતો. કંઈજ બોલતો

નહિં, પણ ખૂબ ચિંતાતુર દેખાતો. "શા માટે આમ થાય છે?" એવો પ્રશ્ન પણ તે પોતાના અંતરને પૂછી શકતો નહિં; પિતા કોઇ ગમે તેવી કન્યા સાથે પોતાને વળગાડી દેશે, એવો તો ખ્યાલ પણ નહોતો આવતો; તેમ આવે તો પણ, તે ક્ષણભરે ય ટકી શકે તેમ નહોતું. લગ્ન સંબંધીની ચંદ્રવદનની વાતમાં કન્યાનાં રૂપ, ગુણ અને શિક્ષણ એ તો મહત્વનાં વિષયો હતાં. છતાં કિશોરીથી એ વાત સાંભળી જતી નહિં. ગમે તે ઉપાયે વાત આગળ ન વધે તેમ તે ઇચ્છતો: પણ ચંદ્રવદનનાં ઉત્સાહને સીમા હતી જ નહિં. ગમે ત્યાંથી પણ પાછી તો એ જ વાત આવીને ઉભી રહેતી. પછી તો નવવધૂનાં રૂપ અને શણગાર; તેનાં જ્ઞાન અને કૌશલ્ય: વિવાહ વિધિની શાસ્ત્રીય પવિત્રતા, અને ઉત્સવના પ્રસંગની ભવ્ય કલ્પના: આમ બધાં વિચારો તેઓ એક પછી એક વેર્યે જતા.

ચંદ્રવદન લગ્ન કરી જ નાખે, એ કિશોરીથી સહન થઇ શકતું નહોતું. આજદિન સુધીમાં એનાં જીવનની તમામ વૃત્તિઓને પિતા કહે તે જ માર્ગે વાળવા, તે મથ્યો હતો: સમજણો થયો તે પહેલા અણ-જાણતાં જ; સમજણો થયા પછી જાણી–સમજીને: કોઇ વાર શોકપુર્વક કોઇ વાર રોષપુર્વક: પણ આવેશ કે ઉશ્કેરાટનાં એક શબ્દ કે એક પણ ઉચ્ચાર વિના મૂક ભક્તિ ભાવથી: લગ્નમાં પણ એમ જ કરવું પડશે? કિશોરી કોઇની સાથે પ્રેમમાં નહોતો પડયો; એ વિચાર તો તો એને સ્વપ્નામાં પણ આવ્યો નહોતો: વૈદ્યકિય પાઠશાળામાં વિદ્યાર્થિનીઓ તથા પરિચારિકાઓનાં ઘનીષ્ટ સંસર્ગમાં આવવું સહજજ હોય છે, પણ એ પરિચય વ્યવહારૂ સંબંધ સિવાયની બીજી કોઇ ભૂમિકા પર જરા ય આગળ વધ્યો નહતો: એ કવિ નહોતો, એણે કલ્પના સુંદરીની મૂર્તિ પણ નહોતી રચી. એને પત્નીનાં સાનિધ્યે આદર્શોની સાધના કરવાની શાબ્દિક વાસના ગળે નહોતી વળગી પડી; કોઈ સરસ છોકરી મળે, તો પરણી જવામાં અને સંસાર સુખી કરવામાં એને જરા ય હરકત નહતી: પણ છતાં પિતાની વાત તેને માફક નહોતી

આવતી. કોણ જાણે કોણ–અંતરમાં વસી રહી, એ બાબતની પિતાની દરમ્યાનગીરી વિરૂદ્ધ પોકાર પાડી રહ્યું હતું. એ પોકારની પાછળ જોઈ શકાતું નહોતું: તેમાંથી સામા માણસને સમજાવાય તેવી તર્કબદ્ધ દલિલો ગોઠવાતી નહોતી: છતાં પણ એ અવાજ આવતો હતો. કિશોરી પિતાનાં લગ્ન પ્રસ્તાવથી ધવાતો હતો; અરુચિ ભોગવતો હતો. પિતા જે લગ્ન ગોઠવી આપે, તેમાં એને પોતાના દાંપત્ય જીવનનાં મધુરા પ્રારંભની સુવાસ આવતી ન હતી. એ લગ્ન જાણે પોતાનાં ન હોય, એમ તેને લાગતું હતું : છતાં પોતાની કૌમાર્યાવસ્થાને એમ બલિ થવું પડશે; એવી કોઈ સ્પષ્ટ પણ–નિષ્કારણ; છૂપી પણ સર્વત્ર ફેલાયેલી વેદના તેના હૃદયનો કબજો કરી બેઠી હતી.

બીજી બાજુ ચંદ્રવદન પોતાના જ લગ્ન હોય, તેમ સર્વ રીતે તેની આલોચના કરી રહ્યા હતા. છેવટ તેમણે કન્યા તથા કુટુંબનું નકકી કરી નાખી, ચાંલ્લા પણ કરી લીધા. પોતે પરણ્યા ત્યારે કન્યાનું મોં અગાઉથી તો કયાંથી જોયું હોય ? પણ લગ્ન પછી પણ એ મોં જોવામાં પોતાને શી તકલીફ પડી હતી તે તથા છેવટ જ્યારે મહામહેનતે એ જોવા મળ્યું ત્યારે જોવા જેવું નહોતું એવું ભાન થતાં, જે વેદના થઈ હતી તે યાદ કરતાં પોતે કંપી ઉઠતા. કિશોરીને સુંદર નારીરત્ન મળે, તેની ખાસ સંભાળ રાખેલી : એટલું જ નહિ; સગપણ થયા બાદ, કિશોરી તેને મળી શકે અને વાત પણ કરી શકે તો ઠીક, તેવા હેતુથી તેણે કિશોરીને રજા નહિ છતાં બોલાવ્યો. કિશોરી આવ્યો. પણ આ પ્રબંધની સમજ પડતાં, મોં જોવાની જરાપણ ઉત્કંઠા નહિ બતાવતાં, બે દિવસ એમને એમ રોકાઈ ચાલ્યો ગયો.

એ વખતે બંનેના–પિતા પુત્રના–મોં પર વેદનાનાં જે ચિન્હો ઉપજી આવેલાં તે બંન્ને જ જાણે કેમ સમજી ગયા ન હોય, તેમ બંનેથી એકબીજાનાં મોં સામે જોવાયું નહિ.

છતાં લગ્નની તૈયારી તડામાર ચાલી રહી હતી. કિશોરીને ફરી બોલાવતાં તે આવ્યો; પણ આવતા વેંત જ તેણે હાલમાં લગ્ન કરવાં

નથી, તેવો વિરોધ જરા નરમાશથી રજુ કર્યો. ચંદ્રવદને એ હસી કાઢયો અને પોતે પસંદ કરેલી નવવધૂ આવીને તેના તમામ તરંગો બેસાડી દેશે તેવું જણાવ્યું.

કિશોરીનો સંતાપ વધતો ચાલ્યો. શો રસ્તો લેવો તેની જરા ય સૂજ તેને પડી નહીં. પરણી જવું અને પિતાને હંમેશની માફક પ્રસન્ન રાખવા, એવું મનને સમજાવવા પ્રયાસ પણ કર્યો. પરણવાની વિરૂદ્ધનાં કારણો એકઠા કરી, તેનું નિરસન કરવા પણ તે મથ્યો; છતાં જાગી ચૂકેલાં અહંભાવે, કોઈપણ રીતે આ લગ્નની વેદી પર બલિદાન બનવા ‘ હા ’ પાડી નહિં.

ચંદ્રવદન આ સમજતા હતા; એટલે કે કિશોરીને આ લગ્ન અણુગમતું છે એવો ખ્યાલ તેમને આવી જ ગયો હતો : પણ એ તો હંમેશની માફક થઈજ રહેશે, એમ તેણે માની લીધું; એટલે લગ્નના ઉત્સવની તૈયારીઓ જોસભેર ચાલી રહી. પૈસાના વ્યય ઉપર ચંદ્રવદને એક ક્ષણભર પણ અંકુશ મૂકયો નહિં. પચાસ વર્ષની સંતપ્ત જિંદગી નીચે જાણે નિરંતર સેવાયેલી અને લગભગ નિષ્ફળ ગયેલી ગણી, તેમણે ખૂણે રાખી મૂકેલી મૂળગત વાસનાની તૃપ્તિ તેમણે ભાળી. એ તૃપ્તિની આડે અંતરાયરૂપ થઈ પડે, તેવી કોઈપણ વસ્તુની સામુ જોવાની પણ તેમણે ‘ ના ’ પાડી. લગ્નનાં સમારંભમાં આવતી નાની મોટી મુશ્કેલીઓનો તેમણે કાયમી ઉકેલ કરી નાખ્યો. જ્યાં એક માણસનો ખપ હોય ત્યાં પાંચ માણસો ગોઠવી આપ્યા. પોતે તો નિરંતર પોતાની પ્રિય આરામખુરસી પર બેસી રહી, આજના પ્રસંગનો નિર્ભેળ આનંદ વારંવાર ભોગવ્યા કરતા: અને એ આનંદ હવે નિરંતર ટકવાનો હોય, જાણે તેને અંગ સાથે ભીડીને જ બેસી રહેવાનું હોય અને જરાપણ બેધ્યાન થતા સરી પડશે તેવી ચિંતા હોય તેમ કિશોરીના મનોભાવની તો કલ્પના સરખી પણ તેમણે જતી કરી.

એથી તો કિશોરીને વધુ ને વધુ ખાતરી થતી જતી હતી, કે, આ લગ્ન પોતાના નથી થતા; એ તો પિતાના થાય છે. પોતે તો માત્ર પિતાએ સેવેલી, પણ કમનસીબે અપૂર્ણ રહેલી વાસનાને શાંતિ આપવા રમાતું એક રમકડું જ છે. એને પોતાના જીવનના તમામ પ્રસંગો પ્રત્યક્ષ થતા ગયા. દરેક વખતે પિતાએ પોતાના જીવનવ્હેણુનો માર્ગ નિશ્ચિત કર્યો જ હતો. હરેક વખતે પોતે અમુક જ કરવું, એવો પિતાનો આગ્રહ હતો: પિતા જાણે એ રીતે પોતે નહિં ભોગવેલી વૈભવલીલા માણી રહ્યા હતા: એ રીતને વસ્ત્ર પહેરાવ્યાં હતાં, સંસારમાં અતિ શોભતી, એવી વત્સલભાવનાનાં. આજે પિતા જાણે છેલ્લામાં છેલ્લી વૃત્તિને સંતોષી રહ્યા હતા અને તે વખતે પુત્રના આખા જીવન પર પાણી ફરી જાય છે. અને પોતે ભોગવેલા અતૃપ્ત સોત્કંઠ જીવન પ્રવાસનો, પોતાના કરતાં પણ વધુ થાકેલો, વેદનાપિડીત અને એકાકિ મુસાફર પોતે જ પુત્રને બનાવી રહે છે, એ ખ્યાલ તેને આવતો નહોતો. કિશોરી ઉગ્ર બની રહ્યો હતો.

લગ્નને ત્રણેક દિવસની વાર હતી. ચંદ્રવદન પોતાની પ્રિય આરામખુરસી પર રાત્રીની ઉપજતી જતી શાંતિમાં નિર્મિલીત લોચને બેઠા હતા. એના જીવનનો ભૂતકાળ એની સામે ઉપજી રહ્યો હતો. માસીક રૂા. ૮)નાં પગારદાર શિક્ષકના પોતે પુત્ર હતા: પોતે જે રમકડાંથી નહોતા રમી શકયા તેનાથી પુત્રને રમાડયો હતો. જે કપડાં પોતે પહેરવાની ન્હાનપણમાં ખૂબ જ ઉત્કંઠા સેવી હતી અને પોતાને નહોતા મળ્યા, તે કપડાં પુત્રને બળપૂર્વક પહેરાવ્યા હતા. જે સમાજમાં—જે સમારંભમાં પોતે જવા ચાહ્યું હતું અને નહોતું જવાયું, તેમાં પુત્રને જવા દઈ, તેણે પરોક્ષ રીતે પોતાની સૂતેલી વાસનાને છંછેડીને પણ સંતોષી હતી. એનું આખું ય વાત્સલ્ય આ પોતાના જીવનની આંતરિક મોજ અને તેમાંથી મળી આવતી વાસનાતૃપ્તિ પર જ રચાયું

હતું. આજે છેલ્લામાં છેલ્લી નારીવાસના પણ સંતોષાતી હતી. પોતાનો પુત્ર એક રજવાડી વૈભવ પ્રમાણે જ્ઞાતિની સૌથી સુંદર છોકરીને પરણતો હતો.—અને ચંદ્રવદન આલ્હાદ અનુભવતા હતા. એનો આત્મા તૃપ્ત થતો હતો. શાંતા જેવી અભણ સ્ત્રી સાથે પોતે વિતાવેલી આખા જીવનની વસમી વાટ તેને યાદ પણ ન્હોતી આવતી. એ લગ્નની સામે વિરોધ કરવાની વાત તો રહી, પણ ઉલટ એ લગ્નને વધાવી લેવા જેવો બાહ્યાચાર પ્રકટ કરતા પોતાને જીવનવૃત્તિ પર જે બળાત્કાર કરવો પડયો હતો તેનો આજે એ બરાબર બદલો વાળી રહ્યા હતા.

એકાએક 'ભાઈ, કિશોરી' એવી એક બૂમ પડી, પણ જવાબ મળ્યો નહિ. ધીમે ધીમે એ બૂમ વધવા લાગી કોલાહલ થયો. છેવટે શાંતાએ આવીને પૂછ્યું.

"ભાઈ કયાં છે? કયારનો ઘરમાં નથી."

"ભાઈ નથી? મને ખબર નથી."

"તો જુઓને, તપાસ તો કરો. કયાં ગયો હશે."

ચંદ્રવદનના પેટમાં ફાળ પડી. તે એકદમ દોડયા.

કિશોરીનો ઓરડો ખાલી હતો. તેના કપડાં મૂકવાની પેટી પણ નહોતી. બહાર પહેરી જવાનાં કપડાં પણ નહોતાં. એકદમ ગભરાઇ જઈ તેણે ચારે તરફ જોયું. ટેબલ પર એક બંધ કવર, કિશોરીના હાથના અક્ષરે કરેલા પોતાના સંબોધનવાળું પડેલું દીઠું. તેને એકદમ ઉંચકી લઈ, આવેશથી પત્ર કાઢી વાંચવા માંડ્યો–વાંચી નાખ્યો.

વાંચીને એ ધબ દઈને બેસી ગયા. 'કિશોરી' એટલું જ માત્ર તે બોલી શકયા. ઘરનાં બધાં જ ગભરાઈ ગયા. શાંતાબહેને તો મો વાળવાનું જ શરૂ કરી દીધું. કિશોરી હયાત છે, માત્ર આપણને

મૂકીને જ ચાલ્યો ગયો છે, એવો ખુલાસો કરી, આ અપશુકનિયાળ રુદનને અટકાવવા પણ ચંદ્રવદને કંઈ કર્યું નહિ.

ખુલ્લી આંખોએ, એ શાંતા તરફ, આવેલા મહેમાનો તરફ અને ભાઈની ખાલી ખુરસી તરફ જોઈ રહ્યા. ધીમે ધીમે એ આંખોમાં ભીનાશ આવી અને ભીની થતી જતી રેતીમાં ઊંડેઊંડેથી પાણી પ્રકટતું આવે તેમ બે મોટા જલબિંદુઓ બન્ને આંખોનાં ખુણા પર આવી લટકી રહ્યા.

એક ભણેલા મહેમાને તેમના હાથમાંથી પત્ર ખેંચી લઈ, વાંચી, બતાવ્યો. એમાં વધુ નહોતું લખ્યું; "જાઉં છું, મારી ખોળ કરશો નહિ"–એટલું જ.

★

રાધા ખવાસણ

રોહિત અમારી આખી ટોળીમાં વિચિત્ર વિચારો ધરાવતું પ્રાણી હતો. એટલે એણે જ્યારે કહ્યું, કે, ચારિત્ર્ય અને દેહ-શુદ્ધિને જરા ય સંબંધ નથી, ત્યારે અમે બધાએ તેનો વિરોધ કર્યો. વાત એમ હતી, કે, તે દિવસોમાં અમારા ગામની એક સ્ત્રીશિક્ષણ સંસ્થાની મુખ્ય શિક્ષિકાના ચારિત્ર્ય સંબંધી અનેક જુદી જુદી વાતો બહાર આવી રહી હતી. પરિણામે શાળાની વ્યવસ્થાપક સમિતિએ એ બાઈને રજા આપી હતી. રજા મળ્યા પછી ત્રણ દિવસ સુધી એ બાઈએ ઘરનું બાર બંધ રાખી રોયા જ કર્યું હતું; ચોથે દિવસે સવારના એ કોણ જાણે ક્યાં ચાલી ગઈ હતી.

સામાન્ય રીતે જ એક સ્ત્રીનું ચારિત્ર્ય એ તેની ખાનગી માલિકીનો વિષય ગણાતો નથી. આખા જનસમૂહનો તેના પર હક્ક છે. તેમાંય જે સ્ત્રી આવી કોઈ પ્રજાકિય સંસ્થામાં હોય તેના ચારિત્ર્ય વિષે તો ગામની વેશ્યાઓને પણ ટીકા કરવાનો અધિકાર હોય છે. શિક્ષિકા ઉપરના આરોપો સાબીત

થયા હતા કે કેમ, એ સવાલ જ આખો જુદો છે. પણ એ આરોપો ઉત્પન્ન થાય એવું વાતાવરણ તો સર્વત્ર તૈયાર થયું હતું જ. એ વાતાવરણ થાય તેટલા વર્તન પુરતી તો એ શિક્ષિકાની જવાબદારી હતી જ. આવી મારી દલિલની વચ્ચે જ્યારે રોહિતે ઉપર પ્રમાણે જણાવ્યું ત્યારે સ્વાભાવિક જ અમે છેડાઈ પડ્યા.

'તમને એ વસ્તુ નહિ સમજાય' તેણે જણાવ્યું. 'મનેય નહોતી સમજાતી. પણ તમે મને કહેશો, તમે ચારિત્ર્ય કોને કહો છો ?'

'હઝારો વર્ષ પહેલાં પાઈલેટે સવાલ કર્યો હતો કે: સત્ય એટલે શું ?—આજે તું એવું જ પૂછી રહ્યો છે.' મેં કહ્યું.

'હું તમારી રીતે એની વ્યાખ્યા માગું છું. વારૂ, તમે નહિં કહો તો રહ્યું. હું જ કહી દઉં. ચારિત્ર્ય એટલે વિશુદ્ધિ તો ખરીને ?'

'હા, હા. અને તારે મન દેહની વિશુદ્ધિ નહાવાથી આવી જતી હશે.' બીજાએ કહ્યું.

'તું એમ ઉતાવળો ન થા. જો, હવે તમે આ વિશુદ્ધિ કહો છો તે માનવતાની કે માનવતાના એકાદા સ્વરૂપ સમા લગ્ન જીવન સંબંધીના નૈતિક આદર્શોની ? આજે આપણે કોઈ સ્ત્રીના—દાખલા તરીકે—સુશીલાબાઇના જ વર્તન સંબંધી વાતો કરી રહ્યા છીએ, ત્યારે લગ્ન અને દાંપત્યજીવન સંબંધીનાં જ તેના ચારિત્ર્યની વાત મુખ્ય ભાગ ભજવે છે ખરૂં ને ? આ સિવાયની બીજી માનવતા સ્ત્રી કે પુરૂષમાં હશે ખરી કે નહિં ? કે આખા ય જીવનનો સમાવેશ માત્ર લગ્ન સંબંધી નીતિ જાળવવા કે નહિ જાળવવામાં જ સમાઈ જાય ?'

અમે સહુ આમાં ઊંડા ઉતરવા માગતા જ ન હતા; અને સાચું પૂછો તો તેમાં ઉતરવા જેવું હતું ય શું ? એક સ્ત્રી બદચાલની હોય એવું સ્વીકારી લીધા પછી ય તેમાં ચારિત્ર છે, એવું મનાવવાનો પ્રયાસ કરવો એ વિતંડાવાદ સિવાય બીજું શું કહેવાય ? એવી દલિ-

લોમાં ધ્યાન ન આપતા મેં ઉંચે જોઈ કેટલા તારા ઉગ્યા તે જોવા માંડ્યું. અશ્વિન નીચો વળી સારા સારા કાંકરા વીણવા લાગ્યો. અમુ આજુબાજુ નજર ફેરવી કોઈ રડી ખડી પનિહારી રહી છે કે કેમ, તે જોવા લાગ્યો.

'તમે આ વાત નહિં સમજો, પણ મારા તો આખા ય સ્મરણ પ્રદેશપર એ પથરાઈ રહી છે. એણે તો મને જીવનનાં મૂલ મૂલવવાની નવી નજર આપી છે. એ હતી એક અતિ તેજદાર, જુવાનીની ઝલક-વાળી ખવાસણ...'

'હં. એમાંથી તને આ ભેદ સમજાયો કેમ ?' અમુને પનિહારી કોઈ દેખાતી નહોતી અને આમ શુષ્ક વાતાવરણમાં રોહિતે ખવાસણને લાવવાથી એ જાતિની નારી સાથે જોડાયેલી અદ્દભુત અર્ધ ઐતિહાસિક ઇશ્ક કથાઓએ તેનું ઘડેલું સ્વરૂપ તેને કામચલાઉ રીતે ઠીક ગમ્યું. અમને પણ ચારિત્રના રોહિતના નવા તત્ત્વજ્ઞાનમાં રસ આવ્યો. કોઈ જુવાન રમણીના સૌંદર્યનો તારો મારી કલ્પનામાં ઝબક્યો; અમે સહુ સાંભળવા લાગ્યા. ચારિત્ર્યની ચર્ચામાં પુરૂષને વ્યક્તિ વિના રસ પડતો જ નથી.

'અમે કોલેજમાં ભણતા હતા ત્યારે હું એક અજાયબ જેવા વિશ્રાન્તિ ગૃહમાં ક્યારેક ક્યારેક જમવા જતો, અને એ ત્યાં કામ કરવા આવતી. ખોરા ઘીની વાસથી આખી ઓરડી ભરાઈ જતી. લીલા લાકડાની ધૂણીથી આંખો રડી ઉઠતી; અને ચોકાશભર્યા પાટલા નદીના વ્હેતીયાણ પાણીના છીપરાની માફક શેવાળ સાથે દોસ્તી જમાવી બેઠા હતા. મંછારામ મહારાજ તાબુતના વાઘ જેવું રંગબેરંગી પંચીયું ઘુંટણ ઉપર પહેરી ખુલ્લે પગે ઠેઠ ઉકરડાથી રસોડા સુધી ફર્યા કરતા.

'આ વાર્તામાં ખવાસણ કેટલેકથી આવે છે?' અમુએ બગાસું ખાઇને પૂછ્યું.

'આ વાર્તા નથી. સાચી વાત છે; અને ખવાસણ તો અંદર પ્રથમથી જ છે. આ બાઈ મેં કહ્યું તેમ ત્યાં કામ કરવા આવતી. અમે ખુલ્લા ફળીમાં ઢાળેલા કાથીના ખાટલા પર ભોજનની રાહ જોતા બેસતા અને એ સામી બેઠી બેઠી વાસણો માંજ્યા કરતી. એના રૂપાળા હાથોની ઉજ્જવળતા ચોરી ચોરીને વાસણો જાણે સૂર્યના કિરણોની સામે હસતાં. એવું જ હસ્યા કરતું એનું મોઢું; નાની બાળકીની માફક એ હસતી, અને એના ગાલમાં મોહક ખાડા પડતા.'

'તમે એ વખતે ત્યાં ભણવા ગયા હતા નહિં?' અશ્વિન બોલ્યો.

'વચમાં બોલ નહિ. લાલ ચણોઠી જેવા, જાણે આજે જ રંગ્યા હોય તેવા તેજદાર તેના દાંતની હારો હું કદી ય નહિં ભૂલું. રૂપ અને ઇશ્કનાં ભાન માટે આ કોમ કાઠિયાવાડમાં પ્રખ્યાત છે. એ પણ એવી જ હતી. ઉજળી સુરવાળ પર ચમચમતા બૂટ પહેરી માથે ફટકો લગાવી કંઇક જુવાનો ત્યાં જમવા આવતા. જમ્યા પહેલાં અને જમ્યા પછી ફળીમાં ખાટલા પર તેની સામે બેસતા; અને પછી તો રસની રમઝટ જામતી. એ વાસણ સાફ કરતી જાય, મંદ મંદ હસતી જાય, નીચું નીચું જોતી જાય, ધીમું ધીમું બોલતી જાય અને વચમાં વળી મંછરામ બૂમ પાડે ત્યારે 'આવું ભાઈ' કહી ઝપાટાબંધ જઈ આવે.

એ વિધવા હતી. હાથનાં કંકણો એણે કાઢી નાંખ્યાં હતાં. કપાળ પર કદી ય ચાંલ્લો દેખાતો નહિં. કોઈ કોઈ વાર ગમગીન દેખાતી હોય તો ભલે. પણ નિરંતર સામાન્ય રીતે એ ગુલાબી મ્હોં સદા ય હસ્યા કરતું. શરીર આખાના દ્રશ્યમાં એક જાતનું માદક ઘેન હતું. એ સાથે જ ઘેરદાર ચણીયો અને છુટું ઓઢણું પહેરીને હવામાં આકૃતિ ઉપજાવતી ચાલવાની તેની ગતિ અંગવિલાસની અણિશુદ્ધ કલ્પના પ્રકટાવતી. એના દેહના મૂલને એણે બરાબર પારખ્યું હોય

અને એ મૂલ્યને બરાબર ઉપજાવવાનો એણે ધંધો આદર્યો હોય તેવી છટાથી તે ઘરાકો સાથે વર્તતી. આંખો નચાવવી, મ્હોંને હસતું કે કટાણું કરવું, કમરને ફેરવવી, ઓઢણી સંકોચવી અને ધીમી મીઠી, સિત્કાર ભરપુર વાણી બોલવી; આ બધાં કામુક જીવન સહચારનાં અંગો તેણે યુક્તિપૂર્વક કેળવી, યોજનાપૂર્વક અમારી વચ્ચે રમતાં મૂક્યાં હતાં. અમારામાંના ઘણા એ જાળમાં ફસાતા. એની રમતની મસ્તીમાં ચડેલો પુરૂષ, એને જાહેર મીલ્કત સમજતા છતાં, એમાંથી છૂટી શકતો ન હતો; આમ મંછારામ મહારાજની ચિત્ર વિચિત્ર વાનીઓને પણ સ્વાદથી પૂરી કિંમત આપી જમી જનારાઓની સંખ્યા દિનપર દિન વધ્યે જતી હતી. આથીજ બધા માનતા, કે, મંછારામ ઘરમાં જુવાન વહુ દિકરીઓ હોવા છતાં આ ભ્રષ્ટાચાર સહી લે છે.

પણ મંછારામની નાની દિકરી ચંચી માટે રાધાને બેહદ પ્યાર હતો. માતૃસ્નેહની કુદરતે બાંધેલી મર્યાદા ઘણીજ સ્ત્રી સહજમાંજ ઓળંગી જાય છે. વળી આ રાધા તો જન્મદાત્રી પણ હતી નહિ, છતાં એનો પ્યાર સેંકડો જીંદગી સંતાન વગરની ગાળ્યા પછી મળેલી સંતાનવાળી એકજ જીંદગીમાં સંભવે એવો અતિ પ્યાર જેવો હતો. રાધાની સહિષ્ણુતાએ, એના વાત્સલ્યે, ચંચીની મસ્તીને વધારી દીધી હતી. ઘરમાં કોઈજ એવાં લાડ કરાવી શકતું નહિ. એક માત્ર રાધા જાણે એથી પોતાની વાસના સંતોષાતી હોય તેમ બધું સાંખતી. ઘરનાં સહુ ધમકાવતાં હોય, ત્યારે ચંચી રાધાની ઓઢણીના ઘેરમાં છુપાઈ રડતી અને રાધા તેના માથા પર હાથ ફેરવી છાની રાખતી. આટલી જ વાર રાધા જાણે માનવી વાસનાને અસ્પર્શ્ય લાગતી. એના અંગમાંથી સદાય દ્રવતો વિલાસ એટલી પળે અદૃશ્ય રહેતો; અને એના મ્હોંપર જગજનનીની રેખાઓ ફૂટી આવતી. એક અર્ધી ઘડીએક ભાગ્યેજ આ દ્રશ્ય રહેતું હોય તો—પછી તો તેજ આંખો લુચ્ચાઈથી હસવા લાગતી, એવોજ અંગ સંકોચ થવા લાગતો; અને મ્હોં એટલું જ લાલસાભર્યું થઈ જતું.

અનેક જાતની રમતો એ ચંચી સાથે રમ્યા કરતી. રાધા આવતી ત્યારેજ ચંચી સવારમાં ઊઠતી અને રાધા રાત્રે જાય, ત્યારે ચંચી સુતી. ત્યાં સુધીમાં એની પાસે ને પાસે જ રહેતી. ચંચીને ખવરાવવું, તેના કપડાં ધોવાં, તેનું માથું ઓળવું, વગેરે બધું માતાનું કાર્ય રાધાજ કરતી. કોઈ એમાં આડે આવે તે એને બિલકુલ ગમતું નહીં, દરરોજ ને દરરોજ કંઈ કંઈ વસ્તુઓ ઓઢણીને છેડે એ ચંચી માટે બાંધી લાવતી; ચંચી જ્યાં સુધી એ ખાય ત્યાં સુધી ગમે તે કામ મૂકીને બેસી રહેતી.

આમ સહુની સરળતાથી દિવસો ચાલ્યા જતા હતા. રાધાના, ચંચીના, મંછારામનાં, અને જમનારા ઇસ્કીઓના. પણ તેમાં એક વાર વિઘ્ન આવ્યું. ચંચી એક દિવસ આખો વખત બિમાર રહી. તે દિવસે રાધાના મ્હોં પરની આગળ જણાવી તેવી પળભરની માતૃકલા આખોય દિવસ સ્થિર રહી. જમનારાઓએ ધીમે ધીમે એને મસ્તીમાં લાવવા પ્રયાસ કર્યો, પણ રાધાની આંખોમાં આજે પળની ભવ્યતા નહોતી, આજે તો એનું આખુંય સ્ત્રીત્વ ભરાઈ ગયું હતું. આજે તો એ સ્થાયી ભાવ હતો. ઝટપટ કામ પતાવીને એ ચંચીની પથારી પાસે જઈને બેઠી. એ બેઠી તે બેઠી, છેલ્લી ઘડી સુધી. બપોરથી રાત અને રાતથી સવાર. આમ દિવસના કલાકો વિતવા લાગ્યા.

ચંચીની બિમારી લાંબી ચાલતા રાધાએ પોતાના શરીર સ્વાસ્થ્યમાં પણ બેદરકારી બતાવવા માંડી. એની પોતાની દિકરી હોત તો આટલું બેદરકાર રહેવું તેને પાલવતજ નહિ. ચંચીને દવા પાવી, ડોકટરની સૂચના બરોબર સમજી સારવાર કરવી, દૂધ પાવું, અને બીજી અનુકૂળતાઓ સાચવવી; આ બધી બાબતો ચોકસાઈથી અને ખંતથી તે કરતી. રાત્રીએ સૂતી નહિં. માત્ર ઘુંટણ પર માથું મૂકી ઝોલાં ખાઈ લેતી. એના જે મોહક ચહેરા પર ઇસ્કીજનો મરી

ફિટતા હતા, તેમાં ફિક્કાશ આવવા લાગી. પણ સાથે જ માનવ જીવનની પવિત્રમાં પવિત્ર અવસ્થા તેમાં પ્રકટતી જણાતી. આવી માનવતાનાં દર્શન માટે આપણે ભાગ્યેજ ટેવાયલા હોઈએ છીએ. જે સ્ત્રીને આપણે વિલાસની પ્રતિમા ગણીને મોહભરી આંખોથીજ જોતા આવ્યા હોઈએ, તેનામાં આવી અપૂર્વ લાગણી પણ આપણને વિસંવાદી લાગે છે. રાધાને હસતી નિરખવી અને એના અપૂર્વ સૌંદર્યના દર્શન માત્રથી જ તૃપ્તિ અનુભવવી એટલો સાધારણ વિલાસ પણ ચાલ્યો જાય એ બીજાઓને ન ગમ્યું. સર્જન વૃત્તિના મોહ ને લાલિત્યને શણગારથી વધુ માદક બનાવવા સિવાય સ્ત્રીનું બીજું સ્વરૂપ આપણે જયા સુધી સાંસારિક સંબંધ અને રિવાજ ફરજ નથી પાડતા ત્યાંસુધી જોવા માગતા નથી; જોઈ શકતા નથી.

રાધા ગમે તેટલી નફ્ટ રમણી હોય, તોય સ્વભાવે માતા હતી. એના જીવનની ઉગ્ર ભૂખ વાત્સલ્યની તૃપ્તિ મેળવવાની હતી. એની આર્થિક પરાધીનતાએ એને દેહના મોહની કિંમત ઉપજાવવા ફરજ પાડી; એ ફરજ એની જાતિમાં સૈકાઓથી વહી આવતા ઈશ્કનાં લોહીએ સુંદર રીતે પાર પાડી, પણ વ્યક્તિ જીવનની મહાન જરૂરીયાત માતૃત્વ આગળ જાતિ અને અર્થશાસ્ત્રની આ ગમે તેટલી પ્રબળ જરૂરીયાત પણ ધકકેલાઈ ગઈ; એક મહાન અકસ્માતે સમસ્ત જીવન, —જગત આખુ જેને માટે મગરૂર બને તેવા માતૃત્વથી વ્યાપ્ત થઈ ગયું.

પંદરમે દિવસે સવારમાં ચંચી રાધાના ખોળામાં માથું મૂકી શાંતિથી મરણ પામી. એ પળે કુટુંબી જનોએ ધડાપીટ કરી મૂકી. એ અવ્યવસ્થાનો લાભ લઈ રાધા ત્યાંથી ક્યાં સરી ગઈ તે કોઈ જાણી શકયું નહિ.

ત્રણ દિવસ વીશી બંધ રહી. ચોથે દિવસે હું ગયો ત્યારે રાધા કયાંઈ નથી એવી નિશ્ચયાત્મક બુદ્ધિથી બધા બેય ગત આત્માની વાતો

કરી રહ્યા હતા. રાધા સાચે જ મરી ગઈ કે ક્યાંઈ ભાગી ગઈ તે હજી સુધી કોઈ જાણતું નથી.

આમ તમે જોઈ શકશો કે મારો સિદ્ધાંત સાચો છે.' રોહિત વાત પુરી કરતાં બોલ્યો.

'ચારિત્ર્ય; દેહશુદ્ધિ; શીલઃ આ બધાને માનવતા સાથે આપણે ધારી બેઠા છીએ તેવો સંબંધ નથી. માનવતાની ભાવના તો વિશાળ છે. સમાજની નીતિમત્તાના સ્વરૂપ પ્રમાણે દેહશુદ્ધિને તેમાં વત્તુઓછું સ્થાન છે. પણ આજે તો સ્ત્રીની માનવતાની રેખા, તેની દેહશુદ્ધિની રેખા સાથે મળી ગઈ છે. માટેજ જે દેહશુદ્ધિના વર્તુળ બહાર છે, તે માનવતાના પણ વર્તુળની બહાર છે એમ આપણે માનીએ છીએ. સર્જન વૃત્તિની તૃપ્તિનું સાધન માત્ર જ સ્ત્રી છે, એ માન્યતા આનું પરિણામ હો કે કારણ હો, એ પ્રશ્ન લાંબો છે.'

રોહિતે વાત પૂરી કરી. એના છેલ્લા શબ્દો બરોબર અસરકારક થાય માટે થોડીએક ક્ષણો એ ચુપ રહ્યો. અમે આવા વિચારોથી એવા ગૂંચવાઈ ગયા, કે, એમાંથી કોઇ પણ જાતની સરળ વિચારસરણી ગોઠવી શક્યા નહિ.

"એ રાધાને એકાદ વાર જોઈએ તો ઠીક, પણ રોહિત, એ અહીં આવે તેવો સંભવ રાખવામાં આવ્યો છે કે નહિ?" અમુ બોલ્યો.

"તને મશ્કરી જ સૂઝે છે, પણ એ અહીં આવે તોપણ તારા તો સામું ય જુએ તેમ નથી."

"ચાલો બહુ મોડું થયું" કહેતોક હું ઉઠ્યો, એટલે અમે બધા ચાલ્યા.

★

સુખને માટે

જીવન ટકાવવું અને જીવન જીવવું એ બેનો તફાવત, આર્થિક હેતુને ખાતર કોઈ પણ પ્રવૃત્તિ કરવી, અને માત્ર સંસ્કાર અને શિક્ષણથી વિકસેલ માનવતાની ભૂખને સંતોષવા કાંઈ કરવું એવી ગણતરીએ આવીને ઊભો રહે છે. સત્યના મહાન અને અંતિમ અર્થમાં સત્યનું જ્ઞાન થતાં જ જીવનમાં ઉદ્ભવેલી પ્રવૃતિ ભાંગી જાય છે. આર્થિક લાભ સાથે જોડાયેલી પ્રવૃત્તિ તો ગમે તે ક્રમમાં પણ અખંડ ચાલી જ રહે છે. એટલે સત્યશોધકોને એક સામાજીક આદર્શ તરીકે નહિ પણ વ્યવહારિક દ્રષ્ટિથી પોષવા તે સામાજીક દ્રષ્ટિથી વધુ લાભદાયક છે.

આ બધાં સત્યો જીવનમાં સ્વાભાવિક કે સહજગમ્ય નથી આવી પડતાં; કારણ કે માણસ પ્રારંભમાં સત્યનો શોધક હોવા છતાં પણ સત્યને નામે સત્યનું સ્થાન પચાવી પડેલી, સત્યના જેવા જ ચળકાટવાળી નવી કલ્પનાથી છેતરાય છે.

જગતમોહન અને લલિતકુમાર બન્ને સહાધ્યાયી હતા. જીવનનાં સ્વપ્નાં સાથે રચી તેમણે બન્નેએ વિધવિધ જીવન

સિદ્ધાંતોની ગૂંથણી કરી હતી. છેલ્લા એક બે દસકા થયા સમસ્ત હિંદુસ્તાનમાં અનેક નવી નવી ભાવનાઓ, પ્રજાજીવનને મૂળમાંથી હલાવી નાખે તેવા આદર્શો અને પ્રવૃત્તિઓ ઉપજ્યાં કર્યાં છે. એ દરેકની અસર આ વાતાવરણમાં ઉછરનાર પર વત્તેઓછે અંશે પડ્યા કરે છે અને એ બધાનાં એકત્ર બળથી અનેક જાતની વિધવિધ માનવતા ઘડાય છે. જેટલી પ્રવૃત્તિ તેટલા જ વર્ગ પ્રજામાં નથી રહ્યા, પણ પ્રવૃત્તિઓના ઓછાવત્તા અંશોથી રસાયણિક ચોકસાઈ અને વિવિધતાથી અનેક મનુષ્યચારિત્ર્યો ઘડાયા છે.

શરૂઆતમાં સમાજસુધારાનો પ્રશ્ન ગુજરાતમાં આવ્યો, ત્યારે આપણી અનેક પૂજ્ય મનાતી માનવતાઓ, સંસ્થાઓ અને આચારો ચૂંથાવા લાગ્યા. જગતમોહન અને લલિત આ વખતે બહુ જ નાની ઉમ્મરના હતા; પણ મોટી ઉમ્મરના માણસોને પણ નવદર્શનનો જુસ્સો ચડાવનાર 'ચલો જીતવા જંગ બ્યુગલો વાગે' જેવાં રણગીતો એકાદ બે ખૂણેથી એ ઝીલી આવેલા અને લાકડાની નાની નાની બ્યુગલો બનાવી, રણના પ્રતીક તરીકે રણની સાથે જેને સ્વપ્નમાં પણ સંસર્ગ ન થયો હોય તેવા સૈનિકનું બાળ અનુકરણ કરતા. ગુજરાતી પદ્યથી ત્રાસી ગયેલા અને તેથી ભોગજોગે ગુજરાતી ગદ્યના પિતા બનેલા, એ મહાન ગુજરાતીના રણ કે જંગનો જરાય ખ્યાલ આ નાના બચ્ચાંને તો ક્યાંથી જ હોય? પણ જે વસ્તુને રૂપ, રંગ કે આકાર નથી, તેનો મોહ બાલ્યકાળમાં વધુ હોય છે. બાલ્યકાળની જ માનવજાતિને આવા રૂપરંગ કે આકાર વિનાના ઈશ્વરની સૌથી વધારે ભક્તિ કરવી સૂઝી છે. ધીમે ધીમે મોટી ઉંમર થતી ગઈ, તેમ તેમ તેમને એ બ્યુગલ અને એ જંગનો કંઈક ખ્યાલ આવ્યો પણ ખરો; કારણ કે બાલ્યકાળનું એ ગીત તો તેમના મગજમાં ગૂંજ્યા જ કરતું હતું, જ્યારથી એ સમજાયું ત્યારથી એમને સંસારસુધારાનો રસ લાગ્યો. કોઈ બેડોળ અને તુચ્છકારાતી વિધવાને જોઈને હિંદુ સમાજની નિષ્ઠુરતાનો તેમને

ખ્યાલ આવતો; કોઈ ન્હાનકડાં બાળબચ્ચાંને ઢીંગલાઢીંગલી કરતાં પણ વધુ જડતાથી પરણતાં જોઈ તેમને આ સમાજનાં અજ્ઞાન પર ત્રાસ છૂટતો. જુવાની સિવાય જુવાન હોવાનાં બધા જ ચિન્હોવાળો કોઈ વૃદ્ધ કોઈ તેર ચૌદ વર્ષની છોકરી પરણી જતો, ત્યારે આ કજોડાંને ચલાવી લેનાર સમાજ પર તેમને ગુસ્સો ચઢતો. "ભાઈ તો ભૂગોળ ખગોળમાં રમે છે, પેલીનું ચિત્ત ચૂલામાંય" જેવાં સૂક્ષ્મ કજોડાંને સમજવાં જેટલી કલ્પના પણ નવલરામે તેમને આપી હતી; પણ થતું એવું કે, પેલી વિધવા, પોતાને માટે દયા લાવનાર વર્ગ ઉભો થાય છે, તેથી અજાણી હોય કે ગમે તે કારણથી, અત્યંત સંતોષથી દિવસો વિતાવ્યે જતી. એના મોં પર, કૃશતાને ભેદીને પણ કોઈ અખંડ વિશ્વાસનું આછું તેજ દેખાઈ આવતું. પેલાં સાત આઠ વર્ષનાં હતાં ત્યારે પરણેલાં તે બાળકો ધીમે ધીમે સંસારની ઘરેડમાં સમાઈ જઈ, એક બીજા પર એટલાં બધાં મરી પડતાં, કે એની આગળ 'પ્રેમલગ્ન'ની લાંબી લાંબી વાર્તા પણ ખોટી લાગે. બુઢાને પરણેલી બાળકી પાંચ સાત દાગીના મળે અને નિશાળમાંથી પરબારો મોટા ઘરનો કારભાર અને સ્વતંત્રતા મળે તેથી રાણી જેવા મિજાજમાં આવી જતીઃ ત્યારે તો આ બન્ને યુવાનોને એમના પર ક્રોધ ચઢતો અને આ અજ્ઞાનને પણ એઓ અજબ ચાતુરીથી સમાજ પર ચડાવી દઈ, છેવટે સમાજ પરનો એમનો ક્રોધ વધારતા. ગમે તે હિસાબે અને ગમે તે જોખમે પણ પોતે કલ્પે એ રીતે સમાજ રહે તો જ સાચું સુખ થાય, એમ તેઓ માનતા.

પણ સ્થિતિ આમ ને આમ ન રહી. છેવટે એમને ધાર્યું ફળ મળ્યું. વિધવાપૂનર્લગ્નની તરફેણની દલિલો વાંચીને, વિધવાને પોતાની સ્થિતિ કંગાલ લાગવા માંડી; બાળલગ્નથી પરણેલાઓ એ રીતે પરણ્યા છે, માટે દુઃખી જ હોવા જોઈએ, એવી છાપાવાળાઓએ સચોટ ઠસાવેલી માન્યતાથી, એમને પણ એકબીજામાં આત્માની જોડી નથી

જડતી એવું જ્ઞાન થયું, અને આમ ઉપજતાં અસંતોષમાં 'આત્માની ઓળખાણ'ને નામે સ્ત્રી પુરૂષનાં સ્વાભાવિક આકર્ષણો પવિત્ર બની વધી જવા માંડયાં. બુઢ્ઢાને પરણનારી છોકરીની દયા ખાનારાઓએ એ બિચારીની સ્થિતિ પણ કફોડી કરી મૂકી; છેલ્લે તો એને પણ લાગ્યું, કે, પોતે ખરેખર રિબાય જ છે. ચૂલામાં ચિત્તવાળી પત્ની અને ભૂગોળખગોળનું 'મહાજ્ઞાન' ધરાવતો પતિ—આ બે અંતિમ છેડાની વચ્ચે અનેક જાતનાં સૂક્ષ્મ કજોડાં ઉપજ્યાં અને છેવટે તો જીવનની અત્યંત સામાન્ય બાબતના મતભેદોથી પણ કજોડાં વધી પડયાં. સુધારકોના પ્રચારથી લોકોને દુઃખનું સાચેસાચું ભાન થયું અને એ માટે સુધારકો જ ગર્વ લેવા માંડયા. તેમને ખ્યાલ ન થયો કે, દુઃખનું ભાન થવું એનું જ નામ દુઃખ. ભાન થયા પહેલાં તો એ કદાચ સુખ પણ હોય. ચારે બાજુ જીંદગી પ્રત્યેનો દ્વેષ, સમાજ પ્રત્યેનો ક્રોધ, રીતરિવાજ પ્રત્યેની અસહિષ્ણુતા, સ્થિતિચુસ્તતા અને સ્થિરતા પ્રત્યેનો કંટાળો વગેરે વધી ગયાં; અને અસંતોષ, અતૃપ્તિ, વાસના: આ બધાથી આખું લોક શરીર કંપી ઉઠયું.

અહીંથી જગત અને લલિતનાં જીવન વ્હેણ જૂદાં પડયા. જગત શ્રીમંત માબાપનો પુત્ર હતો, એટલે એને પરણ્યા વિના છૂટકો થાય તેમ ન હતું. આમ એ બાળલગ્નની ભઠ્ઠીમાં માબાપના લ્હાવા લેવાનાં ઉમળકાનો ભોગ બની ધકેલાઈ ગયો; ત્યારે લલિત છૂટો રહ્યો હતો. એને માટે સમાજસુધારાનું વિશાળ ક્ષેત્ર ખુલ્લું રહ્યું હતું. બન્નેની ઉમર આ વખતે પંદર સત્તર વર્ષની હતી, જગત પોતે પોતાની જીંદગી પર લાખો શ્રાપ વરસાવી રહ્યો હતો; પણ ધીમે ધીમે એ બધું શાંત થઈ ગયું અને બન્નેના સાંસારિક સંજોગોની ભિન્નતાને અંગે બન્નેનું ચારિત્ર્ય જુદી જુદી રીતે ઘડાવા લાગ્યું. જગતમોહન આત્મસંતોષને ખાતર પાછો વળ્યો. એના જીવનમાં જ રહીને એણે જ્યારે અવલોકન કર્યું, ત્યારે એમાંથી પણ સુખભર્યાં સુકોમળ તત્ત્વો હાથ લાગ્યાં;

જરાક હૃદયને સંકોચીને તેણે આ ચોકઠામાં તેને સમાવી દીધું; એટલે એ માનવજીવનની અત્યંત કોમળ લાગણીની હુંફમાં સુખી ને સ્વસ્થ થતો ગયો.

એની કલ્પના સ્હેજ મોળાઈ ગઈ; એનાં સિદ્ધાંત ઉડ્ડયનોમાં સહજ સંયમ આવ્યો; એણે વિવેચકોની દૃષ્ટિથી નહિ, જીવનથી પર રહી કોઈ વાયુયાત્રી પૃથ્વીને અવલોકે તેમ નહિ, પણ જંતુશાસ્ત્રીની દૃષ્ટિથી પૃથ્વીના જ પ્રાણી તરીકે જીવન જોવા માંડ્યું. એકાદ તરંગથી ઊભા થયેલા સિદ્ધાંત કરતાં, ક્ષણભર આવીને સદાકાળ ચાલી જતી અસ્થિર લાગણી કરતાં, જેવું છે તેવું માનવજીવન તેને ધીમે ધીમે રુચવા લાગ્યું. લલિતને તો ગમે તે વિચાર, ગમે તે કલ્પના, ગમે ત્યાં દોરી જતાં હતાં. સમાજના અસંતોષને લીધે તેણે પ્રવૃત્તિઓ આદરી; તેણે ભાષણો આપ્યાં; કવિતાઓ કરી, ચારેકોર ફર્યો, લોકોની ઊંઘ ઉડાડવા માટે મંડળો અને સંસ્થાઓ સ્થાપી. છેવટે ચાર પાંચ વર્ષની પ્રવૃત્તિને અંતે એકાદ બે ઠેકાણે વિધવાવિવાહ કરાવ્યા અને એકાદ બે ઠેકાણે બાળલગ્ન થતાં અટકાવ્યાં. આમ પ્રવૃત્તિના જોસના પ્રમાણમાં સમાજમાં પરિવર્તન થયું નહિ, એ જોતાં અસંતોષનો કીડો તેને ખાવા લાગ્યો. અત્યારસુધીની પ્રવૃત્તિમાં એની જીવનવાસના સંતોષાતી હતી. હવે આ પ્રવૃત્તિ જીવનનો સ્વભાવ થઈ જતાં એના એકત્ર કોલાહલને ભેદીને પણ વાસનાનો ધબકારો અવાજ કરવા લાગ્યો; લોહીના ઉછાળા એથી કંઈક વધુ માગવા લાગ્યા; લાગેલા ધક્કાને પરિણામે જ્ઞાનતંતુ વધુ ઉંચા થઈ ગયાં. જીવનમાં ઘોર અવાજ બોલવા લાગ્યો.

આ સમયમાં જ હિંદુધર્મની ચૂંથાચૂંથ થઈ રહી હતી. અનેક પંથો અને માન્યતાઓ, વ્હેમો અને કલ્પનાઓ, દેવો અને શાસ્ત્રગ્રંથો, આચારો અને ભાવનાઓના ભારથી, હિંદુ ધર્મ જેમ ભાતભાતની પૂજાથી મૂર્તિ ડુબી જાય છે, અથવા ચામડીના રોગથી શરીર ખરાબ

થાય છે, તેમ વિકૃત થઈ ગયો હતો. મૂર્તિપૂજા અને બ્રાહ્મણપૂજા: વ્યક્તિપૂજા ને સ્થાનપૂજા: આવા જડવાદથી પ્રજાની ચેતનાશક્તિ હણાતી હતી; આ બધાથી લોકકલ્પના મુંઝાતી હતી. સાદામાં સાદો તર્ક તોડી શકે તેવી માન્યતા પર જીવન સમર્પણ થયાં હતાં; નજીવી જેવી હિંમત ખોટી ઠરાવે તેવી ભયાનક કલ્પનાથી સમાજ આખો ધ્રૂજતો હતો; અસંતોષથી સળગતા લલિતમોહનને આ ક્ષેત્રમાં ઝંપલાવ્યું. ફરીથી વાસનાના ધબકારા સંભળાતા બંધ થયા, લોહીના ઉછાળાને શાંતિ મળી. શરીર કંપતુ બંધ થયું અને લલિતે હિંદુ ધર્મને શુદ્ધ સ્વરૂપમાં બહાર કાઢવા માટે પ્રચાર શરૂ કર્યો. એણે મૂર્તિપૂજાનો વિરોધ કર્યો; એણે ઘણી સંસ્થાઓના પાખંડો ખુલ્લાં કર્યાં અને તીર્થસ્થાનો તથા જડવાદની મહત્તા ઘટાડી; એણે અગમ્યને ગમ્ય બનાવ્યું, એણે જાતિ-પૂજાને ક્ષીણ કરી દીધી; ફરીથી એણે ભાષણો કર્યાં, લેખોનો મારો ચાલુ કર્યો; શુદ્ધ ધર્મને સમજાવનારી શાળાઓ અને સંસ્થાઓ સ્થાપ્યાં.

વ્યક્તિગત રીતે જગતમોહન અને લલિતનો સંબંધ વધ્યે જ જતો હતો. લલિતે તો થોડાક અંગ્રેજી અભ્યાસ પછી કેળવણી છોડી દીધી. જગત મેટ્રીક પાસ થઈ કોલેજમાં ગયો; બી. એ.માં ફીલોસોફી લઈને ઉંચે નંબરે પાસ થયો. બે વર્ષે સામાન્ય નોકરી કરતાં કરતાં એમ. એ. થઈને તેણે કોલેજમાં પ્રોફેસરની જગ્યા લીધી. સાહિત્ય અને તત્ત્વજ્ઞાન તેના પ્રિય વિષયો હતા; આત્મસંતોષ સુલભ બનાવવાની તેની ન્હાનપણની ટેવથી તેણે ઘરને ખૂણે જ બેસીને જગતના અનેક રાષ્ટ્રોની સંસ્કૃતિનો અભ્યાસ કર્યો હતો અને એ બધામાંથી માનવજીવનના સર્વસામાન્ય તત્ત્વસિદ્ધાંતો તારવી કાઢ્યા હતા. આ ઊંડા, વિશાળ અને સર્વસ્પર્શી અભ્યાસ સમક્ષ એકાદી વિધવાનું પુનર્લગ્ન કે એકાદ મૂર્તિપૂજાપક્ષની દલિલનો સફળ વિનાશ તેને બહુ આકર્ષક ન્હોતા લાગતા. તેમજ તત્ત્વજ્ઞાન સંપૂર્ણ આરોગ્યવાન માનસમાં જ સફળ

થઈ શકે, તેમ હોવાથી તેને અસંતોષ ને વાસનાના ઉછાળાથી ગમે ત્યાં ફાંફાં મારતા ઘસડાવું એ ફાવતું પણ નહિં.

લલિતમોહન અને જગત ઘણી વાર મળતા. બંને લાંબી લાંબી વાતચીતોથી પોતપોતાનાં દૃષ્ટિબિંદુનો બચાવ કરતા. જગત હસતાં હસતાં લલિતની ઉગ્રભાષામાં જોસપર થતી દલિલો સાંભળતો. એના કકળાટ અને જીવનની વિટંબણા સમા લાગણીપ્રવાહને એ ઘણી વાર તોડી પાડતો, તો કોઈ વાર એને એ બધી જંજાળ મૂકી દઈ પોતાને રસ્તે વળવા કહેતો; લલિતને આ સમાજદ્રોહી પર ગુસ્સો આવતો; પોતે જે દલિલથી રસ્તે ચાલતા વાઘરીને કે વેપારીને સમજાવે તે જ દલિલોથી જગતને મહાત કરવા તે પ્રયાસ કરતો. જગતની પાસે એની દલિલો તૂટતી તેથી એ તેને ઘણી વાર ધિક્કારતો પણ ખરો. સ્વાર્થ, જીવન અને જગત, વ્યવહાર અને સેવા એવી અનેક અવનવી વસ્તુઓ પકડી લાવી, પોતાને પુરાણ અને દંતકથાએ ઠરાવેલા અને લોકોએ સ્વીકારી લીધેલા મહાત્માઓની સાથે સરખાવતો.

સમાજ, ધર્મ અને સાથેસાથ રાષ્ટ્ર પણ ભળવા લાગ્યું. લલિતમોહને સ્વદેશી વ્રત લીધું. તેણે વ્યવહાર, મોક્ષ અને સ્વરાજ્યનો એક સરખો અને છૂટથી પ્રચાર કરી ત્રણ વચ્ચે કંઈ વધુ ફેર જેવું રહેવા ન દીધું. પ્રજાની ભાવના સ્પષ્ટ નથી હોતી, ત્યારે કોઈ પણ નામથી તેમને સંબોધો પણ લોકો તેને પોતાને ગમે તેવો જ અર્થ કરવાના. સ્વરાજ્યને માટે તો હજુ નેતા ભાષણો કરતા અને લોકો સાંભળતા; છાપાવાળા લખતા અને બીજાઓ વાંચતા; આટલી જ ક્રિયા કરવાની હતી. પણ મહાત્માજીએ તો અહિંસા, સત્ય અને બીજાં કેટલાય વ્રતો લોકો સમક્ષ મૂક્યાં. જીવનના કેટલાય અસંતોષોથી આળી થયેલી લોકચામડી વધુ આળી બની. ભયંકર આર્થિક અસંતોષો લોક સમક્ષ પ્રત્યક્ષ થઈ ગયા; અને સમાજસુધારાએ અને ધર્મસુધારાએ

વાપરીને ખાત્રી કરેલી રીતોથી, તેણે જ ખેડી રાખેલી જમીન પર પ્રચાર કરવો બહુ સ્હેલો પડ્યો. સમસ્ત દેશ કંપી ઉઠ્યો. આવેશ અને ઉશ્કેરાટથી પ્રજાએ અનેક અનેક અશક્ય વાતો શક્ય કરી નાખી. એક દસકાને વચમાં રાખી આજુબાજુ બે સ્વરાજ્યસંગ્રામો એવી રીતે ગોઠવાઇ ગયા, કે, એના એક છેડે વસેલી, નિર્બળતા, સંકોચ, ગુંચવણ, અજ્ઞાન અને બહુતંતુપણાને બદલે બીજે છેડે સબળતા, વિકાસ, સરળતા, અને પારદર્શક જીવન આવી રહ્યાં. અનુલ્લંઘનીય મનાતી સમાજપ્રણાલિકાઓ તડોતડ તૂટવા લાગી; જેને વિષે બહુ વાત પણ ન કરી શકાય, તેને પગ નીચે ચગદાવું પડ્યું. લગ્ન અને સ્ત્રી; નીતિ અને ન્યાય; પ્રમાણિકતા અને સત્ય; ધર્મ અને ઇશ્વર; આદર્શ અને મોક્ષ; સેવા અને પરમાર્થ; આ બધાં ખોખાં કેટ-કેટલી નકામી કચરાપટી જેવાં ભરાઈ ગયાં હતાં તે સાફ થવા માંડ્યાં. લોકમાનસનાં પડો જર્જરીત થઈને ખરવા લાગ્યાં. લાજ કાઢ્યા વિના ઘરમાં પણ ન ફરનાર સાસુની વહુઆરૂઓ ઉઘાડેછોગે જેઠ કે સસ-રાનો દરિયો ઘૂઘવતો હોય, ત્યાં પણ બોલતાં શરમાતી ન હતી. માત્ર ખાનગીમાં બે વ્હેવાઈઓ વચ્ચે વેશવાળની વાત થઈ હોય, તે તોડતાં પણ કંપારી છૂટતી, તે જ કુટુંબોમાં લગ્નો તૂટવાની પણ વાતો થવા માંડી. સ્ત્રીને પુરૂષનું લુગડું પણ ન અડકી શકે તેવાં રૂઢ માનસનો નાશ થતાં સ્ત્રીઓ ખુલ્લી રીતે અનીતિનો બચાવ કરવા લાગી. વ્યભિચારનો બચાવ થયો; વેશ્યાઓ બનવામાં અભિમાન લાગ્યું; નીતિ અને કાયદો સરખા જ થઈ ગયાં; ન્યાય બળીયાનો ભાગ થયો; પ્રમાણિકતા નબળાઇ થઈ, આદર્શ ઘેલછા થયો, મોક્ષ રવાના થઈ ગયો, ઇશ્વર આસન પરથી ઉથલાઈ પડ્યો અને પૂર્વજોએ કાચા કામની ચણેલી ઇમારતોમાં બાકોરા પાડી પાડીને લોકો જોવા લાગ્યા કે, પાછળ તો કાંઈ જ નથી.

રોગી જીવનની અશાન્તિ—જેમ હંમેશ બનતું આવ્યું હતું તેમ—

જલદ ઉશ્કેરાટથી પણ ટેવાઇ ગઈ. માત્ર ઉત્તેજનાને અભાવે અને વધુ જોસથી કૃત્રીમ રીતે પાર પાડેલા ઘોર અવાજને લીધે દબાઈ ગયેલી ઝંખના પડઘાની જરાક શાંતી થતાં પાછી ઉછળવા માંડી. ફરીથી ત્રીસ ત્રીસ વર્ષની પ્રવૃત્તિને અંતે આજે સર્વત્ર મહાન સિદ્ધાંતો પ્રમાણે જીવવાની લાલસા પ્રકટાવ્યા પછી પણ એટલી જ અશાંતિ, એવી જ અસ્વસ્થતા આવીને ઊભા રહ્યાં. લલિત સમાજને સુધારી શક્યો નહિ, લલિત ધર્મને સંસ્કારી શક્યો નહિ; લલિત સ્વરાજ્ય લાવી શક્યો નહિ; કારણ કે લલિતને માટે સમાજસુધારો, ધર્મ-સંસ્કૃતિ, કે સ્વરાજ્યપ્રાપ્તી, એ આરોગ્યમય જીવનનો પથ્ય ખોરાક નહિ, પણ રોગભર્યાં, વેદનાભર્યાં માનવશરીરને થોડી વાર ટકાવી રાખવા માટેના કેફી પદાર્થ હતા. આજે એને એ કેફનું વ્યસન પડી ગયું હતું. એના લોહીનું અણુંએ અણું વધારે કાતિલ, વધુ તેજ, પીણું માગી રહ્યું હતું.

છેલ્લાં ત્રીસ વર્ષમાં ઘણી વાર બનતું તેમ લલિત એક વાર જગતને ત્યાં ગયો. સ્નેહાળ જગતે તેની સાથે તેની જ પ્રવૃત્તિમાંથી તેને રસ પડી શકે તેવી વાતો ઉપાડી; પણ કોણ જાણે કેમ એ વાતો આજે લલિતને સર્વત્ર આલ્હાદ જ ફેલાવે તેવી ન લાગી. આગળ તો લલિતે હંમેશાં પોતાની પ્રવૃત્તિની વાતો ઘણી રીતે જગતને સમજાવેલી, તેમજ જગતને એ કહેવાના બહાના નીચે પોતે પણ ફરીફરીને એ ભોગવ્યાનો આનંદ લીધેલો. આજે એ જોસ, કોણ જાણે કેમ, ન આવી શક્યું. જાણે આટલા વર્ષોની પ્રવૃત્તિ પછી એ પોતાના જીવનમાં કંઇક ગુપ્ત એવું તત્વ રહેલું સમજી શક્યો; એ સમજાતું ન હતું, માટે જ એને દાબવાનો તેણે પ્રયાસ કર્યો.

"તું આજે ખુશમિજાજમાં નથી. નહિ લલિત?" જરા ગંભીર બની જગતે કહ્યું.

“ સાચી વાત છે. હમણાં લગભગ ઘણાં દિવસ થયાં હું વિચિત્ર અવસ્થા અનુભવી રહ્યો છું. કંઈક પરિચીત લાગે છે; કંઈક પૂર્વની ઓળખાણ હોય તેમ પણ લાગે છે, છતાં સમજાતું નથી; અને જાણે સમજ્યા વિના રહેવાતું પણ નથી.”

“તારા આટલા પ્રયાસ પછી પણ તું મનની શાંતિને ન પામી શક્યો ? ઉકળાટ તો પાપીને હોય, તને તો ચિરશાન્તિ મળવી જોઈએ.”

“ એ અશાંતિ છે ? તને એમ લાગે છે ? હું એને અશાંતિ માનું તો પણ એ મને સમજાતી નથી.”

“ કારણ, કે તને તારા સદાચરણમાં અને તેના ફળમાં વધુ પડતો વિશ્વાસ છે. તું એમ માને છે કે તારા સમી જીંદગી ગાળનારને એમ કેમ થઈ શકે ?”

“ એમજ છે. મેં લગભગ મારી આખી જીંદગી પરમાર્થ માટે ગાળી છે; છતાં આમ અંત સમયે મને ન સમજાય તેવી પીડા કેમ થાય ?”

“ હું તને સમજાવું લલિત. હું ધારતો જ હતો, કે તારા પ્રયાસનું આ જ પરિણામ છે. મને ખાત્રી જ હતી, કે, એક વાર તું આવી રીતે મારી પાસે આવીશ, અને તારી કલ્પનાનાં ભૂતો તારા પર સ્વાર થશે, ત્યારે રીબાઈને એમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ પુછીશ. જો સાંભળ. તને આ વેદના અને મુંઝવણ જાણીતા લાગે છે, નહિ ? આજથી ત્રીસ વરસ પરની તારી જીંદગી યાદ કર જોઉં ! એ વખતે તેં આજ સ્થિતિ અનુભવી હતી, એમ તને સમજાય છે–યાદ આવે છે ? જે અસંતોષ, જે વાસનાભૂખ તે સમયે તેં ભોગવી હતી, તે જ તું અત્યારે અનુભવી રહ્યો છે, એમ તને લાગે છે ? જે આવેશને તેં સમાજસુધારામાં, ત્યાંથી ધર્મરક્ષામાં,

અને ત્યાંથી રાષ્ટ્રીય લડતમાં મોકલ્યો હતો, તે જ આવેશ આજે પેલી દંતકથામાંના રાક્ષસની માફક હવે તારા ઉપર આવ્યો છે. એને તારે નિસરણી લાવી આપી ચઢઉતર કરાવ્યા વિના છુટકો નથી."

"એટલે ?"

"શરૂઆતમાં આ જીવન માટેનો ભયાનક અસંતોષ તેં સળગાવ્યો અને તંદુરસ્ત જીવનમાં હાથે કરીને રોગ ઉપજાવ્યો. હવે એ રોગ અને એ આગ વધુ ને વધુ ખોરાક માગે છે. તેં એક પછી એક એમ ત્રણ એક બીજાથી વધુ જલદ 'ડોઝ' લીધા. આજે ફરીથી એ જોસ શમી જતાં, અસંતોષ ઉગ્ર બન્યો છે. હવે તેને એથીયે વધુ ઉગ્ર 'ડોઝ' આપ, નહિ તો એ તારો નાશ કરવા માગશે."

"ત્યારે આ બધું મેં આવા હેતુથી કર્યું છે ? લોક કે સમાજ ઉપર ઉપકાર કરવાનો મારો ઈરાદો ન્હોતો એમ તું કહે છે ?"

"હા. ખરી વાત એ જ છે. તમને લોકનાં કે સમાજનાં સુખની બહુ પરવા ન હતી. ખરૂં કહું તો જે દુઃખોને જગતમાંથી તમે દૂર કર્યાં, એમ તમે માનો છો, તે દુઃખોને લાવનાર પણ તમે જ હતા. તમે જગતને જે વસ્તુ માફક આવી ગઇ હતી, તેની સામે અણગમો ઉપજાવ્યો. તમારા તરંગ પ્રમાણે વર્તે તોજ સમાજ સુખી થાય એમ તમે સમાજને મનાવ્યું, બિચારા સમાજે તે માન્યું. એમાં ન તો એનું ભલું થયું, ન તમારૂં. તમે એટલી જ અંતરવ્યથામાં રહ્યા; સમાજમાં અસંતોષની આગ વધી."

"ત્યારે તમારુ કહેવું એમ છે, કે, જગતને આપણે સારે રસ્તે દોરવું નહિ, એ જ્યાં છે, ત્યાં જ રહેવા દેવું; એની કંગાળ ભાવનામાંથી

પણ એને બહાર લાવવું નહિ; તો પછી પ્રગતિ, વિકાસ, સાધના આ બધું સાચું નહિ!"

"એ બધુંય સાચું, અને હું કહું છું એ પણ સાચું. છતાં અધકચરા વિચારોને અધકચરી રીતે ચાવી ચાવી, ઊંઘતા, સબડતા, ભૂખે મરતા લોક સમક્ષ ફેંકવા તૈયાર થનાર તમે ખોટા. તમે જગતમાં નમાલી ભાવના માટે આત્મસંતોષ પ્રકટાવ્યો પણ એને બદલે તમે જગતને કઈ સુંદર વસ્તુ આપી? તમે વિધવાઓની સ્થિતિ સુધારવા પુનર્લગ્ન આપ્યા; તમે બાળલગ્નોને બદલે વિલાસલગ્નો આપ્યા; તમે મૂર્તિપૂજા અને સ્થળપૂજાને બદલે વ્યક્તિપૂજા અને સિદ્ધાન્તપૂજા આપ્યાં; તમે લોકોને ન્યાતવરા અને જમણવારો કરતા અટકાવી, ખાલી કાઠ અને દંભી વિલાસ પાછળ ઘેલા કર્યા. આવી રીતે, ચાલી આવતી વ્યવસ્થામાં સમગ્રવ્યાપી અંધાધુંધી ફેલાવી, એવી જ નમાલી બીજી વ્યવસ્થા આપવાનો તમને શો અધિકાર હતો? તમારી પ્રમાણિકતા ઉપર હું આક્ષેપ નથી મૂકતો, પણ તમે પોતે જ આટલા અધુરા હોઈ, તમને પોતાને જ સમાજ, ધર્મ કે રાષ્ટ્રનું આટલું અપૂર્ણ જ્ઞાન હોઇ, તમે આ સમાજમાં પરિવર્તનો કરવા કેટલા નાલાયક છો તે તમે ન સમજી શકયા એ હું કહું છું. જો તમે મારી માફક માનવતાને જ ઇશ્વર માનતા હો, તો, તમારા આ ભયંકર પાપ બદલ તમે જીવનપર્યંત સળગ્યા કરો એ જ હું વધુ ઇષ્ટ ગણું છું. દર્દ ખમી ખમીને રૂઢ બનેલા માનસમાં સળી ઘોંચી, તેને આળું બનાવી, એક દર્દ લઈ બીજું આપવું, તે ક્રૂરતા નહિ તો બીજું શું?"

"જગત, આ તું શું કહે છે? આ તું ખરૂં કહે છે?"

"સાચું જ કહું છું. તારી માફક મને પણ પરિવર્તનના આંચકા આવતા હતા. મ્હને પણ વાસના ગમે ત્યાં ધકેલતી હતી. પણ હું સમાજથી ડરતો હતો. મને થતું હતું કે, જો આ છંછે-

ડાયેલી નાગણને હું બહાર કાઢીશ, તો મારે એને મારવી જ જોઇશે. જો એ શક્તિ મેળવ્યા પહેલાં એને બહાર કાઢીશ તો એ મને નહિ બચવા દે. આ નવજ્યોતિનાં દર્શન માટે હું તલ્સી રહ્યો હતો અને એની જ આરાધનામાં પડચો હતો. કદાચ મને જીંદગીભર એ નહિ મળે; પણ મૃત્યુ વખતે પણ મારા અભ્યાસનો વારસો માનવસમાજને આપી જઈ, મેં મૂકયું ત્યાંથી કોઈ ઉપાડી લ્યે તેવું કરતો જઈશ; તેમજ પળભરની કલ્પનાથી ગમે તે નવી અને અર્ધસ્પષ્ટ જીવન-દશાથી ફોસલાઇ સમાજમાં ખોટો અસંતોષ ન ઉપજાવ્યાનો સંતોષ લેતો જઈશ."

"આ બધું સમજતાં તને ત્રીસ વર્ષ લાગ્યાં, અને એ તમામ વર્ષો મેં આવા માનસીક તરફડીયાં મારી ગુમાવ્યાં!" લલિતથી નિશ્વાસ મૂકાઈ ગયો.

"પુરેપુરાં ત્રીસ નહિ. જ્ઞાન તો જગતના અનુભવો જલ્દીથી ઉપાડી શકે છે; બીજાને લાંબી ક્રિયામાંથી પસાર થયા પછી આ મનોદશા ગમ્ય થાય છે; જ્યારે અમને ક્રિયાની જરૂર નથી. થોડાક સાચા સિદ્ધાંતો અને બાકીનું ચિંતન, ક્રિયા વિના પણ મનોદશા સમજાવી શકે છે."

"પણ મેં સળગાવેલો અસંતોષ મને શું કરશે?"

"તારે તો એમાં સળગવુંજ પડશે. પણ કદાચ આજથી જ જો મારા આ તત્ત્વજ્ઞાનની અસર તારા પર થાય, તો તું પણ ધીમે ધીમે પાછા આંટા ફરી, ગયાં જીવનની ગુંચ ઉકેલી નાખે. આ રીતે જ તું ચિત્તશાંતિ તરફ વળી જઇશ; અગર સૌથી સામાન્ય માર્ગ તો એ જ છે, કે, તને હજુય વધુ તેજસ્વી 'ડોઝ' કોઈ સ્થળેથી મળી આવે અને તેમાં તું ત્હારી વેદના સમાવી શકે. એ "ડોઝ"ની અસર નિર્બળ થાય, તે પહેલાં જ જીવન ખલાસ થઈ જાય. ઘણાને

આ પ્રમાણે બને છે: જગતે જેને જીવનનાં અંત સુધી મહાત્મા માન્યા છે તેવાઓને, અને માત્ર જડ પત્થરની માફક પછડાઈને ચુરો થઈ જતા સિપાહીઓને—"

"અને સમાજ?"

"સમાજ જ્યારે નવા નવા 'ડોઝ' ખલાસ થઈ જશે, ત્યારે એનો એ દારૂ ફરીફરીને પીશે પણ જરા જુદી રીતે, એટલે એને ઉગ્રતા મળી રહેશે. નશાબાજ બનતા જતા સમાજ માટે બીજું શું હોઇ શકે?"

"એમાંથી એનો અસંતોષ શાન્ત થઈ શકે?"

"ઘડી ઘડી વાર દબાય એટલું જ. નવા નવી ભાવનાથી, નવી નવી રીતોથી, નવા નવા માણસોનાં નેતૃત્વ નીચે, સમાજ આ એકની એક પ્રવૃત્તિ પરંપરા કર્યા કરશે. સમાજ, ધર્મ, અને રાષ્ટ્ર, અગર એકાદ બે બીજી વધુ. પહેલાં સામાજીક સુધારો ભાષણો મારફત થતો; આજે એ પીકેટીંગથી કરવાની શરૂઆત થઈ ગઈ છે; એટલે લોકોને એ જુનો દારૂ નવા સીસામાં મળે છે; આવતી કાલે એ જ વસ્તુ મારફાડથી થશે, અને એનો એ નશો વધુ તેજદાર થશે. પ્રજાની વાસનાનો શબ્દ આમ ધીમે ધીમે નવી નીતિની ભાવનામાં સમાઈ, દબાઈ જાય. તમામ નીતિ સિદ્ધાંતો ઉઘાડી હિંસાથી જ જગતમાં ઉતરે છે. તમારે પણ નવિન નીતિ જ સ્થાપવી છે ને? પછી? ફરીથી કોઇ તમારા જેવા જાગશે, અને પ્રજા એને અનુસરશે. તમે સ્થાપેલી નીતિના પુરચા ઉડાવી દઈ પ્રજાને એ પોતાની બનાવટનો દારૂ પાશે. સમાજ વળી નવનીતિનો વિજય ફરકાવશે.

"ઓહો! આ બધામાંથી મુક્તિ ક્યારેય ન મળે?"

"મળે, સમાજની વાસનાને આમ નશાથી ઢાંકી ન દેવાય તો. સમાજને આમ ગમે તે એકાદ માણસના ક્ષણભરનાં આવેશનું રમકડું

બનાવવાની રમત છોડી દેવાય તો. આજ તો તમારી મૃગજળ જેવી પ્રવૃત્તિમાં જ સમાજ મુક્તિની એટલી સ્પષ્ટ ઝાંખી કરી રહ્યો છે, કે, તેમાં સાથ ન આપનારા મારા જેવાને તો એ હડધૂત કરે છે, જ્યારે ત્હમને કીર્તી, પ્રતિષ્ઠા અને અર્થલાભથી વધાવે છે; તમારા અહંને પોષે છે; ત્હમને પોતાના જીવનનું સર્વોત્કૃષ્ટ ફળ માની તમારાથી અભિમાન લ્યે છે. તમે એ સાચું માનવાની મનોદશામાં છો. વળી તમે જાતે જ પ્રકટાવેલા હુતાશનથી બીઓ છો, માટે સમાજની એ માન્યતા નિભાવી રાખવા તેની ખુશામત કરો છો; તેને વંદો છોઃ પણ તમે પણ તેમાંના એક જ છો, એક જ મહાપહાડનાં અણું માત્ર છો, તે ભૂલી જાઓ છો. જો સહૃદય હો તો અકસ્માતે નશો ઉતરી જતાં વેદના ભોગવો છો; નહિ તો સામાન્ય સ્વાર્થને સાથે જોડી રમત રમ્યા કરો છો."

"ત્યારે જગતની આ વ્યવસ્થા બદલાઈ. તમે કહો છો તેવી વ્યવસ્થા ક્યારે આવે?"

"એ કોઈ કહી શકતું નથી. એ હું પણ સમજતો નથીઃ એની ઝાંખી પણ મને થઇ નથી. એ ક્યાંથી આવશે. ક્યારે આવશે તેની કલ્પના પણ થઈ શકતી નથી; પણ એ આવશે એ તો ચોક્કસ. ત્યાં સુધી તમારે રમત કરવી હોય, તેટલી કર્યા કરો. પણ એ ચોક્કસ માનજો કે, તમારા કહેવાતા પુરૂષવરો એક બાળકની માફક જગત-ઉદ્ધારના સૂર્યની આશાએ અંધારામાં ગોથાં ખાઈ રહ્યાં છે. અકસ્માતે તેમની નજરે એ ચઢે તો ભલે; બાકી કમભાગ્યની કોઈ પળ એવી પણ હશે, કે જ્યારે પૂર્ણ શ્રદ્ધાથી માનવઉદ્ધારની વાતો એ કરી રહ્યા હશે, ત્યારે માનવ ઉદ્ધારના સાચા મંત્રથી એ કરોડો ગાઉ દૂર જ હશે."

લગ્નનો દિન

આમે પરણ્યા અને છેવટ સુયશ મને જીતી ગયો. પણ જીતવાની એની મથામણો, અને ન જીતાવાની મારી ચાલાકીની કથા એક અદ્ભુત સ્વપ્ન માફક મારી સ્મૃતિમાં જડાઇ ગઈ છે. એનો છેલ્લો દિવસ આજે ય એટલો જ જીવન્ત લાગે છે, જેટલો એ તે દિવસે લાગતો હતો. ખુબ ખુબ તરસાવીને, પિપાસાને ખુબ તેજદાર બનાવીને, પછી જ મેં મારા જીવનનો પ્યાલો તેને સોંપ્યો હતો; છતાં તેજ વખતે જાણે કંઇ મારા અંતરમાં ઝીણી ઝીણી વેદના થવા જેવું મને લાગવા માંડયું. મને એમ પણ થવા માંડયું, કે, મારી મોંઘામૂલની વસ્તુ, જેને સુરક્ષિત રાખવાથી મારૂં પોતાનું સ્થાન પણ બહુ જ ઉંચું અને આકર્ષક રહી શકતું હતું, તે હું આજરોજ વિવશ થયેલા હાથોમાંથી સરકવા દઉં છું. એ જાય છે અને હું જાણે સત્ત્વ વિહોણી, તેજ વિહોણી અને એકાકિ બની જાઉં છું.

પહેલાં તો એ વાતને મેં અંતરમાંથી દૂર કરી દીધી. મંગળ સમયે આવો વિષાદ કોઈ જોઈ જશે તો મશ્કરી કરશે,

એમ ધારી મોઢું પણ હસતું રાખવા પ્રયાસ કર્યા. સુયશ તો બિચારો જાણે હજુ ય હું ભાગતી ફરતી અપ્સરા હોઉં અને રખેને દગો દઈ ભાગી જઉં, તેવી બીકથી વારે વારે મારી પાછળ ફર્યા કરતો હતો. એક વાર તો મેં આજ કારણે તેને ધમકાવી પણ કાઢેલો.

"કેમ ! બીજો કંઈ ધંધો નથી કે આમ બહાવરા જેવા ફર્યા કરો છો ? કંઇ ખોવાઇ ગયું છે ?"

એ જરા ઝંખવાણો પડી ગયો.

"ના, ના, એવું તો કંઇ નથી. હું તો જોવા આવ્યો હતો કે તું શું કરે ?"

"હું નાસી જવાની તૈયારી કરૂં છું" મેં ભવાં ચડાવી કહ્યું.

"તને નહિ ગમે તો નહિં આવું."

"ના. ના. પરણ્યા પહેલાંનું આવું પાગલપણું અમને બહુજ ગમે છે તો. કોણ જાણે કેવી માટીથી ઘડાયા છે, કે, વખત આવ્યે તમામ સરખા."

"યશભાઈ. યશભાઈ ક્યાં ગયા ?" નીચેથી બૂમ આવી. બિચારો યશ છોભીલો પડી ભાગી જવાનું બાનું શોધતો હતો, તે એકદમ ચાલ્યો ગયો.

પણ છતાંય મને સાંત્વન મળ્યું નહિં. આજે ગુંચવણીથી, ગભરાટથી અને મારી પાછળ જ ફર્યા કરે તેવા મોહથી જે પુરૂષ આટલો પ્રિય લાગે છે; જે હું અજીત એવી વસ્તુનાં ઉપભોગની આશાએ આટલો તાબેદાર બની રહ્યો છે, તે આવતી કાલે કેવો લાગશે ? આવતી કાલે તેની આટલી મુંઝવણ, તેનો આવો મોહ કાયમ રહેશે ? અને રહેશે તોયે એ આટલો પ્રિય લાગશે ? હું આમ બીજા-

ઈશ તો પણ એ આટલો મૂક અને વિવશ બની રહેશે? આજ સાંજની ક્રિયા એને મારો માલીક બતાવશે, આજે એનો મોહ ભાંગશે. ટુંક મુદતમાં એ સાવ સાફ બની જાય તો ? પછી મોહ જતાં માલીકીના ભાનપૂર્વક આવીને એ ઉભો રહેશે, ત્યારે હું આમ ચીડાઈશ તો ? "તું મને આમ ધમકાવનારી કોણ?" એવું બોલતાં એ નહિં શીખી ગયો હોય? યશ, યશ. તું એવો થઈશ?

બેય હાથેથી મેં મોઢું ઢાંકી દીધું. સાચે જ મારી આંખમાં ધીમાં ધીમાં આંસુ ભરાવા લાગ્યાં હતાં. ત્યાં તો એ આવ્યો. એજ પરિચીત આલ્હાદક પદધ્વની સંભળાયો.

"કપિલા! શું કરે છે? માથું દુઃખે છે?"

મેં ધીમેથી કહ્યું. "ના."

"ઠીક, તું સ્વસ્થ થા ત્યારે. હું જઉં છું" કેવો કહ્યાગરો છે? એને માલીક થતાં આવડશે શાનું? પણ એ શીખવું પડતું હશે કે સ્વયંભુ સ્ફૂરણાની માફક વૃત્તિમાંથી આપોઆપ પ્રકટતું હશે?

"યશ. યશ." મેં બુમ મારી. મારાથી બુમ પડાઈ ગઈ. "ઓ" કરતો, તે પાછો વળ્યો.

"શું થયું છે તને?"

"અહીંઆ બેસતો."

એ ધીમેથી બેઠો. મારા શરીરમાં ધ્રુજારી આવ્યા કરતી હતી. મગજમાં ચારે બાજુ ધમધમાટ થઈ રહ્યો હતો. કલ્પનાઓ ઉછળતી હતી, વેદના પ્રકટતી હતીઃ શબ્દો સુઝતા ન હતા. સ્વપ્નાં ઘેરાતા હતા. મારી સામે જોતાં, એને પણ મારા વિષાદની કલ્પના આવી ગઈ હોય તેમ જણાયું.

"યશ મને નથી સમજાતું શું થાય છે? હું તને શું કહું? ક્યાંથી શરૂ કરૂં? કેમ કહું?—ઓ પ્રિય મારાથી રડી દેવાય છે."

"મૂર્ખી રડે છે શા માટે? તને શું થાય છે મને કહે તો ખરી."

મેં એકદમ જ કહી દીધું હશે. સ્વેચ્છાથી સ્વીકારેલા પ્રિયતમને પરણનારી કઈ કુમારિકા આમ કહી શકે વારૂ? પણ મેં તો કહી દીધું.

"યશ, આપણે પરણવાનું બંધ રાખીએ તો?"

"શું કહે છે?" યશ સફાળો ઉઠયો.

"એમ કે, આપણે પરણવાનું બંધ રાખીએ તો?

"શા માટે?"

"શા માટે? મને એ નથી ગમતું. મને લાગે છે, કે, હું તારી ગુલામીમાં ફસાઉં છું. તારી માલીકીની વસ્તુ બનતા, મારા મોહ ભર્યા લાગતા દેહને તારે ચરણે ધરતાં હું હલકી પડતી જાઉં છું."

"કપિલા, આ તને આજે શું સૂઝે છે?"

"હું કંઈજ કહી શકતી નથી. પણ મારૂં મન આજથી જ બહુ મુંઝાય છે. જાણે કોઈ મહામોંઘી ચીજ હું ગુમાવી દેતી હોઉં, જાણે સ્વપ્નાંની ગુલાબી ઉંઘમાંથી દુઃખભર્યા કારાગૃહમાં જાગતી હોઉં તેમ મને લાગે છે યશ; યશ, હું તારી માલીકીની ચીજ બનવા નથી માગતી. મારે તો સ્વતંત્ર જ રહેવું છે, તેમજ મારો મોહ અખંડ રાખવો છે. હું જીતાઉં કે તુરતજ મને જીતવા પ્રયત્ન કરતો એવો તું મને આલ્હાદ આપતો મટી જશે. હું સદાય તને જીતવા પ્રેર્યા કરૂં, અને સદાય તું મારી પાછળ ફર્યા કરે, તેવા જીવન પર્યંતના સંબંધમાં જે મીઠાશ છે, તે લગ્ન પછીના સ્થિર સાંસારિક જીવનમાં નહિ હોય."

મારા શબ્દોથી જાણે હું જ ત્રાસતી હતી, પણ એ જાણે હું ન્હોતી બોલતી. મારા શરીરમાં છુપાયેલું કોઈ ઉગ્ર તત્ત્વ પોકારી રહ્યું હતું. મને તાવ ચડતો હોય તેમ લાગતું હતું.

"કપિલા આપણા લગ્નમાં એ બધું જ હશે એમ ! તને આજેજ આ વિચારો કાં આવે છે ?—તું આ બધું સાચા દિલથી કહી રહી છે ?"

"કોણ જાણે કયું દિલ સાચું છે ?"

"એમ ન કરીયે, ગાંડી, તું એ વિચાર કાઢી નાખ. જો હવે શ્રૃંગાર સજીને તૈયાર થા. વખત ભરાતો જાય છે."

"હા, છેલ્લીજ વાર એ સજવાનો છે. લગ્નનો ઉંબરો ઓળંગ્યા પછી એ શણગાર, આટલા મોહથી, વિલાસનાં આટલા ધ્યાનપૂર્વક ફરી નહિ પહેરાય."

"હજુ ય એ વિચાર કપિલા ! આપણા લગ્ન તો આપણા સંવનનનાં સ્વપ્નાં સફળ કરશે."

"મને માફ કર યશ, મને એમ નથી લાગતું. તું 'પ્રેમ' કરતો ત્યારે તારૂં તમામ પૌરુષ બહાર પ્રકટી આવતું હતું; કારણ કે તારા દેહમાં મને ભેટવાની આકાંક્ષા ફર્યા કરતી હતી; આવતી કાલથી તારે સંવનન નહિ કરવું પડે. આજ સાંજની ક્રિયા મારી પાસેથી તું માગે ત્યારે તાબે થવાની શરતો કરાવી લેશે, પછી પૌરુષના આકર્ષક રૂપો દર્શાવી મને ખેંચવાની તારે શી જરૂર ?—પછી તો અનેક ઉતાવળી જંજાળોની વચ્ચેની ક્ષણોમાં મને હુકમ કરતો હોઇશ, તેમ તું ભેટી શકીશ. આજે હું સ્વતંત્ર છું, તો તું યાચના કરે છે. આવતી કાલે હું ગુલામડી થઈશ, તું હુકમ કરશે; પરમ દિવસે મારાથી પરિચીત એવો તું રોમાંચ પણ નહિ અનુભવે; એટલે બેદરકાર બની જઇશ, તાબેદારને દમવામાં કંઈ શક્તિ અને હોંસનું સર્વશ્રેષ્ઠ સ્વરૂપ નહિં આવે. ના, ના, યશ, હું તારાથી જીતાવા નથી માગતી, તું સદાય મને જીતવા મારી પાછળ દોડ્યા કર, અને તારૂં

તેજ અધિકતર ફેલાવ્યા કર, એજ મને ગમે છે, યશ, આ બધાને ના પાડી દે. આપણે નથી પરણવું."

"અરે પણ એમ થાય!"

"કેમ ન થાય! પરણનારા પણ આપણે જ હતા ને! પરણવાની વાત માત્રથી 'અમુક થાય' 'અમુક ન થાય,' તેવા બંધનો, તો ખુદ 'પરણવું' તે?—ના, ના, એવું પરણવું આપણે નથી જોઈતું. આપણે દોસ્તો જ ઠીક છીએ, ચાલ શરત દોડીએ. હું આગળ, તું પાછળ. અનંતકાળ સુધી, દોડાય ત્યાં સુધી, મને પકડી ન લેવી એ શરતે. આવ યશ."

હું ઉભી થઈ ગઈ. યશે મ્હારો હાથ ખેંચી ઉભી રાખી.

"કપિલા, મારામાં આ અવિશ્વાસ?"

"નહિ યશ. નહિ પ્રીતમ અવિશ્વાસ નથી. હું તારા પૌરુષને ઝંખું છું આપણા લગ્નથી એ સદાને માટે સમાઈ જશે, હું તારો વિકાસ માગું છું. આ લગ્ન તને યા મને, કોઈને ફાયદો નહિ કરે, બંન્નેનો દાસ કરશે. અને આપણા સંબંધને નિર્બળ કરશે. જે કૃત્યનાં પરિણામે સ્ત્રી મોહ ખુએ છે, અને પુરૂષ શાન્ત પડે છે, તેનું નામ લગ્ન નથી. યુવાન સ્ત્રી પુરૂષોએ લગ્ન જ ન કરવું જોઈએ. લગ્ન તો સ્થિર જીવન ગાળવા ઇચ્છતા, પૌરુષની મર્યાદાએ પહોંચેલા, અને પ્રેમને દેહથી તદ્દન સ્વતંત્ર રીતે સર્જાવી શક્યા હોય, તેવા વૃદ્ધ સ્ત્રી પુરૂષોને માટે જ રહેવા દે."

યશ શાંત પડી ગયો, મારો આવેશ ઉતરતો હતો.

"યશ, મને તારે માટે બહુ જ લાગી આવે છે. આપણે મિત્ર નથી મટી જવાના. તું મને બહુજ પ્રિય છે, માટેજ તને હું ખુબ વેગથી, ખુબ વિશાળતાથી ખીલવવા માગું છું. તું મને એટલોજ પ્રિય રહેશે, પણ આપણે પરણીશું તો નહિં જ. જે લગ્નનીતિ નારીના દેહ પર પુરૂષનું વર્ચસ્વ સ્થાપે છે, તે નીતિ કુદરતનાં બળ

સામે યુદ્ધ કરી રહી હોય છે. એ નીતિનાં પ્યાદાં બનીને આપણે ખપી નથી જવું."

"કપિલા તું મારૂં હ્રદય ભાંગી નાખે છે."

"એવા બાયલાવેડા નહિ કર. હ્રદય ભાંગી શકાય નહિ."

"તું નથી સમજતી. કપિલા પણ મને એવા ચક્કર આવે છે આ શું થઈ રહ્યું છે?"

"કંઈ નથી થઈ રહ્યું. વ્હાલા, હું આગળ દોડતી હતી, તું પાછળ મને પકડવા ઝડપથી તેં પાસેનો છેડો પકડયો, અને તને લાગ્યું કે હું ઝલાઈ; હું ચપળતાથી ઝૂંટવી લઉં છું. આવ; ફરી દોડીએ."

"એવી હિંમત મારામાં નથી. હું જાઉં છું. કપિલા તું ફરી વિચાર કર. મારૂં માથું ફરી રહ્યું છે."

"ફરી કેમ વિચારૂં? પણ તું શા માટે જાય છે? આપણે બીજી વાતો કરીએ."

"ના. ના, મને જવા દે." યશને ડુમો ભરાઈ આવ્યો. તેણે આંખોની સજળતા છુપાવી કહ્યું.

"તું રૂએ છે? યશ, મારા સમ, રોવાનું નથી." પણ એ ધીમે ધીમે ચાલ્યો ગયો.

એના ગયા પછી ઓરડામાં જાણે ચારે બાજુ કોઈના ઓળા કરતા હોય, તેમ મને લાગ્યું. મેં ઉચ્ચારેલા શબ્દો, અને તેમાંથી ઉપજતી ભાવનાઓ હજુય જાણે ચાર દિવાલોની અંદર પુરાઈ રહી વાતાવરણમાં નાચતી હોય, તેમ લાગતું હતું. એ નાચમાંથી આવતો અવાજ, ખુબ તાવ ચડયો હોય, આપણે ઉશ્કેરાટથી બોલ્યે જ જતાં હોઈએ, ત્યારે આપણો પોતાનો જ અવાજ જેવો પરિચીત–અપરિચીત લાગે, તેવો મને લાગવા માંડ્યો. સ્વસ્થતાથી પર એવી

કોઈ અવસ્થા છે કે, જેનો ખ્યાલ ભોગવ્યા વિના આવી શકતો નથી, તેમાં હું આવી પડી. ઉચ્ચાર કરવો તો રહ્યો, પણ વિચાર કરવો ય અશક્ય લઈ પડયું. આવી કરણ ક્ષણોમાં મારૂં હૃદય શી રીતે હાથ રહે? મેં ખુબ મક્કમ રહેવા પ્રયાસ કર્યો એવું મને યાદ આવે છે. મેં ચારે બાજુ હેરા ફેરા મારી મારા શબ્દોની મૂર્તિઓને છુંદવા–ધકેલવા પ્રયાસ કર્યો હતો, એવું ઝાંખુ સ્મરણ છે; પણ પછીથી તો આવે છે ગાઢ નિદ્રા સમી બેભાન અવસ્થા. એની પાર સ્મૃતિ જતી નથી. જાય છે, અને જોઈ શકે છે, તેનો એ અવસ્થા સાથે સંબંધ નથી. વચમાનો વખત મારા જીવનનું અંગ હોય, તેમ હું માનતી પણ નથી.

હું એકદમ રડી પડી હઈશ – ખુબ જોરથી; પ્રથમ તો આંખોમાં એ જલબિંદુઓ ધીમે ધીમે ઉપજતા હતા, એવું સાંભરે છે. એ ખર્યાં, અને જમીન અને આંખો સાફ ખુલ્લાં થયાં; મેં અવાજ સહ રડવા માંડયું હશે.

યશ ક્યારે આવ્યો, તેણે મને ત્યાંથી ઉંચકી બિછાના પર ક્યારે સુવાડી, અને મારી ગરદન પર એનો પ્રેમ ભર્યો નરમ હાથ ક્યાં સુધી ફેરવ્યા કર્યો, તે યાદ નથી. પણ એ આંસુ, એ તૂટતી જીવન સાંકળ, એ અસ્વસ્થ ક્ષણો, એ હળવા સ્પર્શે આખું તત્ત્વજ્ઞાન ઉડાવી દીધું. બુદ્ધિએ ઉગ્ર બળવો કરી, જાણે કે છેલ્લું જોર અજમાવી, પછી સદાને માટે શાંત થવા ઇરાદો રાખ્યો હોય, તેમ તે ચૂપ થઈ ગઈ, સમસ્ત જીવન પર લાગણી અને પ્રેમનો પ્રવાહ વહેવા માંડ્યો.

"કપિલા, આમ કેમ કરે છે?"–યશે ધીમે ધીમે કહેવા માંડયું, "તું નહિં કહે તો આપણે નહિં પરણીએ. તું જે રીતે છે, તે રીતે મને પ્રિય છે. આપણે લગ્નની કંઈ જ જરૂર નથી. તું શા માટે ગભરાય છે? તેં સંમતિ આપી હશે, એનો દુરૂપયોગ હું નથી કરવાનો,

જીવનભર આપણી મૈત્રી નભાવીશું. પણ તું સ્વસ્થ થા. તને આ શોભે છે? બ્હાર બધા આપણી રાહ જોતા જમા થતા જાય છે; આપણે ખુશીથી તેમને ના પાડીશું. પણ આમ બાળક માફક–નિર્બલ માફક વર્તન કરાય?"

એ વક્તવ્યના એક વાક્યમાંથી બીજું નિષ્પન્ન નહોતું થતું. એક પછી એક ઉદ્દ્ભવતાં હતાં; સ્વતંત્ર રીતે અને ધીમે ધીમે એ દરેક વાક્ય પોતે જે લાગણીથી ઉચ્ચારાતું હતું, તેના પૂર્ણ પરિપાક રૂપજ હતું; એજ લાગણી જાણે એ શબ્દથી સાંભળનારના હૈયામાં ઉતારવા માટે ન હોય તેમ પરિણામની પૂરેપૂરી રાહ પ્રત્યેક વાક્ય જોતું હતું.

થયું, એ સામે મારૂં જોર ન હતું. હું હારી, યશ જીત્યો.

"યશ, તું મને બચાવ. મને માફ કર. ચાલ આપણે જઈએ."

"અને તું નિશ્ચય ફેરવે છે ને?"

"હા" મેં નરમાશથી કહ્યું.

"મારી મીઠી"–યશે મને ઝડપથી ખેંચી. બાકીનું પુરૂં થયું. અને તે રાતનાં અમે અગાઉ જાહેર કર્યા મુજબ પરણ્યા. અમારા લગ્નને 'સ્નેહલગ્ન' તરીકે, સુધારકોએ વધાવી લીધું. અમારી છબીઓ ચારે કોર પ્રસિદ્ધ થઈ; અમને અભિનંદન મળ્યા.

લગ્નની વિધિ થતી હતી અને ક્યારેક ક્યારેક જોસબંધ વહ્યા જતા લાગણીનાં પૂર વચ્ચે બુદ્ધિના ખડકો ઉંચા થતા હતા. એ વખતે જીવન નાવ અથડાતું અને હૈયામાં પાણીનાં કુંડાળા જેવાં વિષાદના ચક્રો ઉપજતા. સંસાર, સંસ્કૃતિ અને પ્રકૃતિનું મારૂં જ્ઞાન, ચિંતકોની સર્જેલી 'ફીલસૂફી' અને ભાવિ પ્રગતિનું લક્ષ્ય, મને મારા 'લગ્ન'નો ભેદ ઉકેલી આપતા હતા. "લગ્ન"–'લગ્ન' તમામ સરખા; તમામની જવાબદારી સરખી; તમામનું પરિણામ એકજ.

એની વિધિનો તફાવત એના પરિણામને ફેરવી શકતો નથી. એમાં જોડાતા માનવીઓ પ્રથમથીજ એકબીજાને પીછાનતા હોય, તેથી એની નીતિમાં, પરસ્પરનાં હક્ક જવાબદારીમાં પરિવર્તન આવતું નથી. બ્રાહ્મણો પરણાવે, કે 'રજીસ્ટ્રાર' – પણ નારી તો જીતાવાનીજ. જેના પર રાજરાણી જેવું ગૌરવ ધરાવતી, તે સર્વસ્વ–પાછું મેળવવાનાં હક્ક વિના–સોંપી દેવાનું. એ હતાશા, એ વિષાદ, બુદ્ધિનાં એ અમંગળ તર્કો અને લાગણીનાં નિર્બળ પૂર સહિત સંસારને ઉંબરે પ્રવેશ કર્યો. આજથી જીવનભરનાં એજ સાચાં સાથી રહ્યાંને ?

ન પીગળી પડી હોત તો ? મક્કમ રહી હોત તો ? લાગણી અને મોહ ક્યારેક બતાવે છે, તેવું આ લગ્ન નિર્મળું, સરળ અને પ્રિય હશે ?

★

બિલાડાની પાંજરાપોળ

'પ્રગતિ' દૈનિકના તંત્રી તરીકે મેં આ પ્રવૃત્તિની સખતમાં સખત ખબર લઈ નાખી. અમારા ગામના એક ગૃહસ્થ, જે થોડા જ વખત પહેલાં સર ન્યાયાધિશની પદવી પરથી નિવૃત્ત થયા હતા, તેણે પોતાની પાછલી જીંદગી અને આગલી જીંદગીની કમાણીનો અવશેષ બિલાડીઓ માટે એક પાંજરાપોળ બનાવવામાં ખર્ચી નાખવાની યોજના બ્હાર પાડી, ત્યારે 'પ્રગતિ' જેવું ઉદ્દામ વિચારો ધરાવતું અને ધાર્મિક વિષયોમાં લગભગ નાસ્તિવાદના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરતું પત્ર એ સહન કરીને બેસી રહેજ નહિ. અમે આ યોજનાની અને તેના યોજકની સખતમાં સખત ખબર લઈ નાખી. છેલ્લા અગ્રલેખમાં તો એ યોજના મેં વૃદ્ધ બનતા જતા માનસની વિકૃતિ—રોગ—હોઈ શકે, એવું પણ જણાવી દીધું. વાત પણ સાચીજ હતી. અર્વાચીન યુગની સંસ્કૃતિના સ્વરૂપને સમજનાર, કે એ સંસ્કૃતિના ભાવિ વિકાસના ક્રમને પારખી શકનાર, કોઈપણ માણસ પોતાના તન અને ધનનો આ

 રીતે દુર્વ્યય ન જ કરે; અને જો કરે, તો આ સંસ્કૃતિના

એક અદના પરિપાક તરીકે, એમ કરનારને હાસ્ય, તિરસ્કાર કે કટાક્ષના તીરથી વીંધી નાખવો એજ અમારૂં કર્તવ્ય હોઈ શકે.

પણ તે ગૃહસ્થ—તેનું નામ હતું જનકરાય—તે અમારી આ પ્રવૃત્તિ કરતાં વધુ બળવાન નીવડ્યા. તેણે 'પ્રગતિ' અને 'પ્રગતિ' પ્રેરીત વિચારોવાળા સેંકડો માણસોના એકત્ર અવાજને પણ અવગણીને પોતાની યોજનાને મક્કમપણે વળગી રહેવાનું ધાર્યું, અમારા ગમે તેવા તીખા ટીકા બાણો કે ગમે તેવી આકરી કટાક્ષ કંડિકાઓ તેમના નિશ્ચયને ફેરવવા સમર્થ થયાં નહિ, લોકોએ પણ અમારા આ પ્રચાર પછી આ બાબતમાં ખુબ રસ લેવા માંડયો; અને આ કૃત્ય ઉપર જ જાણે કે સનાતન ધર્મનો આધાર હોય, અગર તો આ કૃત્યની ઉપર જ જાણે કે ઉદ્દામ વિચારનો ઉદય થવાનો હોય, તેમ તેને અયોગ્ય મહત્ત્વ બંને પક્ષ તરફથી આપવા માંડયું. ટુંક વખતમાંજ ચારે બાજુ જનકરાય પંડિતની આ 'બિડાલાલય'ની યોજનાની પ્રસિદ્ધિ ફરી વળી.

છેવટ, અમે આ બાબત છેલ્લીવાર માટે લડી લેવાનો વિચાર કર્યો. અમારા પક્ષમાં સબળ દલીલો હતી; અમારી સામે માનવ-જાતિની સર્વોત્કૃષ્ટ સંસ્કૃતિનો આદર્શ હતો. અમારી વિરૂદ્ધ હતું, માત્ર જર્જરીત થતા જતા ખંડેરને ટેકે ઉભેલા એક વૃદ્ધ માનવનું રોગી માનસ. અમે એવો નિર્ણય કર્યો, કે, 'પ્રગતિ' વિચાર મંડળના એક આગેવાન પ્રતિનિધિ તરીકે મારે જનકરાયની મુલાકાત લેવી; અને તેમની આ યોજનામાં સમાયલી મૂર્ખતા તેમને બરોબર સમજાવવી.

ઠરાવેલે વખતે હું તેમને ત્યાં ગયો. મારી પાસે તેમને પૂછવાના સવાલોની યાદી તૈયાર જ હતી. એક માનસશાસ્ત્રી ડાકટરની સુચના મુજબ, આ વૃદ્ધની બિલાડા સંબંધની ઘેલછા બાબત પૂરતી માહિતી મેળવવાના સવાલો મેં તૈયાર કર્યા હતા.

ચાર પાંચ નાની બિલાડીઓ તેમની આસપાસ રમી રહી હતી અને જનકરાય બિલાડીઓની એ રમતમાં જીવનની કોઈ મહાન તૃપ્તિ

અનુભવી રહ્યા હોય, તેમ એકાગ્ર બની બેઠા હતા. મને જોઈ બિલાડીઓએ કંઈક ગભરાઈને તેમના અંગ સરસા લપાવા માંડયું, એટલે ખુબ નાનકડા એક બચ્ચાને પોચા હાથે પંપાળતા તેમણે મારી સામું જોયું.

"કેમ આવ્યા છો ભાઈ."

મેં તેમને મારૂં કાર્ડ આપ્યું. તેમણે વાંચી એક સ્મિત કરી, તે પાછું આપ્યું.

"બેસો શું કામ છે?"

"હું અમારા પત્ર તરફે આપની મુલાકાત લેવા આવ્યો છું."

"મારી યોજના બાબત ને? એમાં તો હું મક્કમ છું, અને કોઈના ખાનગી જીવનમાં તમારે શા માટે આમ વચ્ચે પડવું જોઈએ?"

મેં તેમને આજનાં આપણાં મુડીવાદ વિરોધી છાપાંની હંમેશની દલિલમાં સમજાવ્યું, કે, તેમની મિલ્કત એ તેમની ખાનગી માલિકીની વસ્તુ ન હોઈ શકે. જગતનાં પિડીતો, નિરાધારો અને શ્રમજીવી વર્ગનો પણ તેમાં હિસ્સો છે.

"જુઓને ભાઈ, એ તમારી વાત બરોબર છે. પણ આ બાબત પાછળ જીવનની મારી મહાનમાં મહાન લાગણીનો પ્રશ્ન આવી રહ્યો છે. ભાઈ તમે શું જાણો? આજે તો આપણે સામાજીક વ્યવસ્થાના નિયમમાં માણસને એટલો બધો નિર્જીવ માનતા અને ગણતા શીખી ગયા છીએ, કે, માણસને પોતાને પણ કંઈ સ્વતંત્ર, સ્વ–ગણી શકાય તેવું, પોતાનું અને માટે પ્રિય, તેમ જ જીવનભર વલખા મારવામાં પણ ન થાકી જવાય તેવું કંઈ છે, તેમ સ્વિકારતા નથી. ભાઈ...હું મારી અત્યંત પ્રિય અને સુકોમળ વાસનાને આ યોજનામાં ગોઠવી રહું છું. હું લાંબા વખત થયા અતૃપ્તિથી, અને વેદનાથી રિબાઉં છું; એના એક માત્ર નિવારણ તરીકે મેં આ વિચિત્ર વસ્તુ ઉપાડી છે."

"મને એ બધું સમજાવશો ?"

"સમજાવું ? ત્હમારે સમજવું છે ? પણ વધુ તો એ મહત્ત્વનું છે કે, તમે સમજશો ? તમારી ચારે બાજુ સમાજતંત્રનું ધુમ્મસ ફેલાઈ રહ્યું છે, એમાંથી આગળ વધીને તમે મને ઓળખી શકશો ? ભાઈ, હું તો દીન માણસ છું. જીવવાની મથામણ કરી રહ્યો છું. મારા પોતાના અંગની લાંબી લાંબી વેદના ભોગવી રહ્યો છું. મને કોણ જાણે કેમ સમાજનાં આ તત્ત્વજ્ઞાનમાં શ્રદ્ધા બેસતી નથી. ઉલટ સમાજ તો મ્હારી વેદનાની પરવા વિના એમ ને એમ ચાલ્યો જાય છે. હું જાણું છું, હું વધુ પડતો ઊર્મિલ થતો જાઉં છું, પણ મને તેમાં જ શાંતિ વળે છે. મને તમારી વ્યવસ્થાના નિયમો તૃપ્તિ નથી આપતા. હું તમને કોઇ શાળા પાઠશાળા માટે દાન આપું તમે જે કામ કરવા દિનરાત તલપી રહ્યા છો, તેવી નારી જગતની ઉદ્ધારણાની કોઈ યોજના માટે પૈસા આપું, અને તમે મારી વાહવાહ કરો એ બધું જ સાચું; પણ એ વાહવાહથી તૃપ્ત થાય તેવી વૃત્તિ જ મારે નથી તેનું શું ? જ્યાં સુધી મારૂં એવું કંઇ છે, ત્યાં સુધી તો હું મારા મોહ ખાતર મારી વેદનાના શમન ખાતર એ વાપરૂં. 'મારૂં' તમે કંઈ નહિ રહેવા દો, ત્યારે હું બીજી રીતે મારી તૃપ્તિ મેળવીશ. સંસ્કૃતિ પહેલાંનો આદિ માનવી ધનના ઢગલાનો સ્વામી નહોતો, ત્યારે પણ પોતાની વેદના પોતાના દેહથી કે દેહની કૃતિથી નહિ શમાવતો હોય ? અને સંસ્કૃતિ પૂર્ણતાએ પહોંચે ત્યારે પણ એ તૃપ્તિ બીજી રીતે માણસ નહિ લે ? ભાઈ, વ્યક્તિની વેદના તો અત્યંત તાકાતવાન વસ્તુ છે. એની સામે ખાલી ખોખા જેવું તત્ત્વજ્ઞાન, કે કેવળ શબ્દાળ સિદ્ધાંતો જરાય ટક્કર ઝીલે તેમ નથી. તમારે બધું સમજવું છે નહિ ?" પેલા નાના બચ્ચાંને ખોળામાં સુવાડી સુંવાળાં આંગળાંથી પંપાળતા તેણે કહ્યું.

"ભાઈ, અત્યારે ઘરમાં હું એકલો જ છું. મને માફ કરજો. આ એકલવાયાપણાંનો વિચાર માત્ર મને ગળગળો બનાવવા પૂરતો

છે; પણ પ્રથમથી આમ ન્હોતું. મારે પહેલાં એક પત્ની હતી, એક પુત્ર હતો, બે પુત્રીઓ હતી. પણ આ રીતનું મારૂં ગ્રહજીવન માંડ માંડ સાત આઠ વર્ષ ચાલ્યું હશે, ત્યાં મારી પત્ની માંદગીને બિછાને પડી. આ વાર્તા નથી. ભાઈ, એમાં યોજનાની ખૂબી કે ધારેલી અસર નિપજાવવા માટે વસ્તુનું ક્રમશઃ ચઢતું અને છેવટે અત્યંત તિવ્ર આવેશમાં સ્થિર થતું ચિત્રણ નથી; એટલે વાત લંબાવીશ નહિ. પણ બહુ જ થોડા વખતમાં મારી પત્ની અને મારા ત્રણે બાળકો મરી ગયા. એ બાળકોનો કલ્લોલ હું જરાય નથી ભૂલી શકતો. ના, ભૂલી ગયો છું. એ બાળકો અને એ પત્ની તો બિચારા યુવાન જીવનપર આછી આછી પગલીઓ પાડી અનંતમાં ચાલ્યા ગયા. આ પગલીઓ પર વેદનાનો અને આવેશનો પાછળથી જે વંટોળીઓ આવ્યો તેણે ધૂળ વાળી દીધી છે; પણ એ બાળકોના સુકોમળ મોઢાં અને મીઠી વાણી કોઈવાર પ્રયત્ન પૂર્વક યાદ કરૂં છું, ત્યારે મારૂં આખું શરીર વેદનાની ‘ આહ ’ નાખ્યા કરે છે. ભાઈ એ દુઃખ પણ મેં સહન કરી નાખ્યું. તે પછી મેં ફરી લગ્ન કર્યું. પણ મારા ઘરમાં બાળકનું મુખ ફરી લાંબા વખત સુધી દેખાયું નહિ. તમે સમજ્યાને? ભાઈ, આ તમામ વખત દરમ્યાન મારા ત્રણ ત્રણ મૃત બચ્ચાંઓની સ્મૃતિ મેં છાતીપર ઉઠાવી રાખી હતી.

બાળક પ્રત્યેનો આવો સ્નેહ કોણે સર્જાવ્યો હશે? બાળકનાં સૃષ્ટાએ તો ખરેખર નહિં જ. બાળકનો સૃષ્ટા તો બાળકોનો ઘાત પણ કરે છે; એ જો આવા સ્નેહનો પણ સૃષ્ટા હોય, તો એ ઘાત કરવા જેટલો નિર્દય ન થઈ શકે. એ સ્નેહને માનવજાતિનું હું ભવ્યમાં ભવ્ય સ્વરૂપ ગણું છું. માણુસજાતને સંસ્કૃતિ છેલ્લામાં છેલ્લા વિકાસક્રમે લાવશે, ત્યારે તેનું સમગ્ર જીવન, આ વાત્સલ્ય જેટલું જ રમણીય અને પોચું બની ગયું હશે, એમ મને લાગે છે. તમને આ સમજાય છે, ભાઈ? ”

મેં વિચારભારથી ભારે થતા માથાને હલાવી હા પાડી.

" તમે પણ આવી સંસ્કૃતિ સર્જવા માગો છો નહિ ? એ સ્નેહના સ્વરૂપમાં છેલ્લામાં છેલ્લી રચના સમાજના વિધાયકોએ કરી છે. પણ સમાજ જાતે તો ચક્રોના સામર્થ્યથી અને ગોઠવણીથી ચાલતું યંત્ર છે. એ આવા સ્નેહપિડીતોની વેદના કરતાં પોતાના ચક્રના ઘસારાની કિંમત વધુ આંકે છે. મારૂં જીવન એ ઘસારાની પૂર્તી માટે વાપરૂં, તો તમે મને એમાં સ્થાન આપવા તૈયાર છો પણ ભાઇ, મારી વાત આગળ ચલાવું. મારા ઘેલછાભર્યા જ્ઞાનમાં તમને વધુ શ્રદ્ધા નહિ આવે. થયું ત્યારે, આમ લાંબો વખત વિતતાં આજથી પાંચ વર્ષ પહેલાં મારે ત્યાં એક સુંદર છોકરી અવતરી. મેં કહ્યું ને, કે, અગાઉના મારા સ્વજનોનાં સુકોમળ પગલાં મારા હૈયાની ધરતીપર પડેલા હતા, તે વેદનાના મોટા વંટોળીઆએ ભુંસી નાખ્યા છે ? એ વંટોળીઓ તે આ નવી જન્મેલી બાલિકા. ત્રણ ત્રણ કુમળા બાળકનાં મૃત્યુનાં ઘા જેણે વેઠયા હોય, તેને લાંબે વખતે મળતું ચોથું બાળક અને તેમાંય પુત્રી કેટલી લાડભરી લાગે તે, તમે સમજી શકશો. એ મારી એક પુત્રી નહોતી. મારી આખી સંતાન વાસના અને ત્રણ બાળકોના મૃત્યુને ભૂલાવનાર સંજીવની હતી. એના ઉપર મારો પ્યાર અથાગ હતો. એનો મારી સાથેનો સહવાસ ખૂબજ હતો."

" હું એને રમાડતો અને એ ખડખડ હસીને બાળકોના મોઢામાં અત્યંત શોભતી એવી મીઠી ભાષાથી વાતો કરી આખો દિવસ કલ્લોલ કર્યા કરતી. લંબાવેલા અવાજે મધુરતમ લાગતો એના મોઢાનો 'ભાઇ' શબ્દ આજે પણ મારા કાનમાં ગૂંજી રહ્યો છે. આવા ક્ષીણ અશ્રાવ્ય ગુંજારવ સિવાય એ શબ્દ જીવનમાં કદી પણ સંભળાવાનો નથી, એવું એ રવની સાથેજ જન્મતું જ્ઞાન મારી પાસે નિશ્વાસ મુકાવે છે."

" હું તમારૂં દુઃખ સમજી શકું છું " મેં કહ્યું.

" જરૂર, કારણ કે, એ માનવીની સર્વ સામાન્ય ભાષામાં

લખાયું છે. પણ જ્યારે હું એને મારી પોતાની ભાષામાં—ભાષામાં નહિ પણ લાગણી જે જે રસ્તે બહાર આવી શકે, તે તમામ રસ્તાઓમાં–મૂકું છું, ત્યારે તમે મને ભ્રમીત ગણો છો. લાગણીના ઊંડા–ગંભીર અવાજને બહાર કાઢવા વાણી સમર્થ નથી, વર્તન સમર્થ નથી, શબ્દો સમર્થ નથી; ક્યારેક તો આ બધાં જ સાથે મળીને મહાપ્રયાસે એનો કંઈક અંશ બહાર લાવી શકે છે. હું એ માટે મથી રહ્યો છું. શરીરના ચેતનને અંદર સળગાવી નાખે છે તેવી વેદના બહાર કાઢવા રસ્તો કરી રહ્યો છું. એ વેદનાના સર્જકને, એ અત્યંત સ્નેહની આટલી વિષમ ભાવનાના ઉત્પાદકને, શિશુસહવાસની સુકોમળ કલ્પનાથી કલાને મઢી લેનાર એ સંસ્કૃતિને હું એક જ વિનંતિ કરૂં છું, કે, મારૂં દુઃખ તમારે લીધે છે; એટલે એમાં આશ્વાસન લેવામાં તમે આડે ન આવો.

મારી એ પુત્રીની સાથે હું અનેક રમતો રમ્યા કરતો. મારે માટે તો જીવનનો એ સાયંકાળ હતો. રાતનો ધીમો ધીમો પદધ્વની સંભળાયા કરતો હતો; અને એ સાથે નિવાસ તરફ વળતા પંખીઓની ધીમી નિર્બળતા મારામાં સંચાર કરતી હતી. નિર્બળતાનો ઊર્મિઓ સાથેનો ગાઢ સંબંધ તમે જાણુતા હશો જ. મારી રમતોમાં એક પ્રિય રમત એ પણ હતી, કે, એ છોકરીના મ્હોંને અમુક રીતે હાથેથી ઉંચુ કરી, તે બિલાડી જેવું છે, એમ કહી તેને ચીડવવી. એ ખીજાતી. મારા પર અને બિલાડીઓ પર, છતાં મારી રમત હું તો રમ્યા જ કરતો. ધીમે ધીમે તો એ પણ એ વાત માનતી થઇ ગઈ, કે, એનું મ્હોં બિલાડી જેવું ભાગે છે, એ મોટા આરસા સામે ઊભી રહી, મારા હાથ અને રમતનું અનુકરણ કરી પોતાના મ્હોંને વિચિત્ર દેખાવ આપતી; તેમજ પોતાની રમવાની ઢીંગલીઓને પણ એજ રીતે બિલાડી બનાવી રમાડતી. ભાઇ, એ ન્હાની સુંદર બાલિકા પણ મેં ગુમાવી."

"કોણ, જાણે કેમ, એની સાથેની અનેક રમતમાં આ એક જ રમતે મારા માનસમાં દઢ સ્થાન મેળવી લીધેલું. ત્રણ વર્ષની થઈને એ ગઈ, ત્યાર પછી ક્રૂર બનીને મેં એની સ્મૃતિને ફગાવવા પ્રયાસ કર્યો હતો. કોઈપણ હિસાબે જગત અને જીવનની જે પ્રક્રિયા એની યાદી આપે, તેનાથી દૂર રહેવા મથતો હું, મારી ઉપલી રમત વિસારી શકતો નથી. બીજી કંઈ પણ વસ્તુ યાદ લાવવા માગતો નથી; કારણ કે, એ યાદ કરી, વેદના ભોગવવા જેટલું સામર્થ્ય મારામાં નથી, પણ આ વાત એક જ ભૂલાતી નથી–ભૂલતો નથી. જ્યારે જ્યારે આ નાનકડી બિલાડીઓને જોઉં છું, ત્યારે એનું સુંદર ગોળ મ્હોં આભાસમાં તરવરી ઉઠે છે. બિલાડીઓ સાથેની એની સ્મૃતિ એવી દઢ રીતે સંલગ્ન છે, કે, કોઇ બિલાડી તરફ મારાથી ક્રૂર થવાતું નથી. ઉલટ એને કંઈ ને કંઈ આપી, પ્યારથી લાડ લડાવવાથી મારૂં બળતું મન કંઈ શાંત થાય છે. આ વાત એકવાર મેં જાણી, ત્યારથી જ્યારે જ્યારે વધુ પડતી યાદીથી રિબાઉં છું, ત્યારે ત્યારે બિલાડીઓને પંપાળું છું, દૂધ પાઉં છું, ખવરાવું છું અને મારા અંગ પર મારા બાળકોની માફક તેમને કૂદાવું છું.

"હું મૂર્ખ લાગું છું? નથી. હું જાણું છું આ જાનવરોની સાથે એને કંઇજ સંબંધ હોઈ શકે નહિ; તેમજ આ જાનવરોની સાથે એની સ્મૃતિ જડાઈ હોય તો તેનું પણ મૂળ કારણ કોઈ રીતે બુદ્ધિગમ્ય ગણી શકાય નહિ. એ માત્ર એક તરંગ હતો. પણ હજીય બુદ્ધિ મ્હારા પર વિજય મેળવતી નથી, અને હું બિલાડીઓથી ઘેરાતો જઉં છું. ખોરાકની લાલસાએ અને માર નહિ પડે તેવી ખાતરીથી–આ એજ વૃત્તિ તેમનામાં છે. તેઓ મારી આજુબાજુ ઘૂમ્યા કરે છે. હું એમાંથીય છૂટવા માંગું છું, પણ તેમને ધકેલી શકતો નથી; એટલે આ પાળેલી થોડીએક બિલાડીઓની નાની સુંદર પાંજરાપોળ બનાવવા માગું છું.

"તમારા પત્રમાં આ સંબંધી કંઈ લખવાની જરૂર નથી. મારે મારા વર્તનનો કંઈ બચાવ કરવો નથી. બચાવ લેવાનો કોઈને હક્ક હોય, તેમ હું માનતો નથી. હું મારૂં કામ કર્યે જઈશ; તમે તમારૂં."

"આપના દુઃખ માટે મારી ખરેખર સહાનુભૂતિ છે. આપે કહેલી હકીકતનો ઉપયોગ આપની વિરૂદ્ધ જરાય નહિ થાય તે બાબત નિશ્ચિંત રહેશો. સાહેબજી."

મેં ધીમે પગલે એ મકાન છોડ્યું. આંગણામાં પાંચ સાત બિલાડીઓ ઘૂમતી હતી, તે મને જોઈને ભાગવા માંડી, પણ બારણા સુધી જનકરાય આવેલા, તેમને જોતાંજ તમામ એ બાજુ વળી ગઈ. તેમને અને મને ભીની આંખે નીરખતા એ વૃદ્ધ દેહને હું લાંબા વખત સુધી ભૂલી શક્યો ન હતો.

★

સંચાનું ચક્ર

"તમને આરોપીએ થપાટ મારી હતી?"

"આરોપીએ તમને થપાટ મારી હતી?"

"પહેલાં થપાટ મારી કે પહેલાં પૈસા આંચકી લીધા?"

આવા આવા સવાલો સાંભળીને હું થાકી ગયો. સાક્ષી પણ બિચારો ધ્રૂજતો હતો. કેમ જાણે ગુન્હો તેણેજ કર્યો હોય?–ક્યારેક જવાબ આપે, ક્યારેક ન આપે; અને છેવટે તો એ માથે હાથ મુકીને પિંજરામાં નીચે બેસી ગયો.

"ભાઈ સા'બ, મને એવું બધું યાદ નથી." આમ કહી તેણે આંખો મીંચી દીધી.

આરોપીના વકીલે આને પોતાનો વિજય માન્યો; અને ચાર પાંચ રડ્યા ખડ્યાં અર્ધ ઊંઘતા પ્રેક્ષકો સામી ગર્વભરી નજર ફેંકી, બધાનું ધ્યાન પુરેપુરૂં ખેંચવા માટે એમણે મોટેથી ત્રાડ પાડી.

"બોલ, જવાબ આપ, તારે જે કહેવું હોય તે કહે, પણ કોર્ટ સમક્ષ જવાબ તો આપવો જ પડશે. હું નામદાર

કોર્ટને વિનતિ કરૂં છું, કે, મારા સવાલનો જવાબ સાક્ષી આપે તેવો હુકમ થવો જોઈએ."

આરોપી ઉપર, સાક્ષી પર કે વકીલ પર, આ ત્રણમાંથી કોના પર ચિડાવું તે નક્કી નહિ કરી શકવાથી મેં સામાન્ય રીત પ્રમાણે નિર્જીવ વસ્તુ કલમ પર રીસ કરી, તેને જોરથી કાગળ પર ભીંસી.

"બોલ ભાઇ, પહેલાં થપાટ મારીને પછી પૈસા લઇ ગયો, કે પહેલા પૈસા લઈ લીધા અને પછી થપાટ મારી?"

સાક્ષી એટલીજ નિશ્ચલતાથી બેસી રહ્યો; એ પોતેજ ફરિયાદી હતો. શરીરમાંથી ચેતનની સર્વ નિશાનીઓ ખેંચી લેવાયાં છતાં, આગળના બળના ધક્કાને લીધે ટૂંક મુદત સુધી ચાલવું તેવા જડ વસ્તુના નિયમ પ્રમાણે એનું શરીર જીવતું હતું. આખા દેહની ચામડી જે અગાઉ માંસ અને લોહીને તસતસતી મઢાઈ રહેતી હતી, તે આજે કરચલીઓ વાળી થઈ, જુદા જુદા ભાગમાંથી અદ્ધર લટકતી હતી. મોં પર ભય અને દીનતા, વાણીમાં આર્જવ, અવાજમાં કંટાળો, ત્રાસ અને શબ્દોમાં અર્ધ ઘેલછા હતી.

"કેમ જવાબ નથી આપતો?" છેવટે મારે વચ્ચે પુરાવું પડયું.

"આપું છું સા'બ, પણ મને..." આમ કહી તેણે ફરી માથું પિંજરાનાં સળીયા સાથે અડકાવ્યું.

"ઉભો થા. ચાલ." સિપાહીએ તેનું કાંડું પકડયું. કેવું વ્યવસ્થીત અમારૂં તંત્ર છે.! એક ચક્ર ચાલે એટલે બીજું અનિવાર્ય રીતે ચાલવા જ લાગે.

"જલ્દી આપ ત્યારે." મેં કહ્યું.

"મને ફેર ચડે છે." એણે ફરીથી જણાવ્યું.

દારિદ્રય અને નિર્બળતાનાં છેલ્લામાં છેલ્લા ક્રમ સમો આ વૃદ્ધ, સંસાર ચક્રની પદ્ધતિને સહાય રૂપ થવા આવ્યો હતો. સંસારને સતનાં માર્ગ પર દોરવામાં મહત્વનો ભાગ ભજવતી અમારી અદાલતોનાં ન્યાયતોલનનો આધાર, આજનાં એક બનાવ પુરતો એ જે કંઈ બોલી નાખે તેના પર હતો. એ જે પદ્ધતિને મદદ કરી રહ્યો હતો, તેની જ એ કૃતિ હતો. આવી સુંદર કૃતિ છતાંય એ જીવ્યા કરે તો જ અમારી પદ્ધતિ ટકે; માટે પદ્ધતિ એને આવી રીતે જીવવામાં મદદ કરવા માગતી હતી.

એને અર્ધ ઉઘાડી રીતે ઢાંકતા દેહવસ્ત્રની નાનકડી ખિસ્સીમાં રૂ. ત્રણની કિંમતનાં જુદી જુદી ધાતુનાં શિક્કાઓ, એના કબજા માલિકીનાં હતાં. એ શિક્કાનાં કર્કશ ખડખડાટે સામેથી આવતો પથીક આકર્ષાયો અને તેણે નિર્જનતાનો લાભ લઈ માનવ જાતિની મૂળભૂત તમન્ના–શિકારી વૃત્તિને–શાંત કરવા આ રકમ લૂટી લીધી.

આ લૂટને અમે ગુન્હો ગણીએ છીએ. અમારે એ નિર્બળ માણસની માલિકીના સંરક્ષણની બહુ પરવા નથી. અમારે તો માલિકીનાં સમગ્ર સિદ્ધાન્તને રક્ષવો છે. આજે આ લૂટથી કંઈ જગતચક્રમાં ઉથલપાથલ નથી થતી; પણ એ લૂટથી જે ક્રમ ઉથલાવાય છે, તે ક્રમમાં અમારા સિહાસનો ગોઠવાયેલા છે. આથી નીતિ અને ન્યાયની સહાનુભૂતિ, ઈશ્વર અને ધર્મ તરફની લાલચ અને અમારૂં બળ, એ વિરોધ સામે એકત્ર કોલાહોલ કરી રહે છે.

પણ મને આજે રીસ ચડી હતી. કોઈ પણ જાતનાં બુદ્ધિપૂર્વકનાં હેતુ વિના વકીલને આવા સવાલો પૂછવા હતા અને કોઈ પણ જાતની જ્ઞાનપૂર્વકની સમજણ વિના સાક્ષીને જવાબ આપવા હતા. સાક્ષી કેવળ અણસમજથી જવાબ આપે છે એમ જાણતા છતાં વકીલને એ જવાબોથી મગરૂર થવું હતું; અને એ જવાબોથી આરો-

પીને કંઈ પણ લાભ થવાની સંભાવના નહિ છતાં મારે એને છોડી દેવો એવી તેની ઇચ્છા હતી.

એ ક્રમ લાંબો વખત ચાલ્યો. બીજા સાક્ષીઓ આવ્યા. તેમની પણ તપાસ થઈ. વકીલોની દરમ્યાન દલિલો થઈ. બેય પક્ષ વચ્ચે ખોટા ખોટી શબ્દ લડાઈઓ પણ થઈ. ઊંઘતા પ્રેક્ષકો જાગ્યા અને છેવટે તો તેમણે પણ આ એકની એક નીરસ લીલા જોવામાં વધુ કાળક્ષેપ કરવો યોગ્ય નહિ ધાર્યો. લાંબે કાળે આ કામ પુરૂં થયું. મેં આરોપીને બોલાવ્યો.

એ પિંજરામાં આવ્યો ત્યારે પહેલીજવાર મેં એની સામે જોયું. સત્વશીલ શરીર અને મોં પર દબાવેલી ખંધાઈ, એનો ગુન્હો હઝાર બોલથી જણાવી રહ્યાં હતાં. એના આખા દેખાવમાં, ગતિમાં, એ બોલ્યો એમાં જેને અમે ગુન્હાઈત માનવતા તરીકે ઓળખાવીયે છીએ, તે વસ્તુ સ્પષ્ટ થતી હતી. કોઈ પણ પ્રકારનાં ક્ષોભ વિના, કોઈ પણ જાતની ચિંતા વિના, કોઈ પણ જાતનાં ઉકળાટ વિના એણે મારી સામે આવી જોયું.

એ મારી પદ્ધતિનો પરિપાક ન હતો. એણે અમારો નિયમ તોડયો હતો. અમારી વ્યવસ્થાનાં તંત્ર બહાર નીકળતાં છતાં, તંત્રની અંદર રહીને એને જીવવું હતું. એ અમારા તંત્રની પેદાશ નહિ છતાં એને તંત્રની સહાય જોઈતી હતી. એ એને શી રીતે મળે? અમારૂં તંત્ર તો અમારા રક્ષણ માટે છે અને અમારૂં ઉત્પાદન ગણાવું હોય તેણે સર્વદા દૂર્બળ, થરથરતા, બીતા અને બેસી જતા રહેવું ઘટે છે. 'પોતાની કમાણી', એવી ભાવના જેણે જાળવવી હોય અને એમાંથી ઉદ્ભવતી સગવડો ભોગવવી હોય, તેણે એ કમાણી જાળવી રાખવાની અશક્તિ કેળવવી પડે છે. એ અમારા તંત્રમાં વસાવવાની લાયકાત છે. ન સચવાય એટલું જ માત્ર નહિં એ વિષે છૂટથી બોલી પણ ન શકે, તે અમારા રક્ષણનો વધુ અધિકારી છે.

આરોપીને પૂછેલા સવાલના જવાબમાં, તેણે આ વૃદ્ધને ઓળખતો હોવાની વાત પણ ઇન્કાર કરી. પણ એની સામે પુરાવો મજબુત હતો. હું એને શી રીતે છોડી શકું ? અમારી રીત જ એવી છે, કે, જેમાં આવા બનાવોની સંભવિતતા વધતી જાય. માલિકી હક્ક સ્વભાવથી જ લલચાવનારો છે. જો એ લાલચના આવા ક્ષુદ્ર ભોગને અમે જવા દઈએ તો આવતી કાલે સમગ્ર જગત તેને સદંતર ભાંગી નાખે.

"તેં...પ્રમાણે ગુન્હો કર્યો છે ?"

"ના. સાહેબ" આરોપીએ જવાબ આપ્યો.

"તારે બીજું કંઈ કહેવું છે ?"

"ના સાહેબ"

"બચાવનો પુરાવો આપવો છે ?"

"સાહેબ..." અને તેણે લુચ્ચાઈથી મારી નજર ચૂકાવવાનો પ્રયાસ કરી તેના વકીલ તરફ જોયું. નિષ્પાપ ઓલીયાની ઢબે યુગજુની પુણ્યરેખાઓ મુખપર લાવીને બેઠેલા એ ગૃહસ્થે માથું ધૂણાવ્યું. આ લોકો શું એમજ સમજતા હશે, કે, અમને કંઈ ખબર જ નહિ પડતી હોય ? અમે એ જરૂર ન ચલાવી લઈએ. પણ અમારે તો તંત્ર ચલાવવું છે. અમારા દૂર્ગભોને, માનવખોખાંને રક્ષવા છે. રક્ષણ ન આપીએ તો બીજાં માનવખોખાંમાં પ્રાણસંચાર થાય, એટલે ન છૂટકે આ ચલાવી લેવું પડે. બીજું શું ?

"સાહેબ. ના."

"ચાલો ત્યારે હવે તમારે શું કહેવાનું છે ?" મેં વકીલો સામે જોઈને કહ્યું.

—અને એક ગૃહસ્થે ઉભા થઈ આખા બનાવનો અર્ધો ભાગ

વર્ણવી બતાવ્યો; તેમાં આવતા માણસોનાં નામઠામ, પણ હું સમજી લઈશ એમ માની વર્ણવવા બાકી રાખ્યા નહિં. એનું કહેવું પૂરૂ થતાં બીજાએ બાકીનો અર્ધો ભાગ વર્ણવી બતાવ્યો. તેમાં પ્રથમ એ કહેવાયું, કે, આરોપી તે વખતે ત્યાં હતો જ નહિં. આ નકારાત્મક કથન પછી આરોપી અમુક બીજે સ્થળે હતો તેવું હકારાત્મક કહેવાયું. એ સાબીત ન થાય તો આ સિવાય બીજે કાંઈ પણ સ્થળે, કોર્ટની ઇચ્છામાં આવે તે સ્થળે હતો તેમ માનવા વિનતિ થઈ. એમ પણ જો હું ન માનું, તો પણ આરોપીએ ત્યાં લાત મારીને પૈસા આંચકી લીધા એવું તો મારે ન જ માનવું, એમ ભાર દઈને કહેવામાં આવ્યું. આરોપીને પૈસા લઈને ભાગી જવું હોય, તો એ લાત મારવા શા માટે રોકાય; અગર તો એને લાત મારવી જ હોય તો પૈસા આંચકવાથી લાત મારવામાં કોઈપણ જાતની વધુ સગવડતા તો મળતી જ નથી. ફરિયાદીના બાપદાદાઓ આરોપીનાં બાપદાદાઓ સાથે કોઈ વાર એક પંગતે જમ્યાનો પુરાવો રજુ થયો નથી; માટે એ બન્ને વચ્ચે અદાવત છે, એવું સિદ્ધ થાય છે. એટલે આ અદાવતનાં કારણથી જ ખોટી ફરિયાદ થઈ હોય તેમ સંભવે છે. છેવટ આ નજીવો અને પહેલીવારનો ગુન્હો છે, માટે ઓછામાં ઓછી સજા થવી જોઈએ.

આવા ભલા માણસો કંઈ જ સમજતા નથી હોતા. જે આખુંય તંત્ર સાચવવાની સહુ માનવીની એક સમાટી જવાબદારી છે, તેના જ નાશમાં એ સહાય કરવા માગે છે. આવું પ્રચંડ શરીર, આવી નિશ્ચીંત બેપરવાઈ, આટલો શાસનનો તુચ્છકાર, આટલી ભયંકર સાહસિકતા આ બધું, આ આરોપીનાં સ્વરૂપે સમાજમાં છૂટું ફરે તો આખી વ્યવસ્થા છિન્નભિન્ન થઇ જાય. આપણે તો જોઈએ, અશકતો, નિરાધારો: બોલતા ધ્રૂજે, અને સામુ જોતા બીયે તેવા સર્વ શ્રેષ્ઠ નાગરિકો; એવું જો ન હોય તો આપણું દયાનું તત્ત્વજ્ઞાન નિરર્થક જાય; દૂર્બળ અને નિઃસત્ત્વ બનવામાં મોજ અને મોહ છે, તેવી કેળવણી આખી વ્યર્થ જાય.

"તમને હું બે માસની સખત કેદની સજા કરૂં છું" મેં આરોપી સામે જોઈને કહ્યું. બન્ને વકીલોએ છૂટકારનો દમ ખેંચ્યો.

પોલીસે આરોપીના શરીરનો કબજો લીધો. માનવ જાત જો માલિકીના તત્ત્વજ્ઞાનથી મુક્ત હોય તો, જેને માટે મગરૂર બની શકે તેવો સ્વચ્છંદ વાસનાવાળો દેહ બે માસને માટે જેલના સળીયા પાછળ પૂરાઈ ગયો. એ ગમે તેવો હો, પણ આજની આંટીઘૂંટીમાં તેને સ્થાન નથી. માણસના નામે આજ સુધીની પ્રગતિને લજાવે તેવા જ પ્રાણીઓ અમારે જોઈએ.

શા માટે મેં એને સજા કરી એમ પૂછો છો? એની સામે પુરાવો હતો એટલો જ એની તરફેણમાં પણ હતો, પણ સૃષ્ટિની કોઈ પણ પ્રાણિ જાતે ન સર્જ્યું હોય તેવું બુદ્ધિમાન યંત્ર માનવ જાતિએ સર્જાવ્યું છે. એ યંત્રનું હું પણ એક ચક્ર છું. એ ચક્ર ચાલે છે તો ગોઠવણીને આધારે જ, પણ એમાં તૈલ સિંચન નીતિ અને ધર્મ કરી રહ્યાં છે. મારૂં ચક્રત્વ પણ હું એ યંત્રની જ ઉપજ હું છું એને આધારે છે. મને મારા રક્ષણની પણ એટલી જ પરવા છે, જેટલી મારા અસ્તિત્વની હોય. આ બંન્નેના સંરક્ષણ માટે હું આથી જુદું બીજું શું કરી શકું? અમને પ્રચલિત પદ્ધતિનાં અનુયાયીઓને એમ શીખવવામાં આવે છે, કે, એમ કરવું એ અમારી ફરજ છે. સાચે સાચ તો એ ફરજ નથી, અમારી સ્વાભાવિક જરૂરીયાત છે, જેમ દેહ ટકાવવા ખોરાકની જરૂરીયાત છે તેમ. હું એટલો જ નિર્બળ છું, કે, જેટલો આ જવાબ આપતા થરથરતો દરિદ્રી ખેડુ છે. એ સૌના નિર્બળપણાં ઉપર જ કોઈકને વૈભવ ભોગવવા છે. એઓની સામે કોઈ પણ ન થઈ શકે, માટે તેણે અમારા સૌના સંગઠનમાંથી એવું સંચા કામ તૈયાર કર્યું છે, કે, જેની ભીંસમાં આવનાર કોઈ પણ માણુસ ફના થઈ જાય. એ માણુસને વૈભવ-પહાડની ટોચ ઉપર વિરાજનારાઓ સુધી પહોંચવાની તક જ ન રહે.

લૂટનાર નિર્બળ છે; એને નજરે જોનાર નિર્બળ છે; એનો ન્યાય તોળનાર નિર્બળ છે; એમાં સહાયભૂત થનાર સૌ નિર્બળ છે. સબળ તો છે માત્ર આ નિર્બળોને ગોઠવનારાઓ અને તેમાં ન સમાનારાઓ. સાચું યુદ્ધ એ બે વચ્ચે જ ચાલે છે; અમે તો છીએ માત્ર પ્યાદાંઓ.

"બાપુજી, બાપુજી" કહીને આજે સવારે જ ગળે વળગી પડેલો મારો સુકુમાર પુત્ર મને યાદ આવ્યો. એવો જ કોઈ મેલો ઘેલો પુત્ર આ આરોપીની છાપ પામનારને પણ હશે?

"જો. જો. તારા બાપુજીને મેં કેદમાં પૂરી દીધા" આમ મધુરીએ કહેલું તે બધું જ દૃશ્ય—મધુરીના સુંવાળા હાથોનું મારા હાથ પરનું બંધન અને એ સાથે પોતાના દેહનાં ઉત્કેરક દબાણથી મારા શરીરને ભીંત સાથે જોરથી ભીંસવાની તેની ક્રિયા—આ બધુ જ મારી સામે તરવરી ઉઠયું.

"મારા બાપુજીને કોણ કેદમાં પૂરી શકે તેમ છે? એ બીજાને પૂરે તેવા છે."

બેટાને મન બપની બહાદુરીની આ અદ્ભુત કથા હતી. બાપની કઈ તાકાત પર બેટો આ રીતે આફ્રીન હશે? સલામત રીતે જુનવાણી સંચામાં ગોઠવાઈ જવાની?

પણ અમારે તો વ્યવસ્થા જાળવી—ન્યાય તોળવો—છે. અમને આવા વિચારો ન પાલવે. અમારે તો તંત્ર નિભાવવું છે.

એકદમ ઘરઘરાટ સાંભળી મને સાચે જ થયું, કે, પાછું એ યંત્ર ચાલુ થયું છે. મેં ચમકીને ઉંચું જોયું. શાંતિથી હાથમાં દોરી થોભી ઉભા રહેલા પટાવાળાએ અચાનક જ઼રથી પંખો ચલાવ્યો હતો: અને કોર્ટનું કામકાજ આગળ ચાલ્યું.

★

આખર...

સૌ.........

મને લાગે છે, કે, મારા અને તારા સંબંધને દર્શાવતા બીજા કોઈ પણ સંબોધન કરતાં, આ સાદું પણ મારી સાથેનાં સંબંધથી સ્વતંત્ર એવું સંબોધન તને રુચશે. તેંજ એકવાર કહ્યું હતું, કે, સ્ત્રી સંસ્કારી અને સુરૂપા હોય તો એ સૌભાગ્યવતી જ છે! સોહાગ અને પત્નીત્વને કોઈપણ પ્રકારનો તર્કસિદ્ધ સંબંધ નથી. આ તારૂં કથન મને તે દિવસે પણ માફક આવેલું; અને આજે પણ એથી વિરૂદ્ધ ઉચ્ચારવાની કે વિચારવાની જરૂર નહિં હોવાથી, એ સ્વીકારીને જ ચાલું છે.

હું જાઉં છું; અને જતી વખતે આજે લખાતી થોકબંધ વાર્તાનાં એક પાત્રને છાજે એ રીતે નાટકી ઢબે આ પત્ર લખાતો જાઉં છું. આપણું સહજીવન પણ એક વાર્તા સમું જ આપણે આજદિન સુધી વિતાવ્યું હતું. આપણા એ જીવનપરના કૃત્રિમ લપેડા—જેને આપણે ઘણીવાર 'મેક-અપ' માનતા—તે આપણે વાર્તાઓનાં અરીસાની સામે જ

 ઉભા રહીને કરેલા છે; એટલે એનો અંત પણ એજ રીતે

આવે એ મને ઇષ્ટ લાગે છે. તે દહાડો એ કૃત્રિમ નહોતું લાગતું; આજે પણ સાંકળબદ્ધ પ્રસંગો પર નજર ફેરવતા માણસોને એ કૃત્રિમ નહિ લાગે; એટલે આ કાગળ લખવામાં હું જરાય ખોટું નથી કરતો.

હું જાણું છું, મારા પર વાગ્બાણોનો ઝડી વર્ષશે. એક નિરપરાધી નારીને આ રીતે છેહ દેવાનો મને શો હક્ક છે, એમ પૂછવામાં આવશે. સ્વેચ્છાથી, પ્રેમનાં એકજ આર્જક તંતુથી દોરવાઈ જીવન પ્રવાહનો પોતાની મેળે જ સંગમ થવા દેવો, એવા સ્વર્ગીય સ્પપ્નાની આશા આપી, પછીથી એ સ્ત્રીને તજી દેવાનાં અપરાધ માટે આકરામાં આકરી સજા મારે ખમવી પડશે, તે પણ હું સારી રીતે જાણું છું: પરંતુ મારે મારા પગલાનું સમર્થન નથી કરવું. મારૂં પગલું હું હક્ક પૂર્વક ભરતો જ નથી? વળી મારા તજી દેવાથી તું કેવળ નિઃસહાય થઈ જઈશ, એમ કહી કોઈ તારી દયા ખાતું હોય, તો એ પામર જીવની જ મને તો દયા આવે. તું સબળ છો; તારો જીવન-નિર્વાહ રળી લેવાને કે તારી જાતનું સંરક્ષણ કરવાને અગર પુરુષનાં સાહચર્ય વિના જીવવાને કે ફરીથી ગમતા પુરુષનાં સાહચર્યને સ્વીકારી લેવાને પુરેપુરી હિંમત તારામાં છે. આથી જુઠા લાગણીવેડા કે ખોટાં આંસુવર્ષણથી આપણાં આ વિયોગની વાતને કોઈ કરુણ બનાવવા પ્રયાસ કરે, તો સૌથી પ્રથમ તો તને જ હસવું આવશે. આપણે બન્ને તો આ પ્રસંગને આવા કોઈપણ તર્કદોષથી દૂષીત થવા નથી દેવાનાં, એની મને ખાત્રી છે.

આપણે 'પ્રેમ'થી ખેંચાયા હતા. આજે હું જીવન વૃત્તિને તાબે થઈ તારાથી દૂર થાઉં છું. 'પ્રેમ' પર બળાત્કાર થઈ શકતો નથી, એવું આપણે એક જ શાળામાં શીખેલા, આખર એ 'પ્રેમ' પણ શું છે? આજને તબક્કે એને હું શું માનું છું, તે કહેવા કરતાં આપણે બન્ને જયારે 'પ્રેમ'માં તરબોળ હતા, ત્યારે એને શું સમજ્યાં હતા એજ વધારે મહત્વનું છે. અને તે 'જીવનવૃત્તિનું પ્રબળ તમ સ્વરૂપ;

જો એના પર બળાત્કાર ન થઈ શકે, તો પછી કોઈપણ જીવન વૃત્તિ ઉપર પણ શા માટે થઈ શકે ? એટલેજ, આજે એવી જીવન લાલસાને આધીન બની હું દૂરદૂર ઉતરી જઉં છું. તું સુખી હો—એવો આશીર્વાદ પણ આપી દઉં.

આપણાં લગ્ન નિષ્ફળ નીવડયાં છે, એમ કહેતા મને જરાય સંકોચ નથી થતો. ગઈ પરમ દિવસ રાત્રીના મેં જ્યારે તને મારા મોડા આવવા બાબત ખુલાસો કર્યો, ત્યારે તેં ઉચારેલા શબ્દ મને બરોબર યાદ છે. તેં એમજ કહેલું ને કે, " આપણા સ્વભાવમાં જરાય સામ્ય નથી ? " ખરેખર આટલી બધી સરળતાથી હું આ ભાવ મૂકીજ ન શકત. મને પણ કંઈકિ વિશેષતઃ ગુંચવણ—અગવડતા ઘણાં વખતથી લાગતાં હતાં, તેં થોડાજ શબ્દોમાં મારા ભાવને પણ ચિતરી બતાવ્યો. સત્યની પ્રતિતિ તમો સ્ત્રીઓને આટલી સત્વરે અને આટલી સંપૂર્ણતાથી થાય છે, એવો મારો તો અનુભવજ થઇ ચૂકયો છે.

આવતી કાલે પ્રસિદ્ધ થનારા જાહેર પત્રોમાં મને મળનારા ફિટકારની મને પરવા નથી. હું જાણું છું, કે તારૂં અંતર મને ફિટકાર નહિં આપે. તું મારા ભાગી જવાથી છૂટકારાનો દમ ખેંચીશ,—અને એજ મારે મન પુરેપુરૂં આશ્વાસન છે. ફિટકાર સાંભળીને તો ઉલટું રાચવાનો મને અભ્યાસ પડી ગયો છે. જ્યારે પિતાએ વળગાડેલી પરણેતરને છોડીને નાઠો, ત્યારે કુટુંબીઓએ ફિટકાર કરવામાં કાંઈ બાકી નથી રાખી. તારી સાથે ' પ્રેમ ' બાંધી તને ભોળવી—તારાજ કુટુંબીઓનો શબ્દ વાપરૂં તો—ત્યારે એ લોકોએ ફિટકારવામાં બાકી નહોતી રાખી. આપણે પરણ્યા ત્યારે તો સુધારકો અને સનાતનીઓ બંન્નેએ આ સામાન્ય દુશ્મનને વગોવવામાં ધન્યતા માની હતી. મારી પરણેતર મરી ગઈ, ત્યારે આ બધાજ લોકોએ ભેગા થઇ મને ભાંડયો હતો; આજે પણ બધા એકત્ર થઇ ભાંડશે. ભલે ભાંડે. તે દિવસે તેં ઉપજાવેલું સૂત્ર આજે પણ આશરો આપી રહ્યું છેઃ " વૃત્તિ પર બળાત્કાર હોય નહિ. "

જીવન એટલે કેન્દ્રીભૂત ચેતનનો પ્રવાહ. એ પ્રવાહને જે લક્ષ્ય પર નઝર સાંધી વહેતો મૂકવામાં આવે તે લક્ષ્ય પર એ પહોચે કે ન પહોચે, તેના પર સફળતા નિષ્ફળતાની આંકણીનો આધાર. આજે આપણું–એટલે આપણાં સમાજનું–જુવાન માનસ લગ્ન વૃત્તિ પરજ લક્ષ્ય સાધી રહ્યું છે. જુવાન વયમાંથી જ કેટલાકને કમાવાની ચિન્તા નથી; કેટલાકને કમાણી મળતી નથી. કમાતા શીખતા અગાઉ સૌને અભ્યાસનાં થોડાએક વર્ષ બે–લગામ જીવનવૃત્તિને ખેલવો, સ્વપ્નનાં પ્રદેશમાં દોડાવવાનો અવકાશ રહેછે. સામાજીક પ્રતિષ્ઠાને આપણાજ જાહેર આગેવાનોએ ઉંચા સ્થાન પરથી હેઠી પાડી હોવાથી એની પાછળ દોડવાનો જુવાનને જરાય મોહ થતો નથી. બીજી કંઈ પ્રવૃત્તિ નથીઃ એટલે સહેજે 'પ્રેમ'નાં સુકુમાર આકર્ષક તાંતણા પર નાચવું સૌને ઠીક પડે છે. જીવન સફળ થયું કે નિષ્ફળ, તેની આંકણી આજે પુરુષને કેવી સ્ત્રી મળે છે, તે હકીકત પરજ મંડાય છે. સ્ત્રીને માટે તો મૂળથીજ તેમ હતું, એટલે બન્ને સમાનધર્મી બની ગયા છે.

માબાપે શોધી આપેલી સ્ત્રી સાથે ઘણાંને જીવન મેળ મળતો નથી. બીજા કોઇ યુગમાં તો આવું સંભવિત ન બનત; છતાંય આવો દૂર્મેળ હોત તો પણ તેને જરા આઘો ખસેડી પુરુષ આગળ ધપતો હોત; પણ આજે તો એ રસ્તેજ એને જવું છે, એટલે આવું દૂર્મેળ તો જીવનનું મુખ્ય આલંબન થઈ જાય છે. હવે આ દૂર્મેળ માટે માબાપો કોઇપણ રીતે જવાબદાર નથી. સારો કે અ–સારો પણ મેળ એતો કેવળ અકસ્માત છે; અગર તો ઘણે અંશે સુમેળ એ પ્રયત્નપૂર્વક સાધવાની વસ્તુ છે; પણ આપણા જુવાન માનસને મેં અગાઉ જણાવ્યું તેમ સ્વપ્ન પ્રદેશમાં દોડવું છે; ખંતથી ચણતર કરવું નથી. વૈભવની ટોચે જન્મવાની તમન્ના છે; મહેનતથી ડુંગરાળ ભૂમિ પર ચડવું નથી; એટલે આકસ્મિક યોગજ જીવન સુકાની બને છે. વળી માબાપે ઓળખેલી વધૂ સાથે દૂર્મેળના કેટલાંક બાહ્ય ચિન્હો દેખાય છે, જો કે સુમેળ અને તેમાંય વિજાતિય સુમેળ સાધવાની સાચી

આરોગ્યવાન ભૂખ આગળ આ બાહ્ય ચિન્હોની જરાય કિંમત નથી, પણ મેં કહ્યું, તે ફરીથી કહું, તો સાચી ભૂખ પણ લાગે તેવું રહ્યું નથી.

આવાજ દુર્મેળનો હું ભોગ થઈ પડયો હતો, તે કાળે આપણે મળ્યાં. હવે હું બરોબર સમજી શકું છું, કે માબાપે પરણાવેલ છોકરી સાથે નવા જમાનાનાં જુવાનથી પ્યાર ન થઇ શકે, તેવા સિદ્ધાંતનોજ હું ભોગ થઇ પડેલો અને તેમાં મારી સ્વતંત્ર શોધખોળમાં જે કોઈ પણ નારી પહેલી અથડાય તેની સાથે 'પ્રેમ'માં પડી જવા હું તૈયાર હતો. તું મળી એ તો અકસ્માત છે. તારે બદલે ગમે તે હોત તોપણ મારો પ્રેમ તો એટલોજ ઉત્કટ બની તેની આજુ બાજુ વીંટાઇ જાત. સંસારમાં છોકરીઓ કંઈ ઠેરઠેર રખડતી પણ નથી; એટલે ગમે તેને મેળવવી હોય, તોપણ મેળવવા કંઇક તો મથામણ કરવીજ પડે ને ? એ મથામણો તારે માટે પણ મેં કરી; આથી તો આપણો 'પ્રેમ' અદ્ભુત હતો એમ પણ સિદ્ધ થઈ ગયું. સ્ત્રી–પુરુષનાં સાંસારિક જોડાણમાં–લગ્નમાં 'પ્રેમ' એજ મુખ્ય કારણ હોવું જોઈએ, એમ આપણે માનતા. આજે જે અર્થમાં હું 'પ્રેમ'ને સમજી રહ્યો છું, તે અર્થમાં 'પ્રેમ'નો સહજ અંશ પણ હોય, ત્યાં સુધી સાંસારીક રીતે સ્ત્રી પુરુષે જોડાવું નહિં, એમ હું માનવા લાગી ગયો છું. સાંસારિક જોડાણનાં કારણો સાંસારિક રહે એજ ઇષ્ટ છે; સ્વપ્ન અને સંસારને કદી મેળ ખાવાનો નથી. 'પ્રેમ' પુરેપુરો વપરાઈ જાય, થાકીને–ખર્ચાઇને અદ્રશ્ય બની જાય, ત્યારે સ્ત્રી અને પુરુષે બીજાં સાંસારિક કારણો હોય તો પરણવું, એવો મારો મત હું હિંમતભેર જાહેર કરૂં છું.

આ રીત તો જ્યાં સ્ત્રી પુરુષો સ્વેચ્છાથી પરણે છે ત્યાં માન્ય રાખવાની છે. જ્યાં તેમને પરાધીન બનાવી પરણાવવામાં આવે છે. ત્યાં તો આટલીય મહેનત નથી કરવી પડતી. જેમ પરાધીન રીતે માબાપ પરણાવે, ત્યાં પરસ્પર અનુકૂળ થઈ જવાની રીત આપોઆપ

ઘણા સ્વીકારે છે, તેમ ‘ પ્રેમ ’ કરીને સ્વેચ્છાથી પરણેલા પણ પાછળથી અનુકૂલ થવાનું કબૂલી લઇ સુખી થાય છેઃ પરિણામે આમ જો કરવામાં આવે તો બંને રીતનાં લગ્નો સરાસરી સંખ્યામાં સુખરૂપ થઈ શકે છે. મૂળ જેને વિરોધ કરવો હોય તે બંધન માત્રનો કરે, તો મને માન્ય છે; એક સ્ત્રીનાં એક પુરુષ સાથેનાં જીવનભરનાં જોડાણનેજ અનિષ્ટ ગણી દૂર કરવા જે મથે એની દલિલ હું સ્વીકારૂં નહિં, તો પણ સમજી તો અવશ્ય શકું: પરંતુ લગ્નનાં બંધન સ્વીકારી લીધા પછી, અમુક રીતે લગ્ન થવાથીજ સુખી થવાય, એવો આગ્રહ કરવાની બુદ્ધિ માટે મને માન પેદા નથી થતું.

જીવનમાં પ્રથમજ ઉદ્ભવતો વિજાતિય સંસર્ગનો આવેગ પોતે જાતેજ અદ્ભુત છે; એટલો બધો, કે નઝરની મર્યાદામાં સમાનાર તમામને એ અદ્ભુત બનાવી દે છે. આપણે બન્ને મળ્યા, ત્યારે આપણે એ આવેગ ભોગવતા હતા; એટલે એક બીજા એક બીજાને ખૂબ સુંદર અને પ્રિય લાગતા હતા. કાળનાં ઘસારાથી આવેગ ખરી પડયો અને જીવનવેગને માત્ર આલ્હાદને ખાતર ખર્ચાઇ જવા દેવાને બદલે બીજા પ્રાકૃતિક બળો સાથે ઘર્ષણમાં મૂકવો પડે, તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ; એ વખતે આપણે બન્ને એક બીજાને સાચા રૂપમાં જોવા લાગ્યા; હવે આ રીતે આપણે જેવા હતા તેવા લાગ્યા, એટલે આપણાં વચ્ચેનું જોડાણ પ્રારબ્ધનાં લેખ સમુ અગમ્ય કે અફર છે, એવી ભાવના આપણા મનમાં હોત, તો પરસ્પરની ખામી તરફ વધુ લક્ષ્ય નહિં આપતા, આ સંબંધ બાંધવામાં આપણો હાથ નથી અને હવે તે તૂટી શકે તેમ પણ નથી તેમ ગણી નિરૂપાય બનતઃ જે ફેરવાય નહિં તે સહેવાય તો ખરૂંજ, એ ન્યાયે કદાચ એકબીજાને અનુકૂળ થવા પ્રયાસ પણ કરત.

—પણ કમભાગ્યે આપણે તો ‘ પ્રેમ ’ લગ્ન કરી પરણ્યા હતા. આપણા જોડાણ માટે આપણે જ જવાબદાર હતા; એટલે વિધિનાં સોગઠાં બનવામાં એક પ્રકારની પરાવલંબી સ્વસ્થતા હોય છે, તે

આપણને મળી નહિ; તેજ પ્રમાણે આપણે તો જે કાયદો છૂટાછેડા આપી શકે છે, તેનો આશ્રય લઇ પતિપત્ની બનેલા; જે ધર્મ નિરં-તરીની—જીવનભરની હીરગાંઠ વાળી આપે છે, તેનો આશ્રય લઈને નહિં; એટલે આપણો સંબંધ તૂટી શકે છે, એવી શકયતાનો ખ્યાલ એને તોડવા તરફજ આપણને પ્રેર્યા કરતો હતો: એ કારણથી આપણે સંબંધનો અંત લાવવાની અનુકૂળતા મેળવવા ખામીઓ તરફ વધારે લક્ષ્ય આપવા લાગ્યા: પરિણામે તું મને દુઃસહ થઈ પડી; હું તને દુઃસહ થઈ પડયો. છેવટ તેં સત્ય ઉચ્ચાર્યું " આપણાં માનસમાં સામ્ય નથી, આપણે એક બીજા માટે સર્જાયા નથી."

પછી શા માટે આ જોડાણને ખેંચ્યાજ કરવું ? નિભાવવાનો આખો ખ્યાલજ જૂનવાણી છે; એમ તેં મને નહોતું શીખવ્યું. જ્યારે મેં મારી પરણેતર નર્મદાને તજી તે વખતે ? આજે તારૂં એ શિક્ષણ તારા માટે, ખરૂં કહું તો તારા હિતનેજ માટે અમલમાં મૂકું તો શી હરકત છે ?

કેવા કેવા પ્રસંગોએ તેજસ્વી પ્રકાશ ફેંકી આપણને પરસ્પર વ્યક્ત કર્યાં છે ? ગૂંચવાયેલા જીવનગુચ્છની ઝીણી ઝીણી ગૂંચવણો આમ એકત્ર કરીને કાગળ પર ગોઠવી શકાતી હોય, તો તો એ ગૂંચ ઉકેલી પણ શકાત નહિં ! એની ગાંઠ કયા પડી છે; કયા સૂત્રને બ્હાર નીક-ળતાં કયું સૂત્ર અટકાવે છે, એનું ધ્યાન હોય તો તો એ ગાંઠ ટકીજ શાની શકે ? વાર્તાકારો જેવી કલ્પે છે, તેવી જીંદગી સરળ નથી હોતી. પણ આપણે તો મેં કહ્યું, તેમ વાર્તાના પાત્રો રૂપેજ જીવ્યા છીએ: એટલે આપણા જીવન સંસારની વિષમતા પણ વાર્તામાં શોભે, તથા જીવનનાં શાસ્ત્રીય અભ્યાસીને સર્વ સામાન્ય ગણાય, એવી રીતેજ મૂકું. તને કપડાં ઘરેણાં ચડાવી ઠઠેરો કરવાનો જે દિન શોખ થઈ આવતો તે દિન હું સાદાઈ ઉપર તેને ભાષણ આપવા મંડી જતો હોઈશ. સાદાઇ તરફના મારા પ્રેમ માટે નહિં—તું બરોબર નથી સમજતી

એવું દર્શાવવા માટેજ; હું રેશમી ખમીસ પહેરી કોઈવાર ફરતો હોઈશ, ત્યારે તેં રેશમને વિલાસોત્તેજક વસ્તુ તરીકે નિંદી હશે. રેશમ તરફનાં તિરસ્કાર માટે, કે વિલાસ તરફની અરુચી માટે નહિં, મારી ભૂલ કાઢવા માટે. મને ખાવાની ઇચ્છા હોય, ત્યારે તું ઉપવાસની ફિલસુફી હાંકે, કે મને ઊંઘવાની તલપ હોય, ત્યારે તું દિલરૂબા લઈ સંગીત છેડે; મને રાત્રીનાં વાંચવાની ઇચ્છા જાગતી, ત્યારે તારા પોપચાં પર ઊંઘ ઉતરી પડતી; મને ખુલ્લી બારીમાંથી ચાંદનીનો સ્વાદ લેવા હોંશ થાય ત્યારે, શરદીની ધાસ્તી તારી છાતી પર ચડી બેસતી.

તું તો જરૂર જાણી ગઈ હોઇશ, કે આ વાતો સામાન્ય સમજની છેઃ સીધી લીટીની છેઃ વસ્તુતઃ તો આપણો સંબંધ આથી તો ઘણો સંકુલ, બુદ્ધિ કે તર્કને દૂર્ગમ્ય, અને જટિલ બનતો જતો હતો. આપણે બંને સમજ્યે, અણસમજ્યે પણ ચિરવિરોધની અનુલ્લંઘનીય ખાઈ ખોદે જતા હતા. એક કાળે તારી 'હા'માં મારી 'હા' જ ભળતી; હવે આપણી 'હા' 'ના' સામે જ ગમે તેમ અથડાઈ છે.

આપણા જીવન પરથી તો મને એક બીજો સિદ્ધાંત પણ સુઝી આવે છે. બે સ્વતંત્ર માનવીઓ આજની વ્યક્તિ લક્ષી અર્થ રચનાવાળા સમાજમાં સાથે રહી ન શકે. અલબત્ત! મારા અને તારા ખોરાકની તથા બીજી જરૂરી સગવડોની વ્યવસ્થા કોઈ ત્રીજું જ કરતું હોય, તો આપણે બંને પરસ્પર સ્વભાવનાં મેળ કે દૂર્મેળ સંબંધી વધુ ગડભાંજ કર્યા વિનાં ઘરમાં પડયા રહીએ; પરંતુ જો ઘર આપણું 'સંયુક્ત' હોય અને આપણે બંનેએ જુદા પ્રકારનો શ્રમ કરવાનો હોય તો શ્રમનું માપ કરવામાં મુશ્કેલ પડે; અને તેમાંય વળી 'સમાન હક્ક'નું લફરૂં ઉભું કરીએ, તો આપણો બન્નેનો શ્રમ વત્તો ઓછો નહિં હોવો જોઈએ, એમ પણ આપણે માન્યા કરીએ; એટલુંજ નહિં એકવાર આમ વિચાર કરતા થઈ જઈએ પછી, હંમેશાં ગૃહ-

સંચાલનમાં પોતાનો શ્રમ વધારે છે, એમ પણ આપણને દરેકને લાગ્યા કરે. તારા તરફથી મળતી બીજી સગવડતા એ તો મારો 'હક્ક' છે, એમ હું માનું અને હું શ્રમ કરી કમાતો હોઉં, તે તારા રસોડાની અન્નઉત્પાદક ઓછી કિંમતની મજૂરી સાથે સરખાવું એટલે મને એમજ લાગે કે, જાણે સ્ત્રીત્વની મુડીનાં સ્વામીત્વ પર જોર કરી તું મારૂં શોષણ કરી રહી છે. આવું છતાં તું 'સમાન હક્ક'ની વાત કરે, ત્યારે એમ પણ લાગે કે આ શોષણ—લગ્નની પવિત્ર વેદિ પર પુણ્યવંતુ સમર્પણ તો નથી જ; તું જૂનવાણી બૈરીની માફક મારામાં લુપ્ત થઈ જતી હોય, તો મારા શ્રમથી છેવટ કંઇ નહિં, તો મારૂં પૌરુષભર્યું 'અહં' તો સંતોષાય. પણ એમ થવા તો તું કદી તત્પર થાયજ નહિં.

જેમ આ રસ્તે હું વિચારતો જઉં તેમ તું પણ જાય, એમ ન્યાયદષ્ટિથી મને વાગે છે. તું એમ કહે કે, મને બધી સગવડતા આપવી, એ મારી ફરજ છે. છતાં રસોડાના કામકાજ ઉપરાંત તારા સ્ત્રીત્વ પર પણ હું મારૂં સ્વામીત્વ જમાવું અને તે કેવળ રોટલો રળી કાઢવાની મારી શકિતના જોર પર, તો એ તો ઉલ્ટું તારૂં શોષણ થયું. સમર્પણની ભાવના હોય, તો તો આ કંઈ અઘરૂં નથી; પણ મેં આગળ કહ્યું તેમ આપણે સમાનતાથી દષ્ટિથી જ આ બધું જોયું છે; અને એટલેજ આ મુસીબત ઉભી થઈ છે. જેને આપણે 'પ્રેમ' કહીને પરણ્યા, એટલે કે પરસ્પરનાં જે જુવાનીની તાઝગી ભર્યાં દેહાકર્ષણને વશવર્તી બની, આપણે સાથે રહેવાનું સ્વીકાર્યું, તે ભાવના—સમર્પણ કરતાં શીખવે, એટલી જોરદાર છે. એથીયે વધુ સત્ત્વશીલ છે—અરે એણે તો પ્રાણ સુદ્ધાં ફેંકી દેવાની પ્રેરણા આપી છે; પણ એ ક્યારે? જ્યારે એ પ્રથમ જ પ્રકટી હોય છે ત્યારે; જ્યારે એમાં પૂર્ણ આવેશની ઉગ્રતા ભળી હોય છે ત્યારે; જ્યારે એ 'પ્રેમ'ની આખી ક્રિયાની પાછળ સંપૂર્ણ જીવન યોગની અદ્દભુત કલ્પના ભરી

આશા વસેલી હોય છે ત્યારે; એકવાર એ યોગ થઇ જાય, એ આશા ફળે, એ કલ્પના સંસારમાં ઉતરે, એ અદ્‌ભુતતા હાથમાં ઝીલી શકાય, કે તુરતજ એનો આવેગ શમી જાય છે; એની ઉગ્રતા વેરાઈ જાય છે. એ 'પ્રેમ'માં પછી સમર્પણ કરાવવાનું બળ નથી રહેતું. 'પ્રેમ' થી જોડાયા પછી જીવનભરનાં સમર્પણ શક્ય બને માટે, તો બીજીજ ભાવનાનો આશરો લેવો ઘટે છે; અગર પ્રયત્ન પૂર્વક સુમેળ કેળવવો પડે છે.

હવે ? પ્રણામ. આપણાં લગ્નમાંથી સામાજીક જવાબદારીનો એટલે કે સંતતિનો પ્રશ્ન ઉદ્‌ભવે, તે પહેલાં નાસી છૂટવાની સદ્‌બુદ્ધિ માટે હું ખૂબ ગર્વ લઉં છું. તું અભિનંદન આપજે. ફરી આપણે મળીએ, તો ભૂતકાળની કંઇજ પરિસ્થિતિ આપણા વચ્ચે અંતરાય રૂપ ન બને, તેટલા ખુલ્લા દિલથી આપણે એક બીજા સામું જોઈ શકીએ એમ હું ઇચ્છું છું.

જીવનગતિ

એ દર્દીના ખાટલા પાસે અમે ફરતા ફરતા આવ્યા, ત્યારે માથું ફરી જાય, તેવી દુર્ગંધ આવવા લાગી. હું ગભરાઈને પાછો હઠતો હતો, પણ મારા મિત્ર રજનીએ મ્હારૂં કાંડું પકડી મને આગળ ખેંચ્યો. માણસનું શરીર, જેનાં પર સૌન્દર્યનાં રાશિ ઘણીવાર ખડકાઈ રહ્યાં હોય છે, તેમાં આવી અસહ્ય વાસ પણ છુપી રીતે રહેલી છે, તેનો ખ્યાલ પણ મને ન હતો; સાથે સાથે એ માનવદેહ પણ ખૂબ વિરૂપ–કંગાળ બની ગયો હતો.

જાણે ચામડાની કોથળીમાં ગમે તેમ માંસના લોચા ગોઠવી દીધા હોય, તેમ ખાટલામાં તેનું શરીર પડયું હતું. મ્હોં પર અસહ્ય વેદનાની રેખાઓ ઉપસ્યા કરતી હતી. ખૂબ સહન કર્યા પછી–જિંદગી આખી સુધી એકના એક પ્રકારની વેદના સાથે લઈને ફર્યા પછી–જે ભાવહીનતા આવે છે, તે તેની આંખોમાં દેખાતી હતી.

એનો પગ પાક્યો હતો; પાક્યો નહિ–સડી ગયો હતો.
૧૦ એ પગના ઘૂંટણથી તે પાની સુધી ઊંડો ખાડો પડી ગયો

હતો અને તેમાંથી સફેદ પરૂ ચારે બાજુથી નીકળ્યા કરતું હતું. એના પર સફેદ રંગનો પાટો બાંધેલો હતો, પણ તેના ચાર પાંચ પટને વીંધીને પણ લોહી તથા પરૂ બહાર આવી રહ્યા હતા.

"કાં ડોસીમા, કેમ છે હવે?" મારા મિત્રે પૂછ્યું.

"એમને એમ છે. માડી, હવે મારાથી સહન નથી થતું."

"વેદના–દુ:ખ બહુ થાય છે કે?" મેં બાઘાઇથી એ પગ સામે જોતાં જોતાં પૂછ્યું. અજાણ્યા માણસના અવાજથી ઉંચી નજર કરી તેણે જવાબ આપ્યો.

"ના માડી, હમણાં નથી દુ:ખતું, પણ જો–આ આમ પગ માંડું ને ત્યાં બળતરા હાલે છે.

"અરરર, કેટલો ત્રાસ છે?"

"માડી, કરમ મારા બીજું શું? મારૂં કોઈ ન રહ્યું, ત્યારે આ પગ કે' હું પણ જઉં : માડી, ધણી મારો થયો નહિ, દીકરા થયા નહિ, ત્યારે વળી આ માટીના દેહનો શું આધાર?"

મારા મિત્રે નીચે વળી, પાટો છોડી પગ તપાસવાની શરૂઆત કરી. ડોસીએ ધીમે ધીમે પગ સેરવીને લાંબો કર્યો. એક એક પટ ઉખેડતા, "હળવે માડી હો." "મારાથી સહન નહિ હો." "અરરર બાપલીયા." આમ ડોસીએ બોલ્યા કર્યું. લોહીની ચીકાસથી કપડાનાં પડ એક બીજાને બાઝી ગયા હતા તે ખેંચાતા છેક છેલ્લું પડ પણ ખેંચાતું અને તેની સાથે ચોંટેલી પગની ચામડી તણાતા ડોસી વેદનાની ધીમી ધીમી બુમ મારતી હતી. "ડોસીમા શાન્તી રાખો." મેં જરા આશ્વાસન આપતા કહ્યું.

"હા માડી, બીજો કાંઇ ઉપાય છે? માણુસની સામેય કાંઈ મારૂં હાલ્યું નહિ, ત્યાં ભગવાનની સામે શું કરીશ! નાખ્યું ઇ વેઠયે છુટકો. બીજું શું ભાઇ! ધણી જેવો ધણી, એ...ને આજ આનંદ

લહેરમાં પડયો છે. આ શરીર હાલ્યું ને ત્યાં સુધી પારકા કામ કરીને પણ ખવાર્યું. હવે કે'છ તારે ને મારે શું ! જા ભાગ. માણસની માયા જોઈને. ભાઈ ?" ડોસી ધીમે ધીમે શબ્દો બોલ્યે જ જતી હતી. રજનીએ પાટો ઉખેડી પગનો ભાગ ખુલ્લો કરી આંગળીથી સહેજે દબાવવા માંડ્યો; ચાર પાંચ ઠેકાણેથી જાણે સોંસરવા કાણાં પડી ગયા હોય, તેમ પરુનો પ્રવાહ ખેંચાઈને બહાર નીકળવા માંડ્યો.

"એ સા'બ રેવા દ્યો રેવા દ્યો"–દાંતની કકડાટી બોલાવી તેણે જરા વધુ પડતી બુમ પાડી. રજનીએ પગ દૂર મૂકી બાજુમાં ઉભેલા કમ્પાઉડર પાસેથી કંઈક પ્રવાહી લઈ તેને સાફ કરવા માંડ્યો.

"માડી. બાપા હવે કેમ લાગે છે ?"

"કંઈ નથી ડોસીમા. તમે ગભરાશો નહિ."

"હું માડી શું ગભરાઉ ? હું કયા વાડી બંગલામાં રહી, છતર-પલંગની પોઢનારી હતી, જે આવાથી ગભરાઈ જાઉં ? ઇ તો મારા કરમનું જ રુપ છે, ભાઈ. ધણીએ ધક્કો માર્યો ને, અત્યારે પાંચ પાંચ સાત સાત–વર્ષનાં છોકરાંને લઈને ભાગી ને પેટે પાટા બાંધી બાંધીને ઉઝેર્યાં. દિન ને રાત કાળી મજૂરી કરી'તી માડી, ત્યારે ખાવાનું પામતી. દકાળીયાં વરસ, મુડીમાં મારૂ પંડ અને લાડકાં છોકરાં: જેણે વેઠ્યું હોય ઇ જાણે બાપા, બીજાને શું ? તોએ માથે પડ્યું ઇ ભોગવ્યું : પણ સાપનાં બચ્ચા તે મોટાં થઈ ડંસ ન દીધો એટલું જ માફ. બાકી તો પગ આવ્યાને ભાગ્યાં. ડોસી, તારે મારે શું ? મારા કરમમાં ઇ નું ઇ. એમાંય હવે શરીર હાલે છે થોડું જ ? તોયે કોઈનું કાંઈ, ને કોઈનું કાંઈ એમ માગી ભીખીને પૂરું કરવાનો વારો આવ્યો. માડી, એમાં આ પગે લોહી પીધા."

ડોસીને બોલ્યે જ જવું હતું. રજનીને વાતમાં રસ પડતો ન હતો. કદાચ એણે અનેક વાર આ વાત સાંભળી હશે. પણ મને તો

આ વાતમાંથી જીવનની પ્રબળ વાસનાના દર્શન થતાં જતાં હતાં. વૈભવ નથી, જીવનનો મોહ નથી, ઉપભોગ નથી, ઉલ્લાસ નથી; માત્ર જીવવાની સામાન્ય સગવડતા પણ નથી; છતાંય માનવજંતુ તરફડતું, આળોટતું, અને ફરી ઊભું થતું જીવ્યે જ જાય છે. એવી નિરર્થક લાલાસને આટલી જોરદાર કોણે બનાવી હશે ? હું જાણે જગત પરની કોઈ આકાશી જગ્યા પર ઊભો હોઉં, અને આખું જગત મારી દૃષ્ટિ મર્યાદામાં સમાતું હોય, તેમ મને લાગ્યું.

પગ ધોવાઈને સાફ થઈ ગયો. ચામડી આછી બનીને જાણે ફાટી જવાની અણી પર આવી જતી હોય, તેમ અંદરનાં માંસનાં બગાડા અને પરૂના ઉભરાથી ત્રસત્રસતી હતી. ઠેકાણે ઠેકાણે ચાંદા પડી ગયા હતા. રજનીએ ઇસારો કરી ફરીથી પાટો બાંધવા સૂચવ્યું.

"કાં માડી, હવે કે'દિ મટશે ?"

"ડોસીમા, આ પગ તો આખોય સડી ગયો છે. મોટા ડોકટરની સલાહ લેવી પડશે."

"શું કહ્યું માડી, મોટા સા'બને બતાવવો છે ?"

"ડાકટર સા'બનો અભિપ્રાય પડશે, તો પગ છેવટ કાપી નાખવો પડશે."

"પગ કાપવો પડશે ? તો તો હું મરી જ જઉંને માડી ! ના સા'બ, મારે પગ નથી કપાવવો. આવો ને આવો ભલે રહ્યો. હું મારે ગામડીયા ઓસડ કર્યા કરીશ."

"ડોશીમા, પગ કાપતાં તમને કંઈ નહિ થાય." મેં કહ્યું.

"ના માડી, અમારા ગામના વાણંદના છોકરાનો હાથ ડાકટરે કાપ્યો, તો તે ત્રીજે દિવસે ચમક ઉપડી, ને છોકરો હાલ્યો ગયો. ના સા'બ, મારે એવું નથી કરવું."

મારી દૃષ્ટિમર્યાદા સામેનું જગત મને ફરી પ્રત્યક્ષ થયું. એ જાણે સપાટાભેર ગતિ કરી રહ્યું છે; એની ગતિમાં ચોક્કસ લક્ષ્ય નથી. એમાં દિશાનું કે વેગનું નિયમન નથી. એની ગતિથી એના સ્વરૂપમાં કોઈ પણ જાતનું પ્રમાણ આવતું નથી. એમાં માત્ર ગતિ જ છે. એ ગતિની ઝડપમાં પૃથ્વીનાં અંગમાં સમાયેલા અને ગૂંચળા વળીને બેસી ગયેલા હોય, એવા અનેક જીવડાઓ આવતા જાય છે; કોઈ એક બીજા પર પછડાય છે; કોઈ ચક્કરી આવતા હેઠા પડે છે, કોઈ અંદરને અંદર જ વિશ્વગતિ સાથે અટવાઈ જાય છે: સહુને જાણે ઘેલું જ લાગ્યું છે; સહુ જ દોડે છે, વિશ્વની ગતિની ઝડપમાંથી અને ગતિનાં વેગથી પડતા–આખડતા બીજા કોઈ સંહારક જીવોના આઘાતથી બચવા. આટલો તરફાટ, આટલી સાચવણ, ગુંચળા વળવાની આવી વૃતિ, છતાં કરોડો જીવડાં મર્યા કરે છે. ક્ષણ પહેલાં સલામત જગ્યા પર સ્વસ્થ થઈ બેસતું પ્રાણી બીજી જ ક્ષણમાં અનંતતાના ગર્તમાં ઉડી પડે છે. બધાં જ ભયત્રસ્ત છે; સહુ સમજે છે, કે એકવાર ઉડી પડવાનું છે:–છતાં એ નિર્મિત ક્ષણ એક પળભર પણ મોડી આવે, તે માટે જ સહુ ગતિ કરી રહ્યા છે. એ ગતિનું લક્ષ્ય એકજ: વિશ્વમાંથી કેંકાઈને હેઠે કુદી પડવામાંથી બચવું: લાંબામાં લાંબો વખત બચવું: છતાંય વિશ્વની ગતિ અટકતી નથી. એ જીવાંતોને કોણ સમજાવે, કે, એક સુંદર ક્ષણે તમામે સાથે જ એવી રીતે ખરી પડવું જોઈએ, કે, જેથી આખો ચક્રાવો જ અટકી પડે?

મારા વિચારનું ઘેન આંખો પર ભાર મૂકતું હતું. રાત પણ લાંબી જતી હતી મુસાફરીનો થાક હતો, તેમ ગઈ રાતનો ઉજાગરો પણ હતો. મારા મિત્ર રજનીની મેમાનગીરી પણ એવીજ ભારે હતી. આ બધા કારણે રજની જલ્દી કામ પતાવે, તો હું ઉંઘી જઉં એ વિચાર પણ આવ્યા કરતો હતો. તેની સ્થિતિમાં વિશ્વનો આ ખ્યાલ જાણે એક ચિરસ્થાયી સ્વપ્નું બનીને મારા માનસીક જગતની આજુબાજુ ઘૂમવા લાગ્યું. વચ્ચે વચ્ચે ડોશીની દયામણી વિનતિના

અવાજથી હું જાગતો હતો. પણ કોઈવાર બાહ્ય જગતનો કોઈ બનાવ આપણા માનસમાં જ્ઞાન રૂપે ઉતરીને ઉલટું આપણું સ્વપ્નું વધારે ગાઢ અને વધારે વ્યવસ્થિત બનાવે છે; તેમ એ શબ્દ અને એ દ્રશ્ય, પણ મારા સ્વપ્નને અનુકૂળ ભૂમિકા આપતા હતા.

પાટો બંધાઈ જતાં ડોશીને સુવાની આજ્ઞા કરી, અમે બહાર નીકળવા તૈયારી કરી; ત્યાં તો ફરી ડોશીએ બુમ પાડી.

"ડાકટર સાહેબ, મને બહુ પીડા થાય છે, ઇ કાપશો તો કેટલી વધશે? મોટા સા'બ ને કે'જો, મારે પગ કપાવવો નથી" એ અવાજની દયાજનકતાને અવગણીને અમે દૂર નીકળી ગયા. "બીજા દર્દી તપાસવા નથી?" મેં ચોક્કસ કરવાના હેતુથી પૂછ્યું.

"ના, ના. બસ હવે આપણે ઘેર જ જઈએ."

અમે ઘેર આવતાં રજનીએ ગરમ પાણી કરી હાથ પગ સાફ કરી નાખ્યા અને કપડાં પણ ઉતારી નાખ્યા. હું તો પથારીમાં પડતાં જ ઉંઘી ગયો.

'ઉંઘી ગયો, એમ કહું છું. પણ નહિ: મારી સમક્ષ વિશ્વનું જોરથી ફરતું ચક્ર મને ઝંપવા દે તેમ હતું જ નહિ: જેણે જીવન્ત માણસોની રૂબરૂ મારી સભાન અવસ્થામાં પણ પોતાની ગતિનું આખું તત્ત્વજ્ઞાન મને બતાવ્યું હતું, તે ઉંઘ દરમ્યાનની અનુકૂળ તક જવા કેમ દે? બાહ્ય જગતની હું દૂરભાગ્યો, એટલે કલ્પના પણ વેગપૂર્વક આગળ ધસવા લાગી. વિશ્વની ગતિની ઝડપ સાથે તેનું વર્તૂલ પણ મને નજરે ચડવા લાગ્યું. એ વર્તૂલમાંથી છટકવા માટેની જીવોની મથામણ મને દેખાવા લાગી. વિશ્વ ફરે છે; વિશ્વની અંદર રહેલા પહાડો ઘડીમાં ભાંગીને ભૂકો થાય છે; ઘડીમાં ઉંડી ઉંડી ખાઈઓ ઉપજે છે; ઘડીમાં ઉછળતો સાગર રેલાઈ પડે છે; ઘડીમાં જમીનનાં પડેપડ ઉખેડી પડે છે: એ તમામનું ધ્યેય માત્ર એક જ: એ ચક્રમાં વસતા પ્રાણીઓનો

નાશ કરવો તે; અને પ્રાણીઓનું ધ્યેય માત્ર એક જ : એ નાશમાંથી બચવું તે : હાથ પગ સડેલાં, ક્ષીણ શરીરવાળા, આંધળાં, પાંગળા–રક્તપીતીઆંઃ તમામ જાતની નિર્બળતાવાળાં સ્ત્રી પુરૂષો પણ આ વિનાશક ગતિમાંથી દૂર ભાગતા જાય છે :

ધીમે ધીમે જાણે હુંય એ પ્રાણીઓનાં સમૂહમાં ફસાયો હોઉં, તેવું ભાન મને થવા લાગ્યું. મારૂં શરીર જાણે ધ્રૂજીને દોડતું હોય, તેમ મને થવા લાગ્યું. ન જાણે હું શરીરથી ભિન્ન એવી કોઈ વસ્તુ હોઉં, તેમ એ ગતિ કરતા શરીરનાં તમામ અવયવોને હું જોઈ શકતો હતો. છતાંય એ શરીર તો મારૂં જ હતું, એમ પણ ઓળખી શકતો હતો. મારી સાથે અસંખ્ય જીવો–મારા જેવા જ દેહવાળા–દોડયે જતા હતા. કોઈની કાંધ પર નાણાની થેલીઓ હતી; કોઈની આંગળીએ સુંદર રમણીઓ વળગી રહી હતી; કોઈના મોં પર ગુમાન હતું; કોઈના મોં પર ક્રોધ હતો; કોઈ સીધા જ દોડતા હતા; કોઈ ધક્કામુકી કરતા હતા;–પણ તમામ ભયગ્રસ્ત હતા.

સપાટાબંધ ગતિનો ચક્રાવો આવતો અને ટોળાં ને ટોળાં ઉડી જતાં. માનવ સમુદાય, એ ઉડેલા ટોળા પર અફસોસ કરવા થોભતો નહોતો; ત્યાં બીજી પળે બીજો વંટોળ આવતો અને બીજાં ટોળાનો ભોગ લેતો. અચાનક એક ઝપાટામાં હું સપડાયો અને દૂર દૂર અંધારી–ઉંડી ખીણમાં ઝીકાયો; એ જોતાં જ જાણે કોઈએ બુમાબુમ કરી દીધી હોય, તેમ મને લાગ્યું અને હું જાગી ગયો.

સાચે જ બુમાબુમ થઈ રહી હતી. મેં એકદમ રજનીને જગાડ્યો. તરત જ અમે બન્ને બહાર નીકળ્યા; બુમ દવાખાના તરફથી જ આવતી હતી, એટલે કંઈ અવનવું બન્યું હશે તેમ માની ઉતાવળે પગલે તે બાજુ દોડ્યા.

"શું છે ? શું છે ?" રજનીએ જતા વેંત જ રખેવાળને પૂછ્યું.

"સાહેબ પેલી ડોસી."

"હા. તેને શું?"

"પેલી ડોસી છે ને, સાહેબ, તે રાતમાં બધા સુઈ ગયા પછી ભાગી: મારૂં ધ્યાન ગયું ને અમે પકડવા દોડ્યા."

"એમાં આટલી બધી બુમ! મેં તો જાણ્યું કંઈ આગ બાગ લાગી કે ચોર આવ્યા."

"તે સા'બ, પણ ડોશી તો શું જબરી? મને જે ધક્કો માર્યો ને, તે ભીંત ભેળો જ કરી દીધો."

"પછી ભાગી ગઈ?"

"ના, રે. ભાગે શું? અમે પકડી લાવ્યા પાછી. પણ સા'બ હવે એનું 'ઓપરેશન' કરશોમાં. નકર મરી જશે: ધાકની મારીજ ભાગી'તી."

"ઠીક, ઠીક; ક્યાં છે?"

"એ મરી, અંદર."

અમે અંદર ગયા, ત્યારે એ જ બિછાના પર ડોસીનું હાંફતું શરીર ગુંચળું વળીને પડ્યું હતું. રજનીએ તેને બોલાવવા પ્રયાસ કર્યો; પણ તે બોલી નહિ; તેણે સ્હેજ આંખ ઉઘાડી પાછી બંધ કરી; જોસ કરી નાસવા જતા પગને શ્રમ પડવાથી ખૂબ લોહી પુરૂ નીકળતા, નવો પાટો પણ ભીંજાઈ ને લોચો થઈ ગયો હતો.

પ્રાણીમાત્ર વિશ્વનાં જૂથમાંથી ખરી ન પડાય, તે માટે ગુંચળુ વળીને બેસી જ રહે છે અને જ્યારે છેલ્લી ખરી પડવાની ઘડી આવે છે, ત્યારે ખુબ જોર કરીને ઉછળે છે: એ બે પ્રકારની પ્રવૃત્તિ એટલે જીવન.

સાજા, માંદા: ગરીબ, તવંગર: નાના મોટા: સ્ત્રી-પુરૂષ; રાજા, ભિખારી:-તમામનાં જીવનનું લક્ષ્ય આ એકજ પ્રકારની ગતિમાં એક સરખું જ બની જાય છે બાકીનાં ભેદભાવ તે મિથ્યા છે.

અમે ત્યાંથી બંદોબસ્ત રાખવાનું કહી ચાલ્યા આવ્યા.

કમ્પાઉન્ડર

ચારે બાજુના ધૂળીયા મકાનોની વચ્ચોવચ આવું છોઅંધ, રંગેલું, અને વિલાયતી નળીયાવાળું મકાન મેલા પાણીનાં ખાબોચિયામાંના કમળની માફક મકાન હતું. ઓસરીનાં લાંબા લાંબા ચાર પગથીયાં ચડયા પછી ડાબી બાજુ આવતી ખુલ્લી જગ્યા પર, એક સુક્કો, લાંબો યુવાન ખુરસીની છેલ્લી કિનારી પર બેસી, હચમચતા ટેબલ પર ઉંધુ ઘાલી લખ્યે જતો હતો. આજુબાજુ ગામડાનાં અર્ધભૂખ્યા સ્ત્રીપુરૂષો રગટીંટીયા બાળકોને તેડીને, એમના શ્રમ અને ભૂખમાંથી ઉપજતા રોગોનું ખોટું નિદાન કરાવવા ઊભા હતા. યુવાન ઉંચું જોયા વિના—ઉંચું જોવાની ફૂરસદ પણ નહોતી મળતી—ફાટેલી ટાંકવાળું હૉલ્ડર છલકતા ખડીયામાં તરબોળ ભરીને, ઝાંખા પીળા કાગળમાં તપસીલો ભર્યે જતો હતો. ટેબલ નીચેના એના પગ, હોલ્ડર થોભનારો એનો હાથ, સવાલ પૂછનારી એની જીભ, અને સુતરાઉ વસ્ત્રોની ઝીણીઝીણી છિદ્રભરી રેખાઓમાંથી પ્રવેશતી ટાઢથી થરથરતી એની છાતી, એકી સાથે કામ કર્યે જતાં હતાં.

 "તમારૂં નામ ?"

" ઉમર ? "

" કેવા છો ? "

" ક્યાં રહો છો ? "

" શું થયું છે ? " અને તુરત જ શાહીના ટીપા વાળા હાથને જરાક આઘો કરી બીજે હાથે એ ફરફરીયું ઉંચું કરતો. ઉઘાડે ડીલે ઉભો રહેલો ગામડીયો બે હાથે ઇશ્વરની આરતી લેતો હોય, તેવી પવિત્રતાથી અને આભાર લાગણીથી એને ઝીલતો—અને કમ્પાઉન્ડર બીજો કાગળીયો ચીતરવા લાગતો.

" તમારૂં નામ ? "

" મારૂં નામ જડી. "

સ્ત્રીનું નામ આવે, ત્યારે કોઈ રૂપાળો ચ્હેરો જોવાની લાલસા-વાળું પુરુષ હૃદય આ યુવાનને પણ હતું. એણે ઉંચું જોયું, અને ઘાટઘૂટ વગરનો સૂર્યતાપથી દાઝેલો ચ્હેરો, મોંપર છુંદણાં, ફાટેલા ગાલ, ખેંચીને બાંધેલા વાળ તથા શરીર પર તંબુની માફક અડકયા વગરનો રહેલો સાલ્લો જોઈ તિરસ્કાર દર્શક મોં તેણે નીચે ફેરવ્યું. અને પરંપરા ચાલી.

" શું થયું છે ? "

" પગ પાકયો છે. "

બાજુના ઓરડામાંથી ઘંટડીનો અવાજ આવ્યો. ધીરો, ત્રુટક ત્રુટક. કમ્પાઉન્ડર ચાલુ કેસ બમણી ઝડપે પૂરો કરી નાખવા લાગ્યો. " હં. ઉમ્મર...જાત...રહેઠાણ..."—ઘંટડી સતત વાગવા લાગી. કેસ પૂરો કર્યો ન કર્યો, ત્યાં તો એ ખુરસી ખસેડી એકદમ ઊભો થઈ ગયો. આતુરતાથી રાહ જોઈ ઊભેલા બીજા દર્દીઓ સાહેબ ઊભા

થવાથી નિરાશ થઇને જરા ઘેરામાંથી પાછા હઠયા; અને જે ભાગ્યશાળીને પીળું ફરફરીયું સુપ્રત કરવામાં આવ્યું હતું, તેના તરફ દયામણી નજરે જોવા લાગ્યા. બિચારો સાહેબ એકદમ ચાલતા—લગભગ દોડતા—બાજુની પરસાળ ગલીમાં થઈ એક સ્વચ્છ ઓરડા આગળ આવ્યો; બારણું આસ્તેથી ખોલી તેણે અંદર પ્રવેશ કર્યો.

અંદર ડૉકટર અને તેની બાજુ બે ત્રણ દર્દીઓ ઉભા હતા. કમ્પાઉન્ડર અંદર ગયો, એટલે કેસવાળા બીજા દર્દીઓએ પણ અંદર પ્રવેશ કર્યો.

" શાંતિલાલ, તમને બોલાવું કે તુરત જ હાજર થવાની ટેવ તમે હજુ પાડી શકયા નથી. મેં તમને આ વિષે કેટલીવાર તાકીદ આપી છે, યાદ છે ? " ડૉકટરે હાથમાં કોઈ દર્દીની નાડ રાખી શરૂઆત કરી.

" જી. સાહેબ, "

" હં બોલો. કેમ ભાઈ શું થયું છે ? કેટલા દિવસ થયા તાવ આવે છે ? "

" સાહેબ, ચાર દિવસ થયા. "

" ચાર દિવસ થયા તાવ આવે છે, અને આજ દવા લેવા આવ્યો કે ? "

" સાહેબ, એ સહેજ તાવ તો અમે કળવીયે નહિ અને સાહેબ ખેતરે કામ કરવા ગયા વિના છુટકો થાય ? વાવણીનું કામ..."

" એ બધી વાતો અહીં શું કામ કરે છે ? એક તો તને તાવ આવ્યો છે. તેમાં ઊઘાડે ડીલે તેં આવી શરદીમાં ખેતરમાં મહેનત કરી કે ? અલ્યા, મરી જઇશ. ચાલ હું તો દવા આપું છું પણ..."

" સાહેબ ખાવું શું ? "

સાહેબે દવાખાનું રાખ્યું હતું. કંઈ સદાવ્રત થોડું જ ?

" તે અહીંયા ગડબડ નહિ કરવાની, ચાલ, જા. "

તેના ગયા પછી ડૉકટરે શરીર બદલવાને બદલે બદલી શકાય તેવી ખુરસી ફેરવી પૂછ્યું, " હં, શાંતિલાલ, તમારે શું કહેવું છે ?"

" જી સાહેબ, શાનું ? "

" આ તમને જે મારી હંમેશની સૂચના છે તેનું. "

" સાહેબ..."

" જુઓ શાંતિલાલ, મારી અત્યાર સુધીની કારકિર્દીમાં તમારા જેવો નાલાયક અને ગધેડો બીજો એક પણ મેં જોયો નથી. તમને એક પણ કામ આવડતું નથી. અત્યારે તમને બોલાવવાનું કારણ એ હતું, કે, તમને આ નોંધવહી જેટલું સાદું કામ પણ ઝડપથી અને સરળતાથી ઉકેલતાં નથી આવડતું, તે કહેવું છે. જુઓ તમારો લખેલો કેસ, આ એક બાઈની પાસે હતો. જેમાં તમે નામઠામ, રોગ અને જાતિ ત્રણે વસ્તુ ઊંધી ભરી છે. "

" સાહેબ, એ લોકો જ ગરબડ કરી મૂકે છે. "

" હા. પણ આપણી તો ફરજ છે ને, કે આપણે તે અટકાવવું. એઓ કદાચ અણસમજુ રહ્યા, તે ગમે તેમ વર્તે; પણ તેથી કંઈ આપણને આ રીતે ભૂલો કરવાની છૂટ થોડી જ મળે છે ? "

" પણ સાહેબ..."

" એ પણ–બણ તમે નકામું બાકો છો. તમને મારી હંમેશની સૂચના છે, કે, તમારે અક્ષરો કંઈક સુવાચ્ય કરવા, કે જેથી હું વાંચી શકું. તમે ઝડપી થવાને બદલે એટલા બધા ગંદા અને કંટાળાભર્યા થઈ ગયા છો, કે, તમને હવે આ કામ ઉપરથી ઉઠાડી કયા કામે રોકવા

તે મને સમજ નથી પડતી. વારૂ દફતરી કામ પણ કરતા જ જાઓ છો ને ?"

"જી, એ તો અત્યારે નથી થઈ શકતું."

"અરે ભલા માણસ, પણ પછી તમે કેટલી ગૂંચો ઊભી કરો છો, તેનો ખ્યાલ તમને છે ?"

"જી. એકાદ વાર ભૂલ થઈ હશે."

"એકાદ વાર હોય કે ગમે તેટલી વાર હોય."

"સાહેબ, તો ઝડપથી કામ થતું પથી."

"તો હું શું કરૂં ? એ માટે મારાથી થોડું જ ત્યાં બેસાય છે ? હં બાઈ, લાવો શું થયું છે?" ડૉક્ટરે એકદમ વાત ફેરવી. બેદરકારી બતાવવા જેવી બે વાતો વચ્ચે મોટા માણસની પદ્ધતિ હંમેશા એકમાંથી બીજીમાં, ગમે તેમ દોડયા કરવાની હોય છે.

"પગ પાકયો છે."

"હં. જોઉં." બાઇએ પગ ઊંચો કરી ટેબલ પર મૂકયો. ડૉક્ટરે ચારે બાજુ જોઇ ધીમેથી પગ ઉપર આંગળી લગાવી, ધીમે તે દાબવા માંડયો. બાઈના મોંમાંથી વેદનાની આહ નીકળવા લાગી. એ જોર કરીને પગને ત્યાંથી ખસેડવા લાગી; ડૉક્ટરે એક હાથે પગ પકડી બીજે હાથે દબાવવા માંડયું.

"કેટલાક દિવસ થયા પાકયું છે ?" ડૉક્ટરે ઊંચે જોઇને પૂછયું; પાકેલા ભાગમાંથી રૂની સફેદ ચૂંટી જેવું પરૂનું ટીપું તોળાઈ રહ્યું હતું. લાલઘૂમ બનેલો એ સડેલા માંસનો લોચો ચામડીના સાતેય પડ તથા હાડકાને વીંધી બહાર નીકળવા મથતો હોય, તેમ ખેંચાણ કરતો હતો. આજુબાજુની ઘૂંટણ સુધીની ચામડી પર ઝાંખા વાદળી રંગની રક્તવાહિનીઓ ચિત્રામણની માફક ઊપસી આવી હતી. ફરીથી ડૉક્ટરે હાથથી દબાવ્યું. બાઇએ કારમી ચીસ પાડી, પણ ડૉક્ટરના મજબુત કાંડાની પકડમાંથી છટકવાની બાઇના પગમાં જરાય તાકાત ન હતી.

"હાડકું ભાંગી ગયું છે." ડૉક્ટરે ઉમેર્યું. દાંતની કકડાટી જોરથી ભીંસી રાખી બાઈએ જવાબ દીધો—"મહિનો સવા થયો."

"હાડકું ભાંગી ગયું છે." ડૉક્ટરે ફરીથી ઉચ્ચાર કર્યો. "નસ્તર મૂકવું પડશે. ભરાય ને ફુટે એવું થયા કરે છે ને?" બાઈએ માથું હલાવી હા પાડી.

"બસ એમજ. હાલ દવા લગાડો. પૂરેપૂરું પકવી એટલો ભાગ કાપી નાખીશું. ત્યારે જ દરદ જશે."

"સાહેબ, એમને એમ નહિ બેસી જાય?"

"ના, ન બેસે. સવા સવા મહિને દવાખાને આવો છો, એટલે શું દર્દ કોઈની રાહ જોતું બેસી રહે ખરૂં? હવે જલ્દી ઉપાય નહિ થાય, તો આખો પગ સડી જશે." બાઈને કમકમાટ છૂટયો.

"હાય, હાય. ત્યારે તો મારા છોકરા રખડી પડે ને? બાપલીયા..."

"અહિં રોવાનું નથી. જાવ, દવા લ્યો. બરાબર પાકી જશે, એટલે ફોડી નાખશું. હજુ વેદના તો વધશે." ડૉક્ટરે જોરથી દાબીને દુઃખાવેલા પગે બાઈએ પાછું ફરીને ધીમું ચાલવા માંડયું.

"અરે શાંતિલાલ, તમે હજુ અહીં ઊભા છો?"

"સાહેબ આપે રજા..."

"અરે પણ રજા–રજા કરતા ત્યાં કેટલી મારા માર થઈ રહેશે? જાઓ, દોડો. જલ્દી હં..."

શાંતિએ સીધી રીતે દોડવા જ માંડયું. એણે બારણું વટાવ્યું, ત્યાં પાછળથી તોછડા હાસ્યની સાથે 'ડલફેલો' એવો અવાજ આવ્યો. શાંતિલાલનું અભિમાન ઘવાયું હતું. આ રીતે ડૉક્ટરની સાથે તેને દરરોજ કલેશ થતો. પોતાના જેવા સરળ અને પાપભીરૂ માણસ તરફ ડૉક્ટર ગમે તેવા નજીવા કારણે આટલો રોફ અને અપમાન ઠલવ્યા

કરે એ તેને નહોતું રુચતું. અત્યાર સુધીથી તેની નોકરીમાં તેણે દરેક ઉપરી અમલદારનો સ્વભાવ વરતી જઈ તેનું દિલ જીત્યું હતું. મીઠા સ્વભાવનો, મીઠા બોલો આ યુવાન અમીરી રીતભાત ધરાવતો હતો. ગામના લોકોમાં પણ એની સુવાસ હતી. ડૉકટરના મિજાજની તિખાશ અને અમલદારી ગર્વના કારણે ગરીબ ગામલોકો તેની પાસે દિલ બોલી શકતા નહિ; જ્યારે દયાભરી ઉરવાસનાવાળો આ સરળ જુવાન અનેક રીતે ગામલોકોને આશિષ સમ થઈ પડયો હતો.

તેની આ લોકપ્રિયતા એ ડૉકટરની તેના પરની ખફા મરજીનું મુખ્ય કારણ હતું. ગમે તેવા સામાન્ય બહાના તળે એ એને ધમકાવી કાઢતો અને ગરીબ દર્દીઓની વચ્ચે પોતાનું ઉપરીપણું સજ્જડ રીતે ઠસાઈ જાય, માટે શાંતિલાલને અપમાનની. નિષ્ઠુર રીતે એ ડૉકટર ગરીબ સ્ત્રીપુરૂષોના દુઃખતા અંગને કાપી, લોહી અને માંસને ચુંથી નાખતો; અને એજ રીતે એ આ યુવાનની લાગણીને દબાવી, એના સમસ્ત અંગને ધ્રૂજાવતો. આજે શાંતિલાલે એ દ્રશ્ય પ્રત્યક્ષ રીતે જોયું. એણે આવીને જોરથી ખુરસી ઘસડી કલમ હાથમાં લઈ, કાગળ ફાટી જાય તેટલી ઝડપથી ઘસડવા માંડયું. જાણે શરીરને આવતી કાલ જીવતા અટકી જવું હોય, જાણે મોતની કારમી તસ્વીર સામેની ભીંતપરથી ઝડપબંધ ધસી આવતી હોય અને માણસ વિકરાળ મોઢું કરી, બાજુમાં પડેલી છરીને સામે ફેંકે, તેમ છેલ્લી પ્રવૃત્તિનાં ભયંકર જોસથી તેણે લખવા માંડયું.

એનું મગજ અત્યારે ધમધમ ફરતું હતું. એને આવી નોકરી નહોતી કરવી. એને ભૂખે મરી જવામાં કરોડો ગણો હર્ષ લાગતો હતો. એને ચીંથરેહાલ બનવામાં અને વરસાદ ને તાપમાં, ખુલ્લી ચામડી રાખી શ્રમ કરવાની વાસના જાગતી હતી. શરીર ને શરીરનાં સ્વાભાવિક ધર્મને પ્રતિષ્ઠા તથા પ્રમાણિકતાના ઝેરી બંધનમાં બાંધી રાખનાર આ

એની સ્ત્રીનું શરીર જુના રોગ જંતુને તદ્દન વિસરી નહોતું ગયું; પણ મમતાળુ સારવાર ને માયાભર્યા લોક જીવનની તાઝગીવાળા વાતાવરણમાં એ પોતાની તન્દુરસ્તી પાછી મેળવતી જતી હતી.

શાંતિલાલે ઘેર આવી ઉદાસીન ચ્હેરે કપડાં ઉતાર્યાં. રોગથી સૌંદર્ય ગુમાવી બેઠેલી પણ સપ્રમાણતા જન્મથી ધરાવતી ઊર્મિલા મંદહાસ્યથી આવકાર આપતી ઊભી હતી.

" ડૉકટર સાહેબ, આજે આમ કેમ ? "

" કંઈ નથી, ચાલો ખાવાને શી વાર છે ? "

" આજે તો કંઈ કર્યું નથી. મેં તો આજે હડતાળ પાડી છે. "

" કેમ ? " હાસ્ય અને ઉમળકા હોત, તો આ હેતાળ ગૃહિણીના ઉરમાંથી પ્રચંડ વિલાસની પળો ઉપજી આવત.

" ઊર્મિલા " શાંતિલાલે સ્તબ્ધ બની ઊભેલી પત્નીને કહ્યું; " મને આ નોકરી હવે નથી ગમતી. હું હવે રાજીનામું આપીશ. ભૂખે મરીશ, ભીખ માગીશ, મજુરી કરીશ, પણ આ નથી બનતું. "

" કેમ, કેમ ? "–ઊર્મિલાએ ચમકી નજીક આવી પૂછ્યું.

" બસ, મને આ નથી ફાવતું. ઊર્મિ, તને મજૂરણ થવું નહિ ફાવે ? કંઈ નહિ. હું ભૂખ્યો રહી તને મજૂરી કરી ખવરાવીશ. "

" પણ છે શું ? કે તમે આમ આકળા થઈ ગયા છો ? "

" કંઈ નથી. શું હોય ? મારી જ ધીરજ હવે ખૂટી ગઈ છે. એ માણસ નથી, રાક્ષસ છે. "

" અરેરે એટલામાં જ ? આવતી કાલે અહીંથી ફરી જઈશું. ચાલો નહાઈ લો. જમવાનું તૈયાર છે. "

શાંતિલાલે ઝપાટાબંધ બંને કામ પતાવી નાંખ્યાં. બપોરના ત્રણેક વાગ્યે દવાખાનાનો પટાવાળો નાનુ આવ્યો, ત્યારે તેના હાથમાં પંદર

દિવસની રજાની માંગણીનું ફરફરીયું તેણે આપ્યું. બીજે જ દિવસે વતન જેવું પ્રિય બનેલું આ ગામ મૂકી એ ચાલ્યો ગયો. ગયા બાદ આઠમે દિવસે ખબર આવ્યા, કે તેની બદલી થઈ છે; અને જે દરિયાઈ હવાથી તેની પત્ની રોગનું ઘર બની ગઈ હતી, તેજ હવામાં તેને ફરીથી જવાનું છે. શાંતિલાલે અરજી કરી, ઉપરી અમલદારને રૂબરૂ મળ્યો; પણ સીધા ઉપરીના ખાતરીભર્યાં લખાણ સમક્ષ એની કોઈ પણ વાત મંજૂર થઈ નહિ. વધુમાં ગામલોકોની પણ એક અરજી કંપાઉંડરને ખસેડવા બાબતની અધિકારીએ દેખાડી, ત્યારે તો શાંતિલાલને મનુષ્ય સ્વભાવની નીચતા અને નિર્બળતાનો પૂરો ખ્યાલ બંધાઈ ગયો. એની ફૂલસમી સુકુમાર અને રાણી જેવી ઔજસભરી પત્નીને ખાતર પણ આ ખાતાનું સંચાકામ આટલી નજીવી ફેરફારી કરવા તૈયાર ન હતું. એને પત્નીને સાથે લઈ મૃત્યુના વાતાવરણમાં જવું પડ્યું.

૨

લગભગ પંદર દિવસમાં જ ઊર્મિલાનો વ્યાધિ ફરી ઊથલ્યો. શરીરનું લોહી ઉડીઉડીને જાણે પીળા રંગની ચોકખી પ્રવાહી દવામાં ફેરવાઈ જતું હોય, તેમ શરીરના બધાજ ભાગોના દેખાવ ઉપરથી લાગવા માંડ્યું; શરીરમાં સર્વ સ્થળે વસતો આત્મા જાણે માત્ર અમુકજ અંગમાં હોય તેમ જણાયું. કલાભરી ચેતનાવસ્થા પોતાની આખી મુસાફરી સમેટતી હોય, તેમ અનેક સ્થળેથી પાછી હઠવા લાગી. શરીરને ટકાવે તેટલી તાકાત પણ સૃષ્ટિમાંથી સંભાળી લેવા જેટલી હોંસ ન રહી, એટલે અંગ, લોહી, માંસ અને હાડકાના તત્ત્વો છેલ્લી જીવન પળો ભોગવવા લાગ્યા, તુરતજ એ પથારી વશ થઈ પડી. શાંતિલાલની સારવાર અડગ હતી. દિવસ ને રાત્રી, જેટલો વખત એને નોકરીમાંથી ફુરસદ મળતી એટલો વખત એની પથારી પાસે બેસતો; અશક્તિ, વિરોધી સંજોગો, અને અતૃપ્ત મહત્ત્વાકાંક્ષાના ખૂની કોપથી જીવનની લાલસા ગુમાવ્યા છતાં એ નટના જેવી સીફતથી મોંપર અને જીભમાંથી,

હાસ્ય, મોહકતા અને ઉલ્લાસ વેર્યા કરતો. અનેક જાતની મધુરી વાતો કરતો; આકર્ષક રમતો રમતો; વિલાસભરી, ચેતનભરી વાણીથી એના મનને રીઝવતો; અને નિર્બળ પડતું જતું ઊર્મિલાનું મગજ, આવી અત્યંત વિઘાતક બનેલી ક્ષણોમાં રહ્યાં સહ્યાં ચેતનને ગૂંગળાવી ન મારે, માટે તેને હુલાવી ફૂલાવી, એ વાત ભૂલાવતો. એ હાથે રાંધતો, ઊર્મિ સૂતી ત્યારે વૈદક શાસ્ત્રનાં મોટામોટાં થોથાં ઉથલાવી દવાઓ અને સારવાર પદ્ધતિ શોધતો. દરરોજ નવા નવા પ્રયોગો અજમાવતો મોટા-મોટા પ્રતિષ્ઠિત ડૉક્ટરો સાથે પત્રવ્યવહાર કરતો; અને પૈસાની ઉણપ બને તેટલી રીતે પૂરવા માગતો. કોઈપણ ઉપાયે, પોતાનામાં જીવતું તમામ બળ ખરચવા છતાંય, જો ઊર્મિ એક ક્ષણ પણ વધુ જીવવાની શકયતા હોય તો જીવાડવી એવો દૃઢ નિશ્ચય તેનો હતો.

પણ કેટલાક મોહક શરીરોને મૃત્યુની મીઠી સોબત માફક આવે છે. એના જન્મ વખતે જ મૃત્યુ તેમાં કાબેલ હાથથી ભૂમિકા રચી કાઢે છે. ઊર્મિના શરીરનો કબજો મૃત્યુએ આ રીતે કરી લીધો હતો. સતત એક મહિનો એ પથારીવશ રહીઃ ત્યાર પછી બોલતા પણ શ્વાસ ચડે એવી નિર્બળ તે થઈ ગઈ. શરીરમાં દર રાતે જ્વર ચડી આવતો. મગજપર લોહી ચડી જતાં એ ફાવે તેમ બકતી. એના બકવાદને ધડકતી છાતીથી સાંભળતો શાંતિ કોલનવૉટરનાં પોતાં મૂકયે જતો; અને જોરથી ફાટતી લાલ આંખો તથા કપાળને પંપાળી દાબ્યા કરતો. ઊર્મિ ઘેનમાં પડતી ત્યારે કલાક અર્ધી કલાકના બે ત્રણ વાર આવતાં ઝોકા સિવાય શાંતિએ દસ દિવસ થયા નિદ્રા પણ નહોતી લીધી.

એમ થતા શરીરમાંથી તાવ હઠવા લાગ્યો. છેલ્લા બે ત્રણ દિવસથી તો શરીર તદ્દન સામાન્ય ઉષ્માવાળું રહ્યું. રાત્રીના ઠેક ઠંડુ પડયું, ત્યારે શાંતિ ગભરાયો. બીજે દિવસે શરીર વિશેષ ઠંડુ પડયું, એટલે શાંતિલાલે તાર કરી તેના માબાપને તેડાવ્યા. ત્રીજે દિવસે એ

આવી પહોંચ્યા, ત્યાં સુધી એક જ સ્થિતિમાં શાંતિલાલ ઊર્મિની પથારી આગળ બેસી રહેલો. આજુબાજુના ગામલોકમાંથી કોઈએ શાંતિને જમવાનું કહેલું પણ એણે ના પાડી, એટલે થાળી ત્યાં મોકલાવેલી, તે એમને એમ પડી હતી. એ બધો વખત ઊર્મિ, દૂર દૂર ભાગતી રેલ્વેના થડકારા અને વીસલ, ધીમે ધીમે ભણકારે સંભળાય તેમ જીવતી હતી. ઇંદ્રિયને તિવ્ર કરનાર જ એના ધબકારા પારખી શકે તેમ હતું. એનો ઉપરી ડૉક્ટર પણ એકવાર સભ્યતા ખાતર આવી ગયો હતો. એકાદ બે માણસો કાયમ તેની પાસે રહેતા.

શાંતિલાલના બાપ અને મા આવ્યા પછી ત્રીજી કલાકે ઊર્મિનાં દેહે જીવવુ છોડી દીધું.

શાંતિ બેફામ બની ગયો. લોકોમાં હાહાકાર થઇ ગયો. ઘરનાં અને શરીરનાં ઉલ્લાસ જાણે પરવારી બેઠા. શાંતિના માબાપ શાંતિને લઈ ત્યાંથી બીજે દિવસે રવાના થઈ ગયા.

આ બાજુ લીલાપુરના ડૉક્ટરે પગ પાકવા ખાતર દવા લેતી બાઈ જડીના પગને સડાવી દીધો. ત્રીજે મહિને બાઈ કાળી વેદનાથી ધમપછાડા મારતી રહી, અને ડોકટરે જે પળે અહીં ઊર્મિના પ્રાણ ક્યાંક ક્યાંક ઝબકતા હતા, ત્યારે પગને કાપી નાખ્યો; બાઈ લાંબો વખત સુધી બેશુદ્ધ રહી. ક્લોરોફોર્મની અસર ઉતારતા ડોકટરને પણ ગભરામણ છુટી. વહાડકાપમાં હજુ બાળકના શિખવા પ્રયોગો કરતો ડોકટર ધોધની માફક વહેતું જતું લોહી તાત્કાલિક અટકાવી શક્યો નહિ. ગંધાતું માંસ અને નિર્બળ બની નીતરી ગયેલું લોહી જોઈ દવાખાનાના સૌ માણસોને ચીતરી ચડવા માંડી. બાઈનો ધણી અને છોકરા બંધ બારણે ફફડતા રાત આખી ઉભા રહ્યા. આમ ડોકટર જ્યારે ઉંઘતો હતો, ત્યારે તેના આવડત અને માનવતાનો ભોગ થઈ પડેલા કુલ એકંદર આઠ માનવપ્રાણીઓ મૃત્યુના સાંડસામાં દીન પશુ તરફડે તેમ તરફડતા હતા.

બીજે દિવસે સાંજે બાઈ મરણ પામી. આ બાજુ શાંતિલાલ તેના માબાપ સહીત પોતાને વતન આવ્યો. સવારે ત્યાંના કોઈ ઓળખીતાનો પત્ર શાંતિ પર દિલાસાનો આવ્યો તેમાં આ હકીકત પણ હતી. શાંતિને જાણે પોતાના જ શરીર પર આવું અણુઘ:-કુર ઑપરેશન ડોક્ટરે કર્યું હોય, તેમ લાગ્યું. એને સડેલા માનવ શરીરની દુર્ગંધ આવવા લાગી; એને સ્વચ્છ સ્પર્શપ્રિય ચામડીથી મઢેલા પણ સૂગથી ભરેલા શરીરતત્ત્વો પ્રત્યક્ષ થયા. આવા ઘોર મસાલાથી ભરાયેલા માનવશરીરો, આછી ચામડીના પડ જેટલાજ આછા આવરણ નીચે આટલા જ ઘોર બની રહે છે. આપણા પાડોશીને આપણું દુ:ખ જણાવવું, તેનો અર્થ એ, કે, એને વિકાળ પશુ બનીને નાચવાની એક વધુ તક આપવી; એનામાં બીજાનું દુ:ખ જોઇને રાજી થવાની વસતી ટેવને ખોરાક આપવો અને દુ:ખને પંપાળવાને બહાને દાબીને વધારવાના, તેમજ મટાડવાને બહાને સડાવીને સમસ્ત જીવનને મારી નાખવાના જોખમમાં મુકવું.

કોઈ અગમ્ય રીતે આવતા કલૉરોફૉર્મની વાસ કમ્પાઉન્ડરને મુંઝારો ઉપજાવતી હતી. જાણે પૃથ્વીની ધરી ભાંગી ગઇ હતી; અને ચક્કર ઉપજાવતા ફેરફૂદડા આંચકા સહીત આવતા હોઇ, ઘર, માનવી, પશુઓ સૌ ઉથલાઈ પડતા હતા.

★

પહેલો પુરૂષ :

પ્રકાશ અને ઇલાનો સહચાર, તેમનાં નાનકડા વર્તુલમાં ઇર્ષ્યા અને ચર્ચાનો વિષય થઈ પડ્યો હતો. ઇલા સુંદર હતી, કુમારિકા હતી, કલાભરી હતી, મધુરભાષી હતી; પણ એ સહુ ઉપરાંત વધારે આકર્ષણ તો એના જ્વલંત વ્યક્તિત્વથી બીજાને થતું હતું. એની આંખો, હાવભાવ, કટાક્ષ, આ તમામ પુરૂષ જાતને જીતવાનું આવ્હાન આપતાં હતાં; છતાં એની પાછળ રહેલી સાવચેતી અને ચપળતાથી, એ જીતાતા સહજમાં જ છટકી જતી. જ્યાં એની પાછળ દોડતો પુરૂષ 'એને હમણાં જ પકડી લઉં છું', એમ માની હાથ પ્રસારતો, ત્યાં તો એ ક્ષિતિજને પાર થવા મથતી હોય એટલે દૂર પહોંચી જતી. આથી એને જીતવાની તમન્ના તમામ યુવાનોમાં,–કુંવારા,–પરણેલા,–વિધુરો તમામ યુવાનોમાં એક સરખી રીતે વસી રહી હતી.

આવા સંજોગોમાં જ્યારે પ્રકાશને એના સાનિધ્યનો—એના સહવાસનો હક્ક મેળવતાં સહુએ જોયો, ત્યારે દરેકને થયું, કે હંમેશ ઝબકયા કરતી વિજળી હવે આસ્માનમાંથી ધરતી પર પડવા ઝૂકી રહી છે. સહુજ ઇચ્છતા હતા, કે એ એવી રીતે

પડે, કે જેના પર માત્ર પ્રકાશ ફેંકવાની જ એની દાનત હોય, તે પણ સળગી જાય; છતાં જેણે જેણે એની સાથેની ઓળખાણ સાધવાનોય નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, તે તમામ પ્રકાશ પર ઈર્ષ્યાની આગથી સળગતા હતા; અને 'સંસારમાં કાં તો સ્ત્રી જનાનખાનામાં પૂરાઈ રહી નજરે ન પડે,' અગર તો 'આમંત્રતી આંખોવાળી સ્ત્રી સહુને સત્કારે', એવો નિયમ ઇચ્છતા હતા.

ઈલા સ્ત્રીત્વની નવી ભાવનામાંથી ઘડાઈ હતી. એના અંગે-અંગમાં સ્વાતંત્ર્ય હતું, વાણીમાં ઉલ્લાસ હતો, વિચારમાં સ્વાધીનતા હતી. એણે સંસ્કૃતિનો પૂર્ણ અભ્યાસ કરી, સ્ત્રીએ કેવું થવું જોઈએ, તેનો એક આદર્શ ઘડી કાઢ્યો હતો. આ આદર્શની અંતિમ મર્યાદા સુધી પોતાનો વિકાસ કરવા તે હંમેશા મથતી. 'સ્ત્રી એટલે કેવળ દેહ, હૃદય, કે આંસુથી જીવનનિર્વાહ ચલાવતી અબળા નહી: પણ ખડતલ, સ્વતંત્ર, પ્રગતિશાળી, બુદ્ધિપ્રધાન મનુષ્ય;' એ તેની વ્યાખ્યા હતી. એ વ્યાખ્યા સહીત જ એને સંસારમાં માનભર્યું સ્થાન મેળવવું હતું. એથી જ એ સ્થાનની કલ્પના પણ જેને ન થઈ હોય, તેવા પુરૂષને એ અસ્પર્શ્ય લાગતી હતી.

—પણ એના જીવનમાં પ્રકાશનો પ્રવેશ થતાં, એણે તેમાં કંઈ બીજું જ જોયું. પ્રકાશ પૂર્ણ પુરુષ ન હતો; એટલે ઈલાને તેને પુરુષની સંપૂર્ણ કસોટીમાં મુકવાની ઇચ્છા જ થતી ન હતી. પુરુષ જાતિ પરત્વેની ઈલાએ કેળવેલી વ્યાખ્યા, પુરુષનાં તરફ થતાં એના જાતિય આકર્ષણને મર્યાદિત કરતી હતી. પરંતુ પ્રકાશને પુરુષ નહી ગણતાં પ્રકાશના સુકોમળ શરીર તરફ તેને કંઈક ગમતું–કંઈક અણગમતું ખેંચાણ થવા માંડયું. આ ખેંચાણ એ જાતિય ખેંચાણ છે, એવું ભાન થવાં પૂર્વે જ પ્રકાશના સહવાસને એણે પોતાનો કરી લીધો. કયારેક બાળક જેવો, તો કયારેક નવોઢા સ્ત્રી જેવો લાગતો પ્રકાશ

ઇલાને સખ્ય ભાવ આરોપવાનું સુંદર સ્થાન થઇ પડ્યો. ઇલાનાં વિચિત્ર વિચારો અને સંસારે કાનેય ન સાંભળ્યા હોય તેવા મનોભાવના કારણે, તેને સહીપણા પણ બહુ જ ઓછી સ્ત્રીઓ સાથે થયા હતા. સંસાર આખાના વર્તુલમાં પતિ અને તેના જીવનને જ સમાવી દેતી અને તેથી બહાર પોતાનું પણ અસ્તિત્વ નહી કલ્પી શકતી સ્ત્રીઓ, તથા યુવાનનાં પુરુષ દેહની છાયામાં સમાઈ જઈ જીવનભર તેની બનવા માગતી પ્રેમિકાઓની તરફ તેને જરાય માન હતું નહી. પ્રકાશ સાથેનો પરિચય વધતાં તે ગમે તેવી છૂટ લેવા લાગી. કોઈ પણ જાતની વાત કરતાં, કોઇ પણ સ્થળે પ્રકાશ સાથે ફરતા, તેને જરાય સંકોચ થતો નહી; પણ તેનું આ વર્તન પ્રકાશનાં અંતરમાં ગૂઢ ભાવો અને અભિલાષાઓ ઉત્પન્ન કર્યા કરતું. પ્રકાશનાં સ્ત્રીસમા દેહમાં પણ સુપ્ત પૌરૂષ પડ્યું હતું અને એ ઇલાના સાહચર્યથી ધીમે ધીમે જાગ્રત થતું જતું હતું; કોઈ વાર તેનો પૂર્ણ અવિષ્કાર ઇલાનાં સ્ત્રીત્વમાં લય પામે તેવી વાસના પણ જાગતી હતી.

આમ ઇલા અને પ્રકાશનો સંબંધ વધ્યે જ જતો હતો. ઇલાની પાછળ દોડી થાકી જઈ શ્રાપ વરસાવતું પુરુષ જગત આ નવી શરત નિરખી રહ્યું હતું અને વારંવાર સૂચનોથી, સલાહોથી અને બીજી કુનેહથી પ્રકાશ ઇલાના પ્રેમમાં પડી ગયો છે, તેનું તેને સમજાવવા મથી રહ્યું હતું. એ ભાવ સાથે પ્રકાશ પોતાનો અંતર્ગત જાગ્રત થતો જતો ભાવ સરખાવતો અને તેને આ મિત્રોની કલ્પના સાવ સાચી લાગતી; એજ સાથે ઇલાનાં નિષ્કારણ હાસ્ય, અચાનક ચમકતી કટાક્ષલીલા અને સંપૂર્ણ સંહોચરહીતતાનો વિચાર કરતાં, એ ભાવ દ્વીપક્ષી હોઇ, સફળ લગ્નમાં પરીણમવો જોઈએ તેવો નિર્ણય પણ તે કરતો.

ઇલા પ્રકૃતિની પુત્રી હતી. આથમતા સૂર્યના લાલ પીળા પ્રકાશમાંથી ચમકતાં સાગરને કાંઠે તેને ફર્યા કરવું ખૂબ જ ગમતું. તેમાં

કોઈ કોઈ વાર તો લાંબા પડતાં, પોતાનાં અને પ્રકાશનાં ઓળાઓ સાથે મળી જાય તેમ, અને ઘણીવાર તો બન્નેનાં દેહો એક બીજાને અથડાઇ જાય તેમ ચાલ્યા કરતી. પ્રકૃતિનું સુંદર દ્રશ્ય તે પૂર્ણ ભાવે ભોગવી શકતી. પ્રકાશ એ છાયાની સેળભેળમાં જીવનના સેળભેળની પૂર્વછાયા જોતો અને વિચારગ્રસ્ત બની જતો.

" પ્રકાશ, શું વિચારે છે ? " ઇલા પૂછતી.

" કંઈ નહી. " છાયા સામે જોઈ દીર્ઘ નિશ્વાસ નાખી પ્રકાશ કહેતો.

" એમ પડછાયા સામે શું જુએ છે ? મારી સામે જો. "

એ શબ્દોથી તેનું હૈયું બહાર નિકળી હવામાં તરવરતું અને એ શબ્દોનો ધ્વનિ જ્યાં જ્યાં ફેલાય ત્યાં ત્યાં ફરી ફરી સાંભળવા તેની પાછળ જતું.

" તું અને પડછાયો મારે માટે જુદા નથી. "

" કેવું નબળું પોચું બોલે છે ? એનો અર્થ તું શું કરવા માગે છે ? "

" એનો અર્થ—એનો અર્થ તો કંઇ જ નહી. "

" કોઇ નિરર્થક બોલે નહી, તેમ જુએ પણ નહી. તારા મનમાં કંઇક છે. આજે નવેસર જ ઉદ્દભવતું હોય, કે હંમેશનું હોય; આજે જ જરા જીવન વ્યવહારના સપાટી પર આવ્યું હોય : નિત્ય ચિંતનથી બહાર લાવવાની હિંમત આવે છે, પણ હજી તું બરોબર બહાદુર નથી બન્યો લાગતો. "

" તું એ જાણીને શું કરીશ, ઇલા ? "

" રહેવા દેને, ભાઇ, મારે નથી જાણવું. જે કહેતા તને આટલો સંકોચ થાય છે, તે સાંભળવામાં શું મઝા પડે ? "

પ્રકાશ ક્ષોભ પામી મૂંગો થઇ જતો; અને ઘણો વખત એમને એમ ચાલ્યો જતો. બંન્નેના વ્યવહાર અને સહચારની નાની નાની લાગતી વિગતમાં, પ્રકાશ પોતાનો ઇલા તરફનો પ્રેમ વ્યક્ત કરવાની તક લેવા પ્રયાસ કરતો. પણ ઇલાના ખુલ્લા દિલ આગળ તે કંઇજ બોલી શકતો નહી : અને હંમેશા વાત આવી રીતે વાતાવરણમાં તરવર્યા કરતી, પણ બન્નેમાંથી એકનાં ઓષ્ટમાંથી બહાર નીકળતી નહી.

એ પછી પ્રકાશે કલાનો આશ્રય શોધ્યો. એણે ઐતિહાસિક દ્રષ્ટિ કેળવી, આજ દિન સુધીનાં પ્રેમીઓ જે રીતે વર્તતા આવેલા તે રીત અખત્યાર કરી. એણે સાહિત્યમાંથી જીવનભર એક યુવતીના પ્રેમમાં સમાયેલા અમર સર્જનોને કયારેક કયારેક વાતમાં લાવવા માંડ્યાઃ ચિત્રકલામાં પૌરાણિક કલ્પનાના પ્રેમપાત્રો ઉતરેલા તેનું વિવેચન એ કરવા લાગ્યોઃ પણ આ તમામ પ્રયાસો, આવા આડકતરા સૂચનો પકડવાને ન ટેવાયેલી ઇલા સમક્ષ વ્યર્થ જવા લાગ્યા. પ્રકાશ વધુ મૂંઝાયો. ધીમે ધીમે એના જીવનમાં ઇલાનું સ્થાન, સ્થાપીત પ્રેમશાસ્ત્રનાં સિદ્ધાં તેની રૂએ નક્કી થવા માંડ્યું. પુરુષની દેહભૂખ અતૃપ્ત રહેતા આકસ્મિક નિત્ય પરિચયની કોઈ સ્ત્રી સાથે કલ્પનામાં સહચાર સાધે અને લાંબે ગાળે એ સહચારની પ્રતિમા દેહભૂખ જેટલી જ ઉગ્ર બની જીવનમાં સ્થાન લેવા લાગે, તેને 'પ્રેમમાં પડવું' કહેવામાં આવે છે. આ રીતે પ્રકાશની જાતિય વાસના ધીમે ધીમે કેન્દ્રીત બની માત્ર ઇલાની આજુબાજુ જ ઘૂમવા લાગી.

વાતચીતમાં એ સ્પષ્ટ નહી જ કહી શકાય, તેમ માની પ્રકાશે પત્ર લખવાનો નિશ્ચય કર્યો; પણ ઘણા પત્રો લખ્યા છતાં, એકેયથી સંતોષ નહી થતા, એ વિચાર પણ માંડી વાળ્યો. ઇલાનું વર્તન તો એટલું જ સ્વતંત્ર પ્રફુલ્લ હતું. પ્રકાશનું વર્તન સંકોચભર્યું અને કંઈ ચૌર્યવૃત્તિથી પ્રેરીત હોય તેવું દેખાતું હતું. પ્રકાશ ઇલાના સહવાસમાં

ન હતો, ત્યારે એજ સહવાસને પોતાને ગમતી કલ્પનાનાં સ્વરૂપોમાં વિકાસ આપી તેનું ચિંતન કરવામાં જીવનનો બીજો તમામ વ્યવહાર ભુલી જતો હતો. એને પીવામાં, ખાવામાં, હરવા ફરવામાં, રમવામાં રસ નહતો.

૨

આથમતી સંધ્યા સમુદ્રનાં શાંત જલમાં ડૂબી ગઈ હતી; અને તેની વીડંબનારૂપ શહેરના જાહેર રસ્તાઓમાં વીજળીની બત્તીઓ ઝબકતી થઈ હતી. ઉપર આકાશમાં મધ્ય પક્ષનો અર્ધોએક ચંદ્રમા તેજ નહી પણ, જેને ઉજાસ કહી શકીએ, તેટલો પ્રકાશ ફેલાવતો હતો. ઇલા અને પ્રકાશ સાગરની શીતળ લહેરીઓમાં સવસ્ત્ર સ્નાન કરતા ચાલ્યા જતા હતા. પડછાયાનું મીલન અને, શરીરની અથડામણ, આજે પવનનાં જોરદાર ઝપાટાને અંગે કંઈક વધારે પ્રમાણમાં થયા કરતી હતી. પ્રકાશના મનન આવેગ–તરંગો, પવન કે પાણીના વીચી કરતાં પણ વધારે જોરથી અંદર ને અંદર અથડાયા કરતા હતા. એ વિચીના જોરને દમવા પ્રકાશ ધીરે ધીરે ચાલતો હતો, તેથી તે વારે વારે પાછળ પડી જતો હતો. ચાલતી વાતમાં એનું ધ્યાન બરોબર નહીં રહેતા, ઘણીવાર અસંબદ્ધ પણ બોલી નાખતો હતો.

"પ્રકાશ આજે કેમ પાછળ પડતો જાય છે?" ઇલાએ છેવટે પૂછ્યું.

"હું થાકી ગયો છું."

"હું તને ઊંચકી લઉ.?" ઇલા સ્મિતભરી બોલી.

પ્રકાશના દેહમાંથી કોઈ વેગવાન ચેતનનો પ્રવાહ વહી રહ્યો; એનું ગોરૂં મોં લાલચોળ થઈ જવા માંડ્યું; પગ વધુ લથડવા લાગ્યા.

"ઇલા, હું એજ માગું છું." અચકાતા અચકાતા પ્રકાશે ઉચ્ચાર્યું.

"એટલે?"

"હું તને ચાહું છું..." લાંબા કાળની તૃષા વ્યક્ત થવાની હતી; તે આજે તૃપ્ત થઈ. પ્રકાશનો આવેગ કંઈક ઠંડો પડ્યો. પણ અચાનક નીકળી જતા, આ શબ્દોએ માથું ધમધમાવી નાંખ્યું. પોતે ક્યાં ઊભો છે, શું કરી રહ્યો છે, તેનું ભાન દૂર દૂર જવા લાગ્યું.

"તે એમાં શું ? હુંય તને ચાહું છું."

"એમ ખરેખર? મારી ઇલા." પ્રકાશે ઇલાનો હાથ પકડ્યો.

"એ શું કહે છે? દૂર ઉભો રહે. ચાહવામાં તારી ઇલા ક્યારથી થઈ ગઈ? હું તો તમામ જગતને–પ્રાણી માત્રને ચાહું છું."

"એ ચાહ અને મારા પ્રેમમાં કંઈ તફાવત નથી?"

"તફાવત ?–હા, છે. તું અને હું ખુબ જ સાથે ફરીએ છીએ; વાતો કરીએ છીએ; વિચારીએ છીએ, એથી તારા તરફનો પ્રેમ ઉચ્ચ ભૂમીકા ઉપર છે–એટલું જ."

"મારો તો ચાહ એવો છે કે, એથી વધુ ઉચ્ચ ભૂમીકા હોઈ ન શકે."

"એ મને માન્ય નથી. હું જાણું છું,–પ્રકાશ, અત્યારે તારા પર આ વેગ અને જાતિય લાલસાનો સૂર્ય આગ ફેંકી રહ્યો છે. હું પણ એ આગથી મૂક્ત નથી; પણ એથી આપણે જગતનાં અધૂરા, અબુદ્ધ માનવીની માફક ગાંડા બની જઈ, પરણવાની ખટપટમાં પડી જવું એ કદી બની શકે નહીં."

"પ્રેમનું પરીણામ લગ્ન નહી, તો બીજું શું આવે?"

"કેટલો બાળક સમો અણુસમજુ છે? પ્રકાશ. તું તારા આવા સ્વભાવથી જ વધુ પ્રિય લાગે છે. હું સમજું છું, તારા સાનિધ્યમાં વસવાથી મને અકથ્ય ઊર્મિ ઉપજે છે, પણ હું એ ઊર્મિઓને નિય-

આનમાં લાવવા માગું છું, તારૂં પૌરુષ તારો દેહ—આ સર્વમાંથી—એ સર્વના આવા ઉપભોગથી મને ખુબ ઉલ્લાસ થાય છે; પણ એ ઉલ્લાસ લગ્નમાં પડવા માટે પર્યાપ્ત નથી. પ્રકાશ તું અને હું પરણી શકીએ તેમ નથી. પરણવા માટેનો પ્રેમ અને બે જાતિય આવેગથી ઉભરાતા જુવાનોનાં વિજાતીય દેહ વચ્ચેનો પરસ્પરનો પ્રથમ દૃષ્ટિનો પ્રેમ, એ બે જુદી વસ્તુ છે."

"મને એ કંઈ સમજાતું નથી. ઇલા, મારા પ્રેમનો આવો અર્થ થશે, એમ મને ખબર ન હતી. તું મને વિવશ બનાવે છે."

"તું સમજવા માગે છે ક્યાં ? તારે તો દેહસ્પર્શની ઝણઝણાટી ભોગવવી છે. પણ પ્રકાશ, મારી જીંદગીનો તો તું સાચે જ પહેલો પુરુષ છે. હું યુવાનોમાં ખુબ છૂટથી હરી ફરી છું; પણ કોઈપણ યુવાન મારા શાંત હૈયામાં આવેશ ઉપજાવવા સફળ થયો નથી. તારી સાથેના સહવાસે આવેશને જન્માવ્યો છે. તું મારા જીવનનો પહેલો પુરુષ છે. એ પુરુષ પ્રત્યે થતા આકર્ષણનો, એની સાથે જીવવાના ઉદ્ભવતા કોડનો, એના હૈયા સરસા ચંપાઈ જવાની ઉત્કંઠાનો—મોટો ભાગ એ આવેશને આભારી છે. પહેલા પુરુષ સાથે પરણવાનું જોખમ હું નથી ખેડવા માગતી."

"ઇલા, મારી ઇલા. આટલી આશા, આટલા ચાહ પછી ?"

"મને તારા માટે સહાનુભૂતી છે, પણ તું નિર્બળ બની આંસુ સારે, એ મને નથી ગમતું. ક્ષણીક આવેશને સનાતન મનાતા આત્માની કલા સમજી, તેને ખાતર જીવન સમસ્તને હોમવામાં હરકત નથી તેમ માની હોમી દેવું, એ બરોબર નથી."

"મારો પ્રેમ ક્ષણીક નથી."

"ક્ષણીક નથી ? તેં બીજી સ્ત્રીઓ પ્રત્યે આ જ ભાવ અનુભવ્યો

નથી ? કોઈ પણ સ્ત્રી પ્રત્યે આવો ભાવ તું ન અનુભવી શકે ? પ્રકાશ, આજે તારી સામે હું મહામુશીબતે મારી સ્વસ્થતા જાળવી રહી છું. તારા દેહ અને મારી આંખોની વચ્ચે આજે સુંદર મેઘ ધનુષ્યના રંગવાળો પારદર્શક વાસના પટ આવી ગયો છે. તું મને સર્વાંગ સુંદર લાગે છે. તું અત્યંત પ્રિય લાગે છે. તારા દોષ પણ મને ખુબી રૂપ જણાતા હશે. એથી જ હું બ્હીઉં છું. તું પહેલો પુરુષ ન હોત તો આટલો જાતિય આવેગ ન હોત; અને તો હું તને બરોબર નિહાળી શકત. પછી પરણવામાં શું, ગમે તેમાં મને હરકત ન આવત. આજે તો તારો દેહ અને પૌરૂષ મને આંધીમાં ધકેલે છે, માટે હું બુદ્ધિ-પૂર્વક–ઇરાદાપૂર્વક તને તરછોડું છું. પ્રકાશ, આજથી અત્યાર સુધી સુપ્ત રહેલી લગ્ન વાસનાને તેં જગાડી. આજે હું સાવચેત છું, પણ આવતી કાલે કદાચ નહી હોઉં. રાત્રી મીઠી અને કાતીલ બનતા હું આજેય ન રહી શકું. મને જાતનો ભરોસો નથી. માટે કાંતો તું મારાથી નાસી જા, નહી તો હું ભાગીશ.

ઇલા ઝડપથી ઉભી થઈ. પ્રકાશે બાહુ પ્રસારી ઇલાના સુગઠીત સીધા દેહને પકડવા પ્રસાય કર્યો. ઇલા છટકી. "ઇલા, ઇલા" કરી પ્રકાશે બાજુના પત્થર બેસી બે હાથમાં માથું દબાવી દીધું. એનું માથુ ફરતું હતું, પૃથ્વીની ગતિનાં કરતાય વધુ વેગથી અને એ ગતિ-થીય જાણે પોતે આગળ દોડતો હોય, તેમ એ ભમવા લાગ્યો. દૂર દૂર, ભાગતી ફરતી પૃથ્વીની અડફેટમાં સેંકડો વસ્તુઓ પ્રાણીઓ તારાઓ, ગ્રહો, અને સૂર્યમંડળનાં પ્રકાશ વર્તુલો આવ્યે જતા હતા. પ્રકાશ એ તમામ સપાટામાંથી બચવા મથતો, પણ એ તમામ ગતિના એક જ ઝપાટાથી દૂર દૂર હટી જતા હતા. અચાનક જ જાણે પૃથ્વી નમી અને ગતિનો વેગ વધવા લાગ્યો.

પાસે ઉભેલી ઈલાને પત્થર પર સ્થિર રહેલો પ્રકાશનો દેહ

નમતો લાગ્યો. તેણે તેને હાથ વતી ઝીલી લીધો. પ્રકાશની પૃથ્વી સેંકડો ઈંદુપ્રકાશની રચેલી કોઈ સૃષ્ટિ માળામાં રમવા લાગી.

એજ ક્ષણે એ સાવધ થયો. ઇલાના હાથમાં પોતાનો દેહ જોયો અને ધન્ય બની આંખો મીંચી.

"પ્રકાશ, તમે જાગો છો? જાગ્યા?"

"પ્રકાશ, જાગ્યા?" ઇલાએ ફરી પુછ્યું.

"હા." ધીમે અવાજે પ્રકાશને બોલવું પડ્યું. તેણે આંખો ઉઘાડી, ઇન્દુ પ્રકાશની સૃષ્ટિનાં કકડા હોય તેમ દીવાઓ ઝગમગતા હતા.

"હું જાઉં છું, ત્યારે"–કહી ઇલા ઝડપબંધ ચાલી ગઈ. પ્રકાશે ફરી પૃથ્વીની ગતિમાં દોડવા માગ્યું. પણ તેવું ફરી બન્યું નહી.

★

ભક્તિ

નારાયણનાં ભાવપુનિત કંઠમાંથી આવતા શુદ્ધ સંસ્કૃત સ્તવનોના ઉચ્ચાર બંધ થયા, તોપણ દેવાલયનાં ગુંબજમાંથી તેનો પડછંદો બોલ્યા જ કરતો હતો. જાણે શબ્દોને એ કંઠમાંથી બહાર નીકળ્યા પછી તેની આજુબાજુ ભમ્યા કરવાનું જ ગમતું હોય, તેમ એના એ શબ્દો અસ્પષ્ટ થતાં થતાં પણ ઘોર અવાજના રૂપમાં સજીવ બની. વાતાવરણને ભરી રહ્યા હતાં. ગુંબજની રચના કોઈ નાદ શાસ્ત્રીએ કરી હોય કે ગમે તેમ, તેમાંનું સંક્ષુબ્ધ વાતાવરણ બહારનાં વાતાવરણથી જુદું જ પડી જઈ, દેવાધિદેવ મહાદેવને રીઝવવા થતા ઘંટનાદો અને સ્તુતિવચનોથી ઉભી થતી હવા લહેરીઓને બહાર જવા દેતું નહિ. નાદના દૂર્બળ ગણાતા જોરથી ધ્રૂજતી હવાલહરીઓ જાણે વેગવતી બની દેવાલયની અંદરની વસ્તુઓને ધ્રૂજાવતી હતી. મંદિરના ઘંટમાંથી અને મહાદેવ પર લટકાવેલી જળધારીમાંથી ધીમો કર્ણ મધુર અવાજ ઉપજતો હતો અને સંસ્કૃત ભાષાના પવિત્ર અક્ષરોની સાથે સંગીત સાધી રહ્યો હતો.

૧૩ નારાયણ આંખો બંધ કરી લાંબા વખત સુધી એ મધુર

અવાજ સાંભળી રહ્યો. ધીમે ધીમે એ નાદ અસ્પષ્ટ થતો જતો હતોઃ બંધ નહોતો પડતો, પણ જાણે દૂર દૂર ભાગતો જતો હતો. અસ્પષ્ટઃ અર્થહીનઃ માત્ર અવાજઃ શબ્દ નહિ માત્ર રણકારઃ અર્થ નહિ પણ મધુરતાઃ આટલાથી જ નારાયણનું ભક્તિભાવ ભર્યું હૈયું તૃપ્ત થતું હતું.

એકાએક તેને લાગ્યું, કે, અવાજમાં કંઈક સંભળાય છે. તેણે આંખો ઉઘાડી, પણ જીવનની વાસ્તવિકતાથી ભય પામી પાછી તુર્ત જ મીંચી દીધી. અવાજ હજુય સંભળાતો હતાઃ દૂર દૂર જતો હવો, છતાં એ સ્પષ્ટ દેહ ધારણ કરતો હતો. હવે એમાંથી શબ્દો અને અર્થ પણ નીકળતા હતા. નારાયણ ચમકીને સાંભળીને રહ્યો. એક વાર નહિ, બે વાર નહિ, ભ્રમણા નથી એવી ચોક્કસ ખાતરી થાય તેટલી વાર એ અવાજ બોલતો હતો, 'નારાયણ, બેટા. તારે ત્યાં પુત્ર આવશે.' 'બેટા, નારાયણ, પુત્ર જન્મશે.' 'પુત્ર, નારાયણ' અને એમને એમ શબ્દોની જાણે પરંપરા ચાલતી હતી.

ફરી નારાયણે આંખો ખોલી, ત્યાં કંઈ જ ન હતું. ઘંટ ધીમા અવાજે રણકાર કરી રહ્યો હતો, જળધારી મહાદેવ પર જળવર્ષણ કરતા તેમાંથી ઉપજતા શીકરો તેનાં મોં પર શીતળતા છાંટી રહ્યા હતા. અવાજ કોઈ દૂર દૂર સ્થળે ત્વરાથી જઈ રહ્યો હતો. નારાયણ હસ્યોઃ 'દેવ, તમારી આશીષ હો તો સફળ થાઓ.' એવાજ ભાવ તેણે મોં પર આણ્યા અને હંમેશના નિયમ પ્રમાણે તે દેવાલયમાંથી ફરી ફરી નમસ્કાર કરતો ચાલતો થયો.

નારાયણની ઉંમર આજ પચાસ વર્ષની થઈ હતી. તેની પત્ની યમુના તેનાથી એકાદ વર્ષે નાની હોઈ, તે પણ હવે વૃદ્ધત્વને કિનારે પહોંચી ગઈ હતી. આટલી લાંબી અવસ્થા, એ બન્નેએ બાળકના સહવાસ વિના ગાળી હતી. બન્ને પતિપત્ની નિષ્પાપ દીલનાં હતાં. પરસ્પર એક બીજાની સંતાનલાલસા સમજતાં; અને એ સદંતર

નિષ્ફળ ગયાં છે, તેમજ જીવનગતિ મંદ પડતા સુધી પણ સફળ થવાની નથી, એવી ખાતરી થતાં એકબીજાને આશ્વાસન આપતાં હતાં. બ્રાહ્મણોને ભાગે જન્મથી જ આવેલો ગુરૂપદનો ધંધો કરી, નારાયણ પોતાનું ગુજરાન ચલાવતો. એ પેટ ભરવામાં તેને વધારે પૈસા કમાવાની જરૂર નહિ લાગવાથી એના ધંધામાં પણ એ પ્રમાણિક રહી શક્યો હતો અને એથી નિર્લોભી, નિસ્પૃહી, સુપાત્ર વિપ્ર ગણાતા લોકોની પૂજ્યબુદ્ધિ એના તરફ વધતી જતી હતી.

નારાયણ શંકરનો પરમ ભક્ત હતો. સવારનો બધો વખત એ ગામથી દૂર નદી કિનારે આવેલા દેવાલયમાં પૂજા કરવામાં ગાળતો. પૂજાની વિધિ તો સ્થિતિ સ્થાપક ગણાય છે. એને લંબાવી શકાય, ટુંકાવી પણ શકાય; પણ નારાયણને આ વિધિ સાથે કંઈ ખાસ સંબંધ ન હતો. કંઠમાં સ્વાભાવિક રહેલી મીઠાશથી અને ભક્તિભાવે પ્રેરેલી મૃદુતાથી, થોડાએક મુખપાઠ કરેલા સામાન્ય શ્લોકો તે બોલ્યે જતો. શુદ્ધ ગુજરાતી પણ ભાગ્યેજ સમજી શકનારા ગામના વેપારીઓ, નોકરીઆતો અને અમલદારો સુદ્ધાંત, આથી નારાયણને સંસ્કૃતનો પ્રખર વિદ્વાન માનતા. બપોરના એકવાર ભોજન લઈ સાંજનાં નારાયણ ફરવા નીકળતો અને મહાદેવના મંદિરનાં પાછળના ભાગે આવેલા ઉંચા ઓટલા પર બેસતો. રાત્રિનાં સ્તુતિવચનો બોલતા બોલતાં જ એ સૂઈ જતો.

આમને આમ આ બ્રાહ્મણ નરનારીએ પચાસ વર્ષનો લાંબો કાળ એકબીજાની હુંફમાં કાઢી નાંખ્યો; જો કે વૃદ્ધાવસ્થા આવતી હતી, તેમ જીવનનો ભાર અસહ્ય થતો જતો હતો અને પુત્રની એષણા વધારે પ્રબળ બનતી જતી હતી. છતાં એ નિષ્ફળ જ રહેવાની છે, તેવી પ્રતિતિ પણ ચોક્કસ થતી જતી હતી.

નારાયણ અને યમુના બન્ને શ્રદ્ધાભર્યાં હતાં. એક નિયત કરેલી

યોજનાના ચક્રોની માફક એ પોતાને ફાળે પડેલું જીવન ઠરેલી વિધિ પ્રમાણે વિતાવે જતાં હતાં. આજે ભલે રેતીનાં તપેલા રણમાં ખુલ્લા પગે, તરસ્યે કંઠે પ્રવાસ કરવાનો હોય; પણ એ પ્રવાસને અંતે શીતળ છાંયડી નીચે બેસી ઠંડા જળથી તૃપ્ત બની આરામ લેવાની ઘડી અવશ્યમેવ આવવાની છે, એમ તેમને લાગતું.

હાલમાં થોડા દિવસ થયા મહાદેવનાં મંદિરમાં એક અસામાન્ય લાગતા સાધુએ ઉતારો કર્યો હતો. એ મહાત્મા ભાગ્યે જ કંઈ ઉપદેશ કરતા; કોઈની સાથે વાત કરતા નહિ, કોઈની ભેટ લેતા નહિ; સવાર સાંજ બહાર દૂર દૂર ફરવા જતા અને બપોરના વાંચ્યા કરતા, કે શુન્યમનસ્ક હોય તેમ પડ્યા રહેતા; સંસારીઓ તરફની તેમની વર્તણુંકમાં જેમ આડંબરી ગુરૂભાવ નહોતો તેમ અસંસ્કારી તોછડાઈ પણ નહોતી. નારાયણે તો આ સાધુની પણ પૂર્ણ ભક્તિભાવ વડે સેવા કરવી શરૂ કરી દીધી. સેવા તો બીજી શી હોય ? પણ અવાર નવાર હાથ જોડી તેની પાસે બેસી રહેતો અને મહાત્મા કોઈવાર સામાન્ય જેવી લાગતી બાબત પર કંઈ અભિપ્રાય આપે તો નારાયણ ‘ હા, બાપજી, ’ કહી સંમતિ આપતો.

આજે ઉપર જણાવેલો અનુભવ થયા પછી નારાયણ હર્ષપૂર્વક બહાર નીકળતો હતો, ત્યાંજ સામેથી મહાત્મા દેખાયા.

‘ નમસ્કાર, બાપુ. ’ કહી નારાયણે વંદન કર્યા. ‘ નારાયણ, બેટા તારી મનકામના પૂર્ણ થઈ કે નહિ ? ’

નારાયણ એકદમ સાધુનાં ચરણોમાં બેસી ગયો. ‘ આપની કૃપાનું ફળ. ’ નારાયણને લાગ્યું, કે આજે મંદિરના ગુંબજમાં સાંભળેલો નાદ એ ભ્રમણા નથી, એ તો આકાશવાણીજ છે: અને એ કેવળ આ મહાત્માની કૃપાનું જ પરિણામ છે.

'નારાયણ, ઉભો થા. હું કૃપા કરવા ક્યાંથી શક્તિમાન હોઉં ? પણ તને પ્રસન્ન જોઇ હું રાજી થઉં છું.'

નારાયણ સાધુને ફરી ફરીને નમન કરતો ઘેર ગયો. યમુનાને આ વાત સાંભળી સ્વર્ગ નજીક જ લાગ્યું. પણ છતાં બેમાંથી એકેયને તુરત તે આ બાબતમાં શ્રદ્ધા બેઠી નહિ. આમ છતાં, આ છાની રાખી શકાય તેવી વાત છાની રહી નહિ. સૌ કોઈ નારાયણના ભક્તિભાવની પ્રશંસા અને તેના સદ્ભાગ્યની અદેખાઈ કરવા લાગ્યા.

એ વાણી ગમે તે હો. પાછળથી બનવાના બનાવ સાથે એને કાર્યકારણનો કોઈ વૈજ્ઞાનિક સંબંધ હો, યા ન હો. જરા, જન્મ અને મરણની ગુંચવણભરી અને તત્વને હથેળીમાં આમળાની માફક બેસાડી શકનારા જ્ઞાનીઓની પ્રજ્ઞા ચક્ષુથી પણ અગમ્ય એવી પ્રક્રિયા, એક ભક્તિથી અંધ બનેલા અને ચર્મચક્ષુને બંધ કરી ઉભેલા નિર્બળ, વૃદ્ધ બ્રાહ્મણને થયેલા ભણકારને આધિન તો હોય જ નહિ; પણ છતાં ઘણીવાર કંઈક બની જાય છે; એવું બની જાય છે, કે એનું કારણ શોધવા નિમિત્તે આપણે ગમે તે સ્થળે ભટકવા પણ તૈયાર થઈએ છીએ. ગમે ત્યાંથી, ગમે તે ચીજ ઉપાડી લાવી, પાછળ બનેલા બનાવનાં કારણની સાંકળ તેના ગળામાં પહેરાવી દઇએ છીએ. એટલે આ બનાવ બન્યા પછી નવ માસે યમુનાને ત્યાં આરોગ્ય અને લાવણ્યથી ભરપૂર પુત્રનો પ્રસવ થયો, ત્યારે જાણે સનાતન ધર્મનો સૂર્ય ફરીથી ગગનમાં જોસભેર પ્રકાશતો થઈ ગયો હોય, તેમ બધાને લાગ્યું.

નારાયણે તેની શક્તિ મુજબ દાન કર્યું. વ્રત ધારેલાં હતાં, તેને પુરાં કર્યાં. સાંસારિક રિવાજ પ્રમાણે સ્નેહીઓ, સંબંધીઓ અને અને શુભેચ્છકોનાં મોઢાં મીઠાં કર્યાં. આ બ્રાહ્મણ દંપતિની પ્રતિષ્ઠા ગામમાં ખૂબ વધી પડી. નારાયણે સાંભળેલી વાણીને ભ્રમણા ગણતા શહેરીજનો પણ હવે પોતાનાં દુઃખના પોટલાનો નાશ કરવા માટે

નારાયણની સહાય લેવાં લાગ્યા. નારાયણની પાસે તો કેવળ આસ્થા ને ભક્તિ સિવાય બીજો કોઈ મંત્ર હતો જ નહિ. એના સદ્‌ભાગ્યથી એનેજ આશ્ચર્ય થતું હતું; એને પોતાની મહત્તા તો કંઈ સૂજતી જ નહોતી. છતાં આ સાત્ત્વિક વૃત્તિનાં બ્રાહ્મણે પોતાની દૃઢ આસ્થાને પોતાનાથી બની શકે તેટલી નિશ્ચયાત્મકતાથી, સ્પષ્ટતાથી, લોકો સમક્ષ રજુ કરવા માંડી. ગામમાં મહાદેવની મૂર્તિ પણ ચમત્કારીક ગણાવા લાગી.

નારાયણને આશિષ મળી ત્યારે મંદિરમાં ઉતર્યા હતા તે મહાત્મા તો થોડાજ વખતમાં ત્યાંથી ચાલ્યા ગયા હતા. છતાં નારાયણ હંમેશા મહાદેવની પૂજા કરી એ પૂજા ધ્વનિનો ઘોષ હજુ ગાજતોજ હોય, ત્યાં મહાત્મા જ્યાં નિત્ય બેસતા તે સ્થળે આવી ત્યાંની ધૂળને પણ આંખે અડકાડી, હવામાં નમસ્કાર કરી ચાલ્યો જતો. નારાયણનાં અનુકરણે ધનધાન્ય, પુત્ર પરિવાર અને બીજી સર્વ પ્રકારની ઈષ્ટ સિદ્ધિ મેળવવાની મહત્વાકાંક્ષાવાળા માનવીઓ પણ એજ રીતે આ સ્થાનની પૂજા કરી તેનું મહત્ત્વ વધારવા લાગ્યા.

કાળની ગતિ આગળ ધપતા, નારાયણનો સુંદર પુત્ર વયે અને શરીરે વધવા લાગ્યો. નારાયણ તેને હંમેશા આંગળીએ લઈ મહાદેવનાં દેવળ પર લઈ જતો. સવારે, બપોરે અને સાંજે : નિરંતર નારાયણનું તથા તેના પુત્ર નિલકંઠનું આશ્રય સ્થાન દેવાલય જ હતું. નિલકંઠ પિતાનું સર્વ પ્રકારનું અનુકરણ કરતો; અને બોલતાં શીખ્યો ત્યારે કાલી ભાષામાં નારાયણની માફકજ સંસ્કૃત સુભાષિતો બોલવા પ્રયાસ કરતો. સાંજના, પાછળના ભાગે આવેલા ઓટલા પર ગામનાં ધાર્મિક જનોની સંસ્થા બેસતી અને અનેક પ્રકારથી વાર્તા થતી, તે વખતે પણ નિલકંઠ ત્યાંજ રમ્યા કરતો. આ ચબરાક બાળક શંકરના પ્રસાદ રૂપ હોવાથી સૌને પ્રિય લાગતું.

એ પછી થોડાએક વખતે નારાયણને આશિષ આપનાર સાધુ

ફરીથી ત્યાં આવી લાગ્યા. રાતનાં આવેલા, તેને પ્રાતઃકાળમાજ નારાયણ તથા નિલકંઠ એ પિતાપુત્રની જોડલી મંદિર આગળ મળી.

'કોણ, નારાયણ ?' સાધુએ પૂછ્યું.

'હા બાપુ, બેટા, બાપુને વંદન કરો. બાપુ શંકર સ્વરૂપ છે. બેટા, તું એની કૃપાનું જ ફળ છે.'

'નારાયણ, તારી વાસના ફળી. નહિ ?' સાધુએ ફરીથી ગંભીર થઈ પૂછ્યું.

'બાપજી, આપની કૃપા થાય તો કેમ ન ફળે ? પણ આપ હવે તો આંહી થોડો વખત આરામ કરો. ગામનાં લોકો તો આપની માળા જપે છે.'

'મારી ? એ કેસા ? નારાયણ, મારી માળા શા માટે ?'

'ગુરુદેવ, મને વાંઝીયાને આપે સંતાન આપ્યું. મારી આટલા વર્ષો સુધી વંધ્યા રહેલી મનોકામના ફળી. બાપુ લોકો આપના દર્શન માટે તલસી રહે તેમાં શી નવાઈ ?'

'હાં ઠીક. નારાયણ' સાધુ કંઈક વિચારી રહ્યા હતા; નારાયણ બાજુમાં હાથ જોડી ઉભો હતો. તેની બાજુમાં જ નાનો નિલકંઠ બાલત્વની નાનકડી પ્રતિમા સમો, સુઘડ અબોટીયું પહેરી ઉઘાડે શરીરે પિતાનું અનુકરણ કરતો, અને ઘડીમાં પિતા સામે તો ઘડીમાં સાધુ સામે જોયા કરતો હતો. સાધુનું ધ્યાન અચાનક જ તેના તરફ ગયું હતું.

'ખુબ સરસ. બેટા, ચિરંજીવી રહો. પણ નારાયણ, હું શું કહેતો હતો ?'

'આજ્ઞા મહારાજ.'

‘ તું મારૂં કહેલું માનીશ. ’

‘ બાપજી, તમારો શબ્દ ઉથાપીશ ? ’

‘ તો સાંભળ. નારાયણ, આ સ્થાને હવે મારાથી રહી પણ નહિ શકાય, ફરી આવી પણ નહિ શકાય. પણ નારાયણ, હું તને સૂચવું છું, અગર માન તો આજ્ઞા કરૂં છું. તું હવે ભક્તિ છોડી દે બેટા નારાયણ, હવે ભક્તિ કરવી એ તારા માટે યોગ્ય નથી. તું સંસારી છે, ગૃહસ્થ છે, કૂલપતિ છે. ભક્તિ હવે તારું કામ નથી. ’

‘ બાપજી, મારી કસોટી કરો છો ? ’

‘ કસોટી નથી કરતો. મને એવી ટેવ નથી. ઇશ્વર પણ કોઈની કસોટી નથી કરતો. એ તો અવળું જ્ઞાન છે. હું તો તને સાચું કહું છું. ભક્તિને સંતજનો ખાંડાની ધાર કહે છે, એ તને ખબર છે ? ’

‘ હા મહારાજ. ’

‘ શા માટે કહે છે ? તું જાણે છે ? ’

‘ આપ બતાવો. ’

‘ હું બતાવીશ. પણ તું કદાચ નહિ સમજે. તું આ સાધુ પર રોષ કરીશ. તું મારા ભગવા વેષને ધિક્કારીશ, પણ ના, એ સમજાવવાની કંઇજ જરૂર નથી. બધાંજ સત્યો, બધાને માટે, બધો વખત ખુલ્લાં મૂકી શકાય નહિ: પણ તું મારૂં માની જા. એ ખાંડાની ધાર પર ચાલવાનું કામ તારૂં નથી, કોઈ સંસારીનું નથી. ’

‘ ભક્તિ તો કેમ છુટે ? ભગવાન. ’

‘ છોડી દે. સંસારમાં જા: તારૂં કામ કર: કમાઈ ખા: પૈસો ભેગો કર: પુત્રને સંસ્કાર આપ, વિદ્યા દે: એને માટે મિલ્કત જમાવ. ભક્તિ તો ઘણી કરી, હવે રહેવા દે. નારાયણ હવે છોડી દેજે. ’

એમ કહી સાધુ બાળકના માથા પર હાથ મૂકી આગળ ચાલ્યા ગયા. નારાયણ ગાભરો બની તેના સામે જ જોઈ રહ્યો. ઉતાવળે પગલે સાધુએ મંદિરમાં જઈ, પોતાની બે પાંચ વસ્તુઓ સંકેલી એકદમ બહાર નીકળી, ચાલવા માંડયું: એ નજરની બહાર ગયા ત્યાં સુધી નારાયણ તેની સામું જ જોઈ રહ્યો. બાળક નિલકંઠને પણ આજની પરિસ્થિતિ કંઈક વિશેષ ગંભીર લાગી.

સાધુ દેખાતા બંધ થયા, એટલે ખિન્ન ચિતે નારાયણ નિલકંઠને લઇ દેવળમાં ગયો. 'દેવ, મારી કસોટી કરી ખરી.' એવું મનમાંજ વિચારી નિયમ પ્રમાણે તેણે પૂજન વિધિ શરૂ કરી. સ્તોત્રો ગવાઈ રહ્યા, અને નારાયણ મૂક બન્યો. આજેયે જાણે તે દિવસની માફક અવાજ ત્યાંને ત્યા ઘૂમ્યા કરે છે: દૂર જાય છે: નજીક આવે છે: આજુબાજુની ચીજોને ધ્રૂજાવે છે: એકના અનેક અવાજ ઉત્પન્ન થાય છે, અવાજમાંથી અક્ષર પીગળી જાય છે; અને જાણે પાછા આવે છે. ચારે કોરથી જાણે કોઈ કહી રહ્યું છે, 'ભક્તિ છોડી દે: સંસારમાં જા: નારાયણ, જા. નારાયણ, સંસાર: ભક્તિ છોડી દે.' એવું કંઈક સંભળાયા કરે છે.

એ શબ્દો જાણે સાંભળતાં જ પાપમાં પડાતું હોય, તેમ કાને હાથ મૂકતો અને એવાજ પ્રકારનું અનુકરણ કરતા નિલકંઠની સાથમાં રહેતો નારાયણ ગામમાં આવ્યો.

એ વાત લગભગ ભૂલાઈ જવા આવી, ત્યાં એક દિવસ આખા ગામમાં હાહાકાર થઈ જાય તેવો બનાવ બની ગયો હંમેશના નિયમ પ્રમાણે નારાયણ સાંજના બીજા લોકોની વચ્ચે મંદિર પાસેના ઓટલા પર બેસી તરેહ તરેહની વાતો કરી રહ્યો હતો. નિલકંઠ ત્યાંજ રમતો હતો, એવામાં અચાનકજ તેનો પગ લથડયો અને ઉંચા ઓટા પરથી નીચેની પત્થરની બાંધેલી ભોંય પર તે જોરથી પછડાયો. સીધી ચોટ

એના કુમળા માથા પર જ લાગતાં, લોહી જોસબંધ વહેવા લાગ્યું. બેઠેલા લોકો બેબાકળા બની ઉભા થઈ ગયા. એકદમ દોડી કોઈએ નિલકંઠને બાથમાં લીધો. કપડા વીંટી પાટો બાંધી અને બીજા ગ્રામ્ય ઉપાયો કરી લોહી અટકાવવા પ્રયાસ કર્યો; પણ એ તો બેશુદ્ધ થઈ ગયો હતો. તેને ઉંચકી સૌ ઘેર લાવ્યા. આખી રાત ઘરનાં માણસોએ નારાયણને ત્યાંજ રહી ઉજાગરામાં ગાળી. સવારની બાજુએ નિલકંઠ વધુ તરફડવા લાગ્યો. તેને તાણ આવવી શરૂ થઈ, અને બીજા વધુ ચોક્કસ ઇલાજ લેવાવાની શરૂઆત થાય તે પહેલાં તો તેનો આત્મા પરલોકને રસ્તે ચાલી નીકળ્યો. મૂઢ બનેલા નારાયણને ઘરમાં જ રાખી તથા બેશુદ્ધ યમુનાના ઉપચાર માટે બેચાર સ્ત્રીઓને નજીક રહેવા દઈ લોકો આ બાલ દેહને સ્મશાને લઈ ગયા.

નિલકંઠ પડ્યો ત્યારથી જ નારાયણને ધ્રાસકો લાગેલો; અને ત્યારથી જ જાણે માનસિક ચેતનાનાં તંતુઓ ગૂંચવાઈ ગયા હોય તેમ મૂઢ બનીને જ એ બધું જોઈ રહેલો. એણે બાળકની સારવારમાં કે અંત્યેષ્ટિ ક્રિયામાં કંઈપણ ભાગ લીધો નહિ: આંખમાંથી એક આંસુ પાડયું નહિ. બાળકને યાદ કરીને એક શબ્દ પણ એ બોલ્યો નહિ. લોકો આશ્વાસનનાં શબ્દો કહેતા, પણ એમાંથી એને કંઈ આશ્વાસન મળતું જણાતું નહિ. પરભવનાં પાપનો દુઃખીત આશરો લેવાની સૂચના એનો સળગતો જીવ માન્ય રાખી શકતો નહિ. કિરતારનાં સર્વ કાર્યોમાં શ્રદ્ધા રાખવાનું તત્ત્વજ્ઞાન લોકો ખાલી કરતા એ એને રુચતું નહિ. પણ એણે એક શબ્દ પણ સામો વાળ્યો નહિ. બધાને થયું, નારાયણ જ્ઞાની છે; આવા વિકટ પ્રસંગને પણ એ ધૈર્યથી વેઠી રહ્યો છે.

પણ તેની મનોદશા જુદી જ હતી. આ વિચિત્ર અને ઢંગ વગરની સર્જન પરંપરામાંથી કોઈપણ જાણીતા તત્ત્વજ્ઞાનની સાથે સુસંગત રહે તેવો કારણભાવ તેને મળતો નહિ. 'આમ કેમ થયું ?'

તેનો ખુલાસો એ જાણવા માગતો હોય તેમ, તેના મગજમાં એજ એજ એક પ્રશ્ન નિરંતર ઘૂમવા લાગ્યો. ઉત્તરની સંકલના જોઈતી ન હોય, પણ છતાં પ્રશ્ન છોડતો ન હોય તેમ એ એના માનસની રચનાને સદંતર વીંખી નાંખી, કોઈપણ કાર્યમાં, ખાવામાં, પીવામાં, સૂવામાં બેસવામાં, સર્વ સ્થળે-કયાંય પણ ચિત્તવૃત્તી સ્થિર થવા દેતો નહિ. એ બધું જ કરતો, પણ છતાં એ બધા કાર્યની પાછળ, પ્રથમ જે તમામ કર્મોને એક રૂપ બ[illegible]ની પરસ્પર સાંકળ સમી બની એકમાંથી બીજાનો ભાવ પ્રકટાવતી શ્રદ્ધા નીરખી શકાતી તે આજે અદૃષ્ય થઈ ગઈ હતી. સૂત્ર તુટી જતા, જેમ મણકા નીચે પડે તેમ તેના જીવનની તમામ વૃત્તિઓ ગમે તેમ વીખરાઈ ગઈ.

પચાસ વર્ષની ઉમર સુધી સંતાનની પ્રાપ્તિ નહોતી થઈ, તોપણ એ શ્રદ્ધાનું સૂત્ર અતૂટ રહ્યું હતું. જીવનભર આ અભિલાષા પૂર્ણ ન થઈ હોત, તોપણ એ સૂત્ર એમનેમ રહી, જીવન વૃત્તિને સાંકળી રાખી, મૃત્યુ પર્યંત જીવનભાર સહ્ય બનાવત. જીવનનાં તત્વજ્ઞાનની રચના આસ્થાના પાયા પર એ કાળે પણ રચી શકાઈ હતી. પરંતુ નિલકંઠના જન્મે આસ્થાની સાથે સંસારી સુખની પરમ નિષ્પત્તિસમા વાત્સલ્ય-ભાવની ઓથે ભરાયેલી ઐહિકભોગેષણા પણ ગોઠવાઈ. એ એષણાનો ભાર કોઈ સદ્દભાગીના જ જીવનાંત સુધી એની આસ્થા ઝીલી શકે છે.

નારાયણ સદ્દભાગી નહોતો, ખુબ દૂર્ભાગી હતો.

નિલકંઠનાં મૃત્યુ પછી ચોથે દિવસે પરોઢમાં મહાદેવના મંદિરનાં ગુંબજમાંથી જોરદાર કડાકા સંભળાતા, બાજુમાં રહેતો અતીતબાવો એકાએક જાગ્યો. એકદમ દોડયો; જઈ જુવે છે, તો પ્રસ્વેદથી ભીંજાતો નારાયણ, જેનાં અર્ધા ખુલ્લા દેહ પરથી યજ્ઞોપવિત ઉતરીને હાથમાં અટવાઈ રહ્યું છે, તે ભોંય ખોદવાનાં તિક્ષ્ણ હથિયાર વડે મહાદેવની લૈંગિક મૂર્ત્તિ પર ઘા કરી રહ્યો હતો.

'દોડો, દોડો,' બાવાએ બૂમ મારી. નારાયણ એકદમ ભાગ્યો.

તે વખતે ગુંબજમાંથી એને શું સંભળાયું, તે જાણવા આપણી પાસે સાધન નથી.

યમુના તે વખત પછી થોડા વખતે મરણ પામી; પણ આ દુ:ખી દંપતિની વાત હજુપણ ગામ લોકો યાદ કરી રહ્યા છે.

મહાદેવની ભક્તિ પણ થાય છે; સુખદુ:ખનાં સમ પાસે મઢેલી સંસારની ઘટના પણ ભોગવાય છે.

★

જીવનમાં માત્ર એકજ સિદ્ધાન્ત આવતો હત તો મનુષ્ય જેવું સુખી પ્રાણી બીજું કોઈ ન હત. ઈન્દુને દુનિયા આ રીતે પીછાનતી. એક દુબળો, પાતળો, સીધો–લાંબો પચ્ચીસ વર્ષનો યુવક. જીવન અને સૃષ્ટિ તેને મન હેતુ વગરનું અકસ્માત સર્જન હતાં; એટલે કોઈ પણ પરિસ્થિતિને, કોઈ પણ સ્વાભાવિક કહેવાતી લાગણીને કે કોઇ કુદરતી ગણાતા સંબંધને માનવ કહેવાતા પ્રાણીની પચ્ચાસ વર્ષની નિરર્થક સંસ્કાર બુદ્ધિ સિવાય બીજું કશું માનતો નહિ. શરીર નબળું હતું માટે નાનપણથી જ તેનો જીવન વ્યવહાર સામાન્ય નહોતો. સરખી ઉમરના છોકરા રમતા, માબાપને કે શિક્ષકને પજવતા, પાડાપાડોશીના બુઢ્ઢાની રંજાડ લાવતા, કે ભિખારી અગર કુતરાને હેરાન કરતા, ત્યારે ઈન્દુ અખંડ શાંતિથી ઘરને ખૂણે કે નિશાળમાં બાંકડાને છેડે પોતાના કામમાં મચ્યો રહેતો. એટલે મહોલ્લામાં તે ડાહ્યો છોકરો અને નિશાળમાં હોંશિયાર વિદ્યાર્થી ગણાતો. કોલેજ જીવને આ થોડા–બોલા વિચારક પર અદ્ભૂત અસર કરી. નિત્શે, ઇબ્સેન અને શૉ તેના પ્રખર ગુરૂ નીવડ્યા. એનું વિશિષ્ટ તત્વદર્શન એણે જીવનમાં કર્યું;

આખી વિચાર સૃષ્ટિ આ ભાવનાથી ઘડાતાં તે જ્વલંત બુદ્ધિવાદી થયો.

કોલેજ જીવનમાં તેના પર એક ફટકો પડ્યો. તેની માતા સતત બિમાર રહેતી તે મૃત્યુ પામી. એ પોતે મૃત્યુ વખતે હાજર ન રહી શક્યો. બીજે દિવસે તે આવવાનો હતો ત્યારે લોકોએ તેના છાતીફાટ રૂદનની આશા રાખેલી પણ તે રૂંધાયેલો જેવો આવ્યો, બેબાકળો બની ગાડીમાંથી ઉતર્યો: સીધેસીધા ઘરમાં જઈ નહાઈ લીધું. ન તો એક આંસુ ખેરવ્યું. ન તો એક અવાજ કર્યો. એના પિતાની સામે નજર ફેંકી તેણે તરતજ થાળી લીધી ને મ્હોં ફેરવી ખાવાનું માગ્યું. લોકોમાં આ ભલા છોકરા તરફ કંઈક અણગમો હવે આવ્યો. તેની માને તેની પર અદ્દભુત ભાવ હતો; મરતાં મરતાં પણ તેના ઓઠ પર ઇન્દુનું નામ હતું. પણ દુનિયા કહેવા લાગી કે આવા લાગણી શૂન્ય પુત્ર કરતાં અપુત્ર રહેવું એ વધારે ઠીક લાગે.

બી. એ. થયા પછી ઇન્દુ 'વિધુરાણી'નો તંત્રી થયો; અને માણસ પ્રાણી ઘડીભર મોમાં આંગળી ઘાલે તેવી ભયંકર ફીલોસોફી એ પત્રમાં ઉતારી. "સિદ્ધાંતની ધૂન કે લાગણી એ અસ્થિર સંસ્કાર છે. એના પર માનવ સંસ્કૃતિ રચાય છે, તો પરિણામે તે ભાંગી પડી. આખો ભાવના વિલાસ અપવિત્ર કરે છે. જીવન એ વિગ્રહ છે. એમાં કોઈપણ ઊપાયે વૈભવ કે સુખ મેળવનાર જ જીત્યો ગણાય. સ્વસ્થ માનવતા ઉત્કૃષ્ટ, નિસ્ત્રૈગુણ્ય છે, એને વિધિ કે નિષેધના બંધનો નથી, વગેરે. સંતતિનિયમન ઉપર કૃત્રિમ અંકુશો મુકવા શ્રેયસ્કર છે કે નહિ તે વિષય ચર્ચતાં, પુત્ર પ્રાપ્તિ અને પુત્ર સુખનો આનંદ એ માત્ર એક લાગણી જ છે, જેની કિમ્મત પથ્થર પૂજતા હિંદુની લાગણી કરતાં વિશેષ નથી, એમ તેણે કહ્યું. પિતાને ખાતર સર્વ ત્યાગ કરનાર એક પુત્રની વાર્તાનું અવલોકન કરતાં તેણે લખી નાંખ્યું કે 'આ સિદ્ધાંત પિતૃત્વ હંમેશાં પૂજ્ય છે' તે પરંપરાગત સંસ્કાર અને અલ્પજ્ઞની ભાવનામાંથી ઉદ્દભવે છે. સામાન્ય વ્યવસ્થામાં જો કે આ માન્યતાની

થોડી ઘણી જરૂરીયાત છે, પરંતુ તેના પર માનવ લાગણીના આટલા બધા મહાન સંભાર ખડકી દેવા તે કંઈ નહીં તો છેવટ કલાત્મક પણ નથી; જે વાંચતું તે થરથરતું; અને નવા યુગની વિચાર સમૃદ્ધિ જો આવી હોય તો આવતો યુગ કેવો થશે તેની કલ્પના કરતું. જે ઈન્દુને અંગત પીછાનતા, તેઓ તેના ચારિત્ર્યની સાથે તેના સિદ્ધાંતોનું સમત્વ જોઈ શકતા, અને માતાના મૃત્યુ વખતે એક આંસુનું ટીપું પણ ન પાડનાર માણસ આથી વધુ સારૂં નજ લખી શકે તેમ છચોક કહેતા.

ચીંથરીયા પત્રોમાં, તોછડા જેવા માણસો આવા ધ્રુજારી ઉત્પન્ન કરતા લેખો પર ચર્ચા પત્રો મોકલતા, અને લેખકને યથેચ્છ ગાળો દઈ, દુનિયાની જીવવાની સનાતન રીત એથી સમર્થીત અને સુરક્ષિત થશે એમ માનતા. ઠેઠ કોલેજના દરવાજા સુધી હિન્દુ ધર્મનું શિક્ષણ પહોંચાડવાના આગ્રહી પ્રયત્નો કરતા, આધેડ ગૃહસ્થો ઝબકીને જાગી ઉઠયા; અતિ આર્ય ઘેટાંઓ છૂપી છૂપી રીતે આવતું જોખમ એક બીજાને બતાવવા લાગ્યા. ગુજરાત સનાતન ‘ ધર્મ સંરક્ષક ’ પરિષદે ખાસ અધિવેશન બોલાવી ‘ વિધુરાણી ’નો બહિષ્કાર કરવાની જાહેર પ્રજાને ભલામણ કરનારો ઠરાવ સર્વાનુમતે પસાર કરી, ગામે ગામની પાંજરા પોળના સ્થાપકો અને સંચાલકો પર મોકલી દીધો. એક સ્વધર્માભિમાની ગુજરાતીએ ‘ સૂર્ય પ્રભા ’ નામનું સામાયિક કાઢી અનેક શાસ્ત્ર ઉપનિષદોમાંના પ્રમાણ બહાર લાવી નિત્શેવાદનું ખંડન કરવા માંડયું. ઈન્દુ પ્રખર ઉગ્ર અને તેજદાર લાગણી વિરોધી તરીકે સમસ્ત ગુજરાતમાં જાહેર થઇ ગયો.

ઈન્દુના પિતા હિંમતલાલ વૃદ્ધ હતા. પત્ની મરી ગયા પછી તેમણે બીજું લગ્ન કરવાની જરૂર જોઈ ન હતી. ઈન્દુ પરનું તેમનું વહાલ અગાધ હતું. તેમાં તેની મા મરી જતાં, માતૃત્વની જવાબદારી પણ તેમને માથે જ આવી પડી હતી. એટલો બધો કુદરતી સ્નેહ

પિતા તરફથી મેળવનાર ઇન્દુએ વાત્સલ્ય અને પૂજ્ય ભાવનાને અતિ-ક્ષુલ્લક માનવતા કહી, ત્યારે હિમ્મતલાલને ખૂબ જ આઘાત થયેલો. ઇન્દુનું તેમના તરફનું વર્તન ઘણું સ્નેહાળ અને લાગણી ભીનું હતું, પરંતુ 'લાગણી એ માત્ર બેવકુફાઈ કે લુચ્ચાઈ છે' એ સિદ્ધાન્તનું સમર્થન કરતા પુત્રની લાગણી લુચ્ચાઈ હશે એમજ તેઓને લાગ્યું. વાત પણ ખરી હતી. હિમ્મતલાલની પાસે સ્વાર્જીત મીલકત હતી. જેનો મરજી મુજબ વ્યય, દાન કે બક્ષીસ કરવાની તેને સંપૂર્ણ સત્તા હતી. ઇન્દુને તેનો વારસો મેળવવાનો લોભ હોય અને તે તદ્દન સ્વાભાવિક હતું. શાંતિ અને એકાંત વિચારને પરિણામે ક્યારેક તો તે ખૂબજ ઉશ્કેરાઈ જતા અને ત્યારે તો વિલ બનાવી બધી મીલકત ધર્માદામાં ફેંકી દેવા ઉત્કટ ઇચ્છા તેમને થઈ આવતી. એ લાગણી જેમ તેમ દબાવી તે એકદમ બહાર ફરવા નિકળી પડતા. છતાં તેમને ગમે તેટલો અણગમો, ઉશ્કેરાટ કે લાગણીનો અતિરેક થયો હોય, પણ ઇન્દુનું થાકથી કરમાએલું વદન જોઈ ટાઢાશથી તે બધી વાતને હસી કાઢતા.

વૃદ્ધાવસ્થા, માનસિક ચિંતા, અને એકાંત જીવનથી હિમ્મતલાલનું શરીર ઘસાવા લાગ્યું. અશક્તિ વધતી જતી હતી, તેમજ તે જૂના યુગના પડછંદ માનવી નહિ હોવાથી નબળું શરીર આ બધું સહન કરી શકે તેમ ન હોતું. પરીણામે ટટાર ચાલતું શરીર જરા નમી જઈ એક હાથમાં શોભાની 'સ્ટીક' ને બદલે ટેકા રૂપ ડંડો આવ્યો. ઇન્દુ આ વૃદ્ધ, વિધૂર અને નબળા બાપની સંભાળ, કાળજી ભર્યા નોકર, આજ્ઞાંકિત પુત્ર અને વ્હાલ સોઈ પત્નીની માફક રાખતો. છતાં 'વિધુરાણી'ના તંત્રી અને મુખ્ય લેખક તરીકે એના લેખો એટલાજ તીખા અને આવેશ ભર્યા આવતા. લાગણી વશ નબળાં પોચા હૈયાને સિદ્ધાંત અને સાચો વાતનું ઝનૂન ચડાવે તેવી જોરદાર ભાષામાં મનુષ્યના જીવનની સંસ્કૃતિ તે અખંડ ઉતાર્યે જતો. જેમાં માત્ર કુદરતી

વાસના સિવાય બીજી અકુદરતી લાગણીનો અતિ સૂક્ષ્મ પણ અંશ હોય તેવી સમયસિદ્ધ માન્યતા કે રીતરિવાજને સદંતર ફેંકી દેવા કહેતો. વૃદ્ધાવસ્થા અને નબળાઈએ હિમ્મતલાલની કલ્પનાશક્તિ ખૂબ ઉત્તેજીત કરી હતી. તેઓ જાગ્રતાવસ્થામાં કાયમ આવા ભયંકર દીકરાના હાથમાં જ્યારે પોતે પથારી વશ થશે ત્યારે શી દશા થેશે તેની અનેક જુદી જુદી કલ્પના કરતા; તેમાંની અનેક પ્રકારની લાગણી ઈન્દુ વિરૂદ્ધ અજાણપણે પણ કેળવતા. ઈન્દુ તેમની સાર-વારમાં જરાપણ ખામી ન હતી. ક્ષીણાંગ થતા જતા એ વત્સલ બાપના ખોટા થતા જતા દરેક અંગની ખોટ ઇન્દુ પુરી પાડતો. તેના દરેક કાર્યમાં વિધાનનું કૌશલ્ય, હેતની સુકુમારતા, તત્પરતા અને સ્વાસ્થ્ય હિમ્મતલાલ જોઈ શકતા; ક્યારેક તો પુત્ર માટે કરેલી અવળી કલ્પના માટે પોતાના હૃદયને જ ઠપકો આપતા, પણ પાછી ઘાતકી યાદ–સ્મૃતિ ' વિધુરાણી 'નું જીવન તત્ત્વદર્શન ખડું કરતી. શક્તિહીન બનેલી પોતાની કાયાને માત્ર શ્વાસોચ્છ્વાસ અને હૃદય ચલન પૂરતી જ જીવતી કલ્પી, વિલ કરવાની અશક્તિથી સમૃદ્ધિનો એકલો બનેલો માલિક ઈન્દુ બેપરવાઈથી, તોછડાઇથી, હૃદયહીનતાથી, એને અવગણી અપમાની રહ્યો છે એવું ચિત્ર ખડું થતાં તે કંપી ઉઠતા. તેમને સ્વાસ્થ્ય નહોતું, કારણ કે ભવિષ્યની કોઈ પણ કલ્પના સુખ-દાયક નહોતી. ઈન્દુની રીતભાત અને તેના વિચારો વારા ફરતા હિંમતલાલના વિચાર સૃષ્ટિમાં આવતા અને દેખતી સાંભળતી ઇન્દ્રિયોજેને વધુ વેગ આપે તે સર્વોપરી થઈ જઈ હિંમતલાલની શાંતિ ડોલાવતા.

ઈન્દુને અચાનક એક દિવસ બહારગામ જવાનું થયું. હિંમતલાલ ઘરમાં એકલા પડ્યા. ઈન્દુનું શ્રમભર્યું વદન અને તેની હેતભરી લાગણી જરાવાર અદૃશ્ય થતાં, ઇન્દુ વિરૂદ્ધનું વાતાવરણ વધારે પડતું ગંભીર અને પ્રખર થઈ ગયું. હિંમતલાલે આવેશમાંને આવેશમાં પોતાની

તમામ મીલકત અમુક અમુક પ્રકારના ધર્માદા કાર્યમાં સોંપી દેવાનો વિલનો કાચો ખરડો બે વખત કર્યો અને ફાડી નાંખ્યો. ત્રીજી વખત કોઈ આપ્તના સંબંધીમાંથી પોતાની વૃદ્ધાવસ્થા સાચવે તેવો છોકરો પસંદ કરી તેને જ બધું સોંપી, પોતે નિશ્ચિંત જીવે જીવન વ્યવહાર પુરો કરવો તેમ વિચાર કર્યો; અને તેવા કોઈ છોકરાને માટે તપાસ કરવા માંડી. તેમાં એક દિવસ અચાનક કંઈક નબળાઈને લીધે અને કંઈક વિચારગ્રસ્ત દશામાં ચાલતાં ઘરનાં પગથીએથી પડી ગયા; સારી રીતે વાગ્યું, થોડો વખત મૂર્છાગત પણ રહ્યા. આ શારીરિક આઘાત સહી શકે તેવી તેમની મનોદશા નહોતી, એટલે આખું મનુષ્ય યંત્ર ખખડી ઉઠ્યું; માત્ર જીવવા સિવાય બીજું કશું પણ કામ કરે તેવી તેમની સ્થિતિ ન રહી. ઓળખાણ પીછાણવાળાઓ ઈન્દુની ગેરહાજરીમાં તેમની યોગ્ય સારવાર કરવા લાગ્યા.

ઈન્દુને બોલાવવા અને ખબર આપવા તેને તાર કરવામાં આવ્યો. હિંમતલાલને તેની રાહ જોતાં અનેક પ્રકારની આશંકાઓ, વિચારો અને ચિંતા થતાં હતાં. સ્પષ્ટ બુદ્ધિવાદી ઈન્દુ પોતાની ભવિષ્યની જીંદગીની સફળતા અને વૈભવને દૂર મુકી, વૃદ્ધ બાપની મરણ જીવન જેવી માદગીમાં માત્ર લાગણીથી દોરવાઈ નહીં આવે; અગર તો ગમે તેવાં સ્થિતિસંજોગોમાં પોતાની સેવા યંત્રની નિયમીતતા, ચોકસાઈ તથા સ્નેહથી કરતો, પુત્ર આવી ગંભીર બિમારીનો તાર જોઈ લાખોની દોલતને પણ હડસેલી ચાલ્યો આવશે. બેમાંથી શું થશે તેની કોઈ પ્રકારની નિશ્ચિંતતા તેમને મળી નહિ.

ઈન્દુ આવે તેવો પુરેપુરો સંભવ હતો, તે રાત્રે હિંમતલાલ જાગતા જ સૂતા. તેમની અશક્તિ ખૂબજ વધી ગઈ હતી. તાવ જોર પર હતો, છતાં ઈન્દુનું દિકરાપણું આજે સાબીત કે નાસાબીત થવાનું હતું; અને પોતાનું અવશેષ રહેલું માનવજીવન આજે છેવટનું સુધર-

વાનું કે બગડવાનું હતું, એ વિચારે તેઓ અસ્વસ્થ હતાં. ગાડીનો વખત થયો પણ ઈન્દુ આવ્યો નહીં. છેલ્લી આશા પુરી થઈ ગઈ. હિંમતલાલને એવો જબ્બર આંચકો એથી આવ્યો, કે, એ પથારીમાંથી પડી ગયા. પોતાના આત્માનો ટુકડો કાપીને ઉછેરેલો પુત્ર આજે રાક્ષસ જેવો ક્રુર અને ચોર જેટલો નિમકહરામ થઈ રહેલો જોઈ, ક્રોધ, વેર, નિરાશા, ઉદ્દભવતા પરિણામે અસંયમ ચક્કર બકવાદ અને અંધારૂં અનુભવી હિંમતલાલે સાન, ભાન કે વિચાર શક્તિ અને વાચા ગુમાવી દીધાં.

ત્રણ દિવસ સુધી હિંમતલાલ એમ ને એમ રહ્યા. દુનિયા અને જીવન પરથી તેઓ હાથ ઉઠાવી રહ્યા હતા, તે હવે નક્કી હતું; જે છેલ્લો દુ:ખદ સંસ્કાર તેમનો આત્મા અનંત યુગ સુધી સાથે રાખવા લઇ જવાનો હતો તે માત્ર એકજ, કે ઇન્દુ સુપુત્ર નહતો. ત્રણ દિવસે ઇન્દુ અર્ધ માંદા જેવો આવ્યો. કપડાં બધાં મેલાં વરસાદથી ભીંજાઈ, અંગ ઉપરને અંગ ઉપર જ સુકાયાં હોય તેવાં હતાં. પરંતુ અકસ્માત તૂટી પડેલા ધોધમાર વરસાદથી લાઇનિ ધોવાઇ જવાથી રેલ્વે વ્યવહાર બંધ હોઇ અમુક મુસાફરી તેને પગ રસ્તે ચાલીને કરવી પડી હતી માટે મોડું થયું, એવો સાચો ખુલાસો સાંભળવા–સમજવા જેટલી પણ હિંમતલાલમાં સાન નહોતી; પચાસ વર્ષનું સ્વપ્ન પુરૂં થતાં એક ઝાંખી જેવી યાદ લઈ હિંમતલાલનો આત્મા બધી કલાને સંકેલતો સંકેલતો શરીરમાં અસ્વસ્થ રીતે, અનિયમિત રીતે ઘૂમી રહ્યો હતો.

ઈન્દુએ ડાકટરની સલાહ લીધી. લોહી ઓછું, મલિન, અશુદ્ધ થઈ ગયું છે, એમ જણાવી દાક્તરે નવું લોહી અમુક પ્રમાણમાં મળે તો તાત્કાલિક તો ચેતન આવે અને પછી કદાચ ઉપચાર અનુકૂળ પડી જાય તો હિંમતલાલ બચી પણ જાય, તેવો ઉપાય સૂચવ્યો. સાંભળનાર અને ઈન્દુ બધાંને કમકમાં આવ્યાં. એક પળ પછી ઇન્દુની

આંખો મીંચાઈ, કપાળે કરચલી પડી; અંદર થતો ક્ષોભ સમાઈ ન શકતાં હાથ ઉંચા થયા; ક્ષોભથી શરમાઈ ઉંચા હાથને કપાળ પર ફેરવી ઇન્દુએ ધ્રૂજતા અવાજને સમયમાં પકડી કહ્યું "હું મારૂં લોહી આપું." હિમ્મતલાલમાં 'ના' એટલું ઉચ્ચારવાની તાકાત હોત, તો આ વાત જરૂર ન બનત. સગાંસંબંધીએ વાંધો ઉઠાવ્યો. પણ નવા પ્રયોગના હોંસીલા ડૉકટરે ઇન્દુને જરા પણ ઇજા નહીં આવે તેવું કહ્યું. લાગણીના ખૂબ જુના પ્રયોગમાં આજ લાખો વર્ષે પણ એટલી જ અનિવાર્ય શક્તિથી પ્રેરાયેલા ઇન્દુએ શસ્ત્રક્રિયાની પરવાનગી શુદ્ધ બુદ્ધિથી લખી આપી.

× × ×

ડૉકટરનો પ્રયોગ સોએ સો ટકા નિષ્ફળ થયો. માત્ર નિષ્ફળ નહિ, એથી પણ કંઈક વધુ થયું. હિમ્મતલાલ તો ન જ બચ્યા, પરંતુ ઇન્દુની મૂર્છા પણ ફરી ન વળી. જંગલી અવસ્થાના પ્રચંડભાવની આખી સૃષ્ટિ ઉભી કરનાર માણસ એક પોતાને જ નમાલી લાગતી લાગણીના ભોગે માર્યો ગયો. દુનિયાએ ત્યારે જાણ્યુ, કે ઇન્દુની માનવતા 'વિધુરાણી' ના તંત્રી તરીકે માત્ર ઢાંક પીછોડા જ કરતી હતી. અતિ ક્ષુદ્ર બનાવથી પણ ખૂબ ઉશ્કેરાઇ જાય તેવી આર્દ્ર લાગણીવાળો માણસ માત્ર આકાંક્ષાની લાગણીથી પ્રેરાઈને જ એ તરફ આકર્ષાયો હતો; બુદ્ધિવાદનું સ્થાપન કરવા જતાં સ્વાભાવિક રીતે તો એજ એક પ્રચંડ લાગણીને આધીન થયો હતો; પોતે એવી પશુ માનવતાથી એટલો બધો દુર હતો, કે સમતોલપણું સાચવવા જ કદાચએને એ સિદ્ધાંતો જાહેરમાં માનવા પડતા; તેના આદર્શને અને તેની પ્રકૃતિને એટલું છેટું હતું, કે, એથી તે હંમેશ રિબાતો. એક નહિ બે રીતે: સુકુમાર લાગણીથી, બુદ્ધિવાદના આદર્શની અશકયતાથી.

માણુસ પર સત્તા કુદરતની છે. પણુ બેવકુફ માણુસ જાતિએ લાખો વર્ષ પહેલાં સહજીવન રચવાના કોડે ભૂલભૂલમાં સમાજની સત્તા પણુ સ્થાપી છે. તેમાંથી સમાજનું તત્વજ્ઞાન ઉદભવ્યું છે. કુદરતને સમાજ બે બાજુ આવી કેટલાય માણુસોનાં જીવને આ રીતે રહેંસી નાંખે છે.

છેલ્લો પત્ર

પ્રિયતમ,

હું ચાલી જાઉં છું; અનંતની વ્યાપકતામાં, ચેતનના મહાનદમાં હું ' હું ' મટી ક્યાંય વીખરાઈ જઈશ. મારો એકાદ અંશ અહીં, એકાદ ત્યાં, અને મારા બધા અંશોના સંમીલનથી ઉદ્દ્ભવતી આજની આ અસ્મિતાનો સાનંદ નાશઃ એ બધી વસ્તુ હું આજથી કલ્પું છું, ત્યાં જ મને આલ્હાદક લાગે છે. આલ્હાદ અને વેદના ભોગવનારી ઇન્દ્રિયમાંથી મેં ચેતના ખેંચી લીધી હોય, એ પહેલાં અત્યારની આ ક્ષણ હું ખુબ પ્યારથી ભોગવી લઉં છું.

મને સાચે જ ખૂબ આનંદ થાય છે. મારી જિન્દગીના લાંબા લાંબા વર્ષોમાં કદીય ન પારખેલી એવી સુખદતા, આજે આખાય શરીર ફરતી વીંટળાઈ મને સ્પર્શ કરી ખસતી જાય છે. આ દેહમાંથી છૂટીશ, આ દેહની મર્યાદામાંથી મુક્તિ પામીશ, અને મારા, એ વર્તનને પૂર્ણકલાએ ખીલવા દેવામાં
૧૫ જે મને સદાય આડે આવ્યું છે, તે બહુ જ થોડી કલાકોમાં

ઉછળતા નીરમાં પડયું હશે. એ પછી ચેતનની વાસના ટકતી હોય તો ભલે. કોઇ બેદરકાર પણ રૂપગર્વિતા રમણીના દેહમાં પરાણે આસન જમાવી આજે નથી મળતું—આજે જગતને કરગરતાં પણ જગત જે નથી આપતું,—તે આપવા તે બે પગે પડતું આવશે તે જોઈશ. વાસના નહિં જ બચે તો તો અતિ સુંદર......

મને આ છેલ્લો પત્ર લખવાની હોંસ શામાટે થાય છે? મેં આજ સુધી વગર બોલ્યે જ સહન કર્યા કર્યું છે. એ વસ્તુ બોલવા જેવી હતી જ ક્યાં? પણ આજે તો હું એ સ્વાસ્થ્યથી એ લખી રહી છું, કે જે સ્વાસ્થ્યથી પથારીમાં પડેલો માણસ દિવસના થાકને યાદ કરે : હું થાકી ગઈ છું, માટે મારે સુઈ જવું છે; અને સૂતા પહેલાં શિથિલ થઈ ગયેલા ગાત્રોને શ્રમની યાદગીરી જેમ આરામપ્રદ બને તેમ આજે મન જીવનના પ્રસંગો ભાસે છે.

હું તમને શું લખું; અને શું નહિ? હું કેટલું સરસ લખી શકતી,—લખી શકું છું—એ તો તમે જાણો છો જ. હું સરસ ગાઈ શકતી, એ તમે નહિં જાણતા હો; મારો અવાજ મધુર હતો. પણ તમે કોઈ દિન આંખો મીંચીને મને સાંભળી નથી, એટલે એ માધુર્યને પકડી નહિં શકયા હો; તમને પહેલી હું મળી ત્યારથી જ મને એ હોંસ હતી, કે, મારા સુંદર આલાપથી તમને રીઝવું, મારી સંસ્કાર સૌરભથી તમને સુવાસીત કરૂં, પણ પ્રિય, એ શી રીતે બને? હું એ "હું" શી રીતે મટી જાઉં?

તમને હું વારંવાર પ્રિય કહું છું એ નહિ ગમતું હોય, નહિં? શું કામ નથી ગમતું? હું તમારી પ્રિય ન હોઉં તો પણ તમે મને પ્રિય ન હોઈ શકો? એટલોય મારો અધિકાર નહિ?—અને વારૂ હું પણ તમને પ્રિય શા માટે ન હોઉં?—સ્વેચ્છાથી સર્વસ્વ સમર્પણ કરી તમારી જીવન ગૂંથણીમાં એક સળંગ તાંતણા તરીકે ગૂંથાવા

ઇચ્છનાર એક સ્ત્રી એક પુરૂષને પ્રિય ન હોય ! એ સ્ત્રીના શરીરનો સ્પર્શ પુરુષની ત્વચાને પ્રિય ન હોય ? મારો શ્વાસ, મારૂં સાન્નિધ્ય, તમારા અંગને પ્રિય નહિ હોય ? તમે કોઇવાર એ ભોગવી જોયું છે ? એ આલ્હાદ લઈ શકાય તેવી નિરંકુશ રીતે સર્વાંગ કોઈ દિવસ મારી સમીપ મુકયું છે ?

વ્હાલા, મારી આકાંક્ષાઓ બધી જ નિષ્ફળ ગઇ છે. પાંખો વિના ઉડવા ઇચ્છનાર પંખિણી જેવી હું હોઉં એમ મને સદાય લાગ્યું છે. આજના લાગણીપ્રધાન યુગમાં જ્યાં શુદ્ધ માનવીના માનસને અશાસ્ત્રીય રીતે પ્રેમશાસ્ત્રની ચર્ચા કરનારાઓ ઘડી રહ્યા છે, ત્યાં વ્યક્તિના પ્રેમમાં નિષ્ફળ જનાર યુવતીઓ ઘણી જ મળી આવે છે. વ્યક્તિના સંજોગોની વિશિષ્ટતા આવી નિષ્ફળતાનું ઘણી વાર કારણ હોવાથી, એ નિષ્ફળતા મળે ત્યારે એમાં અસ્વાભાવિક જેવું કંઇજ લાગતું નથી; અને અસ્વાભાવિક નહિં છતાં વેદનાભર્યું હોય, તેને મનુષ્યો સહી લેતા શીખ્યા છે. પણ ઓ પુરુષ ! મેં તને अ, ब, કે क તરીકે નથી ચાહ્યો. મારો આત્મા તો પુરુષ માટે તલસી રહ્યો હતો. મને તો જાતિની વાસના હતી. મારા પોતાનો જ એ ભાવ એટલો ઉગ્ર હતો, કે, ગમે તેવા પણ પુરુષથી એ સફળ થાય. હું તો આખી પુરુષજાતને પ્રિયતમ ગણાતી હતી. તું કે બીજા સહુ કોઇને એ જાતના અંગ બની મારો એમ ઉપભોગ કરવા વિનવતી હતી. તું વ્યક્તિ છે એમ ભુલી ગયો હોત, તેં અહંને ઘડીભર પણ કોરે મૂકયું હોત, તો તારી જાતિ વાસના જરૂર તને મારા પ્રેમમાં ધકેલત.

હું પહેલે દિવસે તને મળી એ યાદ છે ? એ સાંજના વખતે તમે બહારથી આવતા હતા અને હું તમારી રાહ જોઈ બેઠી હતી. તમે આવ્યા, મને મળ્યા. મેં મારા લેખો વંચાવ્યા.

" કલા બહેન, તમે ઘણું જ પ્રતિભાશાળી લખાણ લખો છો. "

આશ્ચર્યમુગ્ધ તમે બોલેલા. મેં સમગ્ર જગતને—સજીવને,—નિર્જીવને—પોતાના પ્રિયતમ ગણતી એક પાગલ મોટી બહેનની નાટિકા લખી હતી; કોઈ ડાહી નાની બહેન આ પ્રિયતમોના જૂથને પારખી ન શકવાથી તેને શિખામણ દીધા કરતી હતી અને હું વાંચતી હતી, એ મોટી બહેનમાં તન્મય બનીને; તમે સાંભળ્યા કરતા હતા—શૂન્યમસ્ક થઈને.

"મારે એ પ્રસિદ્ધ કરવું છે." મેં કહ્યું.

"મને આપશો ? હું કરી આપીશ." તમે જણાવ્યું.

"આપ લ્યો. પણ જરૂર પ્રસિદ્ધ કરશો હો. મેં ઘણુંય લખ્યું છે. પણ બધુંય આવું જ છે,—વાંચતાંજ કોઇ ગુસ્સે થાય તેવું."

એ મારૂં નાટક લઇને તમે ક્યાં મૂક્યું હતું ? ચોર ! મને તો એવી મધુર કલ્પના આવી, કે સમસ્ત જગત મારૂં પ્રિયતમ થાય, એની અદેખાઇથી તમે મારી એવી વિશ્વવધુત્વની કબૂલાત સંતાડી દીધી. જે રીતે મારા પ્રિયતમની મોહક કલ્પના મેં તમારા હાથમાં મુકી, તે રાત્રે મેં પથારીમાં ઉલ્લાસભર્યાં ઉછાળા મારી સવાર પાડ્યું હતું. આજે હું મુક્તિ ભોગવું છું, તે દિવસે તૃપ્તિ ભોગવતી હતી; આ બે દિવસ સિવાય મારી છાતી હંમેશાં સળગતી વાસનાઓથી ભરેલી જ રહે છે.

"તમે શી જ્ઞાતિએ છો ? કલા બહેન."

"હું ?" મેં હસીને કહેલું "હું તો અસ્પૃશ્ય છું." અસ્પૃશ્ય નહિં તો બીજું શું વળી ? મારી માતાના વૈધવ્યકાળમાં મારો જન્મ થયેલો. એ માતાનું ચારિત્ર્ય વિખ્યાત હતું. એ વસ્તુ કબૂલ કરતાં હું શા માટે શરમાઉં ? સાચેસાચ તો હું એ કદીજ ભૂલી શકતી નથી. મારી માતાનું વૈધવ્ય અને તેની દેહભ્રષ્ટતા મને જેટલી યાદ નથી આવતી, તેટલી તેની વેશ્યાવૃત્તિ મને આવે છે.

" તમે પરણેલા છો ? " તમારો બીજો સવાલ.

" ના, વિધવા છું. પણ મારો ધણી જીવે છે. " કેવો બુદ્ધિમાન ઉત્તર !

મારામાં ઉચ્ચ સંસ્કારો આપનાર, મારી સુપ્ત પ્રતિભાને જગાડનાર એ વનિતાવિશ્રામનો હું આભાર માનું છું. તમારા મિત્ર પેલા હરિદાસ, એ ચલાવી રહ્યા છે. ચારિત્ર્યવૃત્તિ અને આચારની અણીશુદ્ધ પવિત્રતા એ એમનો મુખ્ય જીવનનાદ છે. એમણે મને સત્ચારિત્રનો મહિમા સમજાવ્યો, પણ જરાક વધારે પડતો. બીજી બાળાઓ કરતાં સહેજ વધારે. શું કામ ? એ જાણેને, કે હું પતિતાની પુત્રી છું, એટલે મને સુધારવા તરફ વધારે ધ્યાન આપવું જોઇએ. હું એનો આભાર માનુ છું. એ ધ્યાનથી મેં એ વૃત્તિ તરફ તિરસ્કાર કેળવ્યો. એ પાપના નિવારણ માટે જીવનભર બ્રહ્મચર્યનાં વ્રત લીધા. માતાએ અતૃપ્ત જાતિ વાસનાને વ્યક્તિઓમાં સમાવી લીધી હતીઃ મેં એવી જ વ્યક્તિ વાસનાઓમાં પણ જાતિભાવ આરોપ્યો. પતિએ મારા બ્રહ્મચર્ય વ્રતનો ભંગ ઇચ્છિયો, માટે એનું ઘર પણ તજી દીધું. પાછી સંસ્થામાં દાખલ થઇ, પણ ત્યાંનું વાતાવરણ તો મારી ભાવના કરતાં બહુ જ હલકું લાગ્યું. દરેક છોકરીને પરણવાની હોંસ હતી. સહુ છાની માની એજ વાતો કરતી—પણ એ તો સહુ સુનીતિના પરિપાકરૂપ હતી. સ્વેચ્છાચાર અને અનીતિનું પરિણામ તો એક માત્ર હુંજ હતીને ! મારૂં વ્રત તો માતાનાં પાપનાં પ્રાયશ્ચિત રૂપ હતું. મારા માનસમાં બ્રહ્મચર્ય અને અને વેશ્યાવૃત્તિ એ બેની એક સાથે જોડાયલી ગાંઠ પડી હતી.

આવું વ્રત છતાંય, આવી જાહેર પ્રતિજ્ઞાઓ છતાંય, મારા જન્મની પદ્ધતિ સામે આટલો તિરસ્કાર બતાવ્યા છતાંય, હું નિર્ભય નહિ ? હું પ્રેમ પણ ન કરી શકું ? ગુજરાતના કવિઓ તો પ્રેમ અને કામને જુદા પાડવામાં મશહૂર છે. ત્યારે કામ મને વર્જ્ય હોય તો

પ્રેમ ખુલ્લા મોંએ કાં ન કરૂં ? સંસારને જે અનુચીત લાગે છે, તે ન કરવાની મારી અચલ કબૂલત છતાં હું દેહના આલિંગનની વાત ન કરી શકું ? પ્રક્રિયામાં, જ્યાં સાંસારિક અનીતિની વ્યાખ્યાનો સ્પર્શ થતો હોય ત્યાં સુધી જ આવી અટકી રહેવામાં હું કોઈનું શું લઈ જઉં છું ? ઉલ્ટું મારા જેવી સ્વેચ્છાથી અતૃપ્તિ આમંત્રી લેનારને તો એ સગવડતા વધુ આપવી જોઈએ. આવી મારી વિચારણામાં એ આશ્રમના સંચાલકોને અનીતિ લાગી. કહો, મારા લખાણમાં ક્યાંય એવું છે ? હું જાતને અમસ્તી અસ્પૃશ્ય નથી કહેતી. મેં એને માટે પૂરતો તિરસ્કાર કેળવ્યો છે; અને પછી જ આ શબ્દો નિરંતર ઉચ્ચાર્યા છે. આટલી હદ સુધીની સચ્ચાઈ છતાં હું આશ્રમનું વાતાવરણ ખરાબ કરનાર લાગી. મેં આશ્રમ છોડયું. અને મારા વ્રતનાં ભંગનો ભય માથે લટકી રહ્યો.

એ વસ્તુ સામે બળવો ઉઠાવવા મેં લેખો લખ્યા : લખી ને બધાય તમારે ચરણે ધર્યા.

તમારામાં મને વિશ્વાસ હતો; તમે નીતિના હવાઈ મિનારાઓની ભવ્યતામાં અંજાઈ નથી ગયા, એમ મેં માન્યું હતું. તમારા પવિત્રતાના ખ્યાલો કંઈક જુદા છે, એમ સાંભળ્યું હતું; પણ આખરે તો તમે ય એ સંસારનાં છો ને ? તમે બીજા ક્યાંથી હો ? પ્રિય ! તમે મને ક્યાંથી સમજો ? મારા બધા જ લેખો તમે દબાવી રાખ્યા. મારા પત્રોનાં તમે સુક્કા જવાબો આપ્યા.

સ્ત્રી પુરૂષના સનાતન મોહની વૈભવ ભરી વાર્તા રચનાર તું, હું સ્ત્રી હતી, છતાં તેં મને ગણકારી નહિ ? તારા જેવા વાસનાથી ભરેલા પુરુષ પાસે કોઈ પણ સ્ત્રી સુરક્ષિત ન હોવી જોઈએ, તેને બદલે તેં અભિસારિકાને પણ ચૂમી નહિ.

નીતિના ઢોંગથી મારો તિરસ્કાર કરનારને હું સમજી શકું છું.

પ્રેમનાં મૃગજળ પાછળ દોડી થાકી જનારને મેં પીછાણ્યા છે. અખંડ રહેવાની આકાંક્ષા સેવનારના વ્રત તો મારા જેવાજ હોય, પણ તું તો ત્રણમાંથી એકેય નથી. સ્ત્રી શરીરમાં જ સર્વસ્વ જોનારો તું, મારા માથાના વાળની કિંમત વધુ આંકતો હઈશ એવી શી ખબર? નહિં તો ટૂંકટા જેવા વાળ શા માટે રાખત? મારા મોં પર ઘેલછા અને દારિદ્રયની નિશાનીઓથી ઉપજતી પરવશતાની કલ્પનાને બદલે, તને સુઘટીત, સ્વચ્છ, સૌંદર્ય જોઈતું હશે, તેની મને શી ખબર? મારા મેલા ફાટેલા કપડા, તેથીય વધુ ફાટેલા ગાલ અને હાથ પગ, તેમજ જેમ તેમ ચાલવાની, બેસવાની, કપડા પહેરવાની ઢબ; આ બધું તને ખૂંચ્યું હોય તો કોણ જાણે. ભલા માણસ, તું સાચો પુરુષ નથી જણાતો. એ તો બધું અર્ધા પુરુષોની નજરથી બચવા માટે હતું. સ્ત્રી તો સ્ત્રી તરીકે જ પ્રિય હોઈ શકે. એનાં વાળથી માંડીને પગની પાની સુધીના અનેક ઉપાંગોને જગતની સુંદર કૃતિઓ સાથે સરખાવવાની ટેવ તો, પુરાતન કાળના પ્રેમીઓએ પાડી છે. પુરણ પુરુષને એ ટેવ છાજે? એક સ્ત્રીને બીજી સ્ત્રીથી જુદી પાડીને તેને એકનેજ ચાહવાની મૂર્ખાઈ આવી વ્યક્તિ-પૂજા વિના થઈ શકે જ નહિં, માટે જે સમાજવિધાયકે લગ્ન શોધી કાઢ્યા, તેની જ એ યુક્તિ છે. એણે વ્યક્તિ પ્રેમની દ્રઢતા કરવા, વ્યક્તિઓને તેના અંગ ઉપાંગો દ્વારા જોવાની, એટલે ઉપાંગોમાં રહેલ અસામાન્યત્વનેજ મહત્વ આપવાની કલ્પના ઉપજવી છે. એમાં તુંય સપડાઇ ગયો?

હવે તો સમજે તોય નકામું છે. તારા જેવા કોઇકની શોધને માટે હું ફરતી હતી. તું મળ્યો પણ સૌંદર્યના મોહમાં તેં સ્ત્રીને તરછોડી. સ્ત્રી પછી સૌંદર્ય કે સૌંદર્ય પછી સ્ત્રી? એ અત્યારે તો મનમાં વિચારી જોજે. કોણ કોને અંગે છે? પ્રિય શું હોવું ઘટે? સ્ત્રી કે રૂપ? સાધ્ય શું હોઈ શકે? નારી કે અંગ? કોનાથી તૃપ્તી મળે છે? મારાથી કે મારા કપડા અને વાળથી?

પ્રિય ! હું કોનો આભાર માનું ? આજ સુધી હું તારી રાહ જોતી હતી. નિત્ય સવારમાં તારા દર્શન થવાની નવી આશા ઉપજતી. કારણ—કારણ કે તારી પાસે આવતા મારા જીવનધ્યેયની અંતિમ મર્યાદાએ આવી પહોંચી છું, એવું લાગેલું; અને "આવી પહોંચી છું" એવી આશાભરી તૃપ્તિ પછી નિરાશા આવે તે બહુજ ભયંકર લાગે છે. જીવનમાં ગતિ ફરી આવતીજ નથી. જેઓને ખોટીખોટી લક્ષ્યે પહોંચ્યાની આશા મળે છે તેઓનું જીવન પછી વેદના ભર્યું–પણ મૃત્યુ સુખદ બને છે. મારે તો સિદ્ધાંત, ધર્મ અને નીતિ, સંસ્કાર, પ્રતિભા કે બુદ્ધિ અને છેવટ રૂપલાલસા કે કલા–આ બધાંય કરતાં સ્ત્રીના વ્યક્તિત્વને, સ્ત્રી સમસ્તને, મહાન અને ઉપભોગનીય માને એવા પુરુષની હોંસ હતી. તેં નીતિ કરતાં સ્ત્રી સવાઇ હોવાનો ઝૂંડો ઉપાડયો છે, એટલે હું તારે આશરે આવી. મને શી ખબર કે એ ઝુંડામાં તેં 'સ્ત્રી'ને છેકી ઝાંખા અક્ષરે 'રૂપ' નોંધી લીધું છે ?

આથી જ તારી આશામાં મારા દીવસો ચાલ્યા હતા. પણ આજેજ સૌ. કાન્તાબહેન મળ્યાં અને તારા સમાચાર આપ્યા એ બીચારા ભોલાંભટાક......વાત વાતમાં બોલી ગયા કે તું મારામાં રૂપ નથી, અને હું પાગલ છું એવી વાતો કરતો હતો...સાચી વાત હશે. એ સાંભળ્યા પછી મેં શું અનુભવ્યું તે તને જણાવવાની મને જરાય જરૂર નથી લાગતી. લાગણી પ્રધાન માનવતાનો કટ્ટર વિરોધી તું, હું આંસુ વહાવ્યા એમ કહું તો હસી પડે...પણ આવી તારી માન્યતા તેં છુપાવી શા માટે રાખી ? હવે નવેસર સંસાર વીખવાની મને હોંશ નથી. આજની આવી સફળ રાત્રી, જેને તમે સંસારીઓ પરણેતરની પ્રથમ રાત્રી કહી શકો, તેવી વૈભવભરી છે. તેને હું છોડવા માગતી નથી. એનો રસ મારે દિલભર લૂંટવો છે, જેમ હું રૂપવતી હોત તો લૂંટાઈ હોત તેમ.

સામે સાગરનાં ઘેરાં જળ ઘુઘવાટ કરી રહ્યાં છે. એના સંગીતમાં મને અનંતના નાદ સંભળાય છે. એની ગતિ હું

દૂરથી દેખી રહી છું. એમાં જાણે હુંજ હિલોળાયા કરતી હોઉં, એમ મને લાગે છે. આવતી કાલના મૃત્યુની આ ઠંડી છાયા આજે મારા દેહને ધ્રૂજાવે છે. સાગર રૂપનો અંબાર છે; એ ભવ્ય છે, વિશાળ છે. એના રૂપમાં મોહાઈને, એવું રૂપ, એવી વિશાળ ઉર-ભાવના, એવી ભવ્ય જીવનકલા મળે એવી આકાંક્ષા સેવતી હું હમણાં જ એમાં પોઢી ગઈ હોઇશ. દૂરથી વિકાળ લાગતા, પણ જગમાનવી કરતાં વધુ દયાળુ; સાથેજ ઠંડા પણ હુંફાળા ફીણની ચાદર ધીમેથી ઓઢી લઈશ. આવતી કાલનો સૂર્ય એ ઉકલશે એ પહેલાં તો મારી ઉંઘ ગાઢ જામી ગઈ હશે.

વ્હાલા, નીતિ ખાતર સ્ત્રીનું બલિદાન લેનાર પાદરીઓ, સત્તા અને અર્થના સ્વામીત્વથી પરાધીન રહેલી સ્ત્રીને શોષનારા સંસારીઓ, અને સૌંદર્યની કોઈક અર્ધ ભૂખ્યાએ ઘડેલી કલ્પનાના મોહમાં સાચા, જીવતા, ધબકતા સ્ત્રીદેહને ગુમાવનારો તું : આ બધા જુદા નથી. એક જ છો.

મારાં છેલ્લાં છેલ્લાં ચુંબનો સ્વિકારજે.

— તારી —

★

યશની અધિકારિણી

સજીવ પાત્રો : સાક્ષરશ્રી : તેમનાં પત્ની સૌ. અરૂંધતી.
છાયા પાત્રો : સ્વ. લક્ષ્મી : સાક્ષરશ્રીનાં પ્રથમ પત્ની.
ઉલ્લેખીત પાત્રો : ગોવિંદ : તેમનો નોકર વિ.
સ્થળ : સાક્ષરશ્રીનું નિવાસસ્થાન.

(સાક્ષરશ્રીને પચ્ચાસ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે સુવર્ણ-મહોત્સવ ગુજરાત ઉજવતું હતું : અને તેને અંગે યોજવામાં આવેલો જાહેર સમારંભ આજે સાંજનાજ હતો.

સાક્ષરશ્રી, તથા સૌ. અરૂંધતી- ખૂબ વ્યગ્ર છતાં હર્ષોત્કંઠ દેખાતાં હતાં સાક્ષરશ્રીના ચ્હેરા તથા દેહ પર આવી પહોંચેલી વૃદ્ધાવસ્થા સારી રીતે પોતાનો પ્રભાવ પાડી રહી હતી : છતાં તેમનાં મોં પર રસીકતાની છાયા સારી રીતે સજીવ હતી; તેમની વાણી મૃદુ હતી; સ્વાભાવિક મૃદુતાને કંઈક પ્રયાસથી વધારે બનાવવા તેઓ માગતા હોય તેમ બોલતી વખતે શબ્દોના શુદ્ધ ધીમા ઉચ્ચાર થાય તે પર તે ખૂબ ધ્યાન આપતા હતા.

અરૂંધતી સુંદર સ્ત્રી હતી; રમતીયાળ પણ હતી; સાક્ષરશ્રીનાં ગાંભીર્ય અને વૃદ્ધાવસ્થાના જાણીતા સુચિહ્નોને તે હમેશાં મજાકમાં ઉડાવતી; પતિના સુવર્ણોત્સવમાં, એ પણ પોતાનો આંતરીક હર્ષ

વ્યક્ત કરી ભાગ લઈ રહી હતી; અને અવારનવાર જાહેર સમારંભ સમક્ષ પોતાને બોલવાના વક્તવ્યને યાદ કરવા મથતી. સાક્ષરશ્રીએ પોતાનું આભાર-દર્શન વખતે બોલવાનું ભાષણ તૈયાર પણ કરી રાખ્યું હતું.—આવા સંજોગોમાં, આ એક નાનકડો વિષાદભર્યો બનાવ બની જતો જણાય છે.)

અરૂંધતી : ગુજરાતભરમાં આજે તમારા નામનો ઉત્સવ ગુંજી રહ્યો છે.

સાક્ષરશ્રી : (હસીને) મારા નામનો? હું તો એમ નથી માનતો. મને તો ખાત્રી છે, કે મારી કલા માટે મને સન્માનવામાં ગુજરાત ભૂલ કરે છે.

અરૂંધતી : (જરા અટકી) ગીતાંના બોધમાં વળી તમે ક્યારથી માનતા શીખ્યા? કરેલાં કર્મો ઇશ્વરને અર્પણ કરી અહંતાનું છેદનઃ...

સાક્ષરશ્રી : ના. ના. એવી લાંબી વાંત કરવાની નથી. તું નથી જાણતી કે સાહિત્યના રસમાં મને તો ઇશ્વર સંબંધી વિચાર કરવાનું ન પણ સુઝયું નથી? હું તો બીજી વાત કરતો હતો. પણ હવે નહિં,—અત્યારે તો નહિંજ; યોગ્ય સમયે એ યે પ્રસિદ્ધ થશે.

અરૂંધતી : મને તો કહો.

સાક્ષરશ્રી : શું કહું ?

અરૂંધતી : જે યોગ્ય સમયે પ્રસિદ્ધ કરવાનું છે, તે. મારાથી કંઇ ખાનગી નહિ રખાય, સમજ્યા ?

સાક્ષરશ્રી : એ તો એમ છે,—જો (ઉભા થઇ) કાવ્યો એ પ્રેરણાનો આવિર્ભાવ છે; ઊર્મી પ્રકટે તેને વાણીમાં ઉતારવી, એટલી ક્રિયા માત્ર જ, જગત તો નીરખી શકે છે; માટે એટલાથી પ્રકટતી માનવતાને જ તે સન્માને છે; ઊર્મીનાં ઉદ્ભવસ્થાન સુધી જવાનું તો કોઈને સુઝતું જ નથી.

અરૂંધતી : એટલે ?

સાક્ષરશ્રી : એટલે ? અરૂ, મારા સાહિત્યયશની સાચી હકદાર તો તું છે. તેં મારા જીવનમાં કાવ્ય પ્રકટાવ્યું છે.

અરૂંધતી : (હસી) ઓહો; આવી વાત કરતા હતા એમ ને ?

સાક્ષરશ્રી : અને એ વાત તદ્દન સત્ય છે.

અરૂંધતી : ભલે હો; સત્ય હંમેશાં કલ્પના કરતાં પણ વધારે–વધારે શું ?–વિચિત્ર કે ભયાનક—શું કહું ?

સાક્ષરશ્રી : કંઈ જ નહિ; સત્ય કલ્પના કરતાં વધુ સત્ય છે એટલું જ.

અરૂંધતી : એમાં કંઇ ચમક ન આવી.

સાક્ષરશ્રી : સાચું કહું છું, અરૂ. કાવ્યવાસના–વાણીમાં વાહનથી અહંતાને વ્યક્ત કરવાની મારી જીવનવૃત્તિનો પ્રબળપણે કબ્જો કરી બેઠેલી એ પ્રક્રિયા—તારી સાથેના મારા સંબંધની સમાન્તર રેખાએજ ચાલી આવે છે.

અરૂંધતી : તમારામાં વૃદ્ધાવસ્થાનાં ચિહ્નો જણાતાં લાગે છે.

સાક્ષરશ્રી : [ચમકીને] કેમ ?

અરૂંધતી : ચમકો નહિં. ગંભીર રીતે કોઈ પણ સ્થળે બેસી જવું–પછી તે વિચારણામાં કે પ્રવાસમાં–તે વૃદ્ધાવસ્થા નહિં ?

સાક્ષરશ્રી : (ખડખડાટ હસી) એમ છે ? પણ તું સંજીવની રૂપ નથી ? મને ચિરયૌવન નહિ આપે ?

અરૂંધતી : ખાસી વાત. એ તર્કપરંપરાએ તો કોઈ પણ પ્રકારનું વૃદ્ધલગ્ન સામાજીક ભૂષણરૂપ થઇ પડે.

સાક્ષરશ્રી : જવા દે. પણ હું શું કહેતો હતો ?—હા, તારી પ્રેરણાએ જન્માવેલી કાવ્યગંગા જીવનમાંથી જ્યારે તું લુપ્ત થઈ ગઈ, ત્યારે શુષ્ક બની ગઈ: એટલે કે જીવનની ઉપલક સપાટી પરથી

અદ્દશ્ય થઇ; પણ એનાં નીર ચિરજીવિત મૂળમાંથી આવતાં હોવાથી, એ ભૂગર્ભમાં તો વહ્યા જ કરતી હતી; પાછી લાંબે ગાળે તું આવી, એટલે સ્વયંમેવજ એ ઝરણી મહાનદના સ્વરૂપે બહાર ધસી આવી છે.

અરૂંધતી : પણ તમારા જીવનમાં હું મૂળથી હતી જ ક્યાં, કે લુપ્ત થવાનું હોય? અને વળી પાણીનાં પૂરને મારી પાછળ દોડાવી તમે શું કરવા માંગો છો, તે તો કહો?

સાક્ષરશ્રી : તું નહિં, તો તારી કલ્પનામૂર્તી; મેં આલેખેલી, શણગારેલી, અને સદાય હૈયા સરસી રાખી સેવેલી, એ મૃદુ સૌંદર્યમૂર્તી તારૂં જ—અગર તારી કક્ષાએ પહોંચવા મથતું સ્વરૂપ હતું:—અરૂ, હું તને અમરતા આપીશ.

અરૂંધતી : ઉપમા તો બરોબરજ છે. સાચેસાચ, પાણીનાં માનવદેહ સાથેનાં વધુ પડતા સંબંધને પરિણામે માનવીને અમરતા જ મળે છે.

સાક્ષરશ્રી : વસ્તુતઃ કાવ્ય તો તું જ છો.

અરૂંધતી : (આશ્ચર્યના ઢોંગથી) શું કહો છો?

સાક્ષરશ્રી : જેમ મારી વાણી, એ વાહન છે; તેમ એ વાણીને પ્રકટવાની કે ઉતરવાની ભૂમિકા તૈયાર કરનાર મારૂં માનસ પણ વાહનજ છે. કાવ્ય કલમમાં તો નથીજઃ હાથની આંગળીઓમાં પણ નથી; માનસમાં પણ નથી; એ તો છે, તારી સુંદર ચક્ષુઓમાં.

અરૂંધતી : રહેવા દો, એ વાત ખાનગી રાખજો; નહિં તો લોકો ત્યાં વાંચવા આવશે.

સાક્ષરશ્રી : સહુને એ નહિં સમજાય.

અરૂંધતી : ત્યારે તમે ભૂલો છો. પ્રયોગ કરી જુઓ, તો હમણાં ખબર પડે.

સાક્ષરશ્રી : વારૂ, વારૂ, આજના સંદેશાઓ તેં બરાબર ગોઠવ્યા ?

અરૂંધતી : ઓહો, આજે તો તારનો પારજ નથી. દરેક તમને લાંબુ આયુષ્ય ઈચ્છે છે, અને મને લાંબું સૌભાગ્ય. ગુજરાતી સાહિત્યને તમારી પ્રતિભાથી તમે હજુય વધારે સમૃદ્ધ બનાવો; દેશવિદેશમાં તેની પ્રતિષ્ઠા વધારોઃ તમે સંપૂર્ણ આરોગ્ય ભોગવોઃ આમ એકની એક વિગતથી હું તો થાકી ગઈ.

સાક્ષરશ્રી : સાંજનું મારૂં ભાષણ જોઈ ગઇ ?

અરૂંધતી : મને ક્યાં વખત જ છે ?

સાક્ષરશ્રી : અરૂ, એ ભાષણની પ્રધાન અસર શું છે, તે તું જાણે છે ?

અરૂંધતી : ના.

સાક્ષરશ્રી : અરૂ, મારી લાડીલી, તું અમર થઇશ. મારા કવિજીવનનો યશ હું તારે ચરણે ધરીશ.

અરૂંધતી : તમે તો ખૂબ ઘેલા થઈ ગયા છો ને કંઈ?

સાક્ષરશ્રી : ઘેલો નથી. હક્કદારને તેનો હક્ક આપવો, અધિકારીને તેને સ્થાને પધરાવવા, તેમાં તો કેવળ ઋણનો સ્વીકાર જ છે.

અરૂંધતી : તમને ફાવે તે કરજોને. હું તો જાઉં છું, બધી તૈયારી કરવા.

સાક્ષરશ્રી : તું જાય છે ? તો હું મારા સાંજના ભાષણનો પ્રયોગ એકાદ વાર કરી લઉં.

(અરૂંધતી જાય છે)

(એકલા પડતાં ભાષણના કાગળને હાથમાં લઇ)—કાવ્ય જીવનનો પર્યાય માત્ર જ છેઃ એ બેને જુદાં પાડી શકાય જ નહિ;

કવિતા વાંચવી, લખવી અને જીવવી એમ કવિતા સંબંધીના ત્રણ ક્રમો એક અંગ્રેજી કવિએ પાડેલા છે; ગૃહસ્થો! એ ક્રમો મને માન્ય નથી. હું તો કહું છું : જેવી જીવાય તેવી જ કવિતા લખાય છે, અને જીવાતી હોય તોજ વંચાય છે. જેવું જીવન તેવું જ કાવ્ય, એમાં જરાય શંકા નથી.

અરૂંધતી : (અંદરથી) તમે જરા ધીમેથી બોલશો ?

સાક્ષરશ્રી : કેમ ?

અરૂંધતી : તમારૂં ગદ્ય મારા પદ્યને ગુંચવી નાખે છે.

સાક્ષરશ્રી : એટલે શું, તુંયે કંઈ ગોઠવી રહી છે ?

સાક્ષરશ્રી : કેમ ના ગોઠવું ?

સાક્ષરશ્રી : (થોડી વાર પછી ધીમે સાદે. ભાષણના કાગળમાં જોતાં જોતાં) મારા કવિજીવનનો યશ, આ દેહને આપતા પહેલાં, મારો આદેશ છે, કે થંભો ! એ જીવન આ ગ્રક્ષ, અને માત્ર બળનાં જ પ્રતીક, એવા દેહનો સ્વભાવ નથી : એ દેહ તો માત્ર સંભળાતા સૂરને, આવડે તેવી ભાષાનાં વાઘા પહેરાવવા પૂરતો જ જવાબદાર છે; એ સૂર આવે છે, માનવીને અગમ્ય એવી દિશાએથી; પણ તે સાંભળવાનું સહુના ભાગ્યમાં નથી. (જોસથી) એ સૂરની પ્રેરણા તો જુઓ, આ સામે રહી—અરૂ, તને હરકત તો નથી થતી ને ?

અરૂંધતી : (અંદરથી જ) શું કહો છો ?

સાક્ષરશ્રી : (ધ્યાન નહિ આપતાં) એ યશ તો છે શ્રીમતી અરૂંધતીને; એ મૂર્તિમાન કવિતાના સ્વર સાંભળવા ભાગ્યશાળી બની, હું આજે આપની યત્કિંચીત્ પણ સેવા બજાવી શક્યો છું.

અરૂંધતી : તમે ફરીથી ઉતાવળે કેમ બોલવા લાગ્યા ?

સાક્ષરશ્રી : એ યશની ભાગીદારણુ—

અરૂંધતી : (પ્રવેશ કરીને) વાહ, ખૂબ સરસ પ્રયોગ કર્યો હો! તાળીઓનાં ગડગડાટનું તો મોજું જ ફરી વળશે.

સાક્ષરશ્રી : એ યશની ભાગીદારણુ—

અરૂંધતી : (સામે આવી) માફ કરો મહાશય, પણુ બતાવો તો સહી, કયાં છે એ ભાગીદારણુ?

સાક્ષરશ્રી : તું એમ કર, અરૂ, જરા બીજા ખંડમાં જઈને લખ. મારે એકાદ કાવ્ય પણુ ગાવાનું છે.

અરૂંધતી : યશની ભાગીદારણુ ચાલી જાય પછી તેનો હક્ક સિદ્ધ થાય, તેમાં તેનેયે શો લાભ?

(જાય છે)

સાક્ષરશ્રી : (થોડીવાર રહી કાગળોમાં જોતાં) યશની ભાગીદારણુ તો;—ના, ના. એ શબ્દ બરાબર નથી. (શબ્દ છેકી નવો લખીને) એ યશની અધિકારિણી......

(જરા દૂર ધુમ્મસનું એક ઝાળું દેખાતું હોય તેમ લાગતાં, સાક્ષરશ્રી ચમકીને એકદમ ઉભા થઈ જાય છે. આંખો ચોળી નજીક જતાં, કંઈ ન જણાતાં સહેજ હસીને પાછા મૂળ સ્થાને આવી જાય છે: અને ફરી પ્રયોગ શરૂ કરે છે.)

એ યશની અધિકારીણી તો:—

(ઝાળું, એકદમ સૂસવાટ કરી વધુ નજીક આવે છે. સાક્ષરશ્રી ફરીથી ચમકે છે, પાછા હઠે છે. ઝાળાની સામે જ જોઈ રહે છે. આ વખતે તે અદ્રશ્ય થતું નથી. વિના સમજ્યે જાણે મંત્રની માફક ઉચ્ચાર કરતા હોય,

તેમ પ્રાણ વિનાના શબ્દો ફરીથી તેમના મોંમાંથી બહાર પડે છે.)

એ યશની અધિકારીણી:—

ઝાળામાંથી અવાજ : હું. હું. હું.

સાક્ષરશ્રી : કોણ બોલ્યું? કોણ છે?

(સુસવાટભર્યો અવાજ બીજી દિશાએથી આવે છે. તે બાજુ ફરતાં ફરીથી)

કોણ છે?

અવાજ : તમે ધીમે બોલો : અને સ્થીર રહો.

સાક્ષરશ્રી : કોણ બોલે છે? અરૂ—

અવાજ : બીજું કોણ હોય? હું છું, સ્વામી!

સાક્ષરશ્રી : અરે હજી? કયાં છે : કોણ છે?

અવાજ : મને નથી પીછાણતા?

સાક્ષરશ્રી : અરૂ; ગોવિંદ, મહારાજ,

(અવાજ ફાટી જતો હોય એમ લાગે છે)

અવાજ : પણ તમે મારી વાત તો સાંભળો.

સાક્ષરશ્રી : તું કોણ છે?

અવાજ : એ યશની અધિકારીણી હું નહિં? જીંદગીભર તમને વેઠનાર હું લક્ષ્મી નહિં?

સાક્ષરશ્રી : લક્ષ્મી? ભૂત?

લક્ષ્મી : ગભરાઓ મા. જીવી ત્યાં સુધી તમારા ચરણ તળાંસવામાં ધન્યતા માનતી હતી. આજે તમને હું શું કરી શકવાની છું!

સાક્ષરશ્રી : તું ભૂત થઈ? લક્ષ્મી, અરે કોણ છે?

લક્ષ્મી : (એકદમ જોસભેર નજીક ધસી આવી) સ્વામી!

(સાક્ષરશ્રીના શરીરની આરપાર ઠંડીની એક ધ્રૂજારી પસાર થઈ જાય છે. પ્રસ્વેદથી ભીંજાતા, એકદમ બાજુની ખુરસી પર તે બેસી જાય છે.)

લક્ષ્મી : (જરા દૂર રહી) મારાથી ડરો છો ? સ્વામી. ના. ના. મારાથી બીવાનું શું કારણ હોય? મને જીવતાં તો તમે કદી માણસના અધિકાર પણ આપ્યા નથી. તમે તો બી રહ્યા છો, તમારી સ્મૃતિથી, તમારી કલ્પનાએ સતેજ કરેલા તમારા મારી સાથેના સંબંધના ખ્યાલથી.

સાક્ષરશ્રી : કલ્પના, ખ્યાલ, સ્મૃતિ; તું આ બધું ક્યાંથી શીખી ?

લક્ષ્મી : હં. હવે બરોબર. હવે ડરશો નહિં. હું તમારી સાથે વાત કરવા—નહિ તમે જે યશની વહેંચણી કરવા માગો છો, તેમાં મારો ભાગ પડાવવા—આવી છું......અને હું આ ક્યાંથી શીખી ! હજીય તમે એમ માનો છો, કે આ હું બોલી રહી છું ? આ અવાજ લક્ષ્મીનો નથી; સ્વામી, લક્ષ્મીને તો તમે બાળીને ખાક કરી દીધી; તે દિવસે કેવો છૂટકારાનો દમ ખેંચેલો અને લક્ષ્મી હવે ક્યાંથી બોલે ?

સાક્ષરશ્રી : 'ત્યારે તું કોણ છે ?

લક્ષ્મી : હું તમારી કલ્પનાએ સર્જેલી લક્ષ્મીની સદાય જીવંત એવી મૂર્તિ. લક્ષ્મી મરી ગઈ, પણ તમારી કલ્પનામાં સદાને માટે જડાઈ ગઈ છે; એ લક્ષ્મી નશ્વર દેહવાળી લક્ષ્મી કરતાં ભિન્ન સ્વતંત્ર હતી...

સાક્ષરશ્રી : મારી કલ્પના; તે આમ મારાથી જુદી પડી મારી સામે આવીને ઉભી રહે ?

લક્ષ્મી : એ પણ કલ્પના જ છે ને ? પણ એ વાત જવા દો. હું તો

આજના શુભદિનનાં અભિનંદન આપવા આવી છું. આજે ગુજરાતભરમાં તમારો સુવર્ણમહોત્સવ ઉજવાય છે; ગુજરાતનો શિષ્ટ નરનારીસમૂહ તમારા કાવ્યને સન્માને છે; અને તમે હમણાં જ કરી રહ્યા હતા, તેમ એ સન્માન, એ યશ, કાવ્યની એ પ્રેરણાને અરૂંધતીને નામે ચડાવી કૃતાર્થ થવા માગો છો. સ્વામી ! નાથ ! એ યશની સાચી હક્કદાર તો હું છું. અરૂંધતી નહિં; અને હું માગું છું, કે તેનો તમે પણ જાહેર રીતે સ્વીકાર કરો.

સાક્ષરશ્રી : હક્કદાર તું ? લક્ષ્મી.

લક્ષ્મી : હા. હું લક્ષ્મી; હું યશ માગું છું.

સાક્ષરશ્રી : તેં મને કદી પ્રેરણા નથી આપી.

લક્ષ્મી : પ્રેરણા મેં નથી આપી. મને શી ખબર પ્રેરણા કેમ અપાતી હશે તેની ? પણ નાથ ! તમે મારામાંથી પ્રેરણા કાં ન લીધી ? અગર પ્રેરણા આપી શકું, તેવી મને રહેવાં કાં ન દીધી ? મેં પ્રેરણા નથી આપી. ભલે ન આપી, પણ પોષણ તો આપ્યું છે ને ? તમારા દિલ સુધી તમે મને પહોંચવા નહિં દીધી હોય, તમારા દેહની સેવા તો મેં કરી જ છે ને ? મેં તમારા માનસને પંપાળ્યું નહિં હોય, તમારા ચરણ તો ચાંપ્યા છે ને ? અને શરમાશો નહિં, એ ચરણની લાત પણ કોઈ વાર ખાધી છે ને ? એ વાત જાહેરમાં નહિં મૂકું. ગભરાશો નહિં.

સાક્ષરશ્રી : મને માફ કર. લક્ષ્મી !

અરૂંધતી : ગભરાઓ નહિં. સ્વામી ! તમારી લાત ખાતા છતાં પણ મેં પુણ્યપ્રકોપ જગાવ્યો નહતો; તેથી તમારી લાત પણ મને પ્રિય હતી, એવું તમે કેમ નથી માની શકતા ? પણ એ કઠોર

યાદગીરી આપી, જીવનની ગંભીર ભૂલોના આંકડા હું સરભર કરવા નથી આવી. હું તો મારો હક્ક માગું છું.

સાક્ષરશ્રી : [પ્રસ્વેદથી ભીંજાતા, અકળાઈ ઉભા થઈ પાછા તુર્ત જ બેસી જાય છે] મને માફ કર, લક્ષ્મી !

લક્ષ્મી : ફરીથી એવું જ કાં બોલો ? હું દલીલથી સિદ્ધ કરવા માગું છું. તમારી ભલમનસાઈ, કે સમસ્ત ગુજરાતે મહાપરાણે તમારે સાથે ચડાવેલી માનવતાનાં છાંયે બેસી કૃપા ભીખવા નથી આવી.

સાક્ષરશ્રી : મને મળતા માનની પણ તું અદેખાઈ કરીશ ?

લક્ષ્મી : તમારી અદેખાઈ કરૂં ? સ્વામીની પ્રતિષ્ઠામાં સ્ત્રીનો પણ હિસ્સો છે; પતિની યશગગુના પ્રસંગે પત્ની પણ અવશ્ય સંભારાય છે. સર્વ ધર્મવિધિમાં જે પુરુષ–હાથ કાર્ય કરી રહ્યો હોય છે, તે હાથને મૃદુતાથી નારીની હથેલી સ્પર્શી રહે છે. સંસારમાં પુરુષને ભાગ્યે કઠોર કર્મ કરવાનું પ્રાપ્ત થાય છે, તે કર્મની કઠોરતાને હળવી બનાવવા સ્ત્રી સર્વત્ર સાથેજ રહે છે. હું ખૂબ —મારૂં ગ્રામ્ય અને ક્ષુદ્ર એવું હૈયું છલકાઈ જાય ત્યાં સુધીનો— હર્ષ અનુભવું છું.

સાક્ષરશ્રી : ત્યારે મને શાંત રહેવા દે. આજનો દિવસ મને ફરીથી નહિ મળે; પછી તું એ કેમ બગાડી રહી છે ?

લક્ષ્મી : તમારા જીવનમાં મેં છેક નાનપણથી જ સ્થાન માગ્યું છે. હું સુંદર ન્હોતી, શિક્ષીત ન્હોતી. મને લટકેથી ચાલવા ન્હોતું આવડતું. રબ્બરના દડાની માફક શબ્દો ઉછાળતાં, કે ફુલની વેરણી થાય તેવું મલકાટભર્યું હસતાં નહોતું આવડતું.

સાક્ષરશ્રી : આજે એ બધું બોલતાં આવડી ગયું.

લક્ષ્મી : નથી આવડયું, ન્હોતું આવડતું : તમારી કલ્પનાએ જેવી

મને ચીતરી છે, તેવી જ હું આજે બોલું છું. એ વાત તો રહી; પણ ન્હોતું આવડતું, એટલે હું પ્રેરણા ક્યાંથી આપી શકું એવું તમે માનતા હતા, નહિં ? તમે જ નથી સમજતા, કે પ્રેરણા એ શી ચીજ છે ! જીવનના સંગ્રામમાં બાર કલાક કાળી મજુરી કરી રાતભર ઘસઘસાટ ઉંઘવા ચાહતા મજુરોને પૂછો, કે પ્રેરણા શી ચીજ છે ? એનેય રૂપાળી ઔરત હોય છે; એના મોં સામું જોઈ બેસી રહી, એની આંખોમાંથી કવિતા ખેંચવાની કળા, એને કાં નથી સૂઝતી ? તમે તો કહેશો કે, એનામાં એ શક્તિ જ ક્યાંથી હોય ?

સાક્ષરશ્રી : સાચું.

લક્ષ્મી : સાચું નથી, સ્વામી ! શક્તિ તો હોય, પણ સગવડતા નથી. આખો દિવસ કારકુનીનો ઘસડબોરો ઢસડી તુમાખી ઉપરીઓનાં કડવાં વેણ સાંભળી ઘેર આવતાં, અને તે પછી અભણ બૈરીનાં તુંકારા સાંભળતાં કોઈ ભણેલાને પૂછો કે, પ્રેરણા શું છે ? એનામાં પણ શક્તિ નહિ હોય ખરૂંને ?

સાક્ષરશ્રી : કવિતા સૌને ગમ્ય નથી જ.

લક્ષ્મી : નથી જ. પણ જેને ગમ્ય છે, તે કોઈ માનવીથી પર એવું મહાપ્રાણી નથી. જેને ગમ્ય છે, તે તો છે માત્ર નસીબનો લાડીલો, જેને સુંવાળા બિછાનામાં રાતભર સુઈ રહેતાં કોઈ અટકાવતું નથી. સંસારની ગડમથલનો એક શબ્દ પણ જેને કાને પડતો નથી, જેને પેટ ભરવાની ચીંતા નથી; જેની નારી રૂપાળી હોય છે અગર રોટલા ઘડી આપવામાં કુશળ હોય છે. એ પ્રેરણાની દાત્રી બની શકી છે, એવી કલ્પના પોષાય તો સારી વાત; નહિં તો પણ એ કવિને કલ્પનાની રમણીઓ સાથે

રમવા દેવાની સગવડતા તો કરી જ આપે છે. સાક્ષરશ્રી ! એજ કવિતા લખી શકે છે; અને એના મુલાયમ ભાવથી લચી જતાં પોચા શબ્દોને, વૈભવની ભૂખે રીબાતા માનવીઓ હૈયામાં ઉતારી કંઈક ઠંડક અનુભવે છે.

સાક્ષરશ્રી : મારે નથી જાણવું, એ બધું.

લક્ષ્મી : શા માટે ? ગંદા લાગતા સાચને નહિ જોવાથી એ ઉડી નહિ જાય, આપણી નજર જ એટલી બધી ખામીભરી લાગશે. હું આખો દિવસ તમારા ગૃહકાર્યનો બોજો ઉઠાવતી : તમને મીઠી રસોઈ જમાડતી; તમારા મલીન કપડાં ધોતી; મારાં રડતાં બાળકોને તમારી કલ્પનાની સાંકળામાં વિક્ષેપ ન પડે તે ખાતર તમારાથી દૂર રાખતી. તમે શું ચીંતવતા, શું લખતા, કોને ચરણે એ માનસીક પૂજા અર્પણ કરતા, એ જાણવા મેં દરકાર કરી ન હતી. ચિત્ત માત્ર એકજ વાત કબૂલતું ; એ પતિ છે, સ્વામી છે, એ કરતા હશે તે બરોબર જ હશે. મને શી ખબર, તે વખતે પણ તમે કોઈ સુંદરીને વરવા શેખચલ્લીનો વરઘોડો કાઢી રહ્યા છો ? આજે એ સમજાય છે. એ વરઘોડાને કંઈ પણ નડતર વગર ચડવા દીધો; અને સંસારની આળપંપાળથી તમને મુક્ત રાખ્યા, તેનો કંઈ બદલો ખરો ? બદલો કંઈ નહિં, જ્યારે મરી ત્યારે છુટકારાનો એક માત્ર દમ. ઠીક થયું. ‘ ભલું થયું ભાંગી જંજાળ ’ સુખેથી હવે, કોઈ કલ્પના રમણીની પ્રતિમામાં બેસે તેવી પંખીણી લાવીશું. બસ એટલું જ ને ?

સ્વામી ! મારે બદલે કોઈ બીજી હોત તો, કલ્પનાની રમણી પામવાનું તો બાજુ પર રહ્યું, પણ કવિતાને બદલે, સંસારની ક્ષુદ્ર વસ્તુઓના કકળાટ સિવાય બીજું કંઈ જ તમને સંભળાયું ન હોત.

સાક્ષરશ્રી : આજે તો કલ્પના સુંદરીને પામ્યો છું ને ?

લક્ષ્મી : કોણ જાણે ? તમારી કલ્પના દગો તો નહિં દેતી હોય ને ? જુવાનીની જોરદાર કલ્પનાએ આલેખેલી સુંદરી પર આવતી જરાએ ફેરફાર કર્યાં હશે, એ તમે ક્યાંથી સમજી શક્યા હો ? કલ્પના ધુતારી છે; એકને બદલે સદંતર બીજી જ વસ્તુ આપ્યા છતાં જાણે તમે એકનાથી જ રમી રહ્યા છો, એવી સહજ ભ્રાન્તી ઉભી કરે છે. ભલે સ્વામી ! તમે ભલે પામ્યા. મને એથી આનંદ થાય છે. પણ એ કલ્પનાને મેં વીખી ન નાખી, ડહોળી ન નાખી, વારંવાર, ઘડીએ ને પળે તમારા કલ્પનાર-મણમાં વિક્ષેપ ન નાખ્યા કર્યો અને સંસારની યાદ તમારા ગળામાં કાયમ ભેરવ્યા ન જ કરી, તો જ એ ચિત્ર સિદ્ધ થયું ને ? સ્ત્રી પ્રાપ્ત થવી એ મહત્વની વસ્તુ નથી; પણ તે મળતાં તેની સાથે તમારી કલ્પનાર્તિ બંધબેસતી આવી જાય એ મહત્વનું છે. એ મૂર્તિને અણિશુદ્ધ, અખંડ, નિરંતર તમારા જીવનમાં વસવા દીધી, અને ત્યાંથી પ્રેરણા લાવી કાવ્યમાં ઉતારવા દીધી, એ તો મેં જ કર્યું છે સ્વામી ! દુનિયામાં બધા કવિ નથી હોતા, તેનું કારણ કાવ્યકલા કોઈ અદ્ભૂત શક્તિ છે, એ નથી. પણ જીવનની ભયાનક વાસ્તવિકતાની વચ્ચે એ કલાને ઉતારવું ફાવતું નથી, એ છે.

મેં ઘણું કહ્યું. હવે હું જઉં. કહો મારો હક્ક–અધિકાર તમારા કાવ્યયશમાં સ્વીકારશોને ?

(સાક્ષરશ્રી કંઈજ બોલતા નથી.)

—અગર કંઈ નહિ. તમારા અંતરમાં તો એ સ્વીકારાઈ ચૂકયોજ છે. બાકી અમે મૃતાત્માઓ તો શરીરવગરના ભાવ રૂપે વસીએ છીએ.

અમારૂં ઋણ તમે શબ્દોથી સ્વીકારો યા નહિ, તેની તો અમને નથી પડી; અને હવે કલ્પના સાથે વાત કદી કરશો નહિ. કોઈ કોઈ કલ્પના તો એવી ભયંકર હોય છે...હું જઉં છું. નાથ :

(ધુમ્મસનું ઝાળું ધીમે ધીમે દૂર જાય છે. સાક્ષરશ્રી ઉભા થઈ તેની પાછળ ધસે છે. દોડવા જતાં કોઈ વસ્તુ સાથે અથડાય છે. પડતાં પડતાં જે ચીજ હાથમાં આવે તેનું આલંબન લેવા જતાં, એજ વખતે પ્રવેશ કરતી અરૂંધતીના ખુલ્લા હાથોમાં ઝીલાઈ જાય છે.)

સાક્ષરશ્રી : [આંખો મીચી] મારી પ્રેરણામૂર્તિ—

અરૂંધતી : (ખટખડાટ હસી પડી) આજે તો પાગલ બની જવાના છો, એ વાત નક્કી છે.

સાક્ષરશ્રી : [આંખો ચોળીઃ ખોલી] અરૂ, મને પણ એમજ લાગે છે.

અરૂંધતી : શું લાગતું હતું કપાળ. હું ક્યારની બારણા પાસે ઊભી રહી તમારા ઢંગ જોઉં છું, તો જાણે નાટક ભજવતા હો, એમ વિધવિધ અભિનયો કરતા હતા.

સાક્ષરશ્રી : તું અહીં ઉભી હતી ? મને જોતી હતી ? તું હતી ? અરૂ! તેં કંઈ જોયું ?

અરૂંધતી : હું તમારા સિવાય કોને જોઉં ? તમે બેઠા હતા. હું ઉભી હતી.

સાક્ષરશ્રી : (નજીક જઈને સાચું કહેજે. હું કેવો લાગતો હતો? શું કરતો હતો ? કેવા ભાવનાં અભિનય કરતો હતો ?

અરૂંધતી : એટલા ઊંડા પાણીમાં ઉતરતાં મને નથી, આવડતું.

સાક્ષરશ્રી : પણ હું શું કરતો હતો ?

અરૂંધતી : કલ્પનાની સાથે અભિનય થાય તો માથા પરનો ઘીનો ઘાડવો અને તેમાં રહેલો આખો સંસાર ફૂટી જાય. એવા અભિનય કરતી વખતે ખાસ કરીને માથા ઉપર કાંઈ છે કે કેમ? તેની ખાતરી કરી લેવી જોઈએ.

સાક્ષરસી : તું તો મજાક કરે છે.

અરૂંધતી : નહિ, સાચું જ કહું છું. તમે બરાબર એવા જ લાગતા હતા.

સાક્ષરસી : સંસાર ફૂટી જાય. હા. સાચું છે. કલ્પના શેખચલ્લીએ રચવા ધારેલા સંસારના જેવી છે. કાવ્ય તેનો અભિનય છે. સંસાર એ અભિનયથી ભાંગી જાય: પણ ઘીનો ઘાડવો એ અભિનય વખતે જાળવી રાખનાર જીવન સખી પાસે હોય તો? એ બધું જ અદ્‌ભુત બની જાય ખરું? અરૂંધતી.

અરૂંધતી : હવે ચાહ ક્યારની તૈયાર થઈ ગઈ છે. ઠંડી નહિં થઈ જાય?

સાક્ષરશ્રી : ચાલો જઈએ, (સ્વગત જ) યશની વહેંચણી શી રીતે કરું?

(બન્ને જાય છે.)

★

વ્યથીત પુરુષત્વ

પ્રવેશ પહેલો

પાત્રો

રાવસાહેબ : : રજની :

મુકુન્દ : : સુયોધન :

[સામાન્ય રીતે શણગારેલા નહિ, પણ ગોઠવેલા કહી શકાય તેવા દિવાનખાનામાં, લાંબી ઊંડી આરામ ખુરશી પર રા૦ સા૦ સુંદરલાલ સૂતા છે. એના કપાળ પરની કરચલીઓમાં જુદા જુદા ભાવો ગૂંચવાતા હોય, એમ લાગે છે. એને એકલા બેઠા હોય છે, ત્યારે સાધારણ રીતે આંખો મીચી રાખવાની ટેવ છે. પણ એ ઊંઘતા નથી હોતા; તેથી જ મુકુન્દના આવવાથી થતો સહેજ અવાજ પણ તેમની આંખો ઉઘડાવી શકે છે. મુકુન્દ પાંત્રીસેક વર્ષનો, યુવાન કહી શકાય તેવા દેખાવનો માણસ છે. એના મોં પર નિશ્ચિંતતા અને ગતિમા બેપરવાઈ છે. તેને પ્રવેશ કરતો રા૦ સા૦ જુએ છે.]

રાવસાહેબ : (મુકુન્દને જોઈ) કોણ મુકુન્દ, આવ્યો ને ? હું તારી રાહ જોતો જ બેઠો હતો.”

 મુકુન્દ : કેમ, આજે કંઈ મારી ખાસ જરૂર પડી ?

(ખુરસી ખેંચી બેસે છે)

રાવસાહેબ : ખાસ જરૂર તારી કે દિવસ નથી પડતી ભાઈ ? તું તો નાનપણથી જ મારા હાથપગ જેવો રહ્યો છે.

મુકુન્દ : આપણને એવી હાથપગ થવાની હોંસ નથી. ઠીક, પણ પહેલાં ચાહ પીશું, કે કામની વાતો કરી લીધા પછી ? ”

રાવસાહેબ : તું આવીને ચહા માગવાનો જ છે, એ તો જાણી જ રાખ્યું હતું. જોને, તારે માટે ચહા તો તૈયાર જ છે. હું જાણું ને કે તેનાં વિના તારૂં મગજ કામ નહિ કરે !

મુકુન્દ : ત્યારે આજે તો મારા મગજનો ખપ પડવાનો લાગે છે. ચાલો, આજ ઘણા દિવસે એ પણ કામ લાગશે.

રાવસાહેબ : રજની ! ઓ રજની ! મુકુન્દકાકા માટે ચાહ લાવે છે ને ?

(રજની ચાહનો પ્યાલો લઈ આવે છે)

મુકુન્દ : (પ્યાલો લઈ ઓહો, રજનીદેવી, તમે તો મોટાં થઈ ગયાં હવે તો ?

(રજની શરમાઈ ચાલી જાય છે.)

રાવસાહેબ : તેં ઠીક વાત ઉપાડી. હું એ સંબંધી જ તમારી સાથે વાત કરવા માગું છું.

મુકુન્દ : ઉભા રહો, રાવસાહેબ. હું જરા નિરાંતે ચહા પી લઉં. હું એકી સાથે એકથી વધારે કામ કરી શકતો નથી.

રાવસાહેબ : "હજી તારા બાળક વેડા ગયા નહિ. ચાલ, પી લે હવે જલદી."

મુકુન્દ : (ચહા પીને) કહો, રાવસાહેબ. હવે શું કહેવા માગતા હતા?

રાવસાહેબ : તેં રજનીને તો જોઈ ને? એ પ્રશ્ન મને હમણાં તો દિન રાત મુંઝવી રહ્યો છે.

મુકુન્દ : શી રીતે?

રાવસાહેબ : શી રીતે? આજે એની શી સ્થિતિ છે, તે તું નથી સમજી શકતો? આ વાત મારે હું એના પિતાની જગ્યાએ વડીલ તરીકે હોવા છતાં, આજે ખુલ્લી રીતે કહેવી પડે છે.

મુકુન્દ : પણ કહો જે કયા?

રાવસાહેબ : હું એજ કહેતો હતો. મારી ગમે તેટલી સંભાળ અને કાળજી છતાં પરિણામે જે ભીતિ હતી, તે જ આવીને ઉભી રહી છે.

મુકુન્દ : (શાંતિથી) મને એની કલ્પના જ નહિ, ચોક્કસ ખાતરી હતી

રાવસાહેબ : એવો ખોટો દંભ રહેવા દે. તને ખાતરી હતી એવું મને લાગતું નથી. રજની જેવી સરળ છોકરી, આટલા સાત્વિક, મર્યાદિત વાતાવરણમાં પણ આ દરજ્જે પહોંચે તેવું કોઈ ધારી શકે નહિ.

મુકુન્દ : કેટલેક વાત આવી છે એ તો કહો.

રાવસાહેબ : વાત એ જ, બસ. આજની પ્રજાને બીજું જોઈએ છે શું? પ્રેમલગ્ન અને બળવો. રજનીને ભણાવવા આપણે પેલા સુયોધનને બહુ સંસ્કારી ધારીને રાખેલો, ખરું ને? ગઈ કાલે સાંજે એ બંન્ને છાના માના નાસી જવાની વાતો કરી રહ્યાં હતાં.

૧૨

મુકુન્દ : પછી તમે પોલીસમાં જાહેર કર્યું કે નહિ?

રાવસાહેબ : તારી સાથે વાત કરવી નકામી છે, હું રજનીની આવી વાત પોલીસને કહેવા જાઉં?

મુકુન્દ : હું ક્યાં કહું છું કે જાઓ, હું તો પૂછું છું જ માત્ર.

રાવસાહેબ : આપણે સુબોધનના પિતાને આ વાત જાહેર કરી દઈએ તો?

મુકુન્દ : એટલે?

રાવસાહેબ : એ કંઈ પોતાનો દીકરો રજની જેવી બાળ વિધવાને પરણે, તેમાં ખુશી નહિ હોય એટલે–(અટકે છે.)

મુકુન્દ : તમે વાક્ય પૂરું કરી લ્યો, પછી કહું.

રાવસાહેબ : એ જ એને અટકાવી દે, પછી આપણે પંચાત નહિ.

મુકુન્દ : કેવી રીતે અટકાવે?

રાવસાહેબ : બાપ છે કે જનાવર? દીકરા ઉપર કાબૂ ન રહે એટલો?

મુકુન્દ : તમે દીકરી ઉપર નથી રાખી શકતા. એ દીકરા ઉપર રાખી શકશે?

રાવસાહેબ : (કંટાળીને) તો પછી તું કાંઈક રસ્તો કાઢ. આમ આડો આડો બોલ્યા કરે છે તે!

મુકુન્દ : મારો રસ્તો તમને નહિ ગમે.

રાવસાહેબ : ગમશે. શા માટે ન ગમે?

મુકુન્દ : કારણ એ છે, કે, હું ન ફેરી શકે તેવા કારણને નહિ ફેરવું. એનું કાર્ય વધાવી લઈશ. ફેરવવા ઇચ્છું, તો તે કેવળ તમારું માનસ.

રાવસાહેબ : એટલે?

મુકુન્દ : સાચું કહું છું, જો એ બંને વચ્ચે ખરેખર આકર્ષણ હોય, તો બન્નેને પરણવા દો—અને—(અટકતાં) તમે દૂરથી આશિષ આપો.

રાવસાહેબ : તું આ શું કહે છે ?

મુકુન્દ : હું બરોબર કહું છું, સુયોધન છોકરો સારો છે, હું ઓળખું છું. હું જો રજનીનો બાપ હોઉં, તો જરા ય વાંધો લઉં નહિ.

રાવસાહેબ : એટલે હું આટલી ઉંમરે આખા સમાજમાં ફજેત થાઉં એમ ?

મુકુન્દ : એ શું થયું કહેવાય, એ તમે જાણો. પણ તમે જો રજનીના સાચા હિતેચ્છુ હો, તો હવે બીજો રસ્તો તમારે માટે નથી; હા, એક વાત છે. સુયોધન સામે તમારો વાંધો હોય તો એ મને બરોબર સમજાવો; સમજીશ તો યુક્તિ પ્રયુક્તિથી એ બંધ રખાવી દઉં. પણ મને તમારે એક વચન આપવું પડશે.

રાવસાહેબ : શું—?

મુકુન્દ : "તમારે પહેલી જ તકે રજની બહેનને કોઈ પણ યોગ્ય સ્થળે પરણાવવાની તજવીજ કરવી.

રાવસાહબ : (જોરથી) કદી બને નહિ. (થોડીવાર રહી) તેમ એમાં રજનીનું હિત પણ નથી.

મુકુન્દ : બીજા કોઈનું હિત શામાં છે, તે આપણે શી રીતે જાણીએ ? આપણા પોતાના હિત સંબંધી પણ ઘણીવાર આપણે ગંભીર ભૂલો કરી બેસીએ છીએને ?

રાવસાહેબ : (ફરી આવેશ લાવી) એમાં રજનીનો દોષ નથી. વાંક એ હરામખોર છોકરાનો જ—

મુકુન્દ : દરેક માબાપ પોતાનાં સંતાન માટે એમ જ માને છે.

રાવસાહેબ: રજની નિર્દોષ જ છે. તું ગમે તે રીતે એને સુયોધનનો મોહ છોડાવી દે—અને રજનીના સંસ્કારો જરૂર જાગશે.

મુકુન્દ : પ્રકૃતિના આવેગને ઝીલવા તમારા સંસ્કારોમાં જરા ય તાકાત નથી. હું તમારી વાતમાં માનતો નથી. રાવસાહેબ ! તમને મારી વાતથી માઠું લાગે, તો માફ કરજો. પણ રજની જ્યાં ઉછરી રહી છે, ત્યાં સાત્ત્વિકતા કરતાં વ્યથીત કામવાસના અને સંસ્કારિતા કરતાં વિકૃત વૃત્તિનું વાતાવરણ વધારે ચાલી રહ્યું છે. એ વાતાવરણમાંથી જ તેનું ચારિત્ર્ય આજે જેવું બહાર દેખાય છે, તેવું ઘડાઇ રહ્યું છે.

રાવસાહેબ : એટલે ?

મુકુન્દ : હું સાચું જ કહું છું. રાવસાહેબ ! આપણા આવેગનું પરિવર્તન કે પરાવર્તન આપણે જોઈ શકતા નથી. પણ આટલી ઉંમર સુધી સ્નેહાળ પત્નીના સહવાસે સંતૃપ્ત વાસના ભોગવી, છેવટે વિધૂર થઇ પત્નીનો સહવાસ ગુમાવનાર તમે તમારી પરાવલંબી માનસિક વૃત્તિને બીજી રીતે વ્યકત કરી રહ્યા છો. તમારી આજુબાજુ તમારા જીવનનો આ મુખ્ય ધ્વનિ જ અવાજ કરી રહ્યો છે. તમને એ નથી સંભળાતો એટલા માટે કે, તમે સંસ્કાર અને નીતિના નિર્વાત કારાગૃહમાં પૂરાઈ રહ્યા છો.' પણ એ ધ્વનિ રજની જેવી સુકુમાર બાલિકાનાં જીવનમાં ખરાબમાં ખરાબ અસર ઉપજાવી રહે છે.

રાવસાહેબ : એટલે રજનીના આ પતન માટે હું જવાબદાર ?

મુકુન્દ : તમે મહેરબાનીથી પતન શબ્દ વાપરશો નહિ. પતન રજની બહેનનું નહિ, તમારૂં થઇ રહ્યું છે. આપણે નીતિની દોરીથી વૃત્તિની લંબાઈ માપવાની મૂર્ખાઇ કરી રહ્યા છીએ. એટલે એ દોરીથી વધતી જતી ખૂબ, અમાપ લંબાઈ આપણે મન ન જોવાની વસ્તુ બની ગઇ છે. પણ સ્વાભાવિક તૃપ્તિમાં પતન હું કોઇ રીતે જોઇ

શકતો નથી. સ્ત્રી પુરૂષ પર મોહાય, તેમાં પતન ક્યાં છે? બંનેનો જાતિય ધર્મ જ છે, કે એકબીજાપર પૂર્ણતા માટે—સજીવતા સિદ્ધ કરવા માટે—મરી પડવું. પતન તો જે આવેગને તૃપ્તિ માટે બહાર પડવું છે, જેને સ્વાભાવિક ક્રમ પ્રમાણે ઉપજવું છે, તેને કોઈ વિચિત્ર રીતે દબાઈને શરમાઈને બહાર નીકળવું પડે એમાં છે.

રાવસાહેબ : એવું પતન મારૂં શી રીતે?

મુકુન્દ : તમે વિધૂર થયા ત્યારે પરણી જવાની મેં સલાહ આપી હતી, તે યાદ છે?

રાવસાહેબ : હા, તેનું શું?

મુકુન્દ : તમે નહિ માની; અને કોઈની સલાહ નહિ માનવાના ગર્વને અખંડિત રાખવા તમારામાં સ્ત્રીવાસના રહી જ નથી, એમ તમારા મનને પણ મનાવવા માંડયું. તમારૂં વ્યક્તિત્વ પ્રબળ છે, એટલે એના જોર આગળ વાસના દબાઇ ગઈ. પણ એણે તમને છેતર્યા. તમારા મજબૂત ચોકી પહેરાને ભેદીને પણ એ બીજી બાજુથી બહાર નીકળી; એટલા બધા નવા જ સ્વાંગમાં કે એને તમે પારખી ય શકો નહિ.

રાવસાહેબ : ક્યાં? શેમાં?

મુકુન્દ : તમે મૂળથી જ સુધારાવાદી હતા. વૃત્તિએ આ વાદમાં જન્મતું તમારૂં વ્યકિતત્વ તમને ખુબ પ્રિય છે તેમ જાણ્યું, એટલે એણે એ સ્વરૂપ લીધું; સ્ત્રી સમાજની સુધારણા...સ્ત્રીઓનો અપમાનિત સ્થિતિમાંથી ઉદ્ધાર, આ બધી તમારી આજની વાતો અને પ્રવૃત્તિ અનસૂયા બહેનનાં જીવતાં ક્યાં હતાં વારૂ?

રાવસાહેબ : ખાસી વાત આદરી છે. ભલા માણસ! સ્ત્રી સ્વાતંત્ર્ય એ તો આખા યુગનો ધર્મ છે.

મુકુન્દ : આખો યુગ વ્યથીત કામવાસનાથી પિડાય છે અને એ

રીતે વૃત્તિને બહાર લાવે છે. એ હકીકત પણ તમારા આવેશના વક્રીભવન માટે જવાબદાર છે; સર્વત્ર આજે લગ્ન સંબંધી વિચારણા થઈ રહી છે, અને એ સંબંધી આવેગને શાસ્ત્રીય સંશોધનનું નામ અપાય છે. સામાજિક સભ્યતાએ આજ સુધી દમન કરી રાખેલ વૃત્તિ આમ સ્વીકૃત વાહનદ્વારા બહાર નીકળી રહી છે. ધર્મને નામે, સાહિત્યને નામે, કલાને નામે-વિજ્ઞાનને નામે-સામાજિક પુનર્રચનાને નામે, કોઈ ને કોઈ રીતે જાતિય આવેગ સમાજના અનેકગણા નિયમનો છતાં બહાર નીકળ્યે જ જાય છે.

રાવસાહેબ : તારી વાત પર હસવું કે ગુસ્સે થવું એજ સમજાતું નથી.

મુકુન્દ : ત્યારે હવે ગુસ્સે થાઓ. જૂઓ તમે સ્ત્રીઓ પર આપણી સામાજિક વ્યવસ્થાએ નાખેલાં બંધનો પસંદ કરો છો ?

રાવસાહેબ : ના.

મુકુન્દ : ત્યારે બાળવિધવા ફરી ન પરણે એવું તમે કેમ માનો છો ? તમે એ નહિ સમજાવી શકો. જુઓ ત્યાં તમારો પોતાનો વ્યક્તિગત જાતિય આવેશ બીજી રીતે આડે આવે છે.

રાવસાહેબ : એટલે ?

મુકુન્દ : ગુસ્સો કરજો હો ! માણસ પુરૂષ પણ છે અને પતિ પણ છે. તેમાંથી જેને પતિ બનવાનો લાંબા વખતનો અભ્યાસ છે, તેની વૃત્તિ પતિ સ્વભાવમાં સમાવાને ટેવાઈ ગઈ હોય છે; એટલે એમાંથી એને પાછી ખેંચવી એ બહુ મુશ્કેલ છે. તમારા ગમે તેટલા પ્રયાસ છતાં, વૃત્તિનો આ સ્વભાવ બદલાયો નથી; અને તમારો પતિભાવ વક્ર થઈ, રજની બહેન પર આરોપાઈ રહ્યો છે.

રાવસાહેબ : (એકદમ ઊભા થઈ) શું? ફરી બોલ તો?

મુકુન્દ : (અખંડ શાંતિથી) હં, હવે ગુસ્સો કરશોમાં. એ તો તમને હસવું કે ગુસ્સો કરવો તે સમજાતું ન હતું, તે માટે મારે એમ કરવું પડયું.

રાવસાહેબ : (પાછા બેસતાં) તને બોલવાનું જરાય ભાન નથી.

મુકુન્દ : હા, ખરી વાત છે. એમ સ્પષ્ટતાથી મારે કહી નાખવું ન જોઇએ. પણ એમાં તમે ઇરાદાપૂર્વક કંઈ ગહન પાપ કરી રહ્યા છો, એ ભાવ કાઢી નાખો. તમારૂં મન, શરીર બંને ખુબ પવિત્ર છે એ વસ્તુ પર હું પૂરેપૂરો ભાર મૂકું છું. એ પછી પણ, શરીરનો સંપૂર્ણ કાબુ છતાં પણ માનસિક પ્રાબલ્ય એટલું જ છતાં - વૃત્તિ આપણા હાથમાં નથી રહેતી અને જૂની ટેવોને માર્ગે કે પ્રાકૃતિક રીતે ઉતરી જાય છે. પછી જ્યાં નીતિભાવના કે ચારિત્ર્યની સાવચેતી જરા ય નથી, ત્યાં ફાવે તેના ઉપર પ્રયોગ શરૂ કરી દે છે. નીતિ બિચારી પોતાનું ક્ષેત્ર બરાબર સાંચવે છે. પણ વૃત્તિ એના કરતાં વધુ ચાલાક છે. જ્યાં નીતિ પોતાનો મજબુત દુર્ગ માને છે, ત્યાંજ એ ઉતરી પડે છે.

રાવસાહેબ : તારી વાતમાં મારી મૂળ હકીકત જ ઊડી ગઈ.

મુકુન્દ : નથી ઊડી ગઈ. હમણાં આવશે. હવે તમારા જેવા સુધારક તો વિધવાના પરણવા સામે જરાય વિરોધ ન કરતા હોય, છતાં તમે શા માટે કરો છો? એ સમજાય છે? તમે રજની બહેનને પરણાવવા નથી માગતા માટે. શા માટે નથી પરણાવવા માગતા? કારણ, કે તમારો આ પતિભાવ તેમની આજુબાજુ ગૂંથાઈ ગયો છે. પતિની માફક તમે રજની બહેનના ચારિત્ર્ય અને નૈતિક ભાવનાના સ્થાપક બની ગયા છો. પતિ માફક તમે તેમના માટે ઈર્ષ્યાળુ થયા

છો. તમને સ્ત્રીના આલંબનની જરૂર છે. આ આલંબન તમને રજની-બહેને આપ્યું, એટલે અજાણપણે તમારો ભાવ જે આલંબન સાથે જોડાયેલો છે તે રજની બહેનમાં આરોપવા માંડયો. આમ બધી રીતે વિકૃત બનીને, પણ સાંસારિક સાત્વિકતાની મર્યાદાને માન આપીને સ્ત્રી-વાસના બહાર પડયા કરે છે; નહિ તો પિતા તો પુત્રીને પરણેલી જોવા જ માગે.

રાવસાહેબ : ત્યારે બીજા બધા પોતાની વિધવા દીકરીને પરણાવતા નથી, એ તેમની સાથે પ્રેમમાં પડયા ગણવા?

મુકુન્દ : માફ કરો રાવસાહેબ ! હું એમ કહેવા નથી માગતો. બીજાઓને સમાજની ભીતિ હોય છે. રૂઢી પાળવાની હોંસ અગર બંધન હોય છે. કોઈને ધર્મશાસ્ત્રોના આદેશ પાળવા છેઃ કોઈને સંસ્કૃતિના આદર્શો અવિકૃત રાખવા છે. તમે સુધારક છો. તમે કદી ય તમારા સિદ્ધાંતના આચાર માટે સંસારની પરવા કરી નથી. આમ છતાં તમો વિધવાને ફરી પરણાવવા નથી માગતા, તે પોતે જાતિયગત પતિભાવ માત્ર જ છે. આ ભાવ અજાગૃત છે. વર્ષો થયાં અજાણપણે પોતાનું સ્થાન જમાવી બેઠો છે. તેને માટે વ્યક્તિગત કામવાસના જ જવાબદાર છે. તમે ધારો તો રૂઢીનાં આ બંધનો તોડી શકો. પણ તમે તો ઊલટું તેનું શરણું શોધ્યું છે. માણુસ વાસનાનો ગુલામ છે એટલું જ કહેવું જોઈએ ને!

રાવસાહેબ : તું એવી જ વાત કરે છે કે તારા પર ચીડ ચડે.

મુકુન્દ : મેં પણ એમ જ કહ્યું હતું, પણ વખત આવે ત્યારે ખરી વાત કહ્યા વિના રહેવાતું નથી.

રાવસાહેબ: ત્યારે તું આ બાબતમાં કંઈજ સહાય નહિ કરે ?

મુકુન્દ: એકજ સહાય કરૂં. તમે પરવાનગી આપો અને રજનીને હું સુયોધન સાથે તમારા આશીર્વાદ સહ પરણાવી દઉં.

રાવસાહેબ: એ તો કદી બનવાનું નથી. મારી વિધવા પુત્રી પરણશે એ પહેલાં હું આપઘાત કરીશ.

મુકુન્દ: કેવી ગાંડી વાતો કરો છો ? આપઘાત એ બહુ સહેલી વાત હશે કેમ ?

રાવસાહેબ: તારી વાતો સાંભળીને જો હું માનું તો એ જ કરવાનું રહે છે. હું તો આજથી જ ચોક્કસ ઉપાય કરીશ. સ્વાતંત્ર્ય અને શિક્ષણ આપ્યાં તેનું જ આ પરિણામ છે. તે બંને મારે પાછાં લઈ લેવાં પડશે.

મુકુન્દ: એ તો તમારી વિકૃતિનો ભોગ થતી જ આવી છે અને કોઇ પણ એક સ્ત્રીના ચારિત્ર સંબંધી પૂર્ણ કાળજી રાખવામાં જીવનનો મોટો ભાગ વિતાવવો, એ સંસારમાં પુરુષનું એક જ કાર્ય થઈ પડયું છે. રાવસાહેબ ? તમે મારી એક વાત માનશો ?

રાવસાહેબ: શી ?

મુકુન્દ: તમે ફરી પરણો.

રાવસાહેબ: તારામાં બિલકુલ અક્કલ નથી.

મુકુન્દ: એમ ગાળો દીધે કંઈજ ફેર પડવાનો નથી. તમે એક વાર મારૂં માની જુઓ. આખા દૃષ્ટિબિંદુમાં ફરક પડી જશે. તમે યોગ્ય સ્થળે પતિભાવ આરોપશો, એટલે રજની બહેનમાં સંતાનભાવ આપોઆપ આવી જશે.

રાવસાહેબ : હું આ વૃધ્ધ ઉંમરે ફરી પરણું ?

મુકુન્દ : રાવ સાહેબ ! ઉમ્મરનો પ્રશ્ન વાસનાની આડે આવી શકતો નથી. જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે સામાજિક નીતિ જાતીયવૃતિને બાંધવા કે અસંતુષ્ટ રાખવા માગે છે, ત્યાં ત્યાં, તેનું વક્રીભવન થાય છે જ. એનો ભોગ મૂળ માણુસ અને તેના સંસર્ગમાં આવનાર તમામને થવું પડે છે. સમાજ તો અણુઘડ છે, અંધ છે. એને આ બધું જોવા આંખો નથી, એટલે એક બહુ જ નજીવા કારણુસર વૃધ્ધના લગ્ન સામે નીતિનો નિયમ ઘડીને તે મૂકવા માગે છે. વાસનાની સામેથી ઉગતી નીતિને ફેંકી દો. રાવસાહેબ ! એને નિર્મૂળ કરવા કોઈ પણુ બળ પર્યાપ્ત નથી.

રાવસાહેબ : તારી વાત જેમ જેમ શાંતિથી સાંભળું છું તેમ તેમ તું માઝા મૂકતો જાય છે. હવે મારે તારી પાસેથી કંઈ જોઈતું નથી.

મુકુન્દ : હું જાઉં ત્યારે ? મારા કહેવા પર વિચાર કરજો.

રાવસાહેબ : મૂર્ખ માણુસના બકવાદ ઉપર વિચાર કરનાર પણુ મૂર્ખ જ હોય છે. તું બને તો એ છોકરાના બાપને જરા જણુાવી દે જે. આટલું મારૂં કામ મિત્ર ભાવે કરજે; અને આવી વાત બીજા કોઈના સંબંધમાં એને મોઢે કહીશ તો બહુ ભારે પડશે. એટલું સંભાળજે.

મુકુન્દ : એ તો હું જાણુતો જ હતો, પણુ કંઈ નહિ, સાહેબજી ત્યારે.

(જાય છે. રાવસાહેબ ક્રોધ, ચિન્તા અને શ્રમના વિધવિધ ભાવો દર્શાવતા બેસી રહે છે. પડદો પડે છે)

પ્રવેશ બીજો

સ્થળ : ધર્મશાળા. પાત્રો : એનાં એ.

(પરણ્યાં છતાં રજની અને કે સુયોધનનાં અંગ કે મોંપર પરણ્યાનો થાક હિંદુ સંસારમાં જે સર્વત્ર હોય છે તે નથી. બંને પ્રફુલ્લ છે. રજની જરા વધારે ચબરાક બની હોય, તો સુયોધન વધારે ગંભીર થઈ ગયો છે. રજની વીંટાળેલા ગાદલા પર, અને સુયોધન ખુલ્લી બારી પર, અને મુકુન્દ જરા દૂર શેતરંજી બિછાવી વડીલને છાજે તેમ : એ રીતે બધાં બેઠાં છે.)

મુકુન્દ : રજની બહેન, આજે રાવસાહેબ ગુસ્સામાં ધૂંધવાતા આવશે. મારો કાગળ મળી ગયો હશે.

રજની : તમે બધી વિગત લખી છે ?

મુકુન્દ : હા, તમામ. સુયોધને એ વાંચ્યો હતો. ખરુંને ?

સુયોધન : હા.

મુકુન્દ : ત્યારે હું આજે બપોરની ગાડીમાં જ જઈશ. એક તો મારા પર ગુસ્સો છે જ, તેમાં–

સુયોધન : ગુસ્સે તો અમારી ઉપર પણ ક્યાં નથી ?

મુકુન્દ : તમને તો મળ્યા વિના છૂટકો જ નથી. પણ મારો હાથ આમાં છે, એમ જાણશે એટલે મારી સામે તો હદ નહિ રહે.

રજની : પણ તમારે જવાનું નથી.

મુકુન્દ : છૂટકો જ નથી તો.

રજની : શા માટે નથી ? તમે જાઓ શા માટે ? અમે ચોખ્ખું કહીશું કે, અમે અમારી જાતે આ પગલું ભર્યું છે. કોઈની ઉશ્કેરણી કે શીખવણીથી નહિં.

સુયોધન : સાચું પુછો તો મુકુન્દ કાકા, આવા કામમાં અમને કોઈએ સલાહ આપી, અને તે પ્રમાણે અમે વર્ત્યાં છીએ, એમ માનવામાં અમને અન્યાય પણ થાય.

મુકુન્દ : હું સલાહ આપ્યાનું માનતો નથી કંઈ.

સુયોધન : તો પછી તમારે કહી દેવું, કે હું આમાં કંઈ જ જાણતો નથી.

મુકુન્દ : મને કહેવામાં જરા ય હરકત નથી. હરકત તો એને માનવામાં આવશે.

રંજની : પણ બાપુ આજે આવશે. એમ શા ઉપરથી માનો છો?

મુકુન્દ : આટલી હદે વાત જાય અને એ ન આવે એમ બને ખરું?

રજની : જૂના વિચારના માબાપો વિધવા દીકરી પરણે ત્યારે એના નામનું નાહી નાખે. એની સામું પણ જુએ નહિ.

મુકુન્દ : મેં તો ખાસ લખ્યું છે કે તમને રજની બહેન તથા એમના પતિ—બરોબર ને?—મળવા માગે છે.

રજની : રજની બહેનના પતિ! કેમ જાણે પોતાને નામ આવડતું જ ન હોય?

મુકુન્દ : ગમે તેમ, હવે હું આજે જઈશ. રાવસાહેબ આવે તો પણ ઠીક. નહિ આવે તેમ હોય તો પણ હવે મારા જેવા અરસિક માણસનું અહીં કામ નહિ.

રજની : એમ શું કહો છો કાકા? તમારી હૂંફે તો આ બધું અમે કર્યું.

મુકુન્દ : હા બહેન. સારી વાત. પણ હવે તો થઈ ગયુંને? હવે મારી હૂંફની શી જરૂર રહી?

સુયોધન : તમે અમને જરા ય અડચણરૂપ નથી.

મુકુન્દ : બહુ સારું. હવે જવા દે વિવેક. મને ખબર છે. પણ સુયોધન તારા બાપુને તો આ વાતની ખબર આપવી હતી?

સુયોધન : એને છાપાં વાંચવાનો બહુ શોખ છે. આજનાં પત્રોમાં અમારી છબીઓ અને લગ્નનો હેવાલ પ્રકટ થઈ ગયાં છેઃ તે વાંચી લેશે.

રજની : મારી ખબર જો બાપુને તાત્કાલિક ન જાય તો બાપુ મોટી બૂમાબૂમ કરી મૂકે, એને એવી ક્યાં ચિન્તા છે ?

(બહાર કંઈક અવાજ થયો એમ લાગે છે)

મુકુન્દ : કોઈ આવ્યું કે શું ?

રજની : ધર્મશાળા છે. ઘણા આવે ને જાય.

મુકુન્દ : (બારણા તરફ આવી દૂર નજર નાખી) રાવસાહેબ આવે છે.

રજની
સુયોધન } હેં ? (બારણાં આગળ આવે છે)

મુકુન્દ : (દૂર બતાવતાં) જૂઓ, ચાલ્યા આવે, અત્યારે શી રીતે આવ્યા હશે ?

(રાવસાહેબ નજીક આવી જાય છે.)

રાવસાહેબ : (પ્રવેશ કરી) રજની, રજની બહેન, બેટા, અહીં છો !

રજની : (વળગી પડે છે) બાપુજી.

મુકુન્દ : રાવસાહેબ ! અંદર આવશો હવે ?

(બધા અંદર જાય છે.)

(થોડી વાર કોઈ બોલતું નથી.)

મુકુન્દ : (મૂઝાતામૂંઝાતાં) અમે તો ધારેલું કે, તમે સાંજે ગાડીમાં આવશો.

રાવસાહેબ : હા, પણ હું મોટરમાં આવ્યો. મારાથી રહી શકાયું નહિ રજની દીકરી તું ઘેર આવીશને ?

રજની : હા બાપુજી

રાવસાહેબ : (સુયોધનને) તમે ?

સુયોધન : આપ કહેશો તો હું પણ.

રાવસાહેબ : રજની તારા ગયા પછી હું નિરાંતે ઊંઘ્યો પણ નથી. મને માફ કરીશ ? મેં કેવળ મૂર્ખાઈથી તને આ પગલું લેવાની ફરજ પાડી.

રજની : તમે કેવા ભલા છો ?

રાવસાહેબ : હું–હું બેવકુફ હતો. હું એ બરોબર સમજ્યો છું. માણસ પોતાની જાતથી પણ કેટલાય ભાવો છુપાવી રાખે છે. મુકુન્દ ! ખરૂં ને ? પણ એ ભાવો માણસ ખરેખર ક્યારે સમજતો હશે ?

મુકુન્દ : (ગૂંચવણમાં પડતાં–ન છૂટકે) સ્વપ્નાંમાં સમજાય.

રાવસાહેબ : બરોબર, બરોબર, એમ જ થયું. મુકુન્દ ! તે દિવસે હું તારાપર ચીડાઈ ગયો; તે યાદ છે ને ? તે દિવસથી રજનીને મેં ખૂબ ત્રાસ આપવા માંડ્યો. મારા મૂળ ભાવને આવું વ્યવહારિક, નૈતિક, અવલંબન મળતાં, તે ખૂબ જોરથી આગળ આવ્યા.

મુકુન્દ : (સમજાતા) ત્યારે તમે એ ભાવ આખર સમજ્યા ખરા !

રાવસાહેબ : સમજ્યો ? મુકુન્દ તેં તે દિવસે વાતો કરી તે જો ન થઈ હોત, તો આજે મેં આપઘાત કર્યો હત.

મુકુન્દ : એવું શું થઈ ગયું ?

રજની : બાપુજી, તમે ?

રાવસાહેબ : બેટા રજની, એ વાત હું તને શું કરું ? છેલ્લા પંદર દિવસ તારી તરફ કેવી દુષ્ટતાથી વર્ત્યો છું ? તું નાસી આવી. ત્યારે મારો ક્રોધ ક્યાંઈ સમાતો ન હતો. હું જીંદગીમાં તારૂં મોઢું ન જોવાની પ્રતિજ્ઞા કરી બેઠો હતો. મુકુન્દ, મારો પતિભાવ એથી ખુબ રોષ પામ્યો; અને પોતાના ખુલ્લારૂપમાં બહાર પડવા મથ્યો.

મુકુન્દ : તમે બરોબદ સમજ્યા.

રાવસાહેબ : હજુ સાંભળતો ખરો. એની નફટાઈને હદ નથી. હું શું કરું ? મારી જીભ કરડીને મરવા જેવું થયું. રજની ગઈ તેને ત્રીજે દિવસે રાત્રે મને ખૂબ જ ખરાબ સ્વપ્ન આવ્યું.

રજની : શું બાપુજી !

રાવસાહેબ : દીકરી, એ શું કહું ! આ વૃદ્ધ ઉમરે એ કેમ બોલી જાતાવું ? મુકુન્દ, મને થયું કે હું, રજની અને સુયોધન દોડે છે તેની પાછળ દોડ્યો જાઉં છું. આગળ આગળ,–વિકરાળ જંગલ વીંધીને–અમે

ખૂબ આગળ જઈએ છીએ. રસ્તામાં સુયોધનને પથ્થરની ઠોકર વાગતાં તે પડી જાય છે. પણ રજનીને પોતાની પરવા નહિ કરતાં દોડવા જણાવે છે; હું જાણે એ નજીકમાં જ રહી સાંભળું છું. છતાં હું દોડું છું. રજની સ્થિર છે. હું દૂર છું કે નજીક તે સમજાતું નથી. પણ છેવટ રજનીને હું પકડું છું. અને છેવટ મુકુન્દ! રજનીને હું પરણું છું. રજની આંખોમાં આંસુ લાવી મારો જુલમ સહતાં સહતાં પરણે છે. અચાનક આંખ ખુલ્લી થઈ જાય છે. રજની બહેન! આ પાપ મેં તો લાંબા વખતથી સેવ્યું હશે, ત્યારે જ આમ તું પરણવા જતાં ઉશ્કેરાતી લાગણીને આશ્રયે એ પ્રત્યક્ષ થયું.

મુકુન્દ : મેં તમને કહ્યું હતું.

રાવસાહેબ : સાચી વાત. હું જ સમજ્યો નહિ. હું જાગ્યો. અને મારા અંતરમાં ભયાનક આઘાતો, અસહ્ય દબાણ થવા લાગ્યાં. જાણે હૃદયને કોઈ જોરથી દબાવીને નિચોવી રહ્યું છે. જાણે શરીર સંકોચાઈને કેવળ પરમાણું બનતું જાય છે: પણ સાથોસાથ ઊંડેથી, ઝીણો, સૂક્ષ્મ, પણ એકધારો અને ઉશ્કેરાટભર્યો, તૃપ્તિદાયક અવાજ આવ્યા કરે છે. આવી ત્રિવિધ લાગણીમાં હું લાંબો વખત પડ્યો રહ્યો. એ ઉશ્કેરણી–એ તૃપ્તિના ભાવ–માટે સવાર પડતાં મને મરવા જેવું થઈ ગયું. જે સ્વપ્નાથી દૂર ભાગવાનું હોય, જે ભાવની સ્મૃતિ-માત્ર પણ ઓશિયાળા બનાવી દે, તેને પકડી રાખવા માટે,–એ સ્વપ્નાને ફરીને જીવવા–માટે, હું શા માટે પડ્યો રહ્યો હઈશ? એ સ્વપ્નું નીરખતા પ્રાણને મેં શા માટે પટકી નથી નાખ્યો? એ વિચારે તો આખો દિવસ મેં વેદનામાં ગાળ્યો.

મુકુન્દ : અને એથી તમે અમારા કૃત્ય પર રોષ નથી કરતા. ચાલો જે થયું, તે સારું થયું.

રાવસાહેબ : બીજે દિન તમારો પત્ર મળ્યો. રજની અને સુયો-

ધન પરણ્યાં. મેં ઈશ્વરનો આભાર માન્યો. આજે હવે હું મારી આશિષ આપવા આવી પહોંચ્યો છું.

મુકુન્દ : મને તો તમારી એવી બીક લાગતી હતી, કે, અહીંથી ભાગી જવાનો વિચાર કરતો હતો.

રાવસાહેબ : મુકુન્દ ! તું મારી એ સ્વપ્ના પછીની વેદના શી રીતે સમજી શકે ?

મુકુન્દ : હું બરોબર સમજી શકું છું તે દિવસે મેં તમને આ વાત કરી હતી, તે પણ આવી વેદના ઉપજાવવા માટે જ. પણ તમને મારાં અનુમાનો માત્ર કરતાં, વધારે મજબુત સાબીતીની જરૂર હતી. એ તમને આ સ્વપ્નાએ આપી, અને મારું કાર્ય સિદ્ધ થયું.

રજની : થયું. જે થયું તે બાપુજી ! હું મારૂં ધાર્યું કરી શકી, અને તમારો પ્રેમ નથી ગુમાવ્યો એ જાણી મને ખૂબ સંતોષ થાય છે.

રાવસાહેબ : મારો પ્રેમ તમો બંન્ને પર એવો ને એવો જ સદાય રહેશે. આજદિન સુધી એક પુત્રી હતી. આજે બીજો પુત્ર મળ્યો. મુકુન્દ, હવે તો તું મને ફરી પરણવાનું નહિ કહેને ?

રજની : તમને કાકા ફરી પરણાવતા હતા ?

મુકુન્દ : હવે મારે કહેવાનું નહિ રહે એમ લાગે છે. તો પણ મારો છેલ્લો નિર્ણય હાલ આપી શકું તેમ નથી.

રજની : બાપુજી ! આપણે આ બધા હવે ચહા પીશું ?

રાવસાહેબ : હા, જલદી કરે તો. પછીથી અહીંથી એકદમ ઉપડી જઈએ.

(રજની ચહા કરવામાં ગુંથાય છે. સુયોધન આ બધું જરા ય ન સમજી શકયો હોય તેવા ભાવથી, તમજ સમજવા જેવું પણ ન હોય તેવી ચોકસાઈથી બારી બહાર જોયા કરે છે. રાવ સાહેબ બાજુની આરામ ખુરસી પર બેસી આંખો મીંચી દે છે. મુકુન્દ સંતોષથી, આનંદથી, સિગારેટ સળગાવી, ધૂવા ફેલાવતો બહાર જાય છે. શાંતિ ફેલાઇ જાય છે.)

★